અપીલ અરજી નં. ૧/૦૭
તા. ૨-૧-૨૦૦૭
અને તા.૯-૧-૨૦૦૭

અરજદાર : જીતેન્દ્ર આત્મારામ ઠાકરે
સામાવાળા : ડે.કમિશ્નર(સ્પે.)

હુકમ :

શ્રી જીતેન્દ્ર આત્મારામ ઠાકરે તરફથી રાઈટ ટૂ ઈન્ફર્મેશન એકટ હેઠળ તા.૪-૧૧-'૦૬ના રોજ સુમન હાઈસ્કુલ મરાઠી માધ્યમમાં આજ સુધી થયેલ ભરતી પ્રક્રિયામાં મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવેલ નથી. એનું કારણ બતાવવા અને ભરતી થયેલ ઉમેદવારોની મેરીટ લીસ્ટની વિગતો આપવા અરજી કરી માહિતી માંગવામાં આવેલ. જેનો જવાબ પર્સોનલ ઓફિસર(રિક્રુટ) અને મદદનીશ જાહેર માહિતી અધિકારી તરફથી નં.જીએડી/ઈએસટી/આર/૬૪૦, તા.૪-૧-'૦૭થી નકારમાં આપવામાં આવેલ. દરમ્યાનમાં અરજદાર દ્વારા તા.૨-૧-'૦૭ના રોજ એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ.

સદર બાબતે મૂળ અરજીના સંદર્ભે આપવાપાત્ર રહેતી પૂરક વિગતો તેમજ વિલંબથી આપેલ જવાબની સ્પષ્ટતા સહ પ્રમાણિત નકલ દિન-૦૩માં અત્રે પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩૭, તા.૬-૧-'૦૭થી જણાવવામાં આવેલ. દરમ્યાનમાં અરજદાર દ્વારા તા.૯-૧-'૦૭ના રોજ ફરીથી અપીલ અરજી કરવામાં આવેલ. જેમાં સુમન હાઈસ્કુલ મરાઠી માધ્યમમાં આજ સુધી ભરતી થયેલ તમામ ઉમેદવારોની મેરીટ, કેટેગરી તથા વિષય માટે અરજી કરેલ છે. જેમાં આજ સુધી તમામ ભરતી પ્રક્રિયામાં ફકત વેઈટીંગ લીસ્ટ જાહેર કરવામાં આવેલ જયારે મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવેલ નથી. એમ જણાવી અરજદારે સુમન હાઈસ્કુલ મરાઠી માધ્યમમાં આજ સુધી ભરતી થયેલ તમામ ઉમેદવારોના મેરીટ લીસ્ટ તથા કેટેગરી અને વિષયની તમામ માહિતી આપવા જણાવેલ છે.

અપીલ અરજીના સંદર્ભે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૪૪૫, તા.૧૬-૧-'૦૭થી ડેપ્યુટી કમિશ્ન(સ્પે.)શ્રીને પર્સોનલ ઓફિસર(રીક્રુટ.) દ્વારા જે માહિતીના ઈન્કાર કરવામાં આવેલ છે તે રાઈટ ટૂ ઈન્ફર્મેશન એકટની કલમ-૮ હેઠળના અપવાદમાં સમાવિષ્ઠ થાય છે કે કેમ? તેની સ્પષ્ટતા સહ માહિતી આપવા અન્યથા માહિતી આપવાની/પ્રસિધ્ધ કરવાની રહેતી હોય મ્યુ.કમિશ્નરશ્રીની કક્ષાએથી અરજદારને આપવા પાત્ર જવાબ તૈયાર કરી અત્રે મોકલી આપવા જણાવેલ જે સંદર્ભે પર્સોનલ ઓફિસર(રીક્રુટ.) દ્વારા ડે.કમિશ્નર(સ્પે.)ના પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૬૮૭, તા.૨૯-૧-'૦૭માં જણાવ્યા મુજબ અરજદારને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ પરંતુ તેની સાથે માંગેલ માહિતી પુરી પાડવામાં આવેલ નહિ.

ઉપરોકત તમામ હકીકતથી ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદાર દ્વારા માંગવામાં આવેલ શાળા માટેનું આજદિન સુધીનું મેરીટ લીસ્ટ તાકિદે પૂરુ પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

આરટીઆઈ સેલ/ ૫૦૬
તારીખ : ૭-૨-૨૦૦૭

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
૧) ડે.કમિશ્નરશ્રી(સ્પે.), ..... જાણ તથા અમલ માટે.
૨) શ્રી જીતેન્દ્ર આત્મારામ ઠાકરે,

અરજદાર : શ્રી કિશોર હિરાલાલ મિસ્ત્રી
સામાવાળા : આસી.કમિશ્નર.

નં.આરટીઆઈ સેલ/૪૫૨
તારીખ: ૧૮-૧-૨૦૦૭.

પ્રતિ,
શ્રી કિશોરભાઈ હિરાલાલ મિસ્ત્રી,
[illegible] વાડ,

વિષય :– આપની તા.૨૩–૧૧–'૦૬ની અરજી.
સંદર્ભ :– આપની તા.૨–૧–'૦૭ની અપીલ અરજી.

ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના ધ્વારા માંગવામાં આવેલ (૧) સેલોસેલ લેકર તથા એસીડ જેવા કેમીકલ્સ જેનો ઉપયોગ પ્રોસેસીંગમાં થાય છે તેની પરવાનગી રહેણાંક વિસ્તારમાં જરી ઉધોગમાં વપરાતા કેમીકલ્સની પ્રોસેસીંગ માટે પરવાનગી અપાય છે કે કેમ? તેમજ તેવા ઉધોગને ગૃહઉધોગનો દરજ્જો આપેલ છે કેમ? વિગેરે બાબતની માહિતી આસી.કમિશ્નરના પત્ર નં.સીઝેડ/આ.નં.૩૨૨, તા.૩–૧–'૦૭થી આપવામાં આવેલ મુજબ છે. (૨) અરજીમાં નિદિષ્ટ કેમીકલ ધરાવતી પ્રોસેસીંગ પ્રક્રિયા માટે કોઈ પરવાનગી અત્રેથી આપવામાં આવતી નથી. ગૃહઉધોગનો દરજ્જો આપવાની સત્તા સુરત મહાનગરપાલિકાને નથી. તેમજ બી.પી.એમ.સી. એકટની કલમ–૩૭૬(૧) તથા પ્રકરણ ૧૮ ભાગ–૨ હેઠળ જણાવેલ પરિમાણ કરતાં વધુ માટે ફાયર ખાતાનો અભિપ્રાય મેળવ્યા બાદ આરોગ્ય ખાતા ધ્વારા પરવાનગી અપાય છે. જેથી આપની અપીલ અંગે હવે કશું કરવાનું રહેતુ નથી. તેમ છતાં જો કોઈ વિગતની સ્પષ્ટતા જોઈતી હોય તો દિન–૦૭માં નીચે સહી કરનારને જણાવવા વિનંતી. અન્યથા આપની અપીલ અરજી દફતરે થયેલી ગણવામાં આવશે. જે વિદીત થાય.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા

અપીલ અરજી નં. ૩/૦૭
તા.૩૦-૧૨-૨૦૦૬

અરજદાર : શ્રી બાલમુકુંદ બી. અધ્વર્યુ
સામાવાળા : આસી.કમિશ્નર.

હુકમ :

શ્રી બાલમુકુંદ બી. અધ્વર્યુ તરફથી તા.૨૨-૧૧-૦૬ના રોજ રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ ગલેમંડી લકકડકોટમાં સ્ટ્રીટ લાઈટ કાઢીને સોડીયમ લાઈટ મુકવા બાબત અરજી કરેલ જેનો કોઈ પ્રતિભાવ નહિં મળતા અરજદારે તા.૩૦-૧૨-૦૬ના રોજ મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ અરજી કરેલ છે. જે અરજી અત્રે તા.૫-૧-૦૭ના રોજ મળેલ છે.

જે અંગેઅરજદારની મૂળ અરજીની વિગતો/પુરક માહિતી તેમજ અરજદારને સમયમર્યાદામાં જવાબ નહિં આપવાના કારણની સ્પષ્ટતા સહ તમામ વિગતો પ્રમાણિત નકલસહ અત્રેની કચેરીને મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૩૮, તા.૯-૧-૦૭થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જે બાબતે કાર્યપાલક ઈજનેર, સેન્ટલ ઝોન ધ્વારા અરજદારને પત્ર નં. સીઝેડ/એન્જી/૫૫૪૪, તા. ૧૧-૧-૦૭ના રોજ સદર સ્થળે સોડીયમ વેપર ફીટીંગ લગાવવા બાબતે એનર્જી એફીશીયન્સીસેલનો અભિપ્રાય આવેથી કરવામાં આવનાર કાર્યવાહીની દિન-૧૫માં તેઓને જાણ કરવાનું જણાવેલ.

દરમ્યાનમાં અરજદાર મારફત શહેરી વિકાસ અને શહેરી ગૃહનિમાર્ણ વિભાગને પણ સદર બાબતે તા.૨૭-૧૨-૦૬ના રોજ પત્ર પાઠવવામાં આવેલ જે સદર વિભાગ ધ્વારા તા.૫-૧-૦૭ના રોજ જરૂરી કાર્યવાહી હાથ ધરવા અત્રે મોકલવામાં આવેલ. તેમ છતાં સેન્ટ્રલ ઝોન ધ્વારા અત્રે કોઈ માહિતી મળેલ નહિં તેમજ અરજદારને પણ કોઈ પ્રત્યુતર પાઠવવામાં આવેલ હોય તેવું અત્રે જણાવવામાં આવેલ નથી.

ઉપરોકત હકિકતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"સદર અપીલ માહિતી નહિં આપવાના કારણે કરેલ છે. મુખ્ય માહિતી શી બાબતની માંગેલ છે. તે પણ સ્પષ્ટ થતું નથી. તેઓની માંગણી છે કે મરકયુરી લેમ્પ લગાવવા. આ માંગણી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ સંતોષી શકાય નહિ. મરક્યુરી લેમ્પ કયારે લગાડવામાં આવશે તે અરજદારને જણાવી શકાય નહિં. લેવાયેલ નિર્ણય કે રેકર્ડ ઉપરની માહિતી તેઓને આપી શકાય. અને તેનું ઈન્સ્પેકશન પણ અરજદાર કરી શકશે. તે અંગેની જરૂરી સુચના આસી.કમિશ્નરને આ સાથે આપવામાં આવે છે. અપીલ નામંજૂર કરવામાં આવે છે.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

આરટીઆઈ સેલ/૫૦૪
તારીખ : ૭/૬-૨-૨૦૦૭

પ્રતિ,
૧) આસી.કમિશ્નરશ્રી, ..... જાણ તથા અમલ માટે.
૨) શ્રી બાલમુકુંદ બી. અધ્વર્યુ,

અપીલ અરજી નં.૪,
તા.૮-૧-'૦૭.

અરજદાર શ્રી પુરૂસોત્તમ નાગજીભાઈ પરમાર
સામાવાળા : ડાયરેક્ટર ઓફ પ્લાનીંગ.

નં.આરટીઆઈસેલ/૫૧૪
તારીખ: ૮-૨-૨૦૦૭.

પ્રતિ,
શ્રી પુરૂષોત્તમ નાગજીભાઈ પરમાર,
[redacted]

**વિષય :** રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ હેઠળ આપની તા.૧૮-૧૧-૨૦૦૬ની બમરોલી રે.સ. નં. ૧૧૮, બ્લોક નં.૧૭૭માં પ્રભુનગર સોસાયટીની આકારણી અંગે માહિતી માંગતી અરજી બાબત.

**સંદર્ભ :** આપની તા.૮-૧-૨૦૦૭ની અપીલ અરજી નં.૪.

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી ડાયરેક્ટર ઓફ પ્લાનીંગના પત્ર નં.સા.ઝોન/અકા/૬૪૭, તા.૨૮-૧૨-'૦૬ તેમજ સા.ઝોન/અકા/૭૦૦, તા.૧૧-૧-'૦૭થી પુરી પાડવામાં આવેલ હોય આપની અપીલ અરજી અંગે હવે અત્રેથી કશું કરવાનું રહેતુ નથી તેમ છતાં આપને તે સંબંધી કાંઈ બાબતે રજૂઆત કરવાની હોય તો નીચે સહી કરનારને દિન-૦૭માં લેખિતમાં રજૂઆત કરવી, અન્યથા આપની અપીલ અરજી દફતરે થયેલી ગણાશે જે જાણશો.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નકલ રવાના- ડાયરેક્ટર ટાઉન પ્લાનીંગ પ્રતિ... જાણ માટે.

અપીલ અરજી નં.૫ તા.૯-૧-૦૭

અરજદાર : શ્રી રાજેશ એ. ગીરી
સામાવાળા : શાસનાધિકારી

વિષય : રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ મુજબ શ્રી રાજેશ એ. ગીરી તા.૯-૧૧-૦૬ના રોજની મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી બાબત.
સંદર્ભ : તા.૯-૧-'૦૭ની અપીલ અરજી નં.૫.

શ્રી રાજેશ એ.ગીરી તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ તા.૯-૧૧-'૦૬ના રોજ શાસનાધિકારીને અરજી કરી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા જણાવેલ. જેના સંદર્ભે શાસનાધિકારી દ્વારા માહિતી આપી ન હોવાથી તા.૯-૧-'૦૭ના રોજ અરજદાર તરફથી એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશનરશ્રીને અપીલ કરવામાં આવેલી છે.

જે અંગે મૂળ અરજીના સંદર્ભે આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતોની તમામ માહિતી ન આપવાના કારણસર લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત મોકલી આપવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૬૭, તા.૧૬-૧-'૦૭થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ. જે માહિતી તા.૯-૨-'૦૭ના રોજ મળેલ.

જે અંગે અરજદારની અપીલની રૂબરૂ સુનાવણી તા.૧૫-૨-'૦૭ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર તેમજ ઉપશાસનાધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

<u>અરજદારની રજૂઆત નીચે મુજબ હતી.</u>

૧. જવાબ ગોળ-ગોળ આપેલ છે.
૨. ૧,૨,૩,૪,૭ નંબરના મુદ્દાની માહિતી બાકી છે.
૩. માહિતી નિયમ પ્રમાણે વિના મૂલ્યે મળવી જોઈએ.

<u>ઉપશાસનાધિકારીની રજૂઆત નીચે મુજબ હતી.</u>

૧. માહિતી આપવામાં આવેલ છે.

બન્ને પક્ષોની ઉપરોક્ત રજૂઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અરજીના મુદ્દા નં.૧,૨,૩,૪,૭ ની મુદ્દાસર અને સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમની જોગવાઈ ધ્યાને લઈ તા.૨૧-૨-૦૭ સુધીમાં તેઓને પૂરી પાડી તે અંગેની જાણ અત્રે કરવા આથી જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારીને જણાવવામાં આવે છે."

(સહી)
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૫૩૮
તારીખ:૧૯-૨-૨૦૦૭.

પ્રતિ,
(૧)શાસનાધિકારીશ્રી,ન.પ્રા.શિ.સ. ......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રાજેશ એ. ગીરી

અપીલ અરજી નં.૬ તા.૫-૨-'૦૭.

અરજદાર : શ્રી રાજેશ એ. ગીરી
સામાવાળા : શાસનાધિકારી

વિષય : રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ મુજબ શ્રી રાજેશ એ. ગીરી તા.૩૦-૧૧-'૦૬ના રોજની મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી બાબત અરજી.
સંદર્ભ : તા.૪-૧-'૦૭ની અપીલ અરજી નં.૬.

શ્રી રાજેશ એ.ગીરી તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ તા.૩૦-૧૧-'૦૬ના રોજ શાસનાધિકારીને અરજી કરી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવા જણાવેલ. જેના સંદર્ભે શાસનાધિકારી દ્વારા માહિતી આપી ન હોવાથી તા.૫-૧-'૦૭ના રોજ અરજદાર તરફથી એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલી છે.

જે અંગે મૂળ અરજીના સંદર્ભે માંગવા પાત્ર રહેતી નોંધ સિવાયની અન્ય પૂરક વિગતોની તમામ માહિતી ન આપવાના કારણસર બાબત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત પહોંચતી કરવા પત્ર ન.આરટીઆઈ સેલ/૪૬૮, તા.૧૬-૧-'૦૭થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ. જે માહિતી તા.૯-૨-'૦૭ના રોજ મળેલ.

જે અંગે અરજદારની અપીલની રૂબરૂ સુનાવણી તા.૧૫-૨-'૦૭ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર તેમજ ઉપશાસનાધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

અરજદારની રજૂઆત નીચે મુજબ હતી
૧. જવાબ ગોળ-ગોળ આપે છે.
૨. ૧,૨,૪,૫,૬ નંબરના મુદ્દાની માહિતી બાકી છે.
૩. માહિતી નિયમ પ્રમાણે વિના મૂલ્યે મળવી જોઈએ.

ઉપશાસનાધિકારીની રજૂઆત નીચે મુજબ હતી.
૧. માહિતી આપવામાં આવેલ છે.

બંને પક્ષોની ઉપરોક્ત રજૂઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અરજીના મુદ્દા નં.૧,૨,૪,૫,૬ ની મુદ્દાસર અને સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમની જોગવાઈ ધ્યાને લઈ તા.૨૧-૨-'૦૭ સુધીમાં તેઓને પૂરી પાડી તે અંગેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારીને જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/૫૩૮
તારીખ:૧૯-૨-૨૦૦૭.

કમિશ્નર,
સૂરત મહાનગરપાલિકા.

પ્રતિ,
(૧)શાસનાધિકારીશ્રી,ન.પ્રા.શિ.સ. .....જાણ તથા અમલ સારૂ.
(૨) શ્રી રાજેશ એ. ગીરી

અપીલ અરજી નં.૭/૦૭, તા.૧૧–૧–૦૭.

અરજદાર : શ્રી કિશોરભાઈ એમ.પટેલ
સામાવાળા : ઝોનલ ચીફ રાંદેર ઝોન.

**હુકમ :–**

અરજદાર શ્રી કિશોરભાઈ એમ.પટેલ તેમજ હસમુખભાઈ બી. પટેલની તા.૧૦–૧૧–'૦૬ના રોજ મુદ્દા નં.૧ થી ૭**ની માહિતી માંગતી અરજી કરેલ જેના સંદર્ભે મદદનીશ જાહેર માહિતી અધિકારી ધ્વારા આઉટવર્ડ નં.૧૧૯૩, તા.૬–૧૨–'૦૬થી માહિતી પૂરી પાડવમાં આવેલ. ત્યારબાદ અરજદાર મારફત ફરીથી તા.૧૩–૧૨–'૦૬ના રોજ અરજી કરી માહિતી માંગેલ. જે મદદનીશ જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.૧૨૨૨, તા.૪–૧–'૦૭**થી પૂરી પાડવમાં આવેલ છે. **મદદનીશ જાહેર માહિતી અધિકારી** ધ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી અધુરી, અસ્પષ્ટ અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી અરજદાર મજકુરે તા.૧૨–૧–'૦૭ના રોજ કમિશ્નરશ્રીને પત્ર પાઠવી અપીલ કરેલ. જે સંદર્ભે મ્યુ.કમિશ્નરશ્રીના હુકમ નં.આરટીઆઈ સેલ/૬૫૧, તા.૩૦–૩–'૦૭થી અરજદારની અપીલ અરજીના સંદર્ભે માંગવામાં આવેલ દસ્તાવેજી પુરાવા તેમજ નોંધ વિભાગ સહિતની માહિતી ઉપલબ્ધ દફતર પરથી કાયદા અને નિયમોની જોગવાઈ અનુસરી દિન–૭ માં પૂરી પાડવા તેમજ તેની જાણ કમિશ્નરશ્રીને કરવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવેલ.

જે સંદર્ભે કાર્યપાલક ઈજનેર પશ્ચિમ ઝોનના પત્ર નં.આઉટવર્ડ/૪૦, તા.૧૦–૪–'૦૭થી અરજદારને ભરવાપાત્ર થતી ફી ભરી જરૂરીયાત મુજબની માહિતી મેળવવા રૂબરૂ સંપર્ક કરવા તેમજ ઉપલબ્ધ દફતર ચકાસી જરૂરીયાત પ્રમાણે ફી જમા કરી મેળવી લેવા જાણ કરવામાં આવેલ. જે કાયદાની જોગવાઈ સાથે સુસંગત ન હોઈ અરજદારના તા.૧૬–૪–'૦૭ના આ સાથે સામેલ ફેકસથી કરેલ અરજીમાં જણાવ્યા મુજબ તેઓને તાકીદે માહિતી પૂરી પાડવા ડે.કમિશ્નર(પ.અને ઈ.)ધ્વારા હુકમના અનુસંધાને પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦, તા.૨૫–૪–'૦૭થી પુનઃ જણાવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદાર ધ્વારા ફરીથી કમિશ્નરને સંબોંધીને તા.૨૭–૪–'૦૭નો ફેકસ પત્ર મોકલવામાં આવેલ. જે બાબતે મ્યુ.કમિશ્નરના તા.૬–૫–૦૭ ના આદેશાનુસાર

" આપેલ માહિતી કયા કારણથી અસ્પષ્ટ કે અધુરી છે તે અરજદારે જણાવેલ નથી તે સંજોગોમાં અરજદારને દફતર ચકાસણી કરી શકે છે તે મુજબ જાહેર માહિતી અધિકારીએ અરજદારને જાણ કરી છે તે બરાબર છે.' માહિતી અધિકાર અધિનિયમ ની જોગવાઈ અનુસાર ઝોનલ ચીફ રાંદેર ઝોનની સમક્ષ તેઓની કચેરીમાં કચેરી કામકાજના સમય દરમ્યાન અરજદાર ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી ફાઈલની તપાસણી કરી તેમને જે પણ માહિતી કે નકલો જરૂરી જણાતી હોય તે મેળવી શકે છે જે માટે અરજદાર ધ્વારા સુચિત કર્યેથી ઈન્સ્પેકશન અંગેનો પ્રબંધ કરવા તેમજ અરજદારને જરૂરી નકલો કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી પૂરી પાડવા ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવે છે.

સહી/–
ડે.કમિશ્નર (પ અને ઈ)અને
નોડલ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૦૫
તા. ૧૦–૫–૦૭

પ્રતિ
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કિશોરભાઈ એમ. પટેલ

અપીલ અરજી નં.૮, તા.૨૦-૧-'૦૭.

અરજદાર : શ્રી રાજેશ એ. ગીરી
સામાવાળા : શાસનાધિકારી

## હુકમ

વિષય :- રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ મુજબ શ્રી રાજેશ એ. ગીરી તા.૧૫-૧૧-'૦૬ના રોજની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી બાબત અરજી.
સંદર્ભ :- તા.૨૦-૧-'૦૭ની અપીલ અરજી નં.૮.

શ્રી રાજેશ એ.ગીરી તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ તા.૧૫-૧૧-'૦૬ના રોજ શાસનાધિકારીને અરજી કરી મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા જણાવેલ. જેના સંદર્ભે શાસનાધિકારી દ્વારા માહિતી આપી ન હોવાથી તા.૨૦-૧-'૦૭ના રોજ અરજદાર તરફથી એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશનરશ્રીને અપીલ કરવામાં આવેલી છે.

જે અંગે મૂળ અરજીના સંદર્ભે આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતોની તમામ માહિતી ન આપવાના કારણસહ લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત પત્રોની ફરતા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૫, તા.૩૧-૧-'૦૭થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ. જે માહિતી તા.૮-૨-'૦૭ના રોજ મળેલ.

જે અંગે અરજદારની અપીલની રૂબરૂ સુનાવણી તા.૧૪-૨-'૦૭ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર તેમજ ઉપશાસનાધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

અરજદારની રજૂઆત નીચે મુજબ હતી.
૧. જવાબ ગોળ-ગોળ આપેલ છે.
૨. ૧,૨,૩,૪,૬ નંબરના મુદ્દાની માહિતી બાકી છે.
૩. માહિતી નિયમ પ્રમાણે વિના મૂલ્યે મળવી જોઈએ.

ઉપશાસનાધિકારીની રજૂઆત નીચે મુજબ હતી.
૧. માહિતી આપવામાં આવેલ છે.

બંને પક્ષોની ઉપરોક્ત રજૂઆત ધ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અરજીના મુદ્દા નં.૧,૨,૩,૪,૬ ની મુદ્દાસર અને સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમની જોગવાઈ ધ્યાને લઈ તા.૨૧-૨-'૦૭ સુધીમાં તેઓને પૂરી પાડી તે અંગેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારીને જણાવવામાં આવે છે."

કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૫૪૦
તારીખ:૧૫-૨-૨૦૦૭.

પ્રતિ,
(૧) શાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ.સ. ......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રાજેશ એ. ગીરી

અપીલ અરજી નં.૯/૦૭, તા.૧૯–૧–૦૭.

અરજદાર : શ્રી બશીરભાઈ ઈબ્રાહીમ ફુટવાલા
સામાવાળા : ડે.કમિશ્નર(હે અને હો.)

**હુકમ :**

વિષય :– શ્રી બશીરભાઈ ઈબ્રાહીમભાઈ ફુટવાલા તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ તા.૧૦–૧૧–'૦૬ના રોજ ટેના. નં.૧૪બી–૩૫–૬૫૯૧–૦–૦૦૧ તથા ટેના.નં.૪૧બી–૩૪–૬૬૦૫ –૦–૦૦૧ અને ૪૧બી–૩૪– ૬૬૧૧–૦– ૦૦૧ અંગે આકારણી બાબતની માહિતીની અરજી.

સંદર્ભ :– અરજદારની તા.૧૯–૧–'૦૭ની અપીલ અરજી નં.૯/૦૭.

શ્રી બશીરભાઈ ઈબ્રાહીમભાઈ ફુટવાલા તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ તા.૧૦–૧૧–'૦૬ના રોજ ટેના. નં.૧૪બી–૩૫–૬૫૯૧–૦–૦૦૧ તથા ટેના.નં.૪૧બી– ૩૪–૬૬૦૫–૦–૦૦૧ અને ૪૧બી–૩૪–૬૬૧૧ –૦–૦૦૧ અંગે આકારણી બાબતની માહિતી ની અરજી કરવામાં આવેલ. જેના સંદર્ભે તા.૨૩–૧૧–'૦૬ના રોજ અરજદારના જણાવ્યા મુજબ કોઈ જાતના સહી સિકકા વગરની નકલ હાથોહાથ આપેલ. જેનાથી નારાજ થઈ તા.૧૯–૧–'૦૭ના રોજ અરજદાર તરફથી એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અરજી કરવામાં આવેલી છે.

જે અંગે મ્યુ.કમિશ્નરશ્રી સમક્ષ સમગ્ર માહિતી બાબતની રજુઆત કરવાની રહેતી હોવાથી અરજદારની મૂળ અરજીના સંદર્ભે આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતોની તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત પહોંચતી કરવા ડે.કમિશ્નર(પ.અને ઈ.)ના પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૬, તા.૩૧–૧–'૦૭થી ડે.કમિશ્નર(હે અને હો)તેમજ વિજીલન્સ ઓફિસરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે ડે.કમિશ્નર(હે અને હો) તરફથી પત્ર નં.૨૩૬૫, તા.૬–૨–'૦૭થી તેમજ વિજીલન્સ ઓફિસર તરફથી પત્ર નં.વીઆઈડી/૧૨૮૬, તા.૨૩–૨–'૦૭થી તેમજ તા.૧૩–૩–'૦૭ના પત્ર નં.વીઆઈડી/૧૩૬૯થી માહિતી પૂરી પાડવામાં આવેલ.

સદર અરજીની સુનાવણી તા.૨–૩–'૦૭ના રોજ તેમજ તા.૧૫–૩–૦૭ના રોજ રાખવામાં આવેલ પરંતુ કમિશ્નરશ્રી અન્ય કામે વ્યસ્ત હોવાથી સદર દિને થઈ શકેલ નહી જે તા.૧૭–૩–'૦૭ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર ઉપસ્થિત રહયા હતાં. જયારે લાગત ઝોન તરફથી જાહેર માહિતી અધિકારી પક્ષે કાર્યપાલક ઈજનેર તેમજ એપેલેટ ઓફિસર ઉપસ્થિત રહયા હતા.

**અરજદારની રજુઆત નીચે મુજબ છે.**

(૧) માર્કેટની દુકાનમાં નામ દાખલ કરાવવા વારંવાર રજુઆત કરેલ છે.
(૨) એસોસીએશન રીઝોલ્ડ થઈ ગયા છતાં સહી વગર તેના પેડ પર વિગતો આપેલ છે.
(૩) માહિતી આપવા જણાવેલ છે.
(૪) વિજીલન્સ તપાસ અને તેના અહેવાલની વિગતો માંગેલ છે.

**સંબંધિત ખાતા અધિકારીની રજુઆત નીચે મુજબ છે.**

(૧) ઓરીજીનલ એસેસમેન્ટનું એક માલિક પ્રમાણે એક બીલ મોકલવામાં આવતું.
(૨) ધારણ કરનારના નામ દાખલ કરવા માટેની પ્રોસીઝર કરેલ છે.
(૩) ઉપલબ્ધ માહિતી રેકર્ડ પરથી આપી શકાય તે આપવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા મોકલવામાં આવેલ માહિતી તેમજ રુબરુ સુનાવણીની વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અપીલ અરજીના સંદર્ભે માંગવામાં આવેલ દસ્તાવેજ જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ દફતર પરથી પુરો પાડવામાં આવેલ હોય અપીલ અંગે કશું કરવાનું રહેતુ નથી. જયારે તપાસની માંગણી અન્વયે વિજીલન્સ ખાતાના તપાસ રીપોર્ટ અન્વયે ઘટિત કાર્યવાહી હાથ ધરી અરજદારને માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ લીંબાયત ઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૫૦
તારીખ : ૩૦ –૩–'૦૭.

પ્રતિ,
(૧) ડે.કમિ.(હે. અને હો.)શ્રી,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી બશીરભાઈ ઈબ્રાહીમભાઈ ફુટવાલા,

અપીલ અરજી નં. ૧૦/૦૭.
તારીખ : ૨૯-૧-૦૭

અરજદાર : ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા
સામાવાળા : ડાયરેક્ટર ઓફ પ્લાનીંગ.

**હુકમ :-**

વિષય : આર.આઈ. એકટ ૨૦૦૫ હેઠળ શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયાની તા.૨૮-૬-'૦૬ની ઉધના મેઈન રોડ ઉપર આવેલ ખરવરનગર વસાહત,ટીપી સ્કીમ નં.૬ ફા.પ્લો.નં.૩૭૯ ના આકારણી, સીઓપી તેમજ બીયુસી બાબત.

સંદર્ભ : અરજદારની તા.૨૯-૧-૨૦૦૭ની અપીલ અરજી નં.૧૦/૦૭.

અરજદાર મજકૂર ધ્વારા ઉધના ટીપી સ્કીમ નં.૬, ફાઈનલ પ્લોટ નં.૩૭૯માં આવેલ ખરવર વસાહત સંદર્ભે તેઓની તા.૨૮-૧૨-'૦૬ની રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ અન્વયે કરવામાં આવેલ અરજી સંદર્ભે આપના તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૯૭૩૩, તા.૨૨-૧-'૦૭થી માહિતી પાઠવવામાં આવેલ છે. જે માહિતી આંશિક હોય તેઓને પુરેપુરી માહિતી પાઠવવા અંગેની અપીલ અરજદાર ધ્વારા તા.૨૯-૧-'૦૭ના રોજ એપેલેટ ઓફિસર અને કમિશ્નરશ્રીને કરવામાં આવેલ છે.

જેથી અરજદાર ધ્વારા સંદર્ભ પત્રથી મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરેલ હોય જે અંગે મે.કમિશ્નરશ્રી સમક્ષ સમગ્ર માહિતી બાબતની રજૂઆત કરવાની રહેતી હોવાથી અરજદારની આવેલ અરજીની વિગત, તેમજ અરજદારની રજૂઆત અનુસાર અપુરતી વિગતો આપવા સબબ મુળ અરજીના અનુસંધાને આપવાપાત્ર રહેતી પુરક વિગતોની તમામ માહિતી લાગુ કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત અત્રે પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯૩, તા.૩-૨-'૦૭થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવેલ. જેના સંદર્ભે તેઓ તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૦૬૭૦, તા.૨૧-૨-'૦૭થી વિગતો અત્રે મોકલવામાં આવેલ.

અરજદારની મુળ, અપીલ અરજી તેમજ ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા આવેલ માહિતી ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારને પાઠવવામાં આવેલ તા.૨૨/૦૧/૦૭નો જાહેર માહિતી અધિકારીનો જવાબ જોતા માંગ્યા મુજબ મુદાવાર સંપૂર્ણ માહિતી પુરી પાડેલ જણાતું નથી. જેમ કે,

અપીલ અરજીના મુદ્દા નં.૨ માં સદર વસાહતમાં કેટલા સી.ઓ.પી. છે અને કેટલા માપના છે તેની વિગત અરજદારને પુરી પાડવામાં આવેલ નથી.

અપીલ અરજીના મુદ્દા નં.૫માં જણાવેલ બિલ્ડીંગોની વસવાટ પરવાનગી કે બી.યુ.સી. કયારે અને કઈ રીતે આપવામાં આવેલ તેની વિગત પુરી પાડવામાં આવેલ નથી.

વસાહતમાં થયેલ પઠ બાંધકામોની કાયદેસરતા અંગે સંતોષકારક માહિતી અપાયેલ નથી.

જેથી અરજદારને અરજીના તમામ મુદાઓ અંગે ચોકકસ અને સાચી દફતરી માહિતી એની જાણ હેઠળ પુરી પાડવા જાહેર માહિતી અધિકારીઓને ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ છે."

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૫૭૬
તારીખ : 3-3-૦૭.

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા,

૫

નં.આરટીઆઈ સેલ/ ૫૪૮
તારીખઃ૨૩–૨–૨૦૦૭.

પ્રતિ,
શ્રી શાંતિબેન પ્રેમાભાઈ પટેલ.

વિષય :– ટીપી સ્કીમ ૫૬માં આવેલ જમીન મહાનગરપાલિકાને આપવા બાબતના
તા.૩–૭–'૦૬ના પત્ર બાબતની આપની તા.૨૬–૧૨–'૦૬ની અરજી.
સંદર્ભ :– આપની તા.૨–૨–'૦૭ની અપીલ અરજી નં.૧૧/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપની અરજી અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગ ના પત્ર નં.ટીપીડી/૯૧૮૫, તા.૨૯–૧–'૦૭થી માહિતી પુરી પાડવામાં આવી હોય જેની નકલ આ સાથે સામેલ છે. જેથી આપની અપીલ અરજી અંગે હવે કશુ કરવાનું રહેતુ નથી જે જાણશો.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

અપીલ અરજી નં.૧૨/૦૭, તા.૨–૨–૦૭.

અરજદાર : શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ

**હુકમ :–**

વિષય :– બમરોલી ગામ સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭ બાબતની પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલની તા.૨૬–૧૨–'૦૬ની અરજી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨–૨–'૦૭ની અપીલ અરજી નં.૧૨/૦૭.

શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ તરફથી બમરોલી ગામ સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭ વાળી જમીન બાબતે મુદ્દા નં.૧ થી ૨૭ ની માહિતી આપવા તા.૨૬–૧૨–'૦૬ ના રોજ અરજી કરવામાં આવેલ જેનો કઈ જવાબ મળેલ ન હોવાથી નારાજ થઈને અરજદાર મજકુરે તા.૨–૨–'૦૭ના રોજ એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરને અપીલ કરેલ.

જેના અનુસંધાને અપીલ અંગે અરજદારની મૂળ અરજીની વિગત, તેમજ અરજદારની રજુઆત અનુસાર જવાબ નહી આપવાના કારણોની સ્પષ્ટતા સહ આપવાપાત્ર રહેતી પુરક વિગતોની તમામ માહિતી લાગુ કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત પહોંચતી કરવા ડે.કમિશ્નરશ્રી(પ.અને ઈ.)ના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૦, તા.૬–૨–'૦૭થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ. જે સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા અરજદારને પત્ર નં.સા.ઝોન/અકણ/૭૪૩, તા.૨૨–૧–'૦૭ થી મુદ્દા નં.૧૨,૧૬,૧૭,૨૧,૨૨ નો જવાબ પાઠવવામાં આવેલ જે અત્રે મોકલવામાં આવેલ.

સદર અરજીની સુનાવણી તા.૨–૩–'૦૭ના રોજ તેમજ તા.૧૫–૩–૦૭ના રોજ રાખવામાં આવેલ પરંતુ કમિશ્નરશ્રી અન્ય કામે વ્યસ્ત હોવાથી સદર દિને થઈ શકેલ નહી જે તા.૧૭–૩–'૦૭ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર ઉપસ્થિત રહયા ન હતાં. જયારે ડાયરેકટર ઓફ પ્લાનીંગ ઉપસ્થિત રહયા હતા. દરમ્યાનમાં ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં.૧૧૪૮૦, તા.૧૫–૩–'૦૭ના રોજના પત્રથી અરજદારને બાકી રહેતી તમામ માહિતી પૂરી પાડવમાં આવેલ.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા મોકલવામાં આવેલ માહિતી ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અપીલ અરજીના સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા પત્ર નં.સા.ઝોન/અકણ/૭૪૩, તા.૨૨–૧–'૦૭, તેમજ નં. સા.ઝોન/ટેક/આ.નં.૧૧૪૮૦, તા.૧૫–૩–'૦૭થી તમામ માહિતી પૂરી પાડવામાં આવેલ હોય સદર અપીલ અરજી અંગે હવે કશું કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૫૫
તારીખ : ૩૦ –૩–'૦૭.

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ,

અપીલ અરજી નં.૧૩/૦૭, તા.૩૧–૧–૦૭.

અરજદાર : શ્રી માવજીભાઈ વીરજીભાઈ વાઢેલ
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ

**હુકમ :**

**વિષય** :– કતારગામ વિસ્તારમાં આવેલ મથુરદાસ જમનાદાસ સેનેટોરીયમ યાને ધર્મશાળાની વાડીના વહીવટ બાબતની માવજીભાઈ વીરજીભાઈ વાઢેળ ની તા.૨૨–૧૧–'૦૬ની અરજી.
**સંદર્ભ** :– અરજદાર મજકુરની તા.૩૧–૧–'૦૭ની અપીલ અરજી નં.૧૩/૦૭.

શ્રી માવજીભાઈ વીરજીભાઈ વાઢેલ તરફથી ઉકત બાબતે માહિતી આપવા તા.૨૨–૧૧–૦૬ના રોજ કરવામાં આવેલ અરજીનો ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા પત્ર નં. ટીપીડી/૭૮૫૭, તા. ૧૨–૧–૦૭ થી જવાબ આપવામાં આવેલ જેનાથી નારાજ થઈ અરજદારે તા.૩૧–૧–૦૭ના રોજ અપીલ કરેલ.

સદર અપીલ અંગે અરજદારની મુળ અરજી તેમજ તેઓની રજુઆત અનુસાર આપવા પાત્ર પુરક વિગતોની તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલસહ પહોંચતી કરવા ડે.કમિશ્નર(પ. અને ઈ.)ના પત્ર નં. આરટીઆઈ સેલ/૪૯૮, તા.૬–૨–૦૭ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ છે. જેના સંદર્ભે કોઈ વિગત અત્રે મળેલ નથી.

સદર અરજીની સુનાવણી તા.૧૪–૩–૦૭ના રોજ રાખવામાં આવેલ જેમાં અરજદાર તેમજ જાહેર માહિતી અધિકારી ઉપસ્થિત રહયા ન હતાં. જે સંજોગોમાં અરજદારની અરજી તેમજ અત્રેની વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

"અરજદારની અરજીના સંદર્ભે આપવામાં આવેલ માહિતી કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર સુસંગત ન હોય કાયદા અને નિયમોની જોગવાઈને અનુસરી સવિસ્તર માહિતી દિન–૭ માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવે છે."

મુળ પ્રત પર કમિશ્નરશ્રીની સહી છે.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૬૨૬
તારીખ : ૧૪ –૩–૦૭.

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી માવજીભાઈ વીરજીભાઈ વાઢેલ,

અપીલ અરજી નં.૧૪/૦૭, તા.૨૯–૧–'૦૭.

અરજદાર : શ્રી કંચનભાઈ સોમાભાઈ આદીવાસી ઢોડિયા
સામાવાળા : ઝોનલ ચીફ (વરાછા ઝોન)

**હુકમ :–**

વિષય :– ટીપી સ્કીમ નં.૮ નવાગામ રેસ.નં.૪૧,૧,૨,૩ ફાયનલ પ્લોટ નં.૨૩ના ડીમોલીશન બાબતની શ્રી કંચનલાલ સોમાભાઈ આદીવાસી ઢોડીયાની તા.૨૧–૧૨–'૦૬ની અરજી.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૯–૧–'૦૭ની અપીલ અરજી નં.૧૪/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી કંચનલાલ સોમાભાઈ આદીવાસી ઢોડીયા તરફથી ઉકત બાબતે માહિતી આપવા તા.૨૧–૧૨–'૦૬ ના રોજ અરજી કરવામાં આવેલ જેનો કાર્યપાલક ઈજનેર વરાછા ઝોન ધ્વારા તા.૧૭–૧–'૦૭ના રોજ જવાબ આપવામાં આવેલ. જેનાથી નારાજ થઈને અરજદાર મજકુરે તા.૨૯–૧–'૦૭ના રોજ અપીલ કરેલ.

અપીલ અંગે અરજદારની મૂળ અરજી તેમજ તેના સંદર્ભે તેઓ ધ્વારા માંગવામાં આવેલ નકલો અંગે આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતોની તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત મોકલવા ડે.કમિશ્નર(પ.અને ઈ.)ના પત્ર ન.આરટીઆઈ સેલ/૪૯૭, તા.૬–૨–'૦૭થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

સદર અપીલ અરજીની સુનાવણી તા.૧૪–૩–'૦૭ના રોજ રાખવામાં આવેલ જેમાં અરજદારને ટેલીફોનથી જણાવતા તેઓએ સુનાવણીમાં ઉપિસ્થત રહેવાની અશકિત જણાવેલ. જયારે લાગત ઝોન તરફે કાર્યપાલક ઈજનેર ઉપસ્થિત રહયા હતા.

કાર્યપાલક ઈજનેરશ્રીની રજુઆત નીચે મુજબ છે.

- ટી.પી. ફાઈનલ થઈ ગયેલ છે.
- કોર્ટ પ્રકરણ હોઈ માહિતી આપેલ ન હતી.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ રૂબરૂ સુનાવણીની વિગત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**"અરજદારની અરજીમાં માંગ્યા મુજબની તમામ માહિતી કાયદા અને નિયમોની જોગવાઈને આધિન સવિસ્તર દિન–૦૭માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ વરાછા ઝોનને જણાવવામાં આવે છે."**

મુળ પ્રત પર કમિશ્નરશ્રીની સહી છે.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૨૭,
તારીખ : ૧૪–૩–૦૭.

**પ્રતિ,**
(૧) ઝોનલ ચીફ વરાછા ઝોન પ્રતિ .......જાણ તથા અમલ માટે.
(૨) કંચનલાલ સોમાભાઈ આદીવાસી ઢોડીયા,

અપીલ અરજી નં.૧૫/૦૭, તા.૨૪–૧–૦૭.

અરજદાર : શ્રી કમલેશ રજીકાન્ત દલાલ
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ તેમજ તમામ ઝોનના ઝોનલ ચીફ.

**હુકમ :**

વિષય :–શ્રી કમલેશ રજીકાન્ત દલાલની તા.૨૭–૧૨–'૦૬ની આર્કી. રવિ સોપારીવાલાએ રજુ કરેલ સને ૧૯૯૮ થી ડિસેમ્બર ૨૦૦૬ સુધીના પ્લાન મંજુરી, પ્લાન વિરૂધ્ધ બાંધકામ તેમજ તે અંગે થયેલ કાર્યવાહીના રીપોર્ટીની નકલોની માહિતી માંગતી અરજી.

સંદર્ભ :– અરજદાર તા.૨૪–૧–'૦૭ની અપીલ અરજી નં.૧૫/૦૭.

શુભમ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લિમીટેડ, અડાજણના સેક્રેટરી શ્રી કમલેશ રજનીકાંત દલાલના તા.૨૪–૧–'૦૭ના સામેલ પત્રમાં જણાવ્યા મુજબ તેઓને તા.૨૭–૧૨–'૦૬ના રોજ રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ કરેલ અરજીના સંદર્ભમાં શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતીની મુદ્દાસરતા, ચોકસાઈ અને સ્પષ્ટીકરણ અંગે જણાવેલ છે. જે અંગે મે.કમિશ્નરશ્રી સમક્ષ સમગ્ર માહિતી બાબતની રજુઆત કરવાની રહેતી હોવાથી અરજદારની આવેલ અરજીની વિગત, તેમજ અરજદારની રજુઆત અનુસાર અપુરતી વિગતો આપવા સબબ અને વિલંબ થયેલ હોય તો વિલંબના કારણોસહ મુળ અરજીના અનુસંધાને આપવાપાત્ર રહેતી પુરક વિગતોની તમામ માહિતી લાગુ કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત પહોંચતી કરવા તેમજ અરજદારની મૂળ અરજીના સંદર્ભે તેમજ તા.૨૪–૧–'૦૭ના પત્રમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ કાયદાની જોગવાઈને અનુલક્ષી તેઓને પરભારે મુદ્દાસર જવાબ પાઠવી તેની એક નકલ અત્રે મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૯, તા.૧–૨–'૦૭થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ.

દરમ્યાન મદદનીશ જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારીના પત્ર નં.૩૧૫૧, તા.૪–૧–૦૭થી અરજદારની અરજીના સંદર્ભમાં ઝોનના કાર્યક્ષેત્ર પુરતી માહિતી આપવા તમામ ઝોનના મદદની જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીઓને અરજી તબદીલ કરવામાં આવેલ તે પૈકી નોર્થ ઝોન અને ઈસ્ટ ઝોન ધ્વારા આ અંગે ઝોનમાં અરજીઓ આવેલ ન હોય કોઈ માહિતી આપવાની રહેતી નથી એવો જવાબ અરજદારને પાઠવવામાં આવેલ.

સદર અરજીની સુનાવણી તા.૧૭–૩–'૦૭ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર ઉપસ્થિત રહયા હતાં. જયારે ડાયરેકટર ઓફ પ્લાનીંગ, શહેર વિકાસ અધિકારી તેમજ લાગત ઝોનના ઝોનલ ચીફ/કાર્યપાલક ઈજનેર ઉપસ્થિત રહયા હતા.

**અરજદારની રજુઆત નીચે મુજબ છે.**

(૧) રવિ સોપારીવાલાની લાયસન્સ મેળવ્યા પછી પ્લાન મંજુર કરાવવા કરવામાં આવેલ અરજીઓની ખાતાકીય કાર્યવાહીના રીપોર્ટની નકલ વિગેરેની માહિતી જોઈએ છે.

**સંબંધિત ખાતા અધિકારીની રજુઆત નીચે મુજબ છે.**

(૧) આંશિક માહિતી આપી છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ રુબરુ સુનાવણીની વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અપીલ અરજીના સંદર્ભે આંશિક માહિતી પૂરી પાડવમાં આવેલ છે બાકીની માહિતી ઉપલબ્ધ દફતર પરથી કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડાયેકટર ઓફ પ્લાનીંગ, ઝોનલ ચીફ (રાંદેર, અઠવા,લિંબાયત,ઉધના તેમજ સેન્ટ્રલ ઝોન)ને જણાવવામાં આવે છે."

સહી–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૫૨
તારીખ : ૩૦ –૩–'૦૭.

પ્રતિ,
(૧) ડાયેકટર ઓફ પ્લાનીંગ, પ્રતિ,........જાણ તથા અમલ માટે.
(૨) ઝોનલ ચીફ (રાંદેર, અઠવા,લિંબાયત,ઉધના તેમજ સેન્ટ્રલ ઝોન) પ્રતિ,........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કમલેશ રજનીકાન્ત દલાલ,

અપીલ અરજી નં. ૧૬/૦૭
તા. ૨૯-૧-૦૭

અરજદાર : શ્રી કમલેશ રજનીકાંત દલાલ
સામાવાળા : ઝોનલ ચીફ વેસ્ટ ઝોન

હુકમ :

શુભમ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લિમીટેડ, અડાજણના સેક્રેટરી શ્રી કમલેશ રજનીકાંત દલાલના તા.૨૯-૧-'૦૭ના પત્રમાં જણાવ્યા મુજબ તેઓને તા.૬-૧-'૦૭ના રોજ રાઈટ ટૂ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ કરેલ અરજીના સંદર્ભમાં કાર્યપાલક ઈજનેર, રાંદેર ઝોન ધ્વારા આ.નં.૧૩૦૯, તા.૨૪-૧-'૦૭ના પત્રથી પાઠવવામાં આવેલ જવાબી માહિતી અસ્પષ્ટ, અધૂરી આપેલ છે. જેથી અરજદાર ધ્વારા સંદર્ભ પત્રથી અત્રે અપીલ કરેલ હોય જે અંગે અરજદારની આવેલ અરજીની વિગત, તેમજ અરજદારની રજૂઆત અનુસાર અપૂરતી વિગતો આપવા સબબ મુળ અરજીના અનુસંધાને આપવાપાત્ર રહેતી પુરક વિગતોની તમામ માહિતી લાગુ કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત અરજદારની મુળ અરજીના સંદર્ભે તેમજ તા.૨૯-૧-૦૭ના પત્રમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ કાયદાની જોગવાઈને અનુલક્ષી તેઓને પરભારે મુદ્દાસર જવાબ પાઠવી તેની એક નકલ અત્રે મોકલવા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯૦, તા.૧-૨-'૦૭થી ઝોનલ ચીફ વેસ્ટ ઝોનને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓના તા.૧૫-૨-'૦૭ના પત્ર નં.૧૩૯૮થી વિગતો અત્રે મોકલવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ આવેલ ખાતાકીય માહિતી ધ્યાને લૈતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર ધ્વારા નમુના - ક ની અરજીથી "વિકાસ પરવાનગીની રજાચિઠ્ઠી રદ થયા બાદ બાંધકામ કાયદેસર ગણાય કે ગેરકાયદેસર" તેવા પ્રશ્નનો ઉત્તર કાયદાની જોગવાઈની નકલ સહ માંગેલ તેમજ બીજા મુદ્દા અંગે પણ "સત્તા" અંગે પ્રમાણિત નકલ માંગેલ છે. જે પુરી પાડેલ ન હોવાનું જણાય છે. અરજદારની અરજીના સંદર્ભે કાયદા અને નિયમોને અનુલક્ષી માંગેલ માહિતી નકલો સહ મુદ્દાસર પુરી પાડવા તેમજ તેની અમલવારીની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)ને આથી જણાવવામાં આવે છે.

આરટીઆઈ સેલ/૫૮૦
તારીખ : ૫-૩-૨૦૦૭

કમિશનર,
સૂરત મહાનગરપાલિકા.

પ્રતિ,
૧) ઝોનલ ચીફ વેસ્ટ ઝોન ..... જાણ તથા અમલ માટે.
૨) શ્રી કમલેશ રજનીકાંત દલાલ, ... ાર્ક,

અપીલ અરજી નં.૧૭/૦૭, તા.૨૯–૧–'૦૭.

અરજદાર : શ્રી કમલેશ રજનીકાંત દલાલ
સામાવાળા : ઝોનલ ચીફ (રાંદેર ઝોન)

**હુકમ :–**

વિષય :–શ્રી કમલેશ રજનીકાન્ત દલાલની તા.૯–૧–'૦૭ની માહિતી માંગતી અરજી.
સંદર્ભ :– અરજદાર મજકુરનો તા.૨૯–૧–'૦૭ની અપીલ અરજી નં.૧૭/૦૭.

શુભમ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લિમીટેડ, અડાજણના સેક્રેટરી શ્રી કમલેશ રજનીકાંત દલાલના તા.૨૯–૧–'૦૭ના પત્રમાં જણાવ્યા મુજબ તેઓને તા.૯–૧–'૦૭ના રોજ રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ કરેલ અરજીના સંદર્ભમાં કાર્યપાલક ઈજનેર રાંદેર ઝોન ધ્વારા આ.નં.૧૩૦૮, તા.૨૪–૧–'૦૭ના પત્રથી પાઠવવામાં આવેલ જવાબી માહિતી અસ્પષ્ટ, અધૂરી આપેલ. જે અંગે મે.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે અંગે સમગ્ર બાબતની રજુઆત કરવાની રહેતી હોવાથી અરજદારની આવેલ અરજીની વિગત, તેમજ અરજદારની રજુઆત અનુસાર અપુરતી વિગતો આપવા સબબ મુળ અરજીના અનુસંધાને આપવાપાત્ર રહેતી પુરક વિગતોની તમામ માહિતી લાગુ કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત તેમજ અરજદારની મુળ અરજીના સંદર્ભે તેમજ તા.૨૯–૧–૦૭ના પત્રમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ કાયદાની જોગવાઈને અનુલક્ષી તેઓને પરભારે મુદ્દાસર જવાબ પાઠવી તેની એક નકલ અત્રે મોકલવા ડે.કમિ.(પ.અને ઈ.)ના પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૮, તા.૧–૨–'૦૭થી જણાવવામાં આવેલ.

સદર અપીલ અરજીની સુનાવણી તા.૧૪–૩–'૦૭ના રોજ રાખવામાં આવેલ જેમાં અરજદાર ઉપસ્થિત રહયા હતા જયારે લાગત ઝોન તરફે કોઈ પણ અધિકારી ઉપસ્થિત રહયા ન હતા.

અરજદારની રજુઆત નીચે મુજબ છે.

- વખતોવખત કાર્યપાલક ઈજનેરને ૧૦ પત્રો લખેલા છે તે અંગે ખાતાકક્ષાએથી થયેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતો મળેલ નથી. જે વિગતો મળે તેમ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ રૂબરૂ સુનાવણીની વિગત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**"અરજદારની અરજીમાં માંગ્યા મુજબની નકલો સહિત તમામ માહિતી કાયદા અને નિયમોની જોગવાઈને આધિન સવિસ્તર દિન–૦૭માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."**

મુળ પ્રત પર કમિશ્નરશ્રીની સહી છે.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૨૯,
તારીખ : ૧૪–૩–૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ રાંદેર ઝોન પ્રતિ .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કમલેશ રજનીકાન્ત દલાલ,

નં.આરટીઆઈ સેલ/ ૯૪૭
તારીખઃ૨૩-૨-૨૦૦૭.

પ્રતિ,
શ્રી એ.આર. ચાંદ,
[illegible]

વિષય :- રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ શ્રી એ.આર. ચાંદની તા.૧૩-૧૨-'૦૬ની અરજી બાબત.

સંદર્ભ :- અરજદારની અપીલ અરજી તા.૫-૨-'૦૭. નં.૧૮/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપની અરજી અંગે ડે.કમિશ્નર(પ. અને ઈ.)ના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૧૪૪૬, તા.૭-૨-'૦૭થી માહિતી પુરી પાડવામાં આવી હોય જેની નકલ આ સાથે સામેલ છે. જેથી આપની અપીલ અરજી અંગે હવે કશુ કરવાનું રહેતુ નથી જે જાણશો.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

અપીલ અરજી નં.૧૯/૦૭, તા.૩-૨-'૦૭.

અરજદાર : શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ
સામાવાળા : શાસનાધિકારી

**હુકમ :**

વિષય : રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ તા.૧૯-૧૨-૦૬ના રોજની કોમ્પ્યુટર શિક્ષણ તેમજ ગણવેશ અંગેની માહિતી બાબત અરજી.
સંદર્ભ : તા.૩-૨-'૦૭ની અપીલ અરજી નં.૧૯/૦૭.

શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ તા.૧૯-૧૨-'૦૬ના રોજ શાસનાધિકારીને અરજી કરી કોમ્પ્યુટર શિક્ષણ તેમજ ગણવેશની માહિતી આપવા જણાવેલ. જેના શાસનાધિકારી ધ્વારા આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૩-૨-'૦૭ના રોજ અરજદાર તરફથી એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશનરશ્રીને અપીલ કરવામાં આવેલી છે.

જે અંગે મૂળ અરજીના સંદર્ભ આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતોની તમામ માહિતી ન આપવાના કારણસહ લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૪, તા.૭-૨-'૦૭થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ. જે માહિતી તા.૧૩-૨-'૦૭ના રોજ મળેલ.

શાસનાધિકારી ધ્વારા મૂળ અરજીનો જવાબ મુદ્દાસર તેમજ કાયદા હેઠળ નિયત નમૂના ફોર્મનો ઉપયોગ કરી પાઠવવામાં આવેલ નથી તેમજ આંશિક માહિતી કે માહિતીના ઈન્કારના કિસ્સામાં કારણો તેમજ અરજદારની અપીલની જોગવાઈનો હકક અને એપેલેટ ઓફિસરની વિગતોનો સમાવેશ કરવામાં આવેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ શાસનાધિકારી ધ્વારા અત્રે પાઠવવામાં આવેલ વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

- "અરજદારની અરજીના મુદ્દા નં.૧ માં કોમ્પ્યુટર શિક્ષણની ગ્રાન્ટના ખર્ચના હિસાબ અંગે અરજદાર ધ્વારા અપીલમાં વાઉચર બીલોની કોપીનો નવો મુદ્દો આમેજ કરેલ છે જે અપીલમાં લેવા યોગ્ય નથી. અરજદાર કાયદાની જોગવાઈ મુજબ નવી અરજીથી માહિતી મેળવી શકશે.
- "મુદ્દા નં.૨ બાબતે જાહેર માહિતી અધિકારીએ તેઓને લગતી માહિતી ન હોય તો જે અધિકારીના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેને કાયદાની જોગવાઈ મુજબ દિન-૦૫માં તબદીલ કરવી જોઈતી હતી. શાસનાધિકારી ધ્વારા તેમ કરવામાં આવેલ નથી તેમજ સંલગ્ન વિભાગ પાસેથી માહિતી મેળવીને પણ પુરી પાડવામાં આવેલ નથી. જેથી આ મુદ્દા બાબતે સંલગ્ન વિભાગ પાસેથી માહિતી મેળવી તા.૨૧-૨-'૦૭ સુધીમાં તેઓને પુરી પાડવી."
- "મુદ્દા નં.૩ અંગે મુદ્દાસર અને સંપૂર્ણ સ્પષ્ટ જવાબ અરજદારને પાઠવી તે અંગેની જાણ અત્રે કરવા આથી જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારીને જણાવવામાં આવે છે."

કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૫૪૧
તારીખ૧૫-૨-૨૦૦૭.

પ્રતિ,
(૧)શાસનાધિકારીશ્રી,ન.પ્રા.શિ.સ. ......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ

(10)

અપીલ અરજી નં. ૨૦/૦૭.
તારીખ : ૨-૨-૦૭

અરજદાર : આર.ઓ.શાહ
સામાવાળા : ઈ.ચા. સીટી ઈજનેર

વિષય :- રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ શ્રી આર.ઓ. શાહની ખોટી રીતે કાપેલ પેમેન્ટ અને સીકયોરીટી ડિપોઝીટ પરત મેળવવાની તા.૨૮-૧૨-'૦૬ ની અરજી બાબત.
સંદર્ભ :- અરજદારની અપીલ અરજી તા.૨-૨-'૦૭. નં.૨૦/૦૭,

શ્રી આર.ઓ.શાહ તરફથી ખોટી રીતે કાપેલ પેમેન્ટ અને સીકયોરીટી ડિપોઝીટ પરત મેળવવાની તા.૨૮-૧૨-'૦૬ના રોજ માહિતી પૂરી પાડવા અરજી કરવામાં આવેલ. જેનો આપના તરફથી કોઈ પ્રતિભાવ પાઠવવામાં આવેલ નથી જેથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨-૨-'૦૭ના રોજ એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જેના અનુસંધાને અપીલ અંગે મે.કમિશ્નરશ્રી સમક્ષ સમગ્ર માહિતી બાબતની રજુઆત કરવાની રહેતી હોવાથી અરજદારની આવેલ અરજીની વિગત, તેમજ અરજદારની રજૂઆત અનુસાર જવાબ ...ી આપવાના કારણની સ્પાટતા સહ મુળ અરજીના અનુસંધાને આપવાપાત્ર રહેતી પુરક વિગતોની તમામ માહિતી લાગુ કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત અત્રે પહોંચતી કરવા એડીશનલ સીટી ઈજનેરશ્રીને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૨, તા.૭-૨-'૦૭થી જણાવવામાં આવેલ.જે સંદર્ભે તેઓ તરફથી પત્ર નં.HWW ...ાઉટ/૨૫૧૫, તા.૧૫-૨-'૦૭થી વિગત મોકલવામાં આવેલ જેમાં અરજદારને તેઓના પત્ર નં.HWW ...ઉટ/૨૩૩૫, તા.૨૫-૧-'૦૭થી મુદ્દાસર જવાબ પાઠવવામાં આવેલ.

ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદાર ધ્વારા નમુના-કથી ૯ મુદાની માહિતી માંગેલ, જે જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડેલ છે.જયારે અરજદાર ધ્વારા અપિલમાં "પેમેન્ટ પરત આપવા બાબત"જણાવેલ છે.જયાં કોઈ માહિતી મેળવવાનો સુચિતાર્થ નથી પરંતુ ખાતાકીય કાર્યવાહી કરવાની માંગણી છે જેથી અપીલ અરજી અંગે અત્રેથી ...ા કરવાનુ રહેતુ નથી.પરંતુ તેઓને ચુકવવાજોગ પેમેન્ટ અને આનુસંગીક ખાતાકીય કાર્યવાહી બાબતે સંબંધિત ખાતા સાથે પરામર્શમાં રહી તાકીદે કાર્યવાહી કરી અત્રેની જાણ હેઠળ અરજદારને નિકાલની વિગતો સુચિત કરવા જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.સીટી ઈજનેરશ્રીને આથી જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/ ૫૧૭
તારીખ: ૩-૩-૦૭.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

...ઈ.ચા. સીટી ઈજનેરશ્રી .......જાણ તથા અમલ માટે.
...શ્રી આર.ઓ.શાહ,

અપીલ અરજી નં.૨૧/૦૭, તા.૬–૨–૦૭.

અરજદાર : શ્રી બાબુભાઈ એમ. શાહલ
સામાવાળા : ઝોનલ ચીફ વરાછા ઝોન.

**હુકમ :**

વિષય : ડો.બાબુભાઈ એમ.શાહની તા.૪–૧–'૦૭ની નાના વરાછા ગ્રામ પંચાયત ના આકારણી પત્રક, મંજુર કરેલ પ્લાન વિગરેની અરજી બાબત.

સંદર્ભ : અરજદારની તા.૬–૨–'૦૭ની અપીલ અરજી નં.૨૧/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ડો.બાબુભાઈ એમ.શાહની તા.૪–૧–'૦૭ની નાના વરાછા ગ્રામ પંચાયત ના આકારણી પત્રક, મંજુર કરેલ પ્લાન વિગરે બાબતે અરજી કરેલ. જે અંગે કાર્યપાલક ઈજનેર વરાછા ઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૪૬, તા.૩૧–૧–'૦૭થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૬–૨–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસશ્રીને અપીલ કરેલ છે.

જેના સંદર્ભે અપીલ અંગે મ્યુ.કમિશ્નરશ્રી સમક્ષ સમગ્ર માહિતી બાબતની રજુઆત કરવાની રહેતી હોવાથી અરજદારની મૂળ અરજી તેમજ તેના સંદર્ભે તેઓ ધ્વારા માંગવામાં આવેલ નકલો અંગે આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતોની તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૮, તા.૮–૨–'૦૭થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે કાર્યપાલક ઈજેનર વરાછા ઝોનના પત્ર નં.પૂર્વ ઝોન/ટીડી/આરટીઆઈ–૧૪૬, તા.૧–૩–'૦૭થી માહિતી મોકલવામાં આવેલ. જેમાં તેમણે પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૧૪૬, તા.૨–૨–૦૭થી અરજદારની આંશિક માહિતી આપ્યાનું તથા ૮૭/૧ ના પ્લાનની નકલ અંગે સ્પષ્ટતા કરવા જણાવતો પત્ર પણ મોકલેલ.

સદર અરજીની સુનાવણી તા.૨–૩–'૦૭ના રોજ તેમજ તા.૧૫–૩–૦૭ના રોજ રાખવામાં આવેલ પરંતુ કમિશ્નરશ્રી અન્ય કામે વ્યસ્ત હોવાથી સદર દિને થઈ શકેલ નહી જે તા.૧૭–૩–'૦૭ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર ઉપસ્થિત રહયા હતાં. જયારે લાગત ઝોન તરફથી ઝોનલ ચીફ ઉપસ્થિત રહયા હતા.

**અરજદારની રજુઆત નીચે મુજબ છે.**

(૧) ગ્રામ પંચાયતની નકલ માંગેલ છે તે મળવી જોઈએ.
(૨) આકારણી પત્રકની નકલ મળી નથી.
(૩) માંગ્યા મુજબની માહિતી આપવામાં આવી નથી તે મળવી જોઈએ.

**સંબંધિત ખાતા અધિકારીની રજુઆત નીચે મુજબ છે.**

(૧) આંશિક માહિતી આપી છે.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઝોનલ ચીફ વરાછા ઝોન ધ્વારા મોકલવામાં આવેલ માહિતી તેમજ રુબરુ સુનાવણીની વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અપીલ અરજીના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી આંશિક માહિતી પૂરી પાડવમાં આવેલ છે ઉપર નિર્દિષ્ટ મુદ્દા નં.૧ અને ૨ તેમજ ૩ અંગે સ.નં. ૮૭/૧ નાના વરાછા ટી.પી.–૨૦ના પ્લાનીંગ વખતેમુકવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની નકલની બાકીની માહિતી ઉપલબ્ધ દફતર પરથી કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી દિન–૭માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ વરાછા ઝોનને જણાવવામાં આવે છે."

સહી–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૧૪
તારીખ : ૧૯ –૩–૦૭

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ વરાછા ઝોન,.......જાણ તથા અમલ માટે.
(૨) ડો બાબુભાઈ એમ. શાહ

અપીલ અરજી નં.૨૨/૦૭, તા.૭–૨–૦૭.

અરજદાર : શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયા
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ.

## હુકમ :

વિષયઃ– શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયાની તા.૧૫–૧૨–'૦૬ની અરજીથી તા.૧૦–૭–'૦૬ના રોજ સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીને પ્રમુખશ્રી, અમરદીપ સોસાયટીએ કરેલ અરજી સાથે સોસાયટીના સભ્યો હોવાના પુરાવા રુપે આપેલ તમામ રેકર્ડ તેમજ સ્થાયી સમિતિ ઠરાવની નકલ વિગેરે આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર તા.૭–૨–'૦૭ની અપીલ અરજી નં.૨૨/૦૭.

શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયાની તા.૨૭–૧૨–'૦૬ની ટીપી સ્કીમ નં.૨૦, ફાયનલ પ્લોટ નં.૮૯ અને ૯૮ વાળી મિલ્કત અમરદીપ સોસાયટીના તમામ રેકર્ડના પુરાવા મેળવવા બાબતે અરજી કરેલ. જે અંગે કાર્યપાલક ઈજનેર,(વરાછા ઝોન) તરફથી પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૧૪૨, તા.૧૯–૧–૦૭ના રોજ સદર બાબતની ફાળવણી ટાઉન પ્લાનીંગ ખાતા ધ્વારા કરવામાં આવેલ હોઈ જરૂરી રેકર્ડ સંબધીત ખાતા મારફત મેળવી લેવા જણાવેલ. જે સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/આ/૯૫૦૨, તા.૧૨–'૦૨–'૦૭ થી નિયત ફી રૂા.૨૮૨/– ભરપાઈ કરવા જણાવેલ.

દરમ્યાનમાં અરજદારની અપીલ સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/આ/૯૭૫૭, તા.૨૨–૨–'૦૭ માં જણાવ્યા મુજબ નિયત ફીની રકમ રૂા.૨૮૨/– ભર્યેથી ઘટિત કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવતા અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૯, તા.૭–૩–'૦૭થી નિયત ફી જમાં કરાવી નકલો મેળવી લેવા તેમજ ત્યારબાદ કોઈ બાબતે રજુઆત કરવાની હોય તો કમિશ્નરશ્રીની કક્ષાએ દિન–૦૭માં લેખિતમાં કરવા જણાવેલ.

દરમ્યાનમાં અરજદારને નં.ટીપીડી/આ/૯૮૦૯, તા.૨૬–૨–'૦૭થી તેઓને નકલો પૂરી પાડવામાં આવેલ. જેના સંદર્ભે અરજદાર ધ્વારા તા.૧–૩–'૦૭ના પત્રથી પૂરી પાડવામાં આવેલ નકલો બાબતે ફરીથી કમિશ્નરશ્રીને પત્ર લખી તેમાં જણાવેલ માહિતી પૂરી પાડવા જણાવેલ. જે સંદર્ભે ડે.કમિશ્નર(પ અને ઈ)ના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૧, તા.૭–૩–'૦૭થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને અરજદારના તા.૧–૩–'૦૭ના પત્રમાં જણાવ્યા મુજબની માહિતી કાયદા અને નિયમોની જોગવાઈને અનુસરી પૂરી પાડવા જણાવેલ.

અરજદારની અન્ય અપીલ અરજી સંદર્ભે તા.૧૭–૩–'૦૭ના રોજ રાખવામાં આવેલ સુનાવણી દરમ્યાન અરજદારની ઉપરોકત અપીલ તેમજ તેમના તા.૧–૩–'૦૭ના પત્ર અંગેની સુનાવણી પણ સાથે જ કરવામાં આવેલ. જેમાં અરજદારે મુદ્દાસર માહિતી આપવાની રજુઆત કરેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ રુબરુ સુનાવણીની વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અપીલ અરજીના સંદર્ભે તેઓના તા.૧–૩–'૦૭ના પત્રમાં જણાવ્યા પૈકીની નમુના 'ક' ની અરજીમાં સમાવિષ્ટ અને માંગેલની માહિતી ઉપલબ્ધ દફતર પરથી કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી દિન–૭ માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૫૮૯
તારીખ : ૭–૩–'૦૭.

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ ........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયા

અપીલ અરજી નં. ૨૩/૦૭
તા. ૦૭-૨-૨૦૦૭

અરજદાર : શ્રી અનિલ ડી. પુરોહિત
સામાવાળા : ડે.કમિશ્નર(હે અને હો)

**હુકમ :**

શ્રી અનિલ ડી. પુરોહિતની તા.૨૨-૧૨-'૦૬ની અરજીથી શાળા નં.૨૨૫-૨૨૯ ફુલવાડી ટેનામેન્ટ ખાતે મધ્યાહન ભોજન યોજના બાબતે તા.૭-૩-'૦૬ના રોજ કરેલ અરજીની વિગત માંગવા બાબતે અરજી કરેલ. જે અંગેનાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના તરફથી પત્ર નં.મભય/આરટીઆઈ/વશી/રજી.૩/૦૬-૦૭ તેમજ પત્ર નં. મભય/આરટીઆઈ/વશી/રજી.૪/૦૬-૦૭ થી જવાબ પાઠવવામાં આવેલ, જે અંગે નિયત સમયમાં યોગ્ય પ્રતિભાવ મળ્યો ન હોય તેમજ મુદ્દા વાઈઝ નિયત ફોર્મેટમાં જવાબ પાઠવેલ ન હોય અરજદાર ધ્વારા તા.૭-૨-૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.જે અંગેસમગ્રમાહિતીઅત્રેમોકલીઆપવાડે.કમિશ્નર(હેઅનેહો)નેઅત્રેના આરટીઆઈસેલ/૫૧પતા.૧૨/૦૨/૦૭થી જણાવવામાં આવેલ,જેના સંદર્ભે નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના ધ્વારા તેઓના પત્ર નં.મભય/આરટીઆઈ/રજી.૦૩/૦૪/૦૭/આ.નં.૨૯૪/૦૭તા.૧૪/૦૨/૦૭થી અત્રે વિગતો મોકલવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી અપિલ અરજી તેમજ નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના ધ્વારા આવેલ વિગતો ધ્યાને લેતા અરજદાર ધ્વારા તેમની માહિતી અધિકારની અરજીમાં નકલોની કોઈ પણ પ્રકારની માંગણી કરેલ નથી.પરંતુ તેમની તા.૦૭/૦૩/૦૬ની અરજીમાં કરેલ ગેરરીતી તેમજ અનિયમિતતાઓ બાબતે લીધેલ પગલા અન્વયે નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના ધ્વારા વિગતવાર જવાબ પાઠવવામાં આવેલ છે.જે હકિકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપિલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદાર ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ કરવામાં આવેલ અરજી બાબતે ડે.કલેકટર ધ્વારા તા.૦૧/૦૨/૦૭ના રોજ વિગતવાર માહિતી આપવામાં આવેલ છે.તેમજ તેજ તારીખના અન્ય પત્રથી અરજદારે પુરી પાડેલ માહિતીની જાણ લઈ ઘટિત તપાસ હાથ ધરેલ છે જે પુર્ણ થયે અરજદારને સુચિત કરવા પણ અરજદારને જણાવેલ છે આમ,હવે અરજદારની અપીલ બાબતે અત્રેથી કશું કરવાનું રહેતુ નથી.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

આરટીઆઈ સેલ/૫૭૯
તારીખ :૫-૩-૨૦૦૭

પ્રતિ,
૧) ડે.કમિશ્નર(હે અને હો) ..... જાણ તથા અમલ માટે.
૨) શ્રી અનિલ ડી. પુરોહિત,

અપીલ અરજી નં.૨૪/૦૭, તા.૧૨–૨–'૦૭.

અરજદાર : શ્રી સંજયભાઈ ઈશ્વરભાઈ પટેલ
સામાવાળા : ઝોનલ ચીફ (વરાછા ઝોન)

**હુકમ :–**

વિષય : શ્રી સંજયભાઈ ઈશ્વરભાઈ પટેલ તરફથી તા.૧૮–૧૨–'૦૬ની અરજીથી ટીપી ૮, ઉમરવાડા સર્વે નંબર ૪૧/૧,૨,૩ ફા.પ્લોટ ૨૩ ની વિગત હાઈકોર્ટનો ઓર્ડર, મુળ માલિકના નામ વગેરે માહિતી આપવા બાબત.
સંદર્ભ : અરજદારની તા.૧૨–૨–'૦૭ની અપીલ અરજી નં.૨૪/૦૭.

શ્રી સંજયભાઈ ઈશ્વરભાઈ પટેલ તરફથી તા.૧૮–૧૨–'૦૬ની અરજીથી ટીપી ૮,ઉમરવાડા સર્વે નંબર ૪૧/૧,૨,૩ ફા.પ્લોટ ૨૩ની વિગત હાઈકોર્ટનો ઓર્ડર, મુળ માલિકના નામ વગેરે માહિતી આપવા બાબતે અરજી કરેલ. જે અંગે કાર્યપાલક ઈજનેર વરાછા ઝોન ધ્વારા પત્ર નં.પૂર્વ ઝોન/ટીડી/આરટીઆઈ/૧૪૮, તા.૭–૨–'૦૭ અને ૧૪૯, તા.૮–૨–'૦૭થી જવાબ પાઠવવામાં આવેલ, જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૨–૨–'૦૭ના રોજ અપીલ કરવામાં આવેલ.

અપીલ અંગે અરજદારની મૂળ અરજી તેમજ તેના સંદર્ભે તેઓ ધ્વારા માંગવામાં આવેલ નકલો અંગે આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતોની તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત મોકલવા ડે.કમિશનર(પ.અને ઈ.)ના પત્ર ન.આરટીઆઈ સેલ/૫૨૧, તા.૧૩–૨–'૦૭થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી આરટીઆઈ/૧૪૮, તા.૨૦–૨–'૦૭થી વિગતો મોકલવામાં આવેલ.

સદર અપીલ અરજીની સુનાવણી તા.૧૪–૩–'૦૭ના રોજ રાખવામાં આવેલ જેમાં અરજદાર તેમજ લાગત ઝોન તરફે કાર્યપાલક ઈજનેર ઉપસ્થિત રહયા હતા.
અરજદારની રજુઆત નીચે મુજબ છે.

- અરજીમાં માંગેલ માહિતી આપવા જણાવેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રીની રજુઆત નીચે મુજબ છે.

- ટી.પી. ફાઈનલ થઈ ગયેલ છે.
- કોર્ટ પ્રકરણ હોઈ માહિતી આપેલ ન હતી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ રૂબરૂ સુનાવણીની વિગત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**"અરજદારની અરજીમાં માંગ્યા મુજબની તમામ માહિતી કાયદા અને નિયમોની જોગવાઈને આધિન સવિસ્તર દિન–૦૭માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ વરાછા ઝોનને જણાવવામાં આવે છે."**

મુળ પ્રત પર કમિશનરશ્રીની સહી છે.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૨૮,
તારીખ : ૧૪–૩–૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ વરાછા ઝોન પ્રતિ .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સંજય ઈશ્વરભાઈ પટેલ

અપીલ અરજી નં. ૨૫/૦૭, તા.૧૪–૨–૦૭.

અરજદાર : સુલેમાન યુસુફ મુન્સી
સામાવાળા : ઝોનલ ચીફ રાંદેર ઝોન.

**હુકમ :–**

વિષય : શ્રી સુલેમાન યુસુફ મુન્સીની તા.૨૦–૧૨–'૦૬ની રાબીયા ફલેટસને ગટર કનેકશન આપવામાં આવેલ તેના મંજુર પ્લાનની તેમજ પાણી વેરાની નકલ બાબત.
સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૪–૨–'૦૭ ની અપીલ અરજી નં.૨૫/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શ્રી સુલેમાન યુસુફ મુન્સીની તા.૨૦–૧૨–'૦૬ની રાબીયા ફલેટસને ગટર કનેકશન આપવામાં આવેલ તેના મંજુર પ્લાનની તેમજ પાણી વેરાની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેનો જવાબ કાર્યપાલક ઈજેનર રાંદેર ઝોનના પત્ર નં.વે.ઝોન/આકારણી વિભાગ/૪૨૩, તા.૨૫–૧–'૦૭ અને વે.ઝોન/૧૩૮, તા.૯–૨–'૦૭થી આપવામાં આવેલ હોવાનું જણાવી નિયત સમયમર્યાદામાં કોઈ નિર્ણય મળેલ ન હોય તેમજ મોડે મોડે મળેલ અધૂરી માહિતીથી નારાજ થઈ અરજદાર મજકુર ધ્વારા તા.૧૪–૨–'૦૭ના રોજ એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જેના સંદર્ભે અપીલ અંગે અરજદારની મૂળ અરજીના સંદર્ભે તેઓ ધ્વારા માંગવામાં આવેલ નકલો અંગે આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતોની તમામ માહિતી લાગત કિસ્સામાં વિલંબથી માહિતી આપવાના કારણની સ્પષ્ટતા સહ પ્રમાણિત નકલ પહોંચતી કરવા ઝોનલ ચીફ રાંદેર ઝોનને ડે.કમિશ્નર(પ.અને ઈ.)ના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૦, તા.૧૯–૨–'૦૭થી જણાવવામાં આવેલ, તેમ છતાં તેઓ તરફથી કોઈ જવાબ આવેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી સહીત ઉપરની તમામ હકીકતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અપીલમાં જણાવ્યા મુજબ તેઓને તેમની નમુના–"ક" ની અરજીમાં નિદિર્ષ્ટ ક્રમાનુસાર રાબિયા ફલેટસના ગટર કનેકશનના મંજુર પ્લાનની તેમજ રજાચિઠ્ઠીની નકલ તેમજ પાણી વેરાની નકલ ની પૂરી માહિતી કાયદા અને નિયમોની જોગવાઈ અનુસરી તા.૧૫–૩–'૦૭ સુધીમાં પૂરી પાડી તેની જાણઅત્રેકરવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

**નં.આરટીઆઈ સેલ/૬૧૬**
તારીખ :૧૨–૩–૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ રાંદેર ઝોન પ્રતિ .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુલેમાન યુસુફ મુન્સી,

અપીલ અરજી નં.૨૬/૦૭, તા.૧૭–૨–૦૭.

અરજદાર : શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયા
સામાવાળા : ઝોનલ ચીફ વરછા ઝોન.

**હુકમ :**

વિષય :– શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયાની તા.૧૦–૧–'૦૭ની ટી.પી. સ્કીમ નં.૨૦, ફા.પ્લોટ નં.૧૭, રે.સ. નં.૭૨/૪ તથા ફા.પ્લોટ નં.૮૯ અને ૯૮ માં થયેલ ગેરકાયદે બાંધકામ દુર કરવા તેમજ દુકાનોને મારેલ સીલ બાબત.

સંદર્ભ :– અરજદાર તા.૧૭–૨–'૦૭ની અપીલ અરજી નં.૨૬/૦૭.

શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયાની તા.૧૦–૧–'૦૭ની ટી.પી. સ્કીમ નં.૨૦, ફા.પ્લોટ નં.૧૭, રે.સ. નં.૭૨/૪ તથા ફા.પ્લોટ નં.૮૯ અને ૯૮ માં થયેલ ગેરકાયદે બાંધકામ દુર કરવા શા માટે કાર્યવાહી થતી નથી તેમજ દુકાનોને મારેલ સીલ શા માટે ખોલી કાઢેલ તે બાબત કરેલ અરજીના સંદર્ભમાં કાર્યપાલક ઈજનેરના પત્ર નં.પૂર્વ ઝોન/ટીડી/આરટીઆઈ/૧૫૭, તા.૯–૨–૦૭થી પાઠવવામાં આવેલ જવાબથી નારાજ થઈ અરજદાર મજકુરે તા.૧૭–૨–૦૭ના રોજ અપીલ કરેલ છે.

અપીલના અનુસંધાને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૧, તા.૧૯–૨–૦૭થી જાહેર માહિતી અધિકારી પાસેથી આ અંગે પૂરક વિગતો સહિત અરજદારને પૂરી પાડવા જોગ તમામ માહિતી મોકલી આપવા જણાવવામાં આવેલ.

સદર અરજીની સુનાવણી તા.૧૫–૩–૦૭ના રોજ રાખવામાં આવેલ જે ફરીથી તા.૧૭–૩–'૦૭ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર ઉપસ્થિત રહયા હતાં. જયારે જાહેર માહિતી અધિકારી તરફે લાગત જાહેર માહિતી અધિકારી અને ઝોન ચીફ વરાછા ઝોન ઉપસ્થિત રહયા હતા.

અરજદારની રજુઆત નીચે મુજબ છે.

૧) પ્લાન મંજુર નથી. હેતુ ફેર કરેલ છે. જેથી ડીમોલીશન કરેલ.
૨) જે જગ્યા ફાળવી છે તેના ડીમોલીશન બાબત.
૩) દુકાનોના સીલ મારેલા તે ખોલી નાંખ્યા તેની માહિતી.
૪) ડીમોલીશનનું કારણ અને તે માટે આવેલ અધિકારીનું નામ આપવા જણાવ્યું.

ખાતાધિકારીની રજુઆત નીચે મુજબ છે.

તમામ વિગતો આપેલ છે.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ રુબરુ સુનાવણીની વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની અપીલ અરજીના સંદર્ભે તેઓની અપીલ દરમ્યાનની રજુઆત મુજબ નહીં પૂરી પાડેલ "ગેરકાયદેસર બાંધકામ અંગે થયેલ કાર્યવાહી, સીલ શા માટે ખોલી કાઢયા તેમજ ડીમોલીશન કરવા આવેલ અધિકારીઓની માહિતી" ઉપલબ્ધ દફતર પરથી કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી દિન–૭ માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ વરાછા ઝોનને જણાવવામાં આવે છે.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૫૬
તારીખ : ૩૦ –૩–'૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ વરછા ઝોન પ્રતિ,........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયા ,

અપીલ અરજી નં. ૨૭/૦૭
તા. ૧૪ -૨-૨૦૦૭

અરજદાર : શ્રી કિશોર હીરાલાલ મિસ્ત્રી
સામાવાળા : આસી.કમિશ્નર.

હુકમ :

શ્રી કિશોર હીરાલાલ મિસ્ત્રી તરફથી તા.૯-૧-૦૭ના રોજ શહેરના રહેણાંક વિસ્તારમાં ચાલતા જરીના કારખાના બાબતે મુદ્દા નં. ૧ થી ૫ અંગે માહિતી માંગવામાં આવેલ જે સંદર્ભે ડે.કમિશ્નર (હે. અને હો.)ના પત્ર નં. પીએચડી/ડીસીએચએચ/૨૪૬૪, તા.૬-૨-૦૭થી મુદ્દા નં. ૧ અને ૨ ની માહિતી આપવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદાર મજકુર તરફથી તા.૧૪-૨-૦૭ના રોજ એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ જેમાં જણાવ્યા મુજબ મુદ્દા નં.૨ ની માહિતી પુરેપુરી તેમજ મુદ્દા ન. ૩, ૪ અને ૫ ની માહિતી આપવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે. દરમ્યાનમાં કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સીઝેડ/આ.નં.૪૧૨, તા.૧૩-૨-૦૭થી મુદ્દા નં. ૧ થી ૪ પૈકી મુદ્દા નં. ૨ની આંશિક માહિતી પુરી પાડવામાં આવેલ છે. તેમજ મુદ્દા નં. ૫ અન્વયે ગુજરાત પોલ્યુશન બોર્ડના કાર્યક્ષેત્રમાં આવતો હોય તે અંગે અરજદારને જરૂરી જવાબ પાઠવવા જણાવેલ છે.

અરજદાર મજકુરની મુળ અરજી, અપીલ અરજી તેમજ લાગત જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ માહિતીના જવાબીપત્રો ધ્યાને લેતાં મુદ્દા નં. ૨ અન્વયે આંશિક માહિતી આપવામાં આવી હોય નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની અરજીના મુદ્દા નં. ૨ અન્વયે "કેવા પ્રકારના કેમીકલ અને કેટલા પ્રમાણમાં કેવી જગ્યાએ રાખવામાં આવે છે. તેમજ કેમીકલનો ઉપયોગ કોઈપણ પ્રકારના પ્રોસેસીંગ પ્રક્રિયાવાળા ઉદ્યોગમાં કરવાની પરવાનીગી આપવામાં આવે છે" તે બાબતે તેઓને મુદ્દાસર જવાબ પાઠવી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારીને આથી જણાવવામાં આવે છે.

આરટીઆઈ સેલ/ ૫૪૩
તારીખ : ૨૮-૨-૨૦૦૭

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
૧) આસી.કમિશ્નરશ્રી, ..... જાણ તથા અમલ માટે.
૨) શ્રી કિશોર હીરાલાલ મિસ્ત્રી,

અપીલ અરજી નં. ૨૮/૦૭, તા.૨૦–૨–૦૭.

અરજદાર : શ્રી વિજય એન. શેણમારે
સામાવાળા : ડે.કમિશ્નર(પ. અને ઈ.)

**હુકમ :–**

વિષયઃ–રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી વિજય એન.શેણમારેની ગુમાસ્તાધારા લાયસન્સની નકલ મેળવવા અંગેની અરજીનો નિકાલ બાબત.

સંદર્ભ :– તા.૨૦–૨–૦૭ની અપિલ અરજી નં.૨૮/૦૭

શ્રી વિજય.એન.શેણમારેની ગુમાસ્તાધારા લાયસન્સની નકલ મેળવવા અંગેની તા.૨૩/૦૧/૦૭ની અરજીનો કાયપાલક ઈજનેર નોર્થઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આઉટ/૬૩૦૭ તા.૧૨/૦૨/૦૭થી જવાબ પાઠવવામાં આવેલ જેનાથી નારાજ થઈ અરજદાર મજકુર ધ્વારા તા.૨૦–૦૨–૦૭ના રોજે અપીલ કરવામાં આવેલ છે.

સદર અપીલ સંદર્ભે મ્યુ.કમિશ્નરશ્રી સમક્ષ સમગ્ર માહિતી બાબતની રજુઆ ત કરવાની રહેતી હોવાથી મૂળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહ અરજદારની અગાઉની અરજી બાબતે કરવામાં આવેલ કાર્યવાહી તે અંગેના ઠરાવો નિયમ સહિત તેમજ સમયમર્યાદામાં અરજીમાં જણાવેલ માહિતી પૂરી ન પાડવા માટે કલમ ૮ નીક ઈ કક્ષામાંગણી ઈન્કાર કરેલ છે.તેની વિગત દર્શાવતા કારણસહ તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત પહોંચતી કરવા ડે.કમિશ્નર(પ. અને ઈ.)ના પત્ર નં.આરઆઈ એકટ સેલ/૫૫૨, તા.૨૬–૨–૦૭થી કાર્યપાલક ઈજનેર નોર્થ ઝોનને જણાવવામાં આવેલ પરંતુ તેઓ તરફથી કોઈ વિગત આજદિન સુધી મળેલ નથી. જે ધ્યાને લેતાં મદદનીશ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરે માહિતીના ઈન્કાર માટેનું વ્યાજબીપણુ રજુ કરેલ ન હોય તેમને આ અંગે વિશેષ કોઈ રજુઆત નહીં હોવાનું માનવાને કારણ રહે છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સહિત ઉપરની તમામ હકિકતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની નમુના–ક ની તેમજ અપીલ અરજીથી માંગણી કરેલ ગુમાસ્તાધારા હેઠળના લાયસન્સની નકલ કાયદા અને નિયમોની જોગવાઈ અનુસરી અરજદારને તા.૨૦–૩–૦૭ સુધીમાં પૂરી પાડી તેની અત્રે જાણ કરવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(પ. અને ઈ.)ને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

**નં.આરટીઆઈ સેલ/૬૧૯**
તારીખ :૧૨–૩–૦૭.

પ્રતિ,
(૧) ડે.કમિશ્નરશ્રી(પ. અને ઈ.)/કાર્યપાલક ઈજનેર, નોર્થ ઝોન,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિજયભાઈ એન. શેણમારે,

અપીલ અરજી નં.૨૯/૦૭, તા.૧૭–૨–૦૭.

અરજદાર : દિપકકુમાર ચંદ્રવદન ચાંદીવાલા
સામાવાળા : આસી.કમિશ્નર.

**હુકમ :–**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી દિપકકુમાર ચંદ્રવદન ચાંદીવાલાની તા.૧૨/૦૯/૦૬ની વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૬/૨૧૭ પ્રતિક આર્કેડ શોપીંગ સેન્ટરના તમામ વેરા બીલમાં ચોખાવાલા એસોસીએટ અને ભાગીદારોના નામ દાખલ કરવામાં આચવ્યા છે તે તમામ દસ્તાવેજોના ઈન્સ્પેકશન અંગેની અરજીનો નિકાલ બાબત.

**સંદર્ભ** :– તા.૧૭–૨–૦૭ની અપિલ અરજી નં.૨૯/૦૭

શ્રી દિપકકુમાર ચંદ્રવદન ચાંદીવાલા ની તા.૧૨/૦૯/૦૬ની વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૧૬/૨૧૭ પ્રતિક આર્કેડ શોપીંગ સેન્ટરના તમામ વેરા બીલમાં ચોખાવાલા એસોસીએટ અને ભાગીદારોના નામ દાખલ કરવામાં આવ્યા છે તે તમામ દસ્તાવેજોના ઈન્સ્પેકશન અંગેની તા.૧૨/૦૯/૦૬ની અરજીનો આસી.કમિશ્નર તરફથી કોઈ પ્રતિભાવ મળેલ ન હોય જેનાથી નારાજ થઈ અરજદાર મજકુર ધ્વારા તા.૧૭–૦૨–૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

સદર અપીલ સંદર્ભે મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહ સમયમર્યાદામાં અરજીમાં જણાવેલ માહિતી પૂરી ન પાડવાના કારણસહ તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા ડે.કમિશ્નર(પ.અને ઈ.) ધ્વારા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૪૯, તા.૨૬–૨–'૦૭થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે આસી.કમિશ્નર ધ્વારા પત્ર નં.એઆરડી/સે.ઝોન/આ નં.૨૫૫, તા.૬–૩–'૦૭થી વિગતો મોકલવામાં આવેલ, જેમાં અરજદારને સદર બાબતે તા.૧૫–૯–'૦૬ ની આસપાસના દિવસોમાં આકારણી અને વસુલાત અધિકારીશ્રીની કચેરીમાં તેઓની રૂબરૂમાં તમામ પેપર્સનું ઈન્સ્પેકશન કરવા દેવામાં આવેલ હોવાનું અરજદારને કાર્યપાલક ઈજનેર, સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.એઆરડી/૭૦૯, તા.૩–૩–'૦૭થી જણાવવામાં આવેલ છે. અરજદારે તેની અપીલ અરજીમાં સદર બાબતની ફાઈલનું ઈન્સ્પેકશન કરવા દેવામાં આવે તેમજ તેમાંથી જરૂરીયાત મુજબની પ્રમાણિત નકલો આપવામાં આવે તેવી માંગણી કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ તેઓને સદર મિલકત ના તમામ પેપર્સનું ઈન્સ્પેકશન કરવા દેવામાં આવે તેમજ તેઓને જરૂરીયાત મુજબની પ્રમાણિત નકલો કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર પૂરી પાડીને તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને આસી.કમિશ્નરને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૧૮
તારીખ : ૧૨–૩–૦૭.

પ્રતિ,
(૧) આસી.કમિશ્નર પ્રતિ .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી દિપકકુમાર સી.ચાંદીવાલા

અપીલ અરજી નં.૩૦/૦૭, તા.૧૯–૨–૦૭.

અરજદાર : શ્રી કમલેશ રજનીકાંત દલાલ
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ

**હુકમ :**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી કમલેશ રજનીકાંત દલાલની તા.૦૮/૦૧/૦૭ તેમજ ૧૧/૦૧/૦૭ની આર્કીટેકટ શ્રી રવિ સોપારીવાલાએ તા.૨૧/૧૧/૦૦થી તા.૩૧/૧૨/૦૬ સુધીમાં ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા માટે રજુ કરેલ અરજીઓની નકલ તેમજ ખાતાકીય કાર્યવાહીના રીર્પોટીંગની નકલ અંગેની અરજીનો નિકાલ બાબત.

**સંદર્ભ** :– અરજદારની તા.૧૯–૨–૦૭ની અપીલ અરજી નં.૩૦/૦૭

શ્રી કમલેશ રજનીકાંત દલાલની તા.૦૮/૦૧/૦૭ તેમજ ૧૧/૦૧/૦૭ની આર્કીટેકટ શ્રી રવિ સોપારીવાલાએ તા.૨૧/૧૧/૦૦થી તા.૩૧/૧૨/૦૬ સુધીમાં ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા માટે રજુ કરેલ અરજીઓની નકલ તેમજ ખાતાકીય કાર્યવાહીના રીર્પોટીંગની નકલ અંગેની તા.૦૮/૦૧/૦૭ની અરજીનો આપના તરફથી પત્ર નં.ટીડીઓ/૩૮૮૬ અને ૩૮૮૭ તા.૧૫/૦૨/૦૭થી જવાબ પાઠવવામાં આવેલ જેનાથી નારાજ થઈ અરજદાર મજકુર ધ્વારા તા.૧૯–૦૨–૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

સદર અપીલ સંદર્ભે મ્યુ.કમિશ્નરશ્રી સમક્ષ સમગ્ર માહિતી બાબતની રજુઆત કરવાની રહેતી હોવાથી મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહ તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવાપત્ર નં.આરઆઈએકટ સેલ/૫૫૦, તા.૨૬–૨–'૦૭થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ વિગતો અત્રે મળેલ નથી.

શહેર વિકાસ અધિકારી ધ્વારા સદર બંને અરજીઓ ટીડીઓ/આઉટ નં.૩૩૬૩, તા.૧૮–૧–'૦૭ તેમજ પત્ર નં.ટીડીઓ/૩૬૯૦, તા.૭–૨–'૦૭થી કાર્યપાલક ઈજનેરશ્રી અને મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રીને તેઓના કાર્યક્ષેત્રમાં આવતી માહિતી પૂરી પાડવા તબદીલ કરેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજીની વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૮–૧–'૦૭ અને તા.૧૧–૧–'૦૭ની અરજીઓમાં તેમજ અપીલ અરજીમાં જણાવ્યા મુજબ માંગ્યા મુજબની મુદ્દાસર માહિતી કાયદા અને નિયમની જોગવાઈને આધિન અરજદારને પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લનીંગ તેમજ તમામ ઝોનના ઝોનલ ચીફને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૫૯
તારીખ :૩૦–૩–'૦૭.

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ........જાણ તથા અમલ માટે.
(૨) ઝોનલ ચીફ(સેન્ટ્રલ,નોર્થ,અઠવા,વરાછા,રાંદેર,ઉધના,લિંબાયત ઝોન).....જાણ તથા અમલ માટે.
(૩) શ્રી કમલેશ રજનીકાન્ત દલાલ,

અપીલ અરજી નં.૩૧/૦૭, તા.૧૯–૨–'૦૭.

નં.આરટીઆઈસેલ/ ૨૯૯૨
તારીખ: ૭ –૩–૨૦૦૭.

પ્રતિ,
શ્રી કમલેશ રજનીકાન્ત દલાલ,

વિષય :– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ–૨૦૦૫ અન્વયે આપની ડેપ્યુટી અને આસી.ટાઉન પ્લાનરની જગ્યા માટેના લાયકાત માટેના વિનિયમો વિગેરેની નકલો આપવા અંગેની અરજી.
સંદર્ભ :– આપની તા.૧૯–૨–'૦૭ની અપીલ અરજી નં.૩૧/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી ડે.કમિશનર(પઅનેઈ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૮૦૪ તા.૯–૨–૨૦૦૭ તેમજ પત્ર નં. જીએડી/ઈએસટી/૫૧૬૮, તા.૧–૩–૨૦૦૭થી આપને પુરી પાડવામાં આવેલ છે. જેથી આપની અપીલ અરજી અંગે હવે કશું કરવાનું રહેતું નથી જે જાણશો.

કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

અપીલ અરજી નં.૩૨/૦૭, તા.૨૬–૨–૦૭.

અરજદાર : શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળા : ડે.કમિશ્નર(હે અને હો)

**હુકમ :**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી ચૌહાલ નગીનભાઈ પરાગજીની તા.૧૮–૧૨–'૦૬ ની કારખાનામાં કામ કરતા કામદારોની યાદી તેમજ ગેરકાયદે બાંધકામ ની અરજીના નિકાલ વિગેરે બાબત.

**સંદર્ભ :**– અરજદારની તા.૨૬–૨–૦૭ની અપીલ અરજી નં.૩૨/૦૭.

શ્રી ચૌહાલ નગીનભાઈ પરાગજીની તા.૧૮–૧૨–'૦૬ની કારખાનામાં કામ કરતા કામદારોની યાદી તેમજ ગેરકાયદે બાંધકામ અંગેની અરજીનો કાર્યપાલક ઈજનેર(લિંબાયત ઝોન) તરફથી નિયત સમયમર્યાદા બાદ જવાબ પાઠવવામાં આવેલ જેનાથી નારાજ થઈ અરજદાર મજકુર ધ્વારા તા.૨૬–૦૨–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

અપીલ અરજીમાં મુદ્દા નં.૧ની માહિતી આપી શકાય તેમ નથી તે બાબતે ખુલાસો કરવા તેમજ મુદ્દા નં.૨ થી ૫ ની વિગતો સ્પષ્ટ જણાવી નથી તેમ જણાવેલ છે. જેથી તે અંગેનો મુદ્દાસર અને સ્પષ્ટ જવાબ પાઠવી તેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહ તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૪, તા.૨–૩–'૦૭થી કાર્યપાલક ઈજનેર(લિંબાયત ઝોન)ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે કાર્યપાલક ઈજનેર(લિંબાયત ઝોન)ના પત્ર નં.ઈએસટી/આઉટ/૨૦૦, તા.૯–૩–'૦૭થી વિગતો પૂરી પાડવામાં આવેલ. જે મુજબ તેમણે અરજદારને મુદ્દા નં. ૧ અને ૪ સિવાય આંશિક માહિતી તા.૬–૨–૦૭ના રોજ નિયત મુદ્દત બાદ આપેલ હોવાનું તેમજ માહિતી નહીં પૂરી પાડવા અંગે નિયમની જોગવાઈ કે અપીલ જોગવાઈ દર્શાવ્યા વિના આપેલ હોવાનું જણાય છે. અપીલ સત્તાધિકારી સમક્ષ પણ માહિતી નહીં આપવા અંગે કોઈ વ્યાજબીપણુ રજુ કરેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ કાર્યપાલક ઈજનેર(લિંબાયત ઝોન) તરફથી આવેલ વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજીમાં માંગ્યા પૈકીની મુદ્દા નં.૧ અને ૪ની પથી વધુ કામદારો ધરાવતા પૈકી વીમો ઉતરાવેલ હોય તેવા કામદારોની યાદી તેમજ ગુમાસ્તાધારા લાયસન્સ વિના ચાલતી દુકાનોની યાદી વિગેરેની માહિતી કાયદા અને નિયમોની જોગવાઈને અનુસરી દિન–૭માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા તેમજ વિલંબથી આપેલ માહિતી ધ્યાને લેતા માહિતી અધિકાર અધિનિયમની કલમ–૭(૬) હેઠળ માહિતી વિના મૂલ્યે આપવાની હોય વસુલ લીધેલ ફી પરત કરવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(હે અને હો)ને આથી આદેશ કરવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૬૧
તારીખ :૩૦–૩–'૦૭.

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(હે અને હો)........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ,

અપીલ અરજી નં.૩૩/૦૭, તા.૨૬–૨–૦૭.

અરજદાર : હેમંત એન.દેસાઈ
સામાવાળા : આસી.કમિશ્નર.

**હુકમ :–**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૨–૧૧–'૦૬ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના તા.૧–૭–'૦૨ના પત્રના જવાબ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદારની તા.૨૬–૨–૦૭ની અપીલ અરજી નં.૩૩/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૨–૧૧–'૦૬ની અરજીનો આસી.કમિશ્નર તરફથી સે.ઝોન આ.નં.૩૫૦, તા.૧૭–૧–'૦૭થી જવાબ પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદાર મજકુર ધ્વારા તા.૨૬–૦૨–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

સદર અપીલ અરજીમાં જણાવ્યા મુજબ માંગેલ માહિતી કયા વિભાગના કાર્યક્ષેત્રમાં આવે છે તે જણાવેલ નથી. કાયદાની જોગવાઈ મુજબ અરજદારે માંગેલ માહિતી જે કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી હોય તે કચેરીને તબદીલ કરવાની હોય છે. જેથી તે પ્રમાણેની કાર્યવાહી કરી અરજદારને તેની જાણ કરવા સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા ડે.કમિશ્નર(પ.અને ઈ.) ધ્વારા પત્ર નં.આરઆઈ એકટ સેલ/ ૫૬૨, તા.૧–૩–'૦૭થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે કોઈ કાર્યવાહી થઈ હોય તેવુ જણાયેલ નથી.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ તેઓની મૂળ અરજી જે કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી હોય તે કચેરીને કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર તબદીલ કરીને અરજદારને તે પ્રમાણે પત્ર પાઠવી તેની નકલ અત્રે મોકલવા જાહેર માહિતી અધિકારી અને આસી.કમિશ્નરને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૧૭
તારીખ :૧૨–૩–૦૭.

પ્રતિ,
(૧) આસી.કમિશ્નર પ્રતિ .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ

અપીલ અરજી નં. ૩૪/૦૭, તા.૨૬–૨–૦૭.

અરજદાર : શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા : આસી.કમિશ્નર

**હુકમ :**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૬–૧૨–'૦૬ની અરજીથી તેમના તા.૧–૧૧–૦૬ના પત્રથી જરી ઉધોગમાં કેમીકલ સંગ્રહ કરવાની પરવાનગી હોય તેમ છતાં કાયદાનો ભંગ કરી વપરાશ કરે છે તે બાબત.

**સંદર્ભ** :– અરજદારની તા.૨૬–૨–૦૭ની અપીલ અરજી નં.૩૪/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૬–૧૨–'૦૬ની અરજીથી તેમના તા.૧–૧૧–૦૬ના પત્રથી જરી ઉધોગમાં કેમીકલ સંગ્રહ કરવાની પરવાનગી હોય તેમ છતાં કાયદાનો ભંગ કરી વપરાશ કરે છે તે અંગેની અરજીનો કાર્યપાલક ઈજનેર તરફથી સે.ઝોન આ.નં.૪૨૪, તા.૧૭–૨–'૦૭થી જવાબ પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદાર મજકુર ધ્વારા તા.૨૬–૦૨–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પૂરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા તેમજ અરજદારની સામેલ અરજી ધ્યાને લઈ તેનો યોગ્ય પ્રત્યુતર પાઠવી તેની નકલ પણ મોકલવા પત્ર નં.આરઆઈએકટ સેલ/૫૬૧, તા.૧–૩–૦૭થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ જેના સંદર્ભે તેઓના પત્ર નં. સે.ઝોન/આ.નં./૫૦૩, તા.૧૫–૩–૦૭થી માહિતી મોકલવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ લાગત ઝોન ધ્વારા આવેલ માહિતી ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજી તેમજ અપીલ અરજીમાં "આપે જે કલમ બતાવેલ છે જે કલમના આધારે ફકત સંગ્રહ કરવાની જ પરવાનગી આપવામાં આવે છે. વપરાશ કરવાની પરવાનગી આપવામાં આવતી નથી." તેવી વિગત રજૂ કરેલ છે. તે જોતાં તેમણે આ અંગેની કોઈ માહિતી માંગેલ હોય તેવુ પ્રસ્થાપિત થતુ નથી. આમ તેમણે કોઈ માહિતી માંગેલ ન હોય આપવાનો પ્રશ્ન રહેતો નથી તેમ છતાં મદદનીશ જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમને આપેલ પ્રત્યુતરમાં નિર્દિષ્ટ સ્વયં સ્પષ્ટ કાયદાકિય જોગવાઈ પરત્વે પુનઃ ધ્યાન દોરી તેમની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

આપ ઉપરના નિર્ણયથી નારાજ હો તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો કચેરી, સેકટર–૧૮, ગાંધીનગરને બીજી અપીલ કરી શકો છો.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૬૫
તારીખ : ૩૦–૩–'૦૭.

પ્રતિ,
(૧) આસી.કમિશ્નર.......જાણ માટે.
(૨) શ્રી હેમંત એન.દેસાઈ,

૨

અપીલઅરજી નં. ૩૫/૦૭, તા.૨૬-૨-૦૭

નં.આરટીઆઈ સેલ/ ૫૯૩
તારીખ: ૭-૩-૨૦૦૭.

પ્રતિ,
શ્રી હેમંત એન. દેસાઈ,
ી,

વિષય :- રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ આપની તા.૫-૨-'૦૭ની અરજી બાબત.

સંદર્ભ :- આપની અપીલ અરજી તા.૨૬-૨-'૦૭. નં.૩૫/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપની અરજી અંગે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં.૪૭૪, તા.૫-૩-'૦૭થી માહિતી પુરી પાડવામાં આવી હોય જેની નકલ આ સાથે સામેલ છે. જેથી આપની અપીલ અરજી અંગે હવે કશુ કરવાનું રહેતુ નથી જે જાણશો.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરઆઈએકટસેલ/ ૪૭૬
તારીખ: ૭-૩-૨૦૦૭.

પ્રતિ,
ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને
જાહેર માહિતી અધિકારીશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

વિષય: રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી શાંતીબેન પ્રેમાભાઈ ની તા.૨૬-૬-'૦૬ની બમરોલી સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭ વાળી જમીનનું ગેરકાયદેસર બાંધકામ ડિમોલીશન કરવા બાબત.

સંદર્ભ : ૧.અરજદારની તા.૧-૮-૦૬ની અપીલ અરજી નં.૩૨/૦૬.
૨.અરજદારની તા.૨૩-૨-'૦૭ની અપીલ અરજી નં.૩૬/૦૭.

શ્રી શાંતીબેન પ્રેમાભાઈ ની તા.૨૬-૬-'૦૬ની બમરોલી સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭ વાળી જમીનનું ગેરકાયદેસર બાંધકામ ડિમોલીશન કરવા અંગેની અરજી બાબતે થયેલ અપીલ નો નિકાલ અત્રેના હુકમ નં.આરટીઆઈ સેલ/૩૫૨,તા.૧૪-૧૧-'૦૬થી કરવામાં આવેલ. જે હુકમનો અમલ થયો ન હોવાથી અરજદાર મજકુર ધ્વારા તા.૨૩-૦૨-'૦૭ના રોજ ફરીથી અત્રે એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે જેની નકલ સામેલ છે.

જે સંદર્ભે ઉપરોકત હુકમનો તાકીદે અમલ કરી તેની જાણ અરજદારને કરી તેની નકલ નીચે સહી કરનારને પહોંચતી કરવા પુન: જણાવવામાં આવે છે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

ન.સ.ર. : શ્રી શાંતિબેન પ્રેમાભાઈ પટેલ, ૩

અપીલ અરજી નં.૩૭/૦૭, તા.૮–૨–૦૭.

અરજદાર : શ્રી કમલેશ રજનીકાન્ત દલાલ
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ

**હુકમ :**

વિષય :–શ્રી કમલેશ રજીકાન્ત દલાલની તા.૨૭–૧૨–'૦૬ની નામદાર કોર્ટમાં જમીનોના પક્ષકારો વચ્ચે ચાલતા વાદવિવાદો બાબતે માહિતી માંગતી અરજી.

સંદર્ભ :– અરજદાર તા.૨૪–૧–'૦૭ની અપીલ અરજી નં.૩૭/૦૭.

શુભમ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લિમીટેડ, અડાજણના સેક્રેટરી શ્રી કમલેશ રજનીકાંત દલાલના તા.૨૪–૧–'૦૭ના પત્રમાં જણાવ્યા મુજબ તેઓની તા.૨૭–૧૨–'૦૬ના રોજ રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ કરેલ અરજીના સંદર્ભમાં ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટીડીઓ/૩૩૮૦, તા.૧૮–૧–૦૭ ધ્વારા પૂરી પાડવામાં આવેલ માહિતી અસ્પષ્ટ તેમજ અધુરી હોવાથી જે અંગે કમિશ્નરશ્રી સમક્ષ અપીલ કરેલ.

સદર અરજીની સુનાવણી તા.૧૭–૩–'૦૭ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર તેમજ વાહેર માહિતી અધિકારી પક્ષે ડાયરેકટર ઓફ પ્લાનીંગ ઉપસ્થિત રહયા હતા.

અરજદારે સુનાવણી દરમ્યાન માંગ્યા પૈકી નહીં આપેલ માહિતી પૂરી પાડવા રજુઆત કરેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ રુબરુ સુનાવણીની વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની અપીલ અરજીના સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૩૮૦, તા.૧૮–૧–૦૭થી પૂરી પાડવમાં આવેલ માહિતીના અનુસંધાને અરજદારની મૂળ અરજીથી માંગેલ માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ "સરતી પ્લાન મંજુરીની જોગવાઈની નકલ તેમજ પ્લાન મંજુરીની સત્તા કયાં અધિકારીને છે." તેની માહિતી દિન–૭માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ છે.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૫૩
તારીખ : ૩૦ –૩–'૦૭.

પ્રતિ,
(૧) ડાયેકટર ઓફ પ્લાનીંગ, પ્રતિ,........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કમલેશ રજનીકાન્ત દલાલ,

નં.આરટીઆઈ સેલ/ 552
તારીખ: 30-૩-૨૦૦૯.

પ્રતિ,
શ્રી દિપક ભગુભાઈ પટેલ,

વિષય: રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી દિપક ભગુભાઈ પટેલ ની તા.૨૨-૧૨-'૦૮ની ટીપી ૧૫(ફુલપાડા)ના હાઈ ટેન્શન લાઈન વાળા રોડ પર નરનારાયણ સોસાયટીના પ્લોટ નં.૭ ના ગેરકાયદે બાંધકામ અંગેની માહિતી બાબત.
સંદર્ભ : આપની તા.૨૬-૨-'૦૯ની અપીલ અરજી નં.૩૮/૦૯.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, આપના તા.૧૫-૩-'૦૯ના ઝોનલ ઓફિસર વરાછા ઝોનને લખેલ પત્રમાં જણાવ્યા મુજબ આપે અપીલ અરજી પાછી ખેંચી લીધી હોય તે અંગે અત્રેથી હવે કશું કરવાનું રહેતુ નથી જે જાણશો.

કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

અપીલ અરજી નં.૩૯/૦૭, તા.૨૭–૨–૦૭.

અરજદાર : શ્રી હસમુખભાઈ શાંતિલાલ શાહ
સામાવાળા : ઝોનલ ચીફ લિંબાયત ઝોન.

**હુકમ :**

**વિષયઃ**–રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી હસમુખભાઈ શાંતિલાલ શાહની તા.૧૭–૧–'૦૭ ની મળેલ અરજી અંગેની માહિતી બાબત.

**સંદર્ભ** :– અરજદારની તા.૨૭–૨–૦૭ની અપીલ અરજી નં.૩૯/૦૭.

શ્રી હસમુખભાઈ શાંતિલાલ શાહની તા.૧૭–૧–'૦૭ની મળેલ અરજી અંગે કોઈ જવાબ આપેલ ન હોવાથી તેમના ધ્વારા તા.૨૭–૦૨–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અરજી અંગે તાકીદે માહિતી પૂરી પાડી તે અંગેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા ડે.કમિશ્નર(પ અને ઈ)ના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૫, તા.૨–૩–'૦૭થી ડે.કમિશ્નર(હે અન હો)ને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ તરફથી અરજદારને પત્ર નં.૨૩૪૯, તા.૫–૨–'૦૭થી રૂા.૨/–ની નિયત ફી જમાં કરાવવા જણાવેલ. જે અંગે અરજદાર ધ્વારા રૂા.૩/–નો મનીઓર્ડર કરવામાં આવેલ. પરંતુ તે લાગત ખાતાને મળ્યો ન હોવાનું તેમજ અરજદારને પરત મળ્યો હોવાનું તેઓ ધ્વારા જણાવેલ છે અને તેની સાબિતી રૂપે મનીઓર્ડર ફોર્મની ઝેરોક્ષ નકલ પણ મોકલી છે.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અપીલ અરજીના સંદર્ભે અરજદારે શુભનિષ્ઠાથી મનીઓર્ડર ધ્વારાથી મોકલેલ પરંતુ તેમણે અત્રે જણાવેલ ફોટોસ્ટેટ નકલ મુજબ "બીજી જગ્યાએ ગયા" ના શેરા સહ પરત થયેલ જણાય છે. કચેરી જગ્યા સ્થળાંતરના કિસ્સામાં આ પરિસ્થિતીની યોગ્ય વ્યવસ્થા કચેરીએ કરવાની રહે. તે ધ્યાને લેતા તેમજ માહિતી અધિકાર અધિનિયમની કલમ–૭(૧) સાથે ૭(૫)ની જોગવાઈ ધ્યાને લઈ અરજદારને માહિતી પૂરી પાડી અત્રે તેની જાણ કરવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(હે અને હો)ને જણાવવામાં આવે છે.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૪૦
તારીખ : ૨૧–૩–'૦૭.

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(હે અને હો)........જાણ તથા અમલ માટે.
(૨) હસમુખભાઈ શાંતિલાલ શાહ,

અપીલ અરજી નં.૪૦/૦૭, તા.૨૭–૨–૦૭.

અરજદાર : શ્રી હસમુખભાઈ શાંતીલાલ શાહ
સામાવાળા : ડે.કમિશ્નર(હે. અને હો.)

**હુકમ :**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી હસમુખભાઈ શાંતિલાલ શાહની તા.પ–૧૨–'૦૬ની મુદ્દા નં. ૧ થી ૪ની મળેલ અરજી અંગેની માહિતી બાબત.

**સંદર્ભ** :–અરજદારની તા.૨૭–૨–૦૭ની અપીલ અરજી નં.૪૦/૦૭.

શ્રી હસમુખભાઈ શાંતિલાલ શાહની તા.પ–૧૨–'૦૬ની મુદ્દા નં. ૧ થી ૪ની ભૂંડોની વૃધ્ધિથી ડીફોમેનીયા રોગ, મ્યુ.વિસ્તારમાં ખુલ્લામા થતી કતલ તથા માંસ, માછલીના વેચાણ અટકાવવ, ચાર્તુમાસ/ પવિત્ર તહેવારોમાં બંધ રાખવા બાબત તેમજ ૨૯, ૩૦ માર્ચ–'૦પ દરમ્યાન કૂતરાને મારી નાંખવા બાબત અરજદારે અરજી સાથે બીડેલ ગુજરાત સરકારના તા.૩–૧૦–૦૨ના પત્ર તેમજ અરજદારના તા.૮–૮–૦૩ અને તા.૧૦–૩–૦પની રજુઆતના પત્રો અંગે થયેલ કાર્યવાહીની માહિતી માંગતી અરજી અંગે કોઈ જવાબ આપેલ ન હોવાથી તેમના ધ્વારા તા.૨૭–૦૨–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અરજી અંગે તાકીદે માહિતી પૂરી પાડી તે અંગેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/પ૬૩, તા.૨–૩–૦૭થી ડે.કમિ.(હે. અને હો.)ને જણાવવામાં આવેલ. પરંતુ તેઓ તરફથી માહિતી પૂરી નહીં પાડવા અંગે કે સદર માહિતી અપવાદ હેઠળ આવતી હોવા અંગેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી તેમજ અરજદારને કોઈ જવાબ પાઠવવામાં આવેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ અત્રે ઉપલબ્ધ રેકર્ડને ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારને તેની મૂળ અરજીના મુદ્દા નં. ૧ થી ૪ની તેમની અરજી સાથેના બિડાણમાં માંગ્યા અનુસારની માહિતી કાયદા અને નિયમોની જોગવાઈને અનુસરી દિન–૭ માં પૂરી પાડી અત્રે તેની જાણ કરવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(હે. અને હો.)ને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૬૬
તારીખ : ૩૦–૩–'૦૭.

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(હે. અને હો.)........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હસમુખભાઈ શાંતિલાલ શાહ

અપીલ અરજી નં.૪૧/૦૭, તા.૩–૩–૦૭.

અરજદાર : શ્રી મુકેશભાઈ દાસ નાડાર
સામાવાળા : ઝોનલ ચીફ, વરાછા ઝોન

**હુકમ :**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી મુકેશભાઈ દાસ નાડારની તા.૨૦–૧–'૦૭ની ટીપી ૪, સર્વે નં.પર પૈકી ફા.પ્લોટ નં.૨૭૪, સીટી સર્વે નં.૧૯૬૯ પૈકીની જમીન પ્લોટની સંપૂર્ણ માહિતીની સહી સિકકાવાળી નકલ મેળવવા બાબત.

**સંદર્ભ** :– અરજદારની તા.૩–૩–૦૭ની અપીલ અરજી નં.૪૧/૦૭.

શ્રી મુકેશભાઈ દાસ નાડારની તા.૨૦–૧–'૦૭ની ટીપી ૪, સર્વે નં.પર પૈકી ફા.પ્લોટ નં.૨૭૪, સીટી સર્વે નં.૧૯૬૯ પૈકીની જમીન પ્લોટની સંપૂર્ણ માહિતીની સહી સિકકાવાળી નકલ મેળવવા અંગેની અરજીનો કાર્યપાલક ઈજેનર,વરાછા ઝોન તરફથી કોઈ જવાબ પાઠવવામાં નહી આવેલ હોવાનું જણાવી અરજદાર ધ્વારા તા.૩–૩–'૦૭ના રોજ મ્યુ.કમિશનરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારને માંગેલ માહિતી મુદ્દાસર પૂરી પાડી તેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત જવાબ ન આપવાના કારણસહ તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૮૮,તા.૬–૩–'૦૭થી ઝોનલ ચીફ વરાછા ઝોનને જણાવવામાં આવેલ. જે અન્વયે કાર્યપાલક ઈજનેર પૂર્વ ઝોન ના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૧૬૩, તા.૧૯–૨–'૦૭થી તેમની અરજીના મુદ્દા નં.૧ થી ૭ની માંગેલ માહિતી પૈકી માત્ર મુદ્દા નં. ૨ ની આંશિક માહિતી અરજદારને રૂબરૂમાં તા.૧૪–૩–'૦૭ના રોજ પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. તે સિવાય બાકીની માહિતી નહીં આપવા નિયમોનુસારના ફોર્મમાં ઈન્કારનો કોઈ વ્યાજબીપણું જણાવેલ નથી. કે એપેલેટ ઓફિસરની વિગતો પણ નિર્દષ્ટ કરેલ નથી. તેમજ અપીલના અનુસંધાને અત્રેથી મંગાવેલ વિગતોના અનુસંધાનેપણ માહિતી નહીં પૂરી પાડવા અંગે કોઈ અપવાદ કે વ્યાજબીપણુ રજૂ કરેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ લાગત ઝોન ધ્વારા આવેલ માહિતી ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

''અરજદારની મૂળ અરજી તેમજ અપીલ અરજીમાં માંગ્યા મુજબની મુદ્દાસર માહિતી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ અને નિયમોની જોગવાઈને આધીન દિન–૦૭માં અરજદારને પૂરી પાડી તેની અત્રે જાણ કરવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ વરાછા ઝોનને જણાવવામાં આવે છે.''

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૬૪
તારીખ :૩૦ –૩–'૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ વરાછ઼ ઝોન.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મુકેશભાઈ દાસ નાડાર,

અપીલ અરજી નં.૪૨/૦૭, તા.૬–૩–૦૭.

અરજદાર : શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ
સામાવાળા : (૧) શાસનાધિકારી (૨) ઈ.ચા.વિજીલન્સ ઓફિસર

**હુકમ :**

**વિષયઃ**–રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૩–૨–'૦૭ની અરજીથી ન.પ્રા.શિ.સમિતિમાં ગણવેશ કૌભાંડ અંગે તપાસ અંગે થયેલ કાર્યવાહીની વિગત બાબત.

**સંદર્ભ** : – અરજદારની તા.૬–૩–૦૭ની અપીલ અરજી નં.૪૨/૦૭.

શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૩–૨–'૦૭ની અરજીથી ન.પ્રા.શિ.સમિતિમાં ગણવેશ કૌભાંડ અંગે તપાસ અંગેની થયેલ કાર્યવાહીની માંગેલી વિગતનો કોઈ જવાબ આપેલ ન હોવાથી તેમના ધ્વારા તા.૬–૦૩–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અરજી અંગે તાકીદે માહિતી પૂરી પાડી તે અંગેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા વિજીલન્સ અને ઈન્સ્પેકશન ઓફિસરને પત્ર નં.આરટીઆઈ સેલ/૬૦૭, તા.૯–૩–'૦૭થી જણાવવામાં આવેલ.

દરમ્યાનમાં શાસનાધિકારીશ્રી ધ્વારા અરજદારને પત્ર નં.૮૭૯૪, તા.૧૭–૩–૦૭માં જણાવ્યા મુજબ તા.૬–૩–૦૭ના રોજ માહિતી પૂરી પાડવામાં આવેલ તેમજ જવાબદારો સામે આચરેલ ગેરરીતિ તેમજ અન્ય બાબતો અંગે પગલા ભરવા કાનુની સલાહ લઈ નિયમાનુસાર કામગીરી કરવામાં આવી રહી હોવાનું જણાવેલ છે.

સદર અપીલ અરજીની સુનાવણી એપેલેટ ઓફિસર સમક્ષ તા.૧૧–૪–૦૭ના રોજ કરવામાં આવેલ જેમાં અરજદાર તેમજ ઉપશાસનાધિકારી અને ઈ.ચા.વિજીલન્સ ઓફિસર ઉપસ્થિત રહયા હતાં.

અરજદારની રજૂઆત નીચે મુજબ છે.
૧) તા.૧૬–૧૧–૦૬ની અરજીમાં ગણવેશ કૌભાંડ બાબતે તપાસ અંગે કરવામાં આવેલ કાર્યવાહીની વિગતોની માંગણી કરેલ છે.
૨) અપીલ દાખલ કયાં બાદ માહિતી મળી ગઈ હોવાનુ જણાવેલ છે.

મદદનીશ જાહેર માહિતી અધિકારી તરફે રજૂઆત નીચે મુજબ છે.
૧) વિજીલન્સ ઓફિસર ધ્વારા તા.૩–૩–૦૭ના રોજ અરજદારને જાણ કરેલી છે.
૨) શાસનાધિકારી ધ્વારા જીલ્લા શિક્ષાધિકારીને તા.૨૦–૩–૦૭ના રોજ તપાસ અધિકારીની નિમણૂંક કરવા જણાવેલ છે. તેમજ અરજદારને માહિતી પૂરી પાડેલ છે.

ઉપરોકત હકિકત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"વિજીલન્સ ઓફિસર ધ્વારા તા.૩–૩–૦૭ના રોજ સદર તપાસ અન્વયે જરૂરી શિક્ષાત્મક કાર્યવાહી શાસનાધિકારી ધ્વારા હાથ ધરવામાં આવેલ હોવાનું અરજદારને જણાવેલ જયારે શાસનાધિકારી ધ્વારા અરજદારને અરજી ઉપર કરેલ કાર્યવાહી અંગે તે વકત ઉપલબ્ધ માહિતી પૂરી પાડેલ હોઈ તેમજ અરજદારે પણ રૂબરૂ રજૂઆતમાં માહિતી મળી ગઈ હોવાનું જણાવેલ હોય અપીલ અરજી અંગે હવે કશુ કરવાનું રહેતું નથી."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૫
તારીખ : ૧૬– ૪–'૦૭.

પ્રતિ,
(૧) શાસનાધિકારી .......જાણ માટે.
(૨) ઈ.ચા.વિજીલન્સ ઓફિસર.......જાણ માટે.
(૩) શ્રી નગીનભાઈ પી. ચૌહાણ,

અપીલ અરજી નં.૪૩/૦૭, તા.૭–૩–૦૭.

અરજદાર : શ્રી મૌલીન મહેતા
સામાવાળા : ડીન(સ્મીમેર).

**હુકમ :**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી મૌલિન મહેતાની તા.૨૭–૧–'૦૭ની અરજીથી શોર્ટ ટેન્ડર નોટીસ નં.સ્મીમેર/ડીન/એલઆબી/૦૧/૨૦૦૬ના નિર્ણયના નોટીંગ અને રીમાકર્સની નકલ આપવા બાબત.

**સંદર્ભ :** અરજદારની તા.૭–૩–૦૭ની અપીલ અરજી નં.૪૩/૦૭.

શ્રી મૌલિન મહેતાની તા.૨૭–૧–'૦૭ની અરજીથી શોર્ટ ટેન્ડર નોટીસ નં.સ્મીમેર/ડીન/એલઆબી/૦૧/૨૦૦૬ અંગે ઓર્ડર મુકવાના નિર્ણયના નોટીંગ અને રીમાકર્સ વિગેરેની નકલ આપવા બાબતની અરજીનો ડીન,સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/એલઆઈબી/૩૦૪૭, તા.૫–૨–'૦૭થી જવાબ આપેલ, જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૭–૦૩–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજી અંગે તાકીદે માહિતી પૂરી પાડી તે અંગેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૨, તા.૧૨–૩–'૦૭થી ડીન,સ્મીમેરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે ડીન,સ્મીમેરના પત્ર નં.સ્મીમેર/આઉટ/૩૪૫૭, તા.૧૯–૩–'૦૭થી વિગતો પૂરી પાડવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ડીન,સ્મીમેર તરફથી આવેલ વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદાર ધ્વારા ટેન્ડર નોટીસ અન્વયે ખરીદી અંગે ઓર્ડર મુજબના નિર્ણય, તેનું નોટીંગ અને રીમાર્કસની વિગતોની માહિતી માંગેલી છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએ આ બાબત સક્ષમ સત્તા સમક્ષ નિર્ણય માટે મુકવાની કાર્યવાહી હેઠળ છે. અને સક્ષમ સત્તા ધ્વારા આખરી નિર્ણય લેવાય નહીં ત્યાં સુધી જાહેર કરવામાં વૈધાનિક સત્તાના વિશેષાધિકારનો પ્રશ્નપણ સમાવિષ્ટ હોય માહિતી અધિકાર અધિનિયમની કલમ–૮(આઈ) માં જણાવ્યાં મુજબ મંત્રીમંડળ, સચિવ અને અન્ય ઓફિસરોની ચર્ચાવિચારણાનું દફતર અને કાગળો આ કાયદા હેઠળ માહિતી જાહેર કરવાના અપવાદ હેઠળ મુકિતમાં આવતા હોય હાલના તબકકે પૂરા પાડી શકાય નહીં પરંતુ સક્ષમ સત્તા ધ્વારા આ અંગે આખરી નિર્ણય લેવાય અને બાબત પૂર્ણ થઈ જાય પછી દિન–૩૦ માં કાયદા અને નિયમોની જોગવાઈ અનુસરી અરજદારને પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડીન,સ્મીમેરને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૬૩
તારીખ :૩૦–૩–'૦૭.

પ્રતિ,
(૧) ડીન,સ્મીમેર........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મૌલીન મહેતા,

અપીલ અરજી નં.૪૪/૦૭, તા.૧૩–૩–૦૭.

અરજદાર : શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળા : આસી.કમિશ્નર

**હુકમ :**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૦–૧૨–'૦૬ની અરજીથી તેઓના તા.૧૩–૧૧–'૦૬ના પત્રમાં જણાવ્યા મુજબ કાર્યવાહી કરવા બાબત.

**સંદર્ભ :** અરજદારની તા.૧૩–૩–૦૭ની અપીલ અરજી નં.૪૪/૦૭.

શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૦–૧૨–'૦૬ની અરજીથી તેઓના તા.૧૩–૧૧–'૦૬ના પત્રમાં જણાવ્યા મુજબ કાર્યવાહી કરવા બાબતની અરજીનો કાર્યપાલક ઈજેનર સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આનં.૩૫૧, તા.૨૮–૧–'૦૭થી સંબધીતોને જરૂરી નોટીસો પાઠવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોવાનો જવાબ આપેલ, જેનાથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૧૩–૦૩–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજી અંગે તાકીદે માહિતી પૂરી પાડી તે અંગેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩૧,તા.૧૫–૩–'૦૭થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ કાર્યપાલક ઈજનેર ધ્વારા પાઠવવામાં આવેલ જવાબ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજી તેમની તા.૧૩–૧૧–૯૬ની અરજીનો સંભર્દ આપી મિલ્કત નં.૫/૭૪૯થી ૫/૭૫૨ વાળી મિલ્કતના માલિકે મકાનની પાછળ જાહેર ભંગી ગલી(ખાડી) સાઈડ ગેરકાયદે બાંધકામ કરી દબાણ કરેલ છે જે ખાડીમાં રસ્તો ખુલ્લો કરી યોગ્ય દરવાજા મૂકી આપવાની કાર્યવાહી કરવા જણાવેલ તે "કાર્યવાહી શા માટે કરવામાં આવેલ નથી" તેવી માહિતી માંગેલ અને અપીલમાં પણ તેજ કારણ જણાવેલ. કાર્યપાલક ઈજનેરના તા.૨૮–૧–૦૭ના પત્રથી અરજદારને પાઠવેલ જવાબમાં તેનો સમાવેશ થઈ જતો હોય. હવે અરજદારને અપીલ માટેનું કારણ રહેતું નથી. જેથી અપીલ અરજી દફતરે કરી તેનો નિકાલ કરવામાં આવે છે તેમ છતાં કાર્યપાલક ઈજનેરના અરજદારને પાઠવેલ જવાબ અન્વયે હાથ ધરેલ કાર્યવાહી સંપન્ન થયે તેની વિગતો અત્રેની જાણ હેઠળ અરજદારને પાઠવવા આસી.કમિશ્નરને જણાવવામાં આવે છે."

આપ ઉપરના નિર્ણયથી નારાજ હો તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો કચેરી, સેકટર–૧૮, ગાંધીનગરને બીજી અપીલ કરી શકો છો.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૬૬૦
તારીખ :૩૦– ૩–'૦૭.

પ્રતિ,
(૧) આસી.કમિશ્નર.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,

"અપીલ અરજી નં.૪૫/૦૭, તા.૧૩-૩-૦૭."

નં.આરટીઆઈ સેલ/૧3
તારીખ: ૯ -૪-૨૦૦૭.

પ્રતિ,
શ્રી હેમંત એન. દેસાઈ.
[illegible]

વિષય: રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ આપની તા.૫-૨-'૦૭ની અરજીથી કમિશ્નરને આપેલ તા.૩૦-૬-'૦૪ની ભટાર રોડ એલ.બી. સીનેમાથી ભટાર ચાર રસ્તા સુધી ડાબી બાજુ લાઈટ પોલ મુકવા બાબતની અરજી અંગે.
સંદર્ભ : આપની તા.૧૩-૩-૦૭ની અપીલ અરજી નં.૪૫/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં આદેશાનુસાર જણાવવાનું કે,આપના ધ્વારા લાઈટની સુવિધા અંગેની રજૂઆતનો નિકાલ ન થવા બાબતની રજૂઆત કરવામાં આવી છે જે અંગે કાર્યપાલક ઈજનેર, સાઉથ-વેસ્ટ(અઠવા) ઝોનના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આ.નં. ૮૨૨૧, તા.૧૭-૩-૦૭થી આપને માહિતી પુરી પાડવામાં આવેલ હોય આપની અપીલ અંગે હવે કંઈ કરવાનુ રહેતું નથી જે જાણશો.

ડેપ્યુટી કમિશ્નર(પ.અને ઈ.),
અને નોડલ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ ૨૦૦૫
સુરત મહાનગરપાલિકા.

નકલ સ.રવાના : ડે.કમિશ્નર(સ્પે.) પ્રતિ, ... જાણ માટે.

તાકીદનું

હુ કમ :-

શ્રી ગુણવંતભાઈ સી. પટેલની RTI એકટ હેઠળની અપીલ અરજીની સુનવણી આજ તા. ૨૩-૦૪-૨૦૦૭ના રોજ રાખવામાં આવેલ, જેમાં ગુણવંતભાઈ સી. પટેલ પોતે હાજર હતા અને તેમની રજૂઆત કરી.

રાંદેર ઝોનના ઝોનલ ચીફ શ્રી એમ. ડી. દારૂવાલા તથા ઝોનલ ઓફિસર શ્રી ડી. સી. ગાંધી સુનવણી દરમ્યાન હાજર રહી ઝોન કચેરીના રેકર્ડમાંથી રજૂઆત કરી. બંને પક્ષોની રજુઆત સાંભળ્યા બાદ જાણવા મળ્યું છે કે તા. ૮-૨-૨૦૦૭ની અરજી ધ્વારા માંગવામાં આવેલ તમામ માહિતી અરજદારશ્રીને રાંદેર ઝોન કચેરી તરફથી આપવામાં આવેલ હતી પરંતુ અરજદારની તા. ૮-૬-૨૦૦૬ના રોજ કરેલ ફરીયાદ અરજી ધ્વારા માંગવામાં આવેલ માહિતી રાંદેર ઝોન કચેરી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવી નથી જે ગંભીર ભૂલ છે. રાંદેર ઝોનના અધિકારીશ્રીઓને તાકીદ કરવામાં આવે છે કે આ માહિતી તાકીદે અરજદારશ્રીને પૂરી પાડવામાં આવે અને ભવિષ્યમાં પણ જે કોઈ RTI એકટ હેઠળની અરજી હોય, તેની માંગતી માહિતી તાકીદે જે તે અરજદારશ્રીને પૂરી પાડવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

આ સિવાય અરજદાર તરફથી રજૂઆત કરવામાં આવી કે , જે પ્લોટના બાંધકામ માટે અરજી કરેલ તેમાં વગર પરવાનગીએ બાંધકામ છેલ્લા ૧૦ માસથી ચાલુ છે.

ઉપરોકત બાબતે ઝોનલ ઓફિસરશ્રીએ સ્થળ તપાસ કરવી અને પરવાનગી વગર રાંદેર ઝોનમાં જે કોઈ બાંધકામ થયેલ હોય તો તે અંગે તાકીદે કાર્યવાહી કરી, અત્રે જાણ કરવી.

મૂળ પ્રત પર મે. કમિશ્નરશ્રીની સહી છે.

સહી/- એસ. અપર્ણા
**કમિશ્નર,**
સુરત મહાનગર સેવા સદન.

નં. સી.એન./ ૩૫
તા. ૨૩-૦૪-૨૦૦૭

પ્રતિ,
શ્રી એમ. ડી. દારૂવાલા, ઝોનલ ચીફ, રાંદેર ઝોન
શ્રી ડી. સી. ગાંધી, ઝોનલ ઓફિસર, રાંદેર ઝોન

નકલ સ. રવાના :- ડે. કમિશ્નરશ્રી (પ અને ઈ) પ્રતિ,... જાણ માટે
નકલ સ. રવાના:- શ્રી ગુણવંતભાઈ સી. પટેલ,
પ્રતિ,..... જાણ માટે

MK Othwala
કમિશ્નરશ્રીના અંગતમદદનીશ,
સુરત મહાનગર સેવા સદન

અપીલ અરજી નં.૪૭/૦૭તા. ૨૧–૩–૦૭

અરજદાર :શ્રી ભુપેન્દ્રભાઈ પ્રેમજીભાઈ મોજીદરા
સામાવાળા : ઝોનલ ચીફ રાંદેરઝોન

**હુકમ :**

**વિષયઃ** રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી ભુપેન્દ્રભાઈ પ્રેમજીભાઈ મોજીદરાની તા.૧૯–૨–'૦૭ની ટીપી ૧૨, ફા.પ્લોટ નં.૪૬ પૈ. સબ પ્લોટ નં.પ, પ્રગતિનગર સોસાયટી, બંગલા નં.પમાં બાંધકામના મંજુર પ્લાન, માર્જીનમાં બાંધકામ વિગેરે અંગેની માહિતી બાબત.

**સંદર્ભ :** (૧) અરજદારની તા.૨૧–૩–૦૭ની અપીલ અરજી નં.૪૭/૦૭.
(૨) ડે.કમિશ્નર(પ.અને ઈ.)ના પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૧, તા.૨૩–૩–'૦૭.
(૩) કમિશ્નરશ્રીનો તા.૨૪–૪–'૦૭નો આદેશ.

શ્રી ભુપેન્દ્રભાઈ પ્રેમજીભાઈ મોજીદરાની તા.૧૯–૨–'૦૭ની ટીપી ૧૨, ફા.પ્લોટ નં.૪૬ પૈ. સબ પ્લોટ નં.પ, પ્રગતિનગર સોસાયટી, બંગલા નં.પમાં બાંધકામના મંજુર પ્લાન, માર્જીનમાં બાંધકામ વિગેરે અંગેની અરજીનો કાર્યપાલક ઈજેનર, રાંદેર ઝોન તરફથી પત્ર નં.રાંદેર ઝોન/આ.નં./૧૬૪૫, તા.૧૭–૩–'૦૭થી ગેરકાયદેસર બાંધકામ અન્વયે અત્રેથી નિયમ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. તેમજ બાંધકામ નિયમબધ્ધ કરવા પ્લાન અત્રેની કચેરીએ રજુ કરેલ છે. તેવો જવાબ પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદાર મજકુર ધ્વારા તા.૨૧–૦૩–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારને તેની મૂળ અરજીમાં માગ્યા મુજબની માહિતી પરભારે પૂરી પાડી તેની એક નકલ સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા સંદર્ભ–(૨) માં જણાવેલ પત્રથી આપને જણાવવામાં આવેલ. જેનો અમલ થયેલો જણાતો નથી. અરજદારે માંગેલી માહિતી સદર પ્લાન મંજુર થયેલ છે કેમ કયા ઝોન ઓફિસરથી મંજુર થયેલ છે માર્જીનમાં થતાં બાંધકામ અંગે શું પગલા લેવાયા તેમજ ઝોનલ ઓફિસરની જવાબદારી શું છે અને ઉપરોકત બાંધકામ તોડવામાં કેમ આવતું નથી. મુદ્દાસર પૂરી પાડવામાં આવેલ નથી. જે માહિતી મુદ્દાસર કાયદા અને નિયમની જોગવાઈ ને અનુસરી દિન–૭ માં અરજદારને પૂરી પાડી તેની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૬૮
તારીખ : ૨૬–૪–'૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ રાંદેર ઝોન,........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભુપેન્દ્રભાઈ પ્રેમજીભાઈ મોજીદરા

તા.૨૨–૩–૦૭ની અપીલ અરજી નં.૪૮/૦૭.

નં.આરટીઆઈ સેલ/ ૬૫૯
તારીખ: ૩૦ –૩–૨૦૦૭.

પ્રતિ,
શ્રી હેમંત એન. દેસાઈ.

વિષય : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી હેમંત એન.દેસાઈની તા.૧–૧૧–'૦૬ની અરજીથી વોર્ડ નં.૪/૩૬૬ તથા ૪/૩૬૭ પાસે બમ્પ બનાવવામાં નથી આવતો તે બાબત.

સંદર્ભ : અરજદારની તા.૨૨–૩–૦૭ની અપીલ અરજી નં.૪૮/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપની અરજી અંગે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં.૨૫૦, તા.૧૮–૧૧–'૦૬થી બમ્પ બનાવવા કચેરી ધ્વારા હાથ ધરેલ અને ધરાનાર કાર્યવાહીની વિગત જણાવતી માહિતી પુરી પાડવામાં આવેલ છે તે જોતા અપીલ માટેનું કોઈ કારણ જણાતું ન હોય અપીલ ગ્રાહય રાખી શકાય તેમ ન હોય દફતરે કરવામાં આવે છે જે જાણશો.

કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નકલ રવાના : આસી.કમિશ્નરશ્રી પ્રતિ, .... જાણ સારૂ.

3

અપીલ અરજી નં.૪૯/૦૭ તા.૨૩-૩-૦૭

અરજદાર :શ્રી પરસોત્તમ ચુનીલાલ ઠક્કર
સામાવાળા: આસી.કમિશ્નર

**હુકમ :**

શ્રી પુરૂસોત્તમ ચુનીલાલ ઠક્કરની RTI એક્ટ હેઠળની અપીલ અરજીની સુનાવણી એપેલેટ ઓથોરીટી તા.૧૬-૪-૦૭ થી તા.૨૨-૪-૦૭ સુધી અને ત્યારબાદ તા.૨૫-૪-૦૭ ના રોજ બહારગામ રહેલ હોવાથી તા.૨૬-૪-૦૭ ના રોજ રાખવામાં આવેલ જેમાં અરજદાર હાજર હતા. સેન્ટ્રલ ઝોનના ઝોનલચીફ શ્રી સી.વાય. ભટ્ટ સુનાવણી દરમ્યાન હાજર હતા.

સુનાવણી દરમ્યાન PIO સેન્ટ્રલ ઝોન અને અરજદારે હાજર રહી તેમની રજૂઆત કરી અરજદારે જણાવ્યુ કે, તેઓ કોર્ટની મેટરમાં તા.૫-૪-૭૬ ના રોજ કમિશ્નરશ્રી સાથે થયેલ પત્રવ્યવહારનો આધાર રાખવા માંગે છે. પરંતુ PIO એ આવો કોઈ પત્ર હોવાનું જણાતુ નથી તેવો જવાબ આપેલ છે. તેઓની મુળ અરજીમાં માંગવામાં આવેલ બાકી માહિતી તેઓને મળેલ હોવાનું અરજદારે જણાવેલ.

PIO એ જણાવ્યું કે તઓ અરજદારને સંબંધિત ફાઈલની ચકાસણી કરવા દેવા સંમત છે. અરજદારે તા.૩૦-૪-૦૭ ના રોજ તેમના પ્રતિનિધિ સાથે આવીને ફાઈલની રૂબરુ ચકાસણી કરવા સંમતી બતાવેલ છે.તેથી PIO ને તેઓની કચેરીમાં.અરજદારને સંબંધિત ફાઈલની રૂબરુ ચકાસણી કરવા દેવા અને જરૂર જણાયે અરજદાર ધ્વારા તે પૈકી માંગવામાં આવે તે નકલ.કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી પુરી પાડવા જરૂરી વ્યવસ્થા ગોઠવવાનો આથી આદેશ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

નં.આરટીઆઈ સેલ/૫૯
તા.૨૬-૪-૦૭

(સહી)
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
૧. આસી.કમિશ્નરશ્રી
૨. શ્રી પરસોત્તમભાઈ ચુનીલાલ ઠક્કર ઉ

૧

નં.આરટીઆઈ સેલ/૬૫૭
તારીખ: ૩૦-૩-૨૦૦૭.

પ્રતિ,
શ્રી કીશોર હિરાલાલ મિસ્ત્રી,

વિષય:રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ મુજબ શ્રી કીશોર હિરાલાલ મિસ્ત્રીની તા.૧૫-૨-'૦૭ની GPCB ને કરેલ અરજી આઈ.ડી. નં.૧૮.
સંદર્ભ :આપની તા.૨૨-૩-૦૭ની અપીલ અરજી નં.૫૦/૦૭.

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી કીશોર હિરાલાલ મિસ્ત્રીની તા.૧૫-૨-'૦૭ની GPCB ને કરેલ અરજી આઈ.ડી. નં.૧૮ અંગેની અરજીનો યોગ્ય પ્રતિભાવ મળ્યો ન હોવાથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૨૨-૦૩-'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે જણાવવાનું કે,જે સત્તાધિકારીને માહિતી માંગતી મૂળ અરજી કરવામાં આવી હોય તેનો યોગ્ય નિકાલ થયો ન હોય તો તે અંગેની અપીલ તે સત્તાધિકારીના ઉપરી અમલદારને કરવાની હોય છે. મજકૂર કિસ્સામાં આપે તા.૧૫-૨-'૦૭ના રોજ અરજી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને કરી હોય તે અંગેની અપીલ પણ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના એપેલેટ ઓથોરીટીને કરવાની રહે છે જેથી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર આપની અપીલ અરજી એપેલેટ અધિકારી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને તબદીલ કરવામાં આવે છે જેથી તેઓનો સંપર્ક કરવા વિનંતી.

(સહી)
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નકલ સ.ર. :- એપેલેટ ઓથોરીટી,
ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ,
સુરત.પ્રતિ.....અરજદારની અપીલ અરજી અંગે ઘટિત થવા માટે.

નકલ રવાના :-કાર્યપાલક ઈજનેર,
સેન્ટ્રલ ઝોન,સુરત મહાનગરપાલિકા,સુરત પ્રતિ,.....જાણ માટે.

અપીલ અરજી નં.૫૧/૦૭, તા.૧૯–૩–૦૭.

અરજદાર : બીરબલકુમાર સીંગડી
સામાવાળા : કાર્યપાલક ઈજનેર,કતારગામ ઝોન.

**હુકમ :–**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી બીરબલકુમાર સીંગડી ની તા.૩–૨–'૦૭ની વેડરોડ પ્રભુદર્શન ઈન્ડ.સોસાયટી કારખાના નં.૫૫,૫૬,૫,૩૭,૧૧૮ તેમજ ત્રિવેણી ઈન્ડ. સોસાયટી કારખાના નં.૨૧૫ અને ૨૧૬ ની સંસ્થા તેમજ સંચાલકના નામની વિગત મેળવવા બાબત.

**સંદર્ભ** :–અરજદારની તા.૧૯–૩–૦૭ની અપીલ અરજી નં.૫૧/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી બીરબલકુમાર સીંગડી ની તા.૩–૨–'૦૭ની વેડરોડ પ્રભુદર્શન ઈન્ડ.સોસાયટી કારખાના નં.૫૫,૫૬,૫,૩૭,૧૧૮ તેમજ ત્રિવેણી ઈન્ડ.સોસાયટી કારખાના નં.૨૧૫ અને ૨૧૬ ની સંસ્થા તેમજ સંચાલકના નામની વિગત મેળવવા બાબતની અરજીનો કાર્યપાલક ઈજનેર,નોર્થ ઝોન ધ્વારા પત્ર નં.એન.ઝેડ/આઉટ/૬૫૩૮,૬૫૩૯ તેમજ ૬૫૪૦ તા.૨૬–૨–૦૭ થી કાયદાની કલમ–૮ હેઠળ માહિતી આપી શકાય તેમ નથી તેમ જવાબ આપવામાં આવેલ. જેમાં કલમ–૮ની કઈ કક્ષા હેઠળ અને શા વ્યાજબીપણા અન્વયે માહિતી આપી શકાય તેમ નથી. તેનો ઉલ્લેખ કરવામાં આવેલ જણાતો નથી. તેમજ માહિતી નકારવાના કિસ્સામાં રાઈટ ટુ ઈન્ર્ફમેશન નિયમો હેઠળ અપીલની જોવાઈઓ નિયત નમૂનામાં પણ દર્શાવેલ નથી. જેનાથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૧૯–૦૩–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજી અંગે તાકીદે માહિતી પૂરી પાડી તે અંગેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૫, તા.૨૮–૩–'૦૭થી કાર્યપાલક ઈજનેર,કતારગામ ઝોનને જણાવવામાં આવેલ. પરંતુ ઝોન ધ્વારા કોઈ માહિતી મોકલવામાં આવેલ નથી.

ઉપરોકત હકીકત તેમજ અરજદારની મૂળ અરજી અને અપીલ અરજીની વિગતો ધ્યાને લેતાં કમિશ્નરશ્રીના તા.૧૨–૪–'૦૭ના આદેશાનુસાર નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"કાર્યપાલક ઈજનેર, કતારગામ ઝોન ધ્વારા માહિતીના ઈનકાર માટેનું વ્યાજબીપણું તેમજ ઈનકારના કીસ્સામાં એપેલેટ પ્રોવીઝન દર્શાવવાનું ફરજીયાત હોવા છતાં તેમ કરવામાં આવેલ નથી. જેથી અરજદારની નમૂના–ક હેઠળની ત્રણ અરજીમાં માગ્યા મુજબની તમામ માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર ઉપલબ્ધ રેકર્ડ પરથી દિન–૦૭માં પૂરી પાડી તેની નકલ અત્રે મોકલવા કાર્યપાલક ઈજનેર, કતારગામ ઝોનને જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/૩૬
તારીખ : ૧૮–૪–૦૭.

ડેપ્યુટી કમિશ્નર(પ.અને ઈ.),
અને નોડલ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફરમેશન સેલ
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર,કતારગામ ઝોન .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી બીરબલકુમાર ધરીક્ષણસિંહ

અપીલ અરજી નં.પર/૦૭, તા.૧૯–૩–૦૭.

અરજદાર :ડો.યોગેશકુમાર મોહનલાલ મૈત્રક
સામાવાળા : ડે.કમિશ્નર(હે અને હો)

**હુકમ :–**

ડો.યોગેશકુમાર મોહનલાલ મૈત્રકની તા.૩–૨–૦૭ની સુરત મહાનગરપાલિકા ધ્વારા સફાઈ કામદારો માટે કરવામાં આવેલ **૫૧ આવાસોના બાંધકામ વિગેરે અંગે મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી આપવા બાબતની અજીનો કોઈ પત્યુત્તર આપેલ ન હોવાથી તેમના ધ્વારા તા.૧૯**–૩–૦૭ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર તાકીદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપુર્ણ વિગતો વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૯ તા.૨૯–૩–૦૭થી ડે.કમિ.(હે અને હો) ને જણાવવામાં આવેલ. જે અંગે તેઓના પત્ર નં.સીઈ/એસયુસી/આઉટ/૭૨ તા.૧૨–૪–૦૭ થી વિગતો અરજદારને તેમની અરજીના ૧૪ મુદ્દા પૈકી મુદ્દા નં.૯ની નકલ તથા નં.૧૨ ની આંશિક વિગત સિવાય તમામ તેમજ મુદ્દા નં.૩,૧૦,૧૨ માં તપાસણી વિના વિગતો પૂરી પાડી અત્રે નકલ મોકલવામાં આવેલ. જે અંગે કમિશ્નરશ્રીના તા.૧૪–૪–૦૭ના આદેશાનુસાર અરજદાર મજકુરને હુકમ નં. આરટીઆઈ સેલ/૨૮ તા.૧૭–૪–૦૭ ની વિગતે બાકી માહિતી ઈન્સ્પેકશન આપવાની વ્યવસ્થા સહ પૂરી પાડવા ડે.કમિશ્નર (હે અનેહો )ને જણાવવામાં આવેલ. જેના સંદર્ભમાં તેઓના પત્ર નં.સીઈ/એસયુસી/આઉટ/૧૨૯ તા.૨૧–૪–૦૭ થી જવાબ પાઠવવામાં આવેલ તેમજ મુળ ફાઈલોની ચકાસણી માટે પણ પત્ર પાઠવી અરજદારને જણાવવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદાર ધ્વારા ફરીથી તા.૨૦–૪–૦૭ ના રોજ સામેલ અપીલ અરજીમાં જણાવ્યા મુજબ તેઓને મોકલેલ માહિતી એપેલેટ અધિકારીશ્રીની સમક્ષ સુનાવણી થયા સિવાય મોકલેલ હોય તેઓને સ્વીકાર્ય નથી એમ જણાવી તેઓની અપીલની સુનાવણી કરવામાં આવે અને ત્યારબાદ તેઓને ચકાસણી સહિત માંગેલ તમામ માહિતી મળી શકે તેમ કરવા જણાવેલ. જે સંદર્ભે અરજદાર મજકુરને તા.૮–૫–'૦૭ના રોજ રૂબરૂ સુનાવણી આપવામાં આવેલ. જેમાં અરજદાર ઉપસ્થિત રહયા ન હતા જયારે લાગત જાહેર માહિતી અધિકારી તરફે ડે.ટાઉન પ્લાનર(સ્લમ અપગ્રેડેશન સેલ) ઉપસ્થિત રહયા હતા.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતર પરના દસ્તાવેજો ધ્યાને લઈ અરજદાર મજકુરને માંગ્યા મુજબની માહિતી જાહુર માહિતી અધિકારી ધ્વારા ઉપર નિર્દિષ્ટ પત્રોથી પૂરી પાડવામાં આવી હોઈ તેમજ મૂળ ફાઈલોની ચકાસણી માટે પણ જણાવવામાં આવેલ હોઈ તેમજ અરજદારને તા.૮–૫–૦૭ ની રૂબરુ સુનાવણીનો પત્ર અત્રેથી તા.૩–૫–૦૭ ના રોજ પોષ્ટ મારફતે રવાના કરેલ ઉપરાંત તા.૭–૫–૦૭ ના રોજ ટેલીફોનથીપણ અરજદારને સૂચિત કરવાના પર્યાપ્ત પ્રયત્નો કરેલ પરંતુ અરજદાર ધ્વારા ફોન નહીં સ્વીકારતા સંપર્ક થઈ શકેલ નહીં આમ અરજદારને સુનાવણી માટે પણ યોગ્ય અને વ્યાજબી તક આપેલ હોય હવે અરજદારની તા.૨૦–૪–'૦૭ની અપીલ અરજી અંગે કશુ કરવાનુ રહેતુ ન હોઈ સદર અપીલ અરજી દફતરે કરવાનો આદેશ કરવામાં આવે છે.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૦૧
તારીખ :૧૦–૫–૦૭.

(૧) ડે.કમિશ્નર(હે અને હો) .......જાણ તથા અમલ માટે.
(૨) ડો.યોગેશકુમાર મોહનલાલ મૈત્રક

અપીલ અરજી નં.૫૩/૦૭, તા.૨૬–૩–૦૭.

અરજદાર : તુષાર માવજીભાઈ સોલંકી.
સામાવાળા : ડે.કમિશ્નર ( સ્પે.)

**હુકમ :–**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ તુષાર માવજીભાઈ સોલંકીની તા.૧૫–૨–'૦૭ની સિકયુરીટી ગાર્ડ–ગનમેનના પગાર, સિકયુરીટી કંપનીનું નામ, માલિકોના નામ–સરનામાં તેમજ સિકયુરીટીના સ્થળ અને ડયુટી સમય વિગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :–અરજદારની તા.૨૬–૩–૦૭ની અપીલ અરજી નં.૫૩/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે શ્રી તુષાર માવજીભાઈ સોલંકી ધ્વારા તા.૧૫–૨–૦૭ ની આર.ટી. આઈ હેઠળની જાહેર માહીતી અધિકારી(વરાછા ઝોન) સુરત મહાનગરપાલિકા ને સંબોધીને કરેલ અરજીથી વિષયમાં જણાવેલ બાબતે માહીતી માંગેલ.

જાહેર માહીતી અધિકારી વરાછા ઝોન ધ્વારા તેમના પત્ર નં. આરટીઆઈ સેલ–૧૭૭ તા. ૧૭–૨–૦૭ થી સદર અરજી ચીફ સીકયુરીટી ઓફિસર સુરત મહાનગરપાલિકાને તબદીલ કરેલ દરમ્યાન અરજદારને માહીતી નહીં મળતા સંદર્ભમાં જણાવેલ અપીલ અરજીથી અત્રે અપીલ કરેલ.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને અત્રેની કચેરીના પત્ર નં. આરટીઆઈ સેલ /૫ તા.૪–૪–૦૭થી ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારીને અરજદારે માંગેલ વિગતો કાયદા અને નિયમોનુસાર પૂરી પાડી તેની જાણ અત્રે કરવામાં આવેલ.

ચીફ ફાયર ઓફિસર અને ઈ.ચા.ચીફ સીકયુરીટી ઓફિસર ધ્વારા તેમના પત્ર નં. વોચ એન્ડ વોર્ડ/૬૯ તા.૧૬–૪–૦૭ થી અરજદારને માંગેલ માહીતી પેટે રૂા.૬/– ની ફી ભરપાઈ કરી જવા જણાવવામાં આવેલ અને આ સમયગાળા દરમ્યાન મદદનીશ જાહેર માહીતી અધિકારી વરાછાઝોન તરફથી અત્રે મોકલવામાં આવેલ નમુનો –જ ના અપીલ ફોર્મની ઝેરોક્ષ નકલ પર અરજદાર ધ્વારા આ અપીલ અરજી પરત ખેંચુ છું એવા લખાણ નીચે સહી તા.૧૩–૪–૦૭ ધરાવતી નકલ અત્રે મોકલી આપવામાં આવેલ છે.

સમગ્ર હકીકત ધ્યાને લઈ અપીલ અરજી બાબતે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આરટીઆઈ એકટની કલમ–૭ (૧) હેઠળ જાહેર માહીતી અધિકારીએ અરજદારને દિન–૩૦ માં માહીતી પૂરી પાડવાનો આદેશાત્મક છે. જેમાં ફી ભરવા લખેલ પત્ર અને અરજદાર ધ્વારા ફી ભરપાઈ કરેલ તારીખો નો સમયગાળા બાદ મળવાપાત્ર થાય છે. પ્રસ્તુત કીસ્સામાં આ વૈધાનીક જોગવાઈનો અમલ કરવામાં ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહીતી અધિકારી સફળ રહેલ નથી. તેથી આરટીઆઈ ની કલમ–૭ (૬) હેઠળ અરજદારને માંગેલ માહીતી વિનામુલ્યે પૂરી પાડવાની રહે છે. જેથી આ બાબતે અરજદારની અરજી પરત ખેંચવા બાબતે યથાર્થતાની ચકાસણી કરી જો અરજદાર માહીતી મેળવવા ઈચ્છુક હોય તો કલમ–૭ (૬) હેઠળ અમલ કરવા આથી આદેશ કરવામાં આવે છે.

આ અંગે થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવાનું જણાવવામાં આવે છે.

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૬
તારીખ : ૨૪–૪–૦૭.

પ્રતિ,
(૧) ડે. કમિશ્નર (સ્પે.) .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી તુષાર માવજીભાઈ સોલંકી

અપીલ અરજી નં.૫૪/૦૭ તા.૨-૪-૦૭

અરજદાર :શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ
સામાવાળા : શાસનાધિકારી

હુકમ :

શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની RTI હેઠળની અપીલની સુનાવણી આજ તા.૨૬-૪-૦૭ ના રોજ રાખવામાં આવેલ જેમાં શાસનાધિકારી ઉપસ્થિત રહયા હતા. જયારે અરજદારે તા.૨૬-૪-૦૭ના રોજ અપીલ સત્તાધિકારીને પત્ર લખી માંગ્યા મુજબની માહિતી તા.૧૦-૪-૦૭ ના રોજ મળી ગયેલ હોય અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતું નથી. તેઓ ડોકટર પાસે જનાર હોય સુનાવણી સમયે તેઓ રૂબરુ ઉપસ્થિત રહી શકે તેમ નથી તેવુ જણાવી અપીલ અરજી દફતરે કરવા જણાવેલ છે. શાસનાધિકારીએ તેમના પત્ર નં.૫૧૫ તા.૨૬-૪-૦૭ થી અરજદારે અપીલ અરજી દફતરે કરવા બાબતની અરજી અત્રે રવાના કરેલ છે. જે ધ્યાને લઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈ સેલ/૬૭
તા.૨૬-૪-૦૭

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
૧ શાસનાધિકારી ન.પ્રા.શિ.સમિતિ
૨. શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ

**અપીલ અરજી નં. ૫૫/૦૭, તા. ૪–૪–૨૦૦૭**

અરજદાર :– શ્રી દેવદત્ત એફ.એલ. ક્રિશ્ચયન
સામાવાળા :– ડે. કમિશ્નર (પ અને ઈ)

**હુકમ :–**

આજ તા. ૨–૫–૨૦૦૭નારોજ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અન્વયે શ્રી દેવદત્ત એફ. એલ. ક્રિશ્ચયન, સુરત મહાનગરપાલિકા કર્મચારી મંડળ, સુરત ની તા. ૪–૪–૨૦૦૭ની અપીલની સુનાવણી રાખવામાં આવેલ, જેમાં અરજદાર પોતે અને જાહેર માહિતી અધિકારી અને ડે. કમિશ્નર (પ અને ઈ) સુરત મહાનગરપાલિકા હાજર હતા. બંને પક્ષોની રજૂઆત અને લેખિતમાં માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ તા. ૧૯–૩–૨૦૦૭નો જવાબ જોતાં માંગવામાં આવેલ માહિતી પૈકી સબંધિત વ્યકિતની ધર્મ, મિલ્કત અને ખાતાકીય તપાસ અંગેની માહિતી આપવામાં આવેલ નથી તે સિવાયની માહિતી સમયસર અને ૩૦ દિવસની મુદ્દત અંદર મોકલી આપવામાં આવેલ હતી. જે તે વ્યકિત અંગે વ્યકિતગત માહિતી મેળવવાનું જાહેરહિત માટેના તે અંગેના જરૂરી કોઈપણ પુરાવા રજૂ કરવામાં આવેલ ન હોય અને ચર્ચા દરમ્યાન તે ફલીત થતુ ન હોય, માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮ (૧) (ડ) હેઠળ આ માહિતી આપવા પાત્ર નથી જે બરાબર જણાય છે. આ ઉપરાંત તમામ માહિતી જે તે કર્મચારીને લગતી સેવા બાબત હોય, તેથી આ અંગે અલગથી મહેકમ વિભાગે વિચારણા કરી શકે તેમ છે. અને તેમાં જાહેર હિતમાં વ્યકિતગત માહિતી આપવાની જરૂરી જણાતી નથી, તેવા આદેશ સાથે આ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આ હુકમથી અરજદાર નારાજ હોય તો, આર.ટી. આઈ.ની કલમ ૧૯ હેઠળ હુકમની તારીખથી દિન–૯૦માં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, રાજય માહિતી આયોગ, ગાંધીનગરને અપીલ કરી શકે છે.

**કમિશ્નર**
અને
એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં. સી. એન./ ૪૩
તા. ૦૨–૦૫–૨૦૦૭

પ્રતિ,
શ્રી જાહેર માહિતી અધિકારી અને ડે. કમિશ્નર (પ અને ઈ)

નકલ રવાના :– શ્રી દેવદત્ત એફ. એલ. ક્રિશ્ચયન,

અપીલ અરજી નં.૫૬/૦૭, તા.૫–૪–૦૭.

અરજદાર : રમેશ કે.જાંગીડ
સામાવાળા : ઝોનલ ચીફ રાંદેર ઝોન.

**હુકમ :–**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી રમેશ કે.જાંગીડની તા.૧૩–૨–'૦૭ની અરજીના મુદ્દા નં.૧ થી ૪ની જાન્યુ.–૨૦૦૧ બાદ પશ્ચિમ ઝોનના કાર્યક્ષેત્રમાં મુકાયેલ/મંજુર થયેલ હાઈરાઈઝ બિલ્ડીંગોના પ્લાન તેમજ સ્કુલ–કોલેજો સહિતના કિસ્સામાં થયેલ પ્લાન વિરૂધ્ધના બાંધકામો અને તે અંગે થયેલ કાર્યવાહીની વિગતો અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદારની તા.૫–૪–૦૭ની અપીલ અરજી નં.૫૬/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી રમેશ કે.જાંગીડની તા.૧૩–૨–'૦૭ની અરજીના મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબતની અરજીના મુદ્દા નં.૧ થી ૩ નો મદદનીશ માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી ધ્વારા પશ્ચિમ ઝોન ના પત્ર નં.૧૫૭૭ તા.૮–૦૩–૦૭ થી તેમને તબદીલ થયેલ અરજીના અનુસંધાને તેમના પત્ર નં.ટીડીઓ/૪૬૯૭ તા.૨૨–૦૩–૦૭ થી મુદદા નં.૧ થી ૩ ની માહીતી પાઠવેલ છે. જયારે મુદ્દા નં.૪ અંગે મદદનીશ માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર પશ્ચિમઝોન ધ્વારા તેમના પત્ર નં.૧૬૦૪ તા.૧૩–૦૩–૦૭ થી માહિતી પૂરી પાડવાને બદલે ચોકકસ શાળા કોલેજ વાળી મિલ્કત બાબતે અરજદાર પાસે સ્પષ્ટતા માંગવામાં આવેલ. જેનાથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૫–૦૪–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭, તા.૧૦–૪–'૦૭થી ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવેલ. પરંતુ ઝોન ધ્વારા કોઈ માહિતી મોકલવામાં આવેલ નથી.

ઉપરોકત હકીકત તેમજ અરજદારની મૂળ અરજી અને અપીલ અરજીની વિગતો તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ તેઓની મૂળ અરજીથી માંગેલ પશ્ચિમ ઝોનના કાર્યક્ષેત્રમાં આવેલ સ્કુલો તેમજ કોલેજોમાં પ્લાન વિરૂધ્ધ તેમજ નિયમ વિરૂધ્ધ બાંધકામો થયા હોય તેવી મિલ્કતો કેટલી? આ મિલ્કતો વિરૂધ્ધ કોર્પોરેશને અત્યાર સુધીમાં શી કામગીરી કરી? તે બાબતની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર દિન–૦૭માં અરજદારને પૂરી પાડી તેની નકલ અત્રે મોકલવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૭
તારીખ : ૨૪–૪–૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ રાંદેર ઝોન .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશ કે. જાંગીડ

અપીલ નં.૫૭/૦૭, તા.૭–૪–'૦૭.

અરજદાર :– શ્રી પરસોત્તમ એમ.મોરીયા
સામાવાળા :– ડે.કમિશ્નર(હે અને હો)

હુકમ :–

**વિષયઃ**–રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી પરસોત્તમ એમ. મોરીયાની તા.૩–૨–'૦૭ની મંગલપાર્ક વિસ્તારના સર્વે નં.૨૦/૪, બ્લોક નં.એ,પ્લોટ નં.૩,૪ માં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબત.

**સંદર્ભ** –ઃઅરજદારની તા.૭–૪–૦૭ની અપીલ અરજી નં.૫૭/૦૭.

શ્રી પરસોત્તમ એમ. મોરીયાની તા.૩–૨–'૦૭ની મંગલપાર્ક વિસ્તારના સર્વે નં.૨૦/૪, બ્લોક નં.એ,પ્લોટ નં.૩,૪ માં થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતેની અરજીનો કાર્યપાલક ઈજેનર(લિંબાયત) તરફથી આપેલ જવાબ અધૂરો અને અસ્પષ્ટ હોવાથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૭–૪–'૦૭ના રોજ મ્યુ.કમિશનરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજી અંગે તાકીદે માહિતી પૂરી પાડી તે અંગેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦, તા.૧૦–૪–'૦૭થી ડે.કમિશ્નર(હે અને હો)ને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓના પત્ર નં.સા.ઈ.ઝોન/ઈએસટી/આઉટ/૧૩૮, તા.૧૬–૪–'૦૭થી માહિતી મોકલવામાં આવેલ. સદર બાબતે તા.૫–૫–'૦૭ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. દરમ્યાનમાં અરજદાર મજકુરે એમના તા.૪–૫–'૦૭ના ફેકસથી અપીલ અધિકારી અને મ્યુ.કમિશ્નરને તેઓની તા.૭–૪–'૦૭ની ઉકત બાબતે કરવામાં આવેલ અપીલના અનુસંધાનમાં તેઓને સાઉથ–ઈસ્ટ ઝોનના અધિકારી તરફથી ફરીયાદનો નિકાલ કર્યો હોય તેમજ કોર્પોરેશનના અધિકારીઓએ તેમની ફરજનું પાલન કર્યુ હોય અપીલ અરજી દફતરે કરવા વિનંતી કરેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ અરજદારની અરજી દફતરે કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૯૦
તારીખ : ૦૭–૫–૦૭.

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(હે.અને હો.) .......જાણ માટે.
(૨) શ્રી પરસોત્તમ એમ.મોરીયા

અપીલ અરજી નં.૫૮/૦૭, તા.૧૦–૪–૦૭.

અરજદાર : શ્રી પ્રશાંત ભગવાનદાસ શ્રોફ
સામાવાળા : ઝોનલ ચીફ રાંદેર ઝોન.

**હુકમ :–**

**વિષય:**– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી પ્રશાંત ભગવાનદાસ શ્રોફની તા.૨૮–૨–'૦૭ની જહાંગીરાબાદ ગંગાનગર સોસાયટી જુના રેવન્યુ સર્વે નં.૧૭૯/૨–૩ ના પ્લોટ નં.૧૪૨/૧૪૩ અંગેની આકારણી દફતરે વેરા ભરવા પાત્ર કરદાતાના નામ–સરનામા, જુના નામો કમી કરી નવા નામો દાખલ કરવા અંગેના પુરાવા વિગેરે બાબત.

**સંદર્ભ** :– અરજદારની તા.૧૦–૪–૦૭ની અપીલ અરજી નં.૫૮/૦૭.

શ્રી પ્રશાંત ભગવાનદાસ શ્રોફની તા.૨૮–૨–'૦૭ની જહાંગીરાબાદ ગંગાનગર સોસાયટી જુના રેવન્યુ સર્વે નં.૧૭૯/૨–૩ ના પ્લોટ નં.૧૪૨/૧૪૩ અંગેની આકારણી દફતરે વેરા ભરવા પાત્ર કરદાતાના નામ–સરનામા, જુના નામો કમી કરી નવા નામો દાખલ કરવા અંગેના પુરાવા વિગેરે બાબતની અરજીનો ઝોનલ ચીફ રાંદેર ઝોન તરફથી કોઈપણ પ્રતિભાવ મળેલ ન હોવાથી તેમના ધ્વારા એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદ ાઅને નિયમાનુસાર તાકીદે પૂરીપાડી તે અંગેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપુર્ણ વિગતો વિલંબના કિસ્સા માં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પ ત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૨ તા.૧૩–૪–૦૭ થી ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવેલ જે સંદર્ભે કાર્યપાલક ઈજનેર રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન /એઆઈડી/આ.વ.નં.૪ તા.૧૭–૪–૦૭ થી માહિતી મોકલવામાં આવેલ.જે અનુસાર મદદનીશ માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર રાંદેર ઝોન ધ્વારા અરજદારને બી.પી.એમ.સી. એકટ પ્રકરણ–૮ (નિયમ–૧) નું વિવરણ, ૨૦૦૧–૦૨ માં વેરા ભરવાપાત્ર વ્યકિતઓના નામની વિગત, કર ભરવાની જવાબદારીને લગતા વખતોવખતના પુરાવા તેમજ નામ કમિની પ્રોસિજરની વિગતો પૂરી પાડેલ નથી. જયારે પ્લાનની નકલ માટે રૂા.૯૧૫/–ની ફી ભરી મેળવી લેવા જણાવેલ છે.

સદર અપીલના સંદર્ભે આજ તા.૮–૫–૦૭ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર પોતે તેમજ લાગત જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ રાંદેર ઝોન હાજર રહયા હતા. અરજદારે સુનાવણી દરમ્યાન બી.પી.એમ.સી.એકટ ના પ્રકરણ–૮ નિયમ–૧નુ વિવરણ,નામ કમીની પ્રોસિજર,વેરો ભરવાપાત્ર વ્યકિતઓના નામની વિગત તેમજ કર ભરવાની જવાબદારીને લગતા પુરાવાની વિગતો પૂરી નહીં પાડયાનું જણાવેલ. બન્ને પક્ષકારોની રજુઆતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર ધ્વારા માંગવામાં આવેલ બી.પી.એમ.સી એકટ ના પ્રકરણ –૮ (નિયમ–૧) નું વિવરણ તેમજ કર ભરવાપાત્ર વ્યકિતનું નામ કમી કરવા અંગે રજુ કરવામાં આવતા પુરાવાના દસ્તાવેજો તેમજ તે અંગેની કરવામાં આવતી પ્રોસીજર ની માહિતી તેમજ નિયત ફી ભર્યેથી પ્લાનની નકલ દિન–૩માં પૂરી પાડવા ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં બન્ને પક્ષકારો સદર ફાઈલના ઈન્સ્પેકશન કરવા/કરાવવા અંગે સંમત પયેલ હોય માહિતી અધિકાર અધિનિયમ ની જોગવાઈ અનુસાર ઝોનલ ચીફ રાંદેર ઝોનની સમક્ષ તેઓશ્રીની કચેરીમાં તા.૧૯–૫–૦૭ ના રોજ ૧૧–૩૦ કલાકે ઈન્સ્પેકશન અંગેનો પ્રબંધ કરવા તેમજ અરજદારને જરૂરી નકલો કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી પૂરી પાડવા ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૧૦૦
તારીખ : ૧૦–૫–૦૭.

(૧) ઝોનલ ચીફ રાંદેર ઝોન .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પ્રશાંત ભગવાનદાસ શ્રોફ

અપીલ અરજી નં.૫૯/૦૭, તા.૭–૪–૦૭.

અરજદાર :શ્રી કમલેશ રજનીકાંત દલાલ
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ.

**હુકમ :–**

**વિષય** :–રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી કશલેશ રજનીકાંત દલાલની તા.૧૨–૨–'૦૭ની શહેર વિકાસ અધિકારીશ્રી કેતનભાઈ એસ.પટેલની સુરત મહાનગરપાલિકામાં જે તારીખથી ફરજ ઉપર નિમણુંક કરવામાં આવી તે માસથી આજદીન સુધીના તમામ વર્ષોના માસ દીઠ ગ્રોસ અને કપાત થયા બાદ નેટ પગારની પ્રમાણિત નકલો,તેઓના પ્રતિ વર્ષના સી.આર. રીપોર્ટ, મુવેબલ–ઈનમુવેબલ એસેટસની વિગતોની નકલો અને ઈન્કમટેક્ષ રીટર્નની નકલો તેમજ મહાનગરપાલિકા તરફથી અપાતી સવલતો અને તે સવલતો પાછળ મહાનગરપાલિકાએ તેમજ તેઓએ કરેલ ખર્ચની વિગત આપવા બાબત.

**સંદર્ભ** :–અરજદારની તા.૭–૪–૦૭ની અપીલ અરજી નં.૫૯/૦૭.

અરજદાર શ્રી કશલેશ રજનીકાંત દલાલની તા.૧૨–૨–'૦૭ની અરજીથી શહેર વિકાસ અધિકારી શ્રી કેતનભાઈ એસ.પટેલની સુરત મહાનગરપાલિકામાં જે તારીખથી ફરજ ઉપર નિમણુંક કરવામાં આવી તે માસથી આજદીન સુધીના તમામ વર્ષોના માસ દીઠ ગ્રોસ અને કપાત થયા બાદ નેટ પગારની પ્રમાણિત નકલો, તેઓના પ્રતિ વર્ષના સી.આર. રીપોર્ટ,મુવેબલ–ઈનમુવેબલ એસેટસની વિગતોની નકલો અને ઈન્કમટેક્ષ રીટર્ન ની નકલો તેમજ મહાનગરપાલિકા તરફથી અપાતી સવલતો અને તે સવલતો પાછળ મહાનગરપાલિકાએ તેમજ તેઓએ કરેલ ખર્ચની વિગત આપવા બાબતની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ–૮(૧)(ચ) મુજબ ઉપરોકત માહિતી પ્રગટ થવાથી વિશાળ જાહેર હિતનું સમર્થન થતું જણાતું નથી. સદર માહિતી પોતાના વિશ્વાસ આધારિત સંબંધેની માહિતી છે તેમજ સદરહું અધિનિયમની કલમ–૮(૧)(ઠ) મુજબ વ્યકિતના અંગત જીવનને લગતી માહિતી વિશાળ જાહેર હિતમાં પ્રગટ કરવી વ્યાજબી નથી અને ઉકત મુજબની માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈપણ પ્રકારનો સંબંધ ધરાવતી નથી અને કોઈ વ્યકિતના અંગત જીવનમાં બિનજરૂરી તરાપ આવે તેવી અંગત જાણ કરીને લગતી માહિતી છે. જેથી ઉકત માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી એમ જણાવેલ. જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૩–૩–'૦૭ના રોજ મા.મુખ્યમંત્રીને સંબોધીને તેમણે માંગેલ માહિતી અપાવવા કમિશ્નરશ્રીને આદેશ આપવા જણાવતી અપીલ કરેલ. જે શહેર વિકાસ વિકાસ ગાંધીનગરના પત્ર નં.સમન/૨૦૦૭/૧૬૩૫(૧૫)/પી, તા.૪–૪–'૦૭થી અત્રે તબદીલ કરવામાં આવેલ. અરજદારે માહિતી નહીં મળતા કરેલ અપીલ અરજી સમયમર્યાદામાં હોય પરંતુ શહેરી વિકાસ કચેરી,ગાંધીનગર માફરતે અત્રે મળેલ હોય અપીલ દાખલ થવામાં વિલંબ થયેલ છે.

અપીલના અનુસંધાને અત્રેની કચેરીના પત્ર નં.આરટીઆઈ સેલ/૩ર, તા.૧૭–૪–'૦૭થી અપીલના સંદર્ભે અરજદારને આપવાજોગ માહિતી પૂરી પાડી તેની અત્રે જાણ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટીડીઓ/૪૮૨, તા.૩–૫–'૦૭થી તા.૨૨–૨–'૦૭ની કમિશનરની મંજુરીથી અરજદારને તા.૨૮–૨–'૦૭ ના રોજ પાઠવવામાં આવેલ માહિતીના ઈન્કારનો જવાબ યથાવત રાખતો પત્ર પાઠવવામાં આવેલ.

અપીલની હકીકત ધ્યાને લઈ તા.૫–૫–'૦૭ના રોજ સુનાવણી મુકરર કરવામાં આવેલ જેમાં હાથ ધરવામાં આવેલ સુનાવણી દરમ્યાન અરજદાર શ્રી કમલેશ રજનીકાંત દલાલ હાજર રહેલ નથી જયારે પી.આઈ.ઓ. તરફે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી હાજર રહેલ.

## હુકમ

અરજી અને અપીલમાં રજુ થયેલ દસ્તાવેજોને ધ્યાને લેતાં નીચે મુજબની વિગતે હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અરજીના અનુસંધાને શહેર વિકાસ અધિકારી શ્રી કેતનભાઈ પટેલની સુરત મહાનગરપાલિકામાંથી ચૂકવાયેલ પગારની વિગતો, નકલો સહિત ઉપલબ્ધ દફતર પરથી માહિતી અધિકાર અધિનિયમ ની કલમ ૭(૬) તેમજ માહિતી અધિકાર નિયમોના નિયમ–૫ ની જોગવાઈને અનુસરી પૂરી પાડવા આથી આદેશ કરવામાં આવે છે.

જયારે બાકીની માહિતીની માંગણીમાં વ્યાપક જાહેર હિતનું સમર્થન જણાનું ન હોઈ તે નહીં આપવાનો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યથાવત રાખવામાં આવે છે.

ઉપરોકત નિર્ણયથી આપ અસંતુષ્ટ હો તો મુખ્ય માહિતી કમિશનરશ્રી રાજય માહિતી આયોગ, આંકડા અને અર્થશાસ્ત્ર બ્યુરો કચેરી,સેકટર નં.૧૮,ગાંધીનગરને દિન–૯૦ માં સેકન્ડ અપીલ કરવા હકકદાર છો.

સહી/–
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૧૬
તારીખ : ૧૫–૫–૦૭.

(૧) ડાયેરકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કમલેશ રજનીકાંત દલાલ

અપીલ અરજી નં.૬૦/૦૭, તા.૧૨–૪–૦૭.

અરજદાર :શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા : ઝોનલ ચીફ રાંદેરઝોન.

**હુકમ :–**

**વિષય** :–રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી રમેશ કે.જાંગીડ ધ્વારા તેઓની તા.૨૩–૧૧–'૦૬ની અરજીથી નવી શરતની જમીન ઉપર પ્લાન પાસ થાય ખરો? અને કદાચ પ્લાન પાસ કરવામાં પણ આવે તો તે પ્લાન પાસ કરાવવા કયા ડોકયુમેન્ટસ રજુ કરવા પડે? સર્વે નં.૫૩/૧,૫૯/૧,૬૦/૧ અને ૬૧ બ્લોક નં.૭૩ વાળી જમીન ઉપર બાંધવામાં આવ્યો છે તે શું કાયદેસર છે ખરી? આ જમીન ઉપર જે પ્લાન પાસ કરાવવામાં આવ્યો છે તે શું કાયદેસર છે? અને જો બાંધકામ મંજુર પ્લાન મુજબનું ના હોય તો તેની પર આજદિન સુધી કાયદેસરના પગલાં ના ભરવાનું કારણ શું વિવેકાનંદ કોલેજ નામની આ સંસ્થા પાસેથી અત્યાર સુધીમાં મિલ્કતવેરો વસુલ ના કરવાનું કારણ? ઉપરોકત જમીનનો પ્લાન કોર્પોરેશનના કયા અધિકારીએ પાસ કર્યો છે અને તે માટે ડોકયુમેન્ટસ મેળવવામાં આવ્યા છે તેની પ્રમાણિત નકલ આપવા તેમજ ઉપરોકત જમીન ઉપર બંધાયેલા બાંધકામની રજાચિઠ્ઠીની પ્રમાણિત નકલ આપવા બાબત.

**સંદર્ભ** :–અરજદારની તા.૧૨–૪–૦૭ની અપીલ અરજી નં.૬૦/૦૭.

અરજદાર શ્રી રમેશ કે.જાંગીડ ધ્વારા તેઓની તા.૨૩–૧૧–'૦૬ની અરજીથી નવી શરતની જમીન ઉપર પ્લાન પાસ થાય ખરો? અને કદાચ પ્લાન પાસ કરવામાં પણ આવે તો તે પ્લાન પાસ કરાવવા કયા ડોકયુમેન્ટસ રજુ કરવા પડે? સર્વે નં.૫૩/૧,૫૯/૧,૬૦/૧ અને ૬૧, બ્લોક નં.૭૩ વાળી જમીન ઉપર બાંધવામાં આવ્યો છે તે શું કાયદેસર છે ખરું? આ જમીન ઉપર જે પ્લાન પાસ કરાવવામાં આવ્યો છે તે શું કાયદેસર છે? અને જો બાંધકામ મંજુર પ્લાન મુજબનું ના હોય તો તેની પર આજદિન સુધી કાયદેસરના પગલાં ના ભરવાનું કારણ શું? વિવેકાનંદ કોલેજ નામની આ સંસ્થા પાસેથી અત્યાર સુધીમાં મિલ્કતવેરો વસુલ ના કરવાનું કારણ? ઉપરોકત જમીનનો પ્લાન કોર્પોરેશનના કયા અધિકારીએ પાસ કર્યો છે અને તે માટે ડોકયુમેન્ટસ મેળવવામાં આવ્યા છે તેની પ્રમાણિત નકલ આપવા તેમજ ઉપરોકત જમીન ઉપર બંધાયેલા બાંધકામની રજાચિઠ્ઠીની પ્રમાણિત નકલ આપવા જણાવેલ. જે પૈકી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી ધ્વારા પ્રશ્ન હેઠળની જમીનના બાંધકામની કાયદેસરતા તેમજ જો ગેરકાયદેસર બાંધકામ હોય તો તે અંગે કાયદેસરના પગલાં ન ભરવાનું કારણ અને વિવેકાનંદ કોલેજ સંસ્થા પાસેથી મિલ્કતવેરા ના વસુલ કરવાના કારણ પૂરતી અરજી પત્ર નં.ટીડીઓ/૨૭૬૨, તા.૬–૧૨–'૦૬થી કાર્યપાલક ઈજનેર (વેસ્ટ ઝોન)ને તબદીલ કરેલ હોવાનો અને બાકીની માહિતી અંગે અરજદારને માંગેલ વિગતો પૂરી પાડતો જવાબ કરવામાં આવેલ અને તેની સાથે કાર્યપાલક ઈજનેર(વેસ્ટ ઝોન)ને અરજીની નકલ પણ તબદીલ કરેલ. જે બાબતે કાર્ય પાલક ઈજનેર ધ્વારા તેમના પત્ર નં.૧૧૫૨ તા.૨૬–૧૨–'૦૬થી જમીન ઉપર બાંધવામાં આવેલ બાંધકામની કાયદેસરતા બાબતે ચકાસણી કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવો તેમજ સદરહું મિલ્કતમાં મિલ્કતવેરાની વસુલાત કરવામાં આવતી હોવાનો જવાબ કરવામાં આવેલ. તેમજ તેમના પત્ર નં.૫૯, તા.૧૨–૪–'૦૭થી બાંધકામની કાયદેસરતા ચકાસવા અને પગલાં લેવા બાબતે કચેરીના રેકર્ડ પર માંગ્યા મુજબની માહિતી ઉપલબ્ધ નહીં હોવાનો જવાબ કરવામાં આવેલ.

અરજદારે તેનાથી નારાજ થઈ તા.૧૨–૪–'૦૭ના રોજ બાંધવામાં આવેલ બાંધકામની કાયદેસરતા પૂરતી અપીલ કરેલ. જેના અનુસંધાને ઝોનલ ચીફ રાંદેર ઝોન ના પત્ર નં.આરટીઆઈ સેલ/૩૩, તા.૧૭–૪–'૦૭થી અરજદારની અપીલના અનુસંધાને આપવાજોગ માહિતી પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જણાવવામાં આવેલ તથા અપીલના અનુસંધાને તા.૫–૫–'૦૭ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ.

આજ તા.૫–૫–'૦૭ ના રોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદાર શ્રી રમેશ કે.જાંગીડ હાજર રહેલ નથી. જાહેર માહિતી અધિકારી ઝોનલ ચીફ અને કાર્યપાલક ઈજેનર હાજર રહયા હતા. અરજી તથા અપીલ બાબતના તમામ દસ્તાવેજો ધ્યાને લેતાં માહિતી અધિકારી અધિનિયમ હેઠળ ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવાની રહે છે અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તે તેઓને પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ બાબતે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ પૂરી પાડેલ માહિતીના અનુસંધાને અપીલનો આખરી નિકાલ કરવામાં આવે છે.

તેમ છતાં અરજદારની અરજીમાંથી વિગતો ધ્યાને લેતાં ઝોનના કાર્યક્ષેત્રની આ અંગેની ફરજોને ધ્યાને લઈ

ગેરકાયદેસર બાંધકામ બાબતે યોગ્ય ચકાસણી કરી ઉચિત સમયમાં અરજદારને સૂચિત કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વેસ્ટ ઝોનને જણાવવામાં આવે છે.

સહી/–
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૯૯
તારીખ :૧૦–૫–૦૭.

(૧) ઝોનલ ચીફ રાંદેર ઝોન .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશ કે. જાંગીડ

**અપીલ અરજી નં.** ૬૧/૦૭, તા. ૦૯–૦૪–૨૦૦૭

અરજદાર :– અંબાલાલ છગનલાલ પટેલ

સામાવાળા : ડે. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સાઉથ ઝોન (ઉધના)

**હુકમ :–**

આજ તા. ૫–૫–૨૦૦૭ના રોજ અરજદારશ્રી અંબાલાલ છગનલાલ પટેલ તરફથી દાખલ કરવામાં આવેલ માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કમલ ૧૨ (૧) અન્વયે અપીલની સુનાવણી રાખવામાં આવેલ, જેમાં જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. કમિશ્નર, ઉધના ઝોન અને અરજદારશ્રી પોતે અને તેઓશ્રીના મિત્ર શ્રી કિર્તીભાઈ મિસ્ત્રી સાથે હાજર રહયા હતા. અરજદારશ્રીની રૂબરૂ રજૂઆત અને ઉધના ઝોનના અધિકારીની રજૂઆત અને ઉપલબ્ધ રેકર્ડ જોતાં આમ જણાય છે કે અરજદારશ્રીને તેમની અરજીથી માંગવામાં આવેલ માહિતી તેમને તા. ૧૨–૧૨–૨૦૦૬ના જવાબથી આપવામાં આવેલ છે. અપીલ કક્ષાએ અરજદારશ્રીની વધારાની માંગણી એવી છે કે તેમને જે બમરોલી ગ્રામ પંચાયતના સામાન્ય સભાના ઠરાવની નકલ આપવામાં આવે છે તે ભળતાજ નંબરના ઠરાવની છે અને તેમને ઠરાવ અંગેની ખોટી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તે અંગે અરજદારશ્રીએ રૂબરૂમાં જણાવેલ છે કે તેમના માંગણી મુજબનો ગ્રામ પંચાયતનો ઠરાવ હાલ મળી ગયેલ છે. આ સિવાય અરજદાર જાણવા માંગે છે કે તેઓ જમીન માલિક, તેમની જાણ બહાર અને સંમતિ વગર સોસાયટીના બાંધકામનું આયોજન કેવી રીતે થાય આ મુદ્દો અપીલ કક્ષાએ ઉભો કરવા જેવો છે. વધુમાં સોસાયટીઓના આયોજનની નોંધણી આ કચેરી કે ઉધના ઝોન કચેરી તરફથી કરવામાં આવતી નથી જેથી આ અંગેની માહિતી અત્રેથી મળી શકે તેમ નથી. આ સિવાય અરજદારશ્રીએ જણાવેલ છે કે આ જમીન ઉપર ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ બાંધકામ તાત્કાલિક તોડી પાડવાની જરૂર છે અને આ જમીન ખુલ્લી કરવાની જરૂર છે. આ અંગે ઝોનલ ઓફિસશ્રીએ જણાવેલ છે કે આ જમીન ઉપર નવું બાંધકામ કરવા દેવામાં આવતું નથી પરંતુ જૂના થયેલ બાંધકામ અંગે કોઈ કાર્યવાહી થયેલ નથી. તેઓએ એમ સ્પષ્ટતા કરેલ છે કે આ જમીન ઉપર પ્લાનની મંજૂરી પંચાયત તરફથી સને ૧૯૮૧માં આપવામાં આવેલ જયારે આ ક્ષેત્ર સુરત મહાનગર સેવા સદન વિસ્તારમાં સને ૧૯૮૬માં સામેલ થયેલ છે. આ ક્ષેત્ર સુરત મહાનગર સેવા સદનમાં સામેલ થયેલ હોય આ આ ક્ષેત્ર ઉપર ગેરકાયદેસર બાંધકામ થયેલ હોય અને એને લગતી ફરીયાદ મળી હોય તો તે માટે સંબંધિત અધિકારીશ્રીએ કાયદાકીય

કાર્યવાહી કરવાની રહે છે પરંતુ આ અંગે અપીલ કરવામાં આવેલ નથી જેથી માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ અન્વયે માહિતી અત્રેથી આપવાની થતી નથી. આ અંગેની કાર્યવાહી સંબંધિત ઝોનલ અધિકારીશ્રીએ કરવાની રહે છે.

ઉપર મુજબની વિગતો ધ્યાને લઈને આ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**મૂળ પ્રત પર મે. કમિશ્નરશ્રીની સહી છે.**

સહી/– એસ. અપર્ણા
**કમિશ્નર**
અને
એપેલેટ ઓફિસર,
સુરત મહાનગર સેવા સદન

નં. સી. એન./ ૪૬
તા. ૦૫–૦૫–૨૦૦૭

પ્રતિ,
શ્રી જાહેર માહિતી અધિકારી અને ડે. કમિશ્નર
શ્રી ઝોનલ ઓફિસર (ઉધના ઝોન)

નકલ રવાના :– શ્રી અંબાલાલ છગનલાલ પટેલ.

**કમિશ્નરશ્રીના અંગતમદદનીશ,**
**સુરત મહાનગર સેવા સદન**

અપીલ અરજી નં.૬૨/૦૭, તા.૧૨–૪–૦૭.

અરજદાર : શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયા
સામાવાળા : ઝોનલ ચીફ વરાછાઝોન.

**હુકમ :–**

**વિષયઃ**–રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયાની તા.૯–૩–'૦૭ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૨૦ (નાનાવરાછા) રે.સ.નં.૭૨/૩–૪ , ફા.પ્લોટ નં.૧૭ તથા ૮૯ અને ૯૮માં કેટલા પ્લોટોનું આયોજન થયું છે. કેટલા પ્લોટોનું હેતુફેર કરી શોપીંગ ચાલે છે. કેટલા પ્લોટોમાં અંડરગ્રાઉન્ડ બાંધકામ થયેલ છે. કેટલા પ્લોટમાં ડીમોલીશન કરાયું છે. કેટલા પ્લોટની પ્લીન્થ બંધાણી છે તેમજ કેટલા પ્લોટ ખુલ્લા છે તેની જરૂરી માપ સાથેની વિગતો તેમજ ગેરકાયદેસર બાંધકામ સુરત મહાનગરપાલિકા ધ્વારા પુરા દુર ન કરવામાં આવે ત્યાં સુધી સીકયુરીટી ચાલુ રાખવા બાબત.

**સંદર્ભ** :– અરજદારની તા.૧૨–૪–૦૭ની અપીલ અરજી નં.૬૨/૦૭.

શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયા ધ્વારા તેમની તા.૯–૩–૦૭ ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૨૦ (નાનાવરાછા) રે.સ.નં.૭૨/૩–૪ , ફા.પ્લોટ નં.૧૭ તથા ૮૯ અને ૯૮માં કેટલા પ્લોટોનું આયોજન થયું છે, તેમાંથી કેટલા મકાનમાં રહેણાંક ચાલુ છે, કેટલાં પ્લોટનું બાંધકામ કયાં અધૂરૂં છે, કેટલા પ્લોટોનું હેતુફેર કરી શોપીંગ ચાલે છે, કેટલા પ્લોટોમાં અંડરગ્રાઉન્ડ બાંધકામ થયેલ છે, કેટલા પ્લોટમાં ડીમોલીશન કરાયું છે. કેટલા પ્લોટની પ્લીન્થ બંધાણી છે તેમજ કેટલા પ્લોટ ખુલ્લા છે તેની જરૂરી માપ સાથેની વિગતો તેમજ ગેરકાયદેસર બાંધકામ સુરત મહાનગરપાલિકા ધ્વારા પુરા દુર ન કરવામાં આવે ત્યાં સુધી સીકયુરીટી ચાલુ રાખવા બાબતની માહિતી માંગેલ. જે અંગે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી ધ્વારા તેમના પત્ર નં.ટીડીઓ/૩૫૩ તા.૨૬–૪–૦૭થી ફા.પ્લોટ નં.૧૭ રેસીડેન્સીયલ બાંધકામનો લેઆઉટ પ્લાન ટીડીઓ/૨૫૩ તા.૨૪–૧૨–૦૨ થી મંજુર કરવામાં આવેલ હોવાનું તેમજ ફા.પ્લોટ નં.૮૯ અને ૯૮ માં તા.૩૧–૫–૦૬થી સોસાયટીના પ્રમુખની મરજીથી રજૂ કરેલ પ્લાનના અનુસંધાને નિયમબધ્ધ ન થઈ શકેતેવું બાંધકામ અરજદારે દુર કરાવી શરત સહિત ટીડીઓ નં.૧૮૮, તા.૫–૩–૦૭ થી વિકાસ પરવાનગી આપેલ હોવાનો અરજદારને જવાબ કરવામાં આવેલ. તેમજ મદદનીશ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર વરાછા ધ્વારા તેમના પત્ર નં.પૂર્વઝોન/ટીડી/૧૯૯, તા.૨૫–૪–૦૭થી પણ ફા.પ્લોટ નં.૮૯ અને ૯૮ માં માર્જીનમાં આવતું બાંધકામ દૂર કરવાની શરતે પ્લાન મંજુર કરવમાં આવેલ હોવાનો જવાબ કરવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા APIO ના જવાબથી નારાજ થઈ તા.૧૨–૪–૦૭ ના રોજ આ બાબતે અપીલ કરવામાં આવેલ. જે સંદર્ભે પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦, તા.૧૭–૪–૦૭થી ઝોનલ ચીફ વરાછાઝોનને અરજદારની અપીલના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર તાકીદે પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને તેમના તરફથી તા.૨૬–૪–૦૭ ના રોજ તેમણે અરજદારને પાઠવેલ જવાબની વિગતો મોકલવામાં આવેલ અને તેને અનુલક્ષીને આ બાબતની સુનાવણી તા.૫–૫–૦૭ ના રોજ રાખવામાં આવેલ.

આજ તા.૫–૫–૦૭ ના રોજ અપીલની રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદાર શ્રી હર્ષદભાઈ તેમજ જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ વરાછા હાજર રહયા. અરજદારે અરજીમાં જણાવેલ માહિતી પૂરી ન મળેલ હોવાનું તેમજ ડીમોલીશનના પત્રની નકલ નહીં મળેલ હોવાનું અને આજ સોસાયટીમાં અન્ય ગેરકાયદેસર બાંધકામ તોડાયેલ નહીં હોવાની રજુઆત કરેલ, જે તેમની મુખ્ય માહિતીની માંગણી છે તેમ જણાવેલ. જાહેર માહિતી અધિકારીએ જે માહિતી દફતર પર ઉપલબ્ધ છે તે આપેલ હોવાનું અને અન્ય માહિતી દફતરે નહીં હોવાનું જણાવેલ.

**હુકમ**

બંને પક્ષોની રજુઆત અને અરજી અને અપીલથી આ બાબતે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લઈ નીચે મુજબની વિગતે હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" બંને મદદનીશ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ માહિતી જે આપેલ છે તે તેટલા મુદ્દા પુરતી સંતોષજનક છે જેથી અપીલ અંગે વધુ કંઈ કરવાનું રહેતુ નથી અને અપીલનો નિકાલ કરવામાં આવે છે તેમ છતાં અરજદારની અન્ય ગેરકાયદેસર બાંધકામ તોડાયેલ નહીં હોવા બાબતે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને

કાર્યપાલક ઈજનેર વરાછા ઝોન ધ્વારા માર્જીનમાં આવતું બાંધકામ દૂર કર્યા બાદ નવું બાંધકામ કરવા અંગેનો શરતી પ્લાન મંજુરી મુજબ અમલ કરાવવા કાર્યપાલક ઈજનેર વરાછા ઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૧૨
તારીખ : ૧૪–૫–૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હર્ષદભાઈ બાબુભાઈ બવાડીયા,

અપીલ અરજી નં.૬૩/૦૭, તા.૧૬–૪–૦૭.

અરજદાર : શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ

**હુકમ :–**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ શ્રી પીયુષભાઈ ઠાકોરભાઈ પટેલની જહાંગીરાબાદ રે.સ.નં. ૨૯૨ બ્લોક નં.૧૭૪ ના પ્લાન તથા રજાચીઠ્ઠી આપવા સામે શ્રી વિરેશકુમાર ઠાકોરભાઈ પટેલે આપેલ વાંધા નોટીસ અંગે કરેલ કાર્યવાહીની સહી સિકકા વાળી નકલ આપવા બાબતની અરજી.

સંદર્ભ :– અરજદારની તા.૧૬–૪–'૦૭ની અપીલ નં. ૬૩/૦૭.

શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલની તા.૯–૩–'૦૭ની જહાંગીરાબાદ રે.સ.નં.૨૦૨, બ્લોક નં.૧૭૪ના પ્લાન તથા રજાચિઠ્ઠી આપવા સામે શ્રી વિરેશકુમાર ઠાકોરભાઈ પટેલે આપેલ વાંધા નોટીસ આપેલ જે અંગે કરેલ કાર્યવાહીની સહી સિકકાવાળી નકલ આપવા બાબતની અરજી અંગે કાર્યપાલક ઈજનેર પશ્ચિમ ઝોન તરફથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ નથી એમ જણાવેલ. તેમના પત્ર નં.૧૬૪૩, તા.૧૭–૩–'૦૭થી શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ, જેનો કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાથી અરજદાર મજકુર ધ્વારા તા.૧૬–૪–'૦૭ના રોજ કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવાજોગ માહિતી કાયદા અને નિયમાનુસાર તાકીદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મુળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહીત સંપૂર્ણ વિગતો, વિલંબના કીસ્સામાં કે માહિતી પૂરી નહી પાડવાના કીસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા ડાયરેકટર ઓફ પ્લાનીંગને પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭, તા.૨૦–૪–'૦૭થી જણાવવામાં આવેલ. પરંતુ કોઈ વિગતો અત્રેની કચેરીને પ્રાપ્ત થયેલ નથી.

અરજદારની અપીલ અરજી અંગે એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રી ધ્વારા તા.૧૪–૫–'૦૭ના રોજ સુનાવણી રાખવામાં આવેલ. દરમ્યાનમાં શહેર વિકાસ અધિકારી અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીડીઓ/૫૧૮, તા.૫–૫–'૦૭થી અત્રેની કચેરીને વિગતો મળેલ. જેમાં અરજદાર મજકુરને તેઓ ધ્વારા પત્ર નં.ટીડીઓ/૪૯૨, તા.૪–૫–'૦૭થી શ્રી વિરેશકુમારની વાંધા અરજીઓ દફતરે કરવાનો હુકમ થયેલ હોવાનું જણાવેલ છે.

સુનાવણીમાં અરજદાર પોતે તેમજ જાહેર માહિતી અધિકારી તરફે શહેર વિકાસ અધિકારી અને મદદનીશ જાહેર માહિતી અધિકારી ઉપસ્થિત રહયા હતા. બંને પક્ષોની રજુઆત તેમજ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તે હકીકત ધ્યાને લેતાં અરજદારની અપીલ અરજી અંગે હવે કશુ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૩૪
તારીખ : ૨૧–૫–૦૭.

પ્રતિ
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પીયુષભાઈ ઠાકોરભાઈ પટેલ

અપીલ અરજી નં.૬૪/૦૭, તા.૧૬–૪–'૦૭.

અરજદાર : શ્રી સૈયદ આમીર સૈયદ હુસેન કાદરી
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ/ઝોનલ ચીફ (સાઉથ,નોર્થ,સેન્ટ્રલ,અઠવા,વરાછા,રાંદેર,લીંબાયત ઝોન)

હુકમ :–

શ્રી સૈયદ આમીર સૈયદ હુસેન કાદરીની તા.૩–૩–'૦૭ની અરજીથી આર્કીટેકટશ્રી જાકીર કુરેશી ધ્વારા સને ૧૯૯૮થી આજદીન સુધી રજુ થયેલ ભાગલા/ એકત્રિકરણ/ લેઆઉટ/અન્ય બાંધકામ વિગેરે તમામ પ્લાન તથા તે પૈકી મંજુર થયેલ પ્લાનનું લીસ્ટ તેમજ મંજુર પ્લાન વિરૂધ્ધ/ગેરકાયદેસર બાંધકામ બાબત આપવામાં આવેલ નોટિસ, વસુલ લેવામાં આવેલ દંડની રકમ વગેરે અંગેની માહિતી આપવા બાબતની અરજી અંગેની અંશતઃ માહિતી આપવા માટે શહેર વિકાસ અધિકારીના પત્ર નં.ટીડીઓ/આઉટવર્ડ/૪૪૭૭, તા.૧૩–૩–'૦૭થી તમામ ઝોનલ ઓફિસરોને જણાવવામાં આવેલ જે અંગે કતારગામ ઝોનના કાર્યપાલક ઈજનેર ધ્વારા સદર વિસ્તારમાં કોઈ અરજી રજુ/મંજુર કરાવેલ નથી. તેમ પત્ર નં.એનઝેડ/આઉટ/૭૩૭૭ તા.૩૦–૩–૦૭ થી અરજદારને જવાબ પાઠવવામાં આવેલ જયારે અન્ય ખાતા/ઝોન તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવેલ નથી જેનાથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૧૬–૪–'૦૭ના રોજ મ્યુ.કમિશનરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૧ તા.૨૩–૪–૦૭ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ તેમજ કતારગામ ઝોન સિવાયના અન્ય છ ઝોનના ઝોનલ ચીફને જણાવવામાં આવેલ.

જે સંદર્ભે વરાછા ઝોનના કાર્યપાલક ઈજનેર ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/ ૧૮૯ તા.૧૦–૪–૦૭ થી કોઈ અરજી કરવામાં આવી નથી તેમ જણાવેલ છે. શહેર વિકાસ અધિકારી ધ્વારા પત્ર નં. ૪૮૧૮ તા.૨૮–૩–૦૭ ધ્વારા માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે સાઉથ ઝોન વિસ્તાર બાબતે કાર્યપાલક ઈજનેર ના પત્ર નં. સા.ઝોન/ટેક/૩૫૪ તા.૧૧–૪–૦૭ થી બાંધકામના પ્લાન રજુ કરવામાં આવેલ નથી તેમજ લીંબાયત ઝોન ધ્વારા કાર્યપાલક ઈજનેરના પત્ર નં.સા.ઈસ્ટ ઝોન મહેકમ/૧૫૨/એ તા.૧૭–૪–૦૭ થી આવી કોઈ અરજી રજુ કરેલ નથી તેમ અરજદારને જણાવેલ છે. આસી.કમિશ્નર ધ્વારા પત્ર નં.સે.ઝોન/આ.નં.૪૩, તા.૧૨–૪–'૦૭થી અરજદારને માહિતી પૂરી પાડેલ છે.

અરજદારની મુળ અરજી /અપીલ અરજી તેમજ ઉકત જણાવેલ વિગતે ખાતા/ઝોન ની માહિતી ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અરજીનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા પ્રમાણેની મુદ્દાસર માહિતી કાયદા અને નિયમની જોગવાઈ ધ્યાને લઈ દિન–૭ માં પૂરી પાડી તે અંગેની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ (રાંદેર,અઠવા ઝોન) ને આથી જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૯૩
તારીખ :૭–૫–૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ (રાંદેર,અઠવા ઝોન) .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સૈયદ અમીર સૈયદ હુસેન કાદરી

અપીલ અરજી નં.૬૫/૦૭,તા.૨–૩–'૦૭/૧૮–૪–'૦૭.

અરજદાર : શ્રી રજનીકાંત સી.પટેલ
સામાવાળા : ડે.કમિશ્નર(સા.ઝોન)

હુકમ :–

શ્રી નટવરલાલ ગોવિંદજી પટેલના કુલમુખત્યાર રજનીકાન્ત સી.પટેલની તા.૧૬–૧–'૦૭ની અરજીથી બમરોલી રે.સ.નં.૧૩૪થી નોંધાયેલ ખેતીની જમીનમાં બિનઅધિકૃત બાંધકામ તથા ગટર લાઈન,નળકનેકશન દુર કરવા બાબતે કમિશ્નરશ્રીને તા.૧૫–૧૧–'૦૬ના રોજ કરવામાં આવેલ અરજી અંગેની માહિતી આપવા બાબતની અરજી અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૧૦૩૬૧, તા.૧૨–૨–'૦૭થી જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના સંદર્ભ પત્રથી બાબત હેઠળની જગ્યામાં બમરોલી ગૃપ ગ્રામપંચાયત ધ્વારા તા.૩–૭–૮૧ના રોજ ઠરાવ નં.૬ થી લેઆઉટ પ્લાન મુજબ બાંધકામ કરવાની મંજુરી આપેલ હોવાની માહિતી પૂરી પાડતો પ્રત્યુત્તર પાઠવેલ છે. જેનાથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૨–૩–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ તેમજ સદર અપીલ અરજી કોઈપણ જાતની કાર્યવાહી વગર સાઉથ ઝોનમાં અનિર્ણિત રહેલ છે તે અંગેની પણ સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૦, તા.૨૩–૪–'૦૭થી ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.આઉટ વર્ડ/૧૪૬, તા.૧–૫–'૦૭થી અત્રે વિગતો મોકલવામાં આવેલ. જેમાં તેઓ ધ્વારા અરજદારને અપીલ અરજીના સંદર્ભે પત્ર નં.સા.ઝોન(ઉધના)/ટેક./નં.૭૬૧, તા.૨૬–૪–'૦૭થી ગ્રમપંચાયતને પશ્નવાળી જમીનમાં બાંધકામ કરવા માટે પરવાનગી આપવાની સત્તા ન હોય ગેરકાયદેસર બાંધકામ અંગે મનાઈ હુકમ તેમજ કારણદર્શક નોટીસ આપેલ હોવાની તેમજ બીનખેતીની કાર્યવાહી અત્રેથી થતી ન હોવાની અને સદર હાઈકોર્ટ કેસમાં મહાનગરપાલિકા પક્ષકાર ન હોવાની માહિતી આપતો જવાબ પાઠવવામાં આવેલ છે.

મૂળ અરજી, અપીલ અરજી તેમજ તેના સંદર્ભે અરજદારને પાઠવવામાં આવેલ જવાબ ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે મુળ અરજીના અનુસંધાને અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ મુદ્દાઓ અંગે માંગ્યા મુજબની માહિતી સાઉથ ઝોન ના જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ હોય અરજી અંગે કશુ કરવાનું રહેતુ નથી.

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૯૪
તારીખ : ૭–૫–૦૭.

પ્રતિ,
(૧) ડે. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોન .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રજનીકાન્ત છબીલદાસ પટેલ નટવરલાલ ગોવિંદજીના કુલમુખત્યાર

અપીલ અરજી નં.૬૬/૦૭, તા.૨૦–૪–૦૭.

અરજદાર : શ્રી શૈલેષભાઈ દેવજીભાઈ પટેલ
સામાવાળા : ડે.કમિશ્નર(સાઉથ ઝોન)

**હુકમ :–**

શ્રી શૈલેષભાઈ દેવજીભાઈ પટેલ ની તા.૧૬–૩–'૦૭ની ટી.પી.સ્કીમ ૫૬માં બમરોલી સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭વાળી મિલ્કતમાં પ્રભુનગર સોસાયટી દાખલ થયેલ છે તે અંગે મુદ્દા નં.૧ થી ૧૮ની માહિતી આપવા બાબતની અરજી અંગે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/અકણ/૪૨, તા.૧૧–૪–'૦૭થી અરજદારની અરજીના ૧૮ મુદ્દા અંગે દફતરી વિગતો પરથી જવાબ આપવામાં આવેલ. જે અંગે પૂરી તેમજ સાચી તેમજ માંગેલ માહિતી આપેલ ન હોવાનું જણાવી તેમના ધ્વારા તા.૨૦–૪–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩, તા.૨૫–૪–'૦૭થી ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોનને જણાવવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ મૂળ અરજીના સંદર્ભે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોન ધ્વારા અરજદારને પાઠવેલ તા.૧૧–૪–'૦૭ના પત્ર નં.સા.ઝોન/અકણ/૪૨ ની વિગતો ધ્યાને લેતા અરજદારે તેની મૂળ અરજીમાં ૧ થી ૧૮ મુદ્દાની માહિતી માંગેલ જે ડે.કમિશ્નરના ઉકત પત્રથી મુદ્દાવાર પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર ધ્વારા તેમની અપીલ અરજીમાં સુરત મહાનગરપાલિકાની જમીન ઉપર કબજો કરેલ તેમજ આકારણી દફતરે ખોટુ રેકર્ડ ઉભુ કરવાની વિગતો અપીલમાં જણાવેલ પરંતુ ખોટુ રેકર્ડ માટેના કોઈ વ્યાજબી આધારો રજુ કરેલ નથી. જયારે અપીલના તેમનો અન્ય મુદ્દો " સુરત મહાનગરપાલિકાની જમીન ઉપર કબજો" અંગે કોઈ સ્પષ્ટ માહિતી માંગતો ઉલ્લેખ મુળ માહિતી માંગતી અરજીમાં સમાવિષ્ટ થયેલ નથી તેમ છતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને ૧૮ મુદ્દાનો મુદ્દાસર જવાબ દફતરી વિગતો પરથી પુરો પાડેલ છે અને તે બાબતે અરજદારે અપીલમાં કોઈ વિવાદ જણાવેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતર પરના દસ્તાવેજો ધ્યાને લઈ અરજદાર મજકુરને માંગ્યા મુજબની માહિતી પૂરી પાડવામાં આવી હોઈ અરજદારની અપીલ અરજી અંગે કશુ કરવાનુ રહેતુ ન હોઈ સદર અપીલ અરજી દફતરે કરવાનો આદેશ કરવામાં આવે છે.

સહી/–
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૧૩
તારીખ :૧૪–૫–૦૭.

(૧) ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સાઉથ ઝોન) .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી શૈલેષ દેવજીભાઈ પટેલ

અપીલ અરજી નં.૬૭/૦૭, તા.૨૧–૪–૦૭.

અરજદાર : શ્રી સુરજસિંહ એ.યાદવ.
સામાવાળા : ડે.કમિશ્નર ( પ. અન ઈ.)

હુકમ :–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરજસિંહ એ. યાદવ ની તા.૧૩–૩–'૦૭ની રાજેશ બી. સૂર્યવંશી સિકયુરીટી સુપરવાઈઝર સામેની વિજીલન્સ તપાસના અહેવાલની નકલ, આર્મીમાં તેમનો હોદ્દો નોન કમીશન્ડ ઓફિસર ગણાય કે કેમ? તેમજ રીટાયર્ડ થયા હોય તો કયા રેન્કનું કેટલું પેન્શન મેળવે છે તે વિગત આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૧–૪–'૦૭ની અપીલ અરજી નં.૬૭/૦૭.

અરજદાર શ્રી સુરજસિંહ એ. યાદવ ની તા.૧૩–૩–'૦૭ની રાજેશ બી. સૂર્યવંશી સિકયુરીટી સુપરવાઈઝર સામેની વિજીલન્સ તપાસના અહેવાલની નકલ, આર્મીમાં તેમનો હોદ્દો નોન કમીશન્ડ ઓફિસર ગણાય કે કેમ? તેમજ રીટાયર્ડ થયા હોય તો કયા રેન્કનું કેટલું પેન્શન મેળવે છે તે વિગત આપવા બાબતની અરજી અંગે ડે.કમિશ્નર(પ.અને ઈ.)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૮, તા.૪–૪–'૦૭થી માંગેલી માહિતી અધિનિયમની કલમ–૮ અને ૯ હેઠળ મુકિત આપેલા વર્ગમાં આવે છે એમ જવાબ આપવામાં આવેલ. જેનાથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૨૧–૪–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે. જે સંદર્ભે પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૧, તા.૨૫–૪–'૦૭થી ખાતાકીય વિગતો પૂરી પાડવા જણાવવામાં આવેલ. જે અંગે ડે.કમિશ્નર(પ.અને ઈ.) ના નં.જીએડી/ઈએસટી/૩૨૭, તા.૨૭–૪–'૦૭થી અત્રે વિગતો પૂરી પાડવામાં આવેલ. જે જોતાં ડે.કમિશ્નર (પ અને ઈ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૭૮ તા.૨૪–૪–૦૭ થી અરજદારને તેમની અરજીના મુદ્દા નં.૩ પેન્શન અંગેની વિગતની નકલ આપેલ હોવાનું જણાય છે.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ લાગત જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ વિગતો ધ્યાને લેતાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫થી ઉપર સરકારશ્રીનો કોઈ પરિપત્ર કે હુકમ હોઈ શકે નહી. સદર અધિનિયમની કલમ ૮ અને ૯ માં જણાવેલ અપવાદ સિવાયની તમામ માહિતી આપવાની રહે છે. ઉપરાંત જાહેર માહિતી અધિકારીના અધિકાર ક્ષેત્રમાં આવતી ન હોય તેવી બાબતો કાયદાની જોગવાઈ અનુસાર જે સત્તાધિકારીના કાર્યક્ષેત્રમાં આવતી હોય તેને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવાની રહે છે.

ઉપરોકત તમામ હકીકતથી વિદીત થઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે નમૂના 'ક' ની અરજીથી માંગેલ વિગતો પૈકી નહીં આપેલ માહિતી, વિજીલન્સ તપાસ અહેવાલ તેમજ આર્મીમાં કયા હોદ્દા પર હતા ? તે નોન કમિશન્ડ ઓફિસર ગણાય કે કેમ ? તેની માહિતી ઉપલબ્ધ દફતરેથી કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી મુદ્દાસર પૂરી પાડી તે અંગેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર(પ.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૯૨
તારીખ :૭–૫–૦૭.

પ્રતિ,
(૧) ડે. કમિશ્નર (પ. અને ઈ.) .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુરજસિંહ એ. યાદવ

અપીલ અરજી નં.૬૮/૦૭, તા.૨૩–૪–૦૭.

અરજદાર : સુરેશભાઈ એમ.પટેલ
સામાવાળા : આસી.કમિશ્નર.

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૭–૪–'૦૭ની કોટ વિસ્તારની રહેઠાણ વાળી મિલ્કતમાં જરી હેવી ટવીસ્ટીંગ મશીન ચાલે છે જે લઘુઉદ્યોગની કે ઈન્ડ્રસ્ટીયલ ઉદ્યોગની વ્યાખ્યામાં આવે તેની તેમજ રહેઠાણવાળા વિસ્તારમાં ચલાવવાની પરવાનગી કયા વિભાગ તરફથી આપવામાં આવે છે વિગેરે વિગત આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૩–૪–'૦૭ની અપીલ અરજી નં.૬૮/૦૭.

શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૭–૪–'૦૭ની કોટ વિસ્તારની રહેઠાણ વાળી મિલ્કતમાં જરી હેવી ટવીસ્ટીંગ મશીન ચાલે છે જે લઘુઉદ્યોગની કે ઈન્ડ્રસ્ટીયલ ઉદ્યોગની વ્યાખ્યામાં આવે તેની તેમજ રહેઠાણવાળા વિસ્તારમાં ચલાવવાની પરવાનગી કયા વિભાગ તરફથી આપવામાં આવે છે વિગેરે વિગત આપવા બાબતની અરજી અંગે કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીઝેડ/એસએનઈ/આઉટ/૭/૨, તા.૨૦–૪–'૦૭થી " ગુમાસ્તાધારા અધિનિયમ હેઠળ ધંધો/કારખાનું ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવતી નથી. પરંતુ માલીકે ધંધો ચાલુ કર્યા અંગેની જાણ કરાવવા અરજી આપતા નોંધણી કરવામાં આવે છે તેમજ પ્રમાણપત્ર આપવામાં આવે છે તેમજ ધંધો બંધ કરવા અંગે નોંધણી પ્રમાણપત્ર ધરાવનાર ધ્વારા જાણ કર્યેથી અધિનિયમની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે." તેવો જવાબ આપવામાં આવેલ છે. જેનાથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૨૩–૪–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા ડે.કમિશ્નર(પ.અને ઈ.) ધ્વારા પત્ર નં.આરઆઈ સેલ/૫૯, તા.૨૬–૪–'૦૭થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે કોઈ કાર્યવાહી થઈ હોય તેવુ જણાયેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકોર્ડને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**"અરજદારની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ તેઓની મૂળ અરજીની વિગત સાથે કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનના અરજદારને પાઠવવામાં આવેલ માહિતીના તા.૨૦–૪–'૦૭ના પત્રની વિગતો સુસંગત જણાતી નથી. જેથી અરજદારને તેની મૂળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૦૭માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને આસી.કમિશ્નરને જણાવવામાં આવે છે."**

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૦૩
તારીખ : ૧૦–૫–૦૭.

પ્રતિ,
(૧) આસી.કમિશ્નર પ્રતિ .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુરેશભાઈ એમ.પટેલ

અપીલ અરજી નં.૬૯/૦૭, તા.૨૩–૪–૦૭.

અરજદાર : હેમંત એન.દેસાઈ
સામાવાળા : આસી.કમિશ્નર.–સેન્ટ્રલઝોન

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૨–૩–'૦૭ની ૪/૩૬૦ વાળી મિલ્કતમાં ગીલીટ જરી મશીનરી ચાલુ કરવાની પરવાની કયા વિભાગ તરફથી આપવામાં આવે છે તેમજ કોઈપણ વિભાગ તરફથી મંજુરી આપવામાં ન આવતી હોય તો બંધ કરાવવાની જવાબદારી કોની તે વિગત આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૩–૪–'૦૭ની અપીલ અરજી નં.૬૯/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૨–૩–'૦૭ની ૪/૩૬૦ વાળી મિલ્કતમાં ગીલીટ જરી મશીનરી ચાલુ કરવાની પરવાની કયા વિભાગ તરફથી આપવામાં આવે છે તેમજ કોઈપણ વિભાગ તરફથી મંજુરી આપવામાં ન આવતી હોય તો બંધ કરાવવાની જવાબદારી કોની વિગત આપવા બાબતની અરજી અંગે કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીઝેડ/એસએનઈ/આઉટ/૬/૨, તા.૧૮–૪–'૦૭થી " ગુમાસ્તાધારા અધિનિયમ હેઠળ ધંધો/કારખાનું ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવતી નથી. પરંતુ માલીકે ધંધો ચાલુ કર્યા અંગેની જાણ કરાવવા અરજી આપતા નોંધણી કરવામાં આવે છે તેમજ પ્રમાણપત્ર આપવામાં આવે છે તેમજ ધંધો બંધ કરવા અંગે નોંધણી પ્રમાણપત્ર ધરાવનાર ધ્વારા જાણ કર્યેથી અધિનિયમની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે." તેવો જવાબ આપવામાં આવેલ છે. જેનાથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૨૩–૪–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા ડે.કમિશ્નર(પ.અને ઈ.) ધ્વારા પત્ર નં.આરઆઈ સેલ/૬૦, તા.૨૬–૪–'૦૭થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે કોઈ કાર્યવાહી થઈ હોય તેવુ જણાયેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકોર્ડને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**"અરજદારની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સીઝેડ/એસએન્ડઈ/આઉટવર્ડ/૬/૨ તા.૧૮–૪–૦૭ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવી છે તેમજ કાયદાકીય જોગવાઈ પણ જણાવવામાં આવી છે જેથી અપીલ અરજી અન્વયે કોઈ જવાબ આપવાનો રહેતો નથી."**

**ઉપરોકત નિર્ણયથી આપ અસંતુષ્ટ હો તો મુખ્ય માહિતી કમિશ્નરશ્રી રાજય માહિતી આયોગ, આંકડા અને અર્થશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર ને દિન–૯૦ માં સેકન્ડ અપીલ કરવા હકકદાર છો.**

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૨૪
તારીખ : ૧૭ –૫–૦૭.

પ્રતિ,
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી શ્રી .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ

અપીલ અરજી નં.૭૦/૦૭, તા.૨૫–૪–૦૭.

અરજદાર : શ્રી અનિલ ડી. પુરોહીત
સામાવાળા : ડે.કમિશ્નર(હે અને હો)

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનીલ ડી. પુરોહીતની તા.૭–૩–'૦૭ની વર્ષ ૨૦૦૪–૦૫ થી વર્ષ ૨૦૦૬–૦૭ સુધીની શાકભાજી,મરીમસાલાની ટેન્ડર નોટીસની શરતો અને ટેન્ડરરે આપેલ પ્રમાણપત્ર,ભરેલ ટેન્ડરમાં શાકભાજીના ભાવની નકલ સંસ્થાના રજી.ની નકલની વિગત આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૫–૪–'૦૭ની અપીલ અરજી નં.૭૦/૦૭

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી અનીલ ડી. પુરોહિતની તા.૭–૩–'૦૭ની વર્ષ ૨૦૦૪–૦૫ થી વર્ષ ૨૦૦૬–૦૭ સુધીની શાકભાજી, મરીમસાલાની ટેન્ડર નોટીસની શરતો અને ટેન્ડરરે આપેલ પ્રમાણપત્ર, ભરેલ ટેન્ડરમાં શાકભાજીના ભાવની નકલ સંસ્થાના રજી.ની નકલની વિગત આપવા બાબતની અરજી અંગે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ જ પ્રતિભાવ નહીં મળતા તેનાથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૨૫–૪–'૦૭ના રોજ મ્યુ.કમિશનરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧, તા.૨૬–૪–'૦૭થી ડે.કમિશ્નર(હે અને હો)ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજનાના પત્ર નં.મભય/આરટીઆઈ/અપીલ/૭૦/૦૭/વશી/૩૧/૦૭, તા.૨૭–૪–'૦૭થી અરજદારને તા.૧૮–૪–'૦૭ના પત્ર નં.મભય/અમલ/રજી.૦૮/૦૬/વશી/૦૭ આ.ર.નં. ૨૫/૦૭થી નકલોની નિયત ફીની રકમ જમાં કરાવવા નમુના –ગ માં જણાવેલ હોવાનું અત્રે જણાવેલ છે.

જે હકીકત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજનાના તા.૧૮–૪–'૦૭ના અરજદારને પાઠવવામાં આવેલ ઉપરોકત પત્ર અનુસાર અરજદારે નિયત ફી ભરપાઈ કરી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મેળવી લેવાની રહે છે જેથી અરજદારને તે મુજબ અનુસરવા તથા તેમ કર્યેથી કાયદા અને નિયમોની જોગવાઈ અન્વયે માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર (હે અને હો) ને આથી જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૧૫
તારીખ : ૧૫–૫–૦૭.

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અનિલ ડી.પુરોહીત

અપીલ અરજી નં.૭૧/૦૭, તા.૨૬–૪–૦૭.

અરજદાર : ભૂપેન્દ્રભાઈ પ્રેમજીભાઈ માજીદરા
સામાવાળા : ઝોનલ ચીફ રાંદેરઝોન.

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભૂપેન્દ્રભાઈ પ્રેમજીભાઈ મોજીદરા ની તા.૨૧–૩–'૦૭ની ટી.પી.૧૨,ફા.પ્લો.૪૬ પૈકી પ્લોટ નં.૫ પ્રગતિનગર સોસાયટીમાં બાંધકામ તોડવામાં આવતું નથી તેમજ એ પ્લોટમાં મૂકાયેલા પ્લાન તથા તેમને અપાયેલ નોટીસો, વાંધા આવેલ જવાબોની નકલ આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૬–૪–'૦૭ની અપીલ અરજી નં.૭૧/૦૭.

શ્રી ભૂપેન્દ્રભાઈ પ્રેમજીભાઈ મોજીદરા ની તા.૨૧–૩–'૦૭ની ટી.પી.૧૨,ફા.પ્લો.૪૬ પૈકી પ્લોટ નં.૫ પ્રગતિનગર સોસાયટીમાં બાંધકામ તોડવામાં આવતું નથી તેમજ એ પ્લોટમાં મૂકાયેલા પ્લાન તથા તેમને અપાયેલ નોટીસો, વાંધા આવેલ જવાબોની નકલ આપવા બાબતની અરજી અંગે કાર્યપાલક ઈજનેરશ્રી અને બ.યફ ના પત્ર નં.૧૨૨ તા.૨૧–૪–૦૭ થી "મુકાયેલ પ્લાનની એક નકલના એક સ્કવેર મીટરના રૂા.૪૪૦/– લેખે તેમજ આપેલ નોટીસલ,વાંધા તેમજ આવેલ જવાબોની નકલ અન્વયે નકલ દીઠ રૂા.૨/– અત્રેની કચેરીએ ભરપાઈ કર્યેથી મળી શકશે તેવો જવાબ પાઠવવામાં આવેલ છે." આમ મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૨૬–૪–'૦૭ના રોજ મ્યુ.કમિશનરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા ડે.કમિશનર(પ.અને ઈ.) ધ્વારા પત્ર નં.આરઆઈ સેલ/૭૮, તા.૧–૫–'૦૭થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે કોઈ કાર્યવાહી થઈ હોય તેવુ જણાયેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકોર્ડને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**"અરજદારની મૂળ અરજીની વિગત પૂરી પાડવા માટે કાર્યપાલક ઈજનેર પશ્ચિમ ઝોન(રાંદેર)ના પત્ર આઉટવર્ડ નં.૧૨૨, તા.૨૧–૪–'૦૭માં અરજદારને નિયત ફી ભરવા અંગે લખવામાં આવેલ પત્ર માહિતી અધિકાર અધિનિયમની કલમ ૭(૩) તેમજ માહિતી અધિકાર રૂલ્સ નિયમ –૫ સાથે સુસંગત નથી જેથી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી નિયત નમૂનામાં ફી ભરવા અંગે વિવરણ દર્શાવતો પત્ર અરજદારને પાઠવી માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."**

સહી/–
કમિશનર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૦૪
તારીખ : ૧૦–૫–૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ રાંદેર ઝોન પ્રતિ .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભૂપેન્દ્ર પ્રેમજીભાલ મોજીદરા

અપીલ અરજી નં.૭૨/૦૭, તા.૧૭–૪–૦૭.

અરજદાર : શ્રી બી.સી.સોનવણે
સામાવાળા : ડે.કમિશ્નર

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બી.સી.સોનવણે ની તા.૨૬–૩–'૦૭ની ટી.પી.૧, ફા.પ્લો. ૧૪૮માં બાંધકામની પરવાનગી,બાંધકામ ગેરકાયદેસર હોય તો તોડવા, કેટલા સમયમાં તેમજ બાંધકામ રેગ્યુલર કરવા ઈમ્પેકટ ફી ભરેલ છે કેમ? વિગેરે વિગતો આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૭–૪–'૦૭ની અપીલ અરજી નં.૭૨/૦૭

અરજદારશ્રી બી.સી.સોનવણે ની તા.૨૬–૩–'૦૭ની ટી.પી.૧, ફા.પ્લો. ૧૪૮માં બાંધકામની પરવાનગી લેવામાં આવેલ છે કેમ? બાંધકામ ગેરકાયદેસર હોય સદર બાંધકામને તોડતા કેમ નથી? ગેરકાયદેસર છે તો કેટલા સમયમાં અને કયારે તોડવા માંગો છો? તેમજ બાંધકામ રેગ્યુલર કરવા ઈમ્પેકટ ફી ભરેલ છે કેમ? વિગેરે વિગતો આપવા બાબતની અરજી અંગે મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૧૭–૪–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૧, તા.૨–૫–'૦૭થી જણાવવામાં આવેલ. જે અંગે તેઓ તરફથી કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દસ્તાવેજો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારને તેઓની અરજીના સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૭૫, તા.૯–૪–'૦૭થી "પ્રશ્નવાળી મિલ્કતમાં બાંધકામની અત્રેથી પરવાનગી લેવામાં આવેલ નથી. તેમજ સદર મિલ્કતના માલિકે ગેરકાયદેસર બાંધકામને રેગ્યુલર કરવા ઈમ્પેકટ ફી ભરેલ નથી તેમ જણાવેલ. જયારે સદર બાંધકામ ગેરકાયદેસર હોય તો તોડતા કેમ નથી? તેમજ તેને કેટલા સમયમાં અને કયારે તોડવા માંગો છો તે અંગે અરજદારે કોઈ માહિતી માંગેલ નથી એમ જણાવેલ." આમ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને ઉપલબ્ધ દફતર પરથી માહિતી આપ્યાનું જપાવેલ છે. જયારે અરજદારના તે મુદ્દા પ્રશ્ન બાબતે કાર્યવાહી હાથ ધરવા અંગનો સુચિતાર્થ છે. જેથી અપીલ બાબતે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય પૂરી પાડેલ માહિતીના અનુસંધાને અપીલનો આખરી નિકાલ કરવામાં આવે છે.

તેમ છતાં અરજદારની અરજીમાંની વિગતો ધ્યાને લેતા ઝોનના કાર્યક્ષેત્રની આ અંગેની ફરજોને ધ્યાને લઈ ગેરકાયદેસર બાંધકામ બાબતે યોગ્ય ચકાસણી કરી ઉચિત સમયમાં અરજદારને સુચિત કરવા ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોન ને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૦૨
તારીખ : ૧૦–૫–૦૭.

(૧) ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોન .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી બી.સી.સોનવણે

અપીલ અરજી નં.૭૩/૦૭, તા.૧૬–૪–૦૭

અરજદાર : શ્રી દિનેશ ગાંડાભાઈ અનાજવાલા
સામાવાળા : ડે.કમિશ્નર(પ.અને ઈ.)

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશ ગાંડાભાઈ અનાજવાલા ની તા.૧૪–૨–'૦૭ની બીપીએમસી એકટની કલમ ૪૫ હેઠળ ના ફરજ બજાવતા અધિકારીઓ તેઓની પસંદગીની પ્રક્રિયા તેમજ તેઓની મિલ્કત અંગે કરેલ જાહેરાતની વિગત આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૬–૪–'૦૭ની અપીલ અરજી નં.૭૩/૦૭.

શ્રી દિનેશ ગાંડાભાઈ અનાજવાલા ની તા.૧૪–૨–'૦૭ની બીપીએમસી એકટની કલમ ૪૫ હેઠળના ફરજ બજાવતા અધિકારીઓ તેઓની પસંદગીની પ્રક્રિયા તેમજ તેઓની મિલ્કત અંગે કરેલ જાહેરાતની વિગત આપવા બાબતની અરજી પૈકી કલમ–૪૫ ના અધિકારીઓની મિલ્કત અંગે જાહેરાતની વિગતો નહીં આપવા બાબતના જાહેર માહિતી અધિકારી અને નાયબ મ્યુ.કમિશ્નર (પ અને ઈ)ના પ્રતિભાવથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૧૬–૪–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨, તા.૨–૫–'૦૭થી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમ અને મદદનીશ જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જે અંગે ડે.કમિશ્નર(પ.અને ઈ.) ધ્વારા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૭૫, તા.૫–૪–'૦૭થી બીપીએમસી એકટની કલમ ૪૫ હેઠળના સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીઓની વિગત તેમજ કાયદેસરની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિયુકત થયેલ અધિકારીઓની તેમજ ચેપ્ટર પ્રોવાઈઝો હેઠળ નિયુકત થયેલ અધિકારીઓની વિગત પૂરી પાડવામાં આવેલ છે જયારે અધિકારીઓની મિલ્કત સંબંધી માહિતી, માહિતી અધિકાર અધિનિયમની કલમ ૮(૧)(ચ) તેમજ સદરહું અધિનિયમની કલમ ૮(૧)(ઠ) મુજબ પૂરી પાડી શકાય તેમ નથી એમ જણાવેલ તેમજ સેક્રેટરી અને ચીફ ઓડિટરશ્રીને તેઓની વિગત પૂરી પાડવા તેમના પત્ર નં. જીએડી/ઈએસટી/૫૦૬૦ તેમજ નં.૫૦૬૧ થી અનુક્રમે અરજી તબદીલ કરવામાં આવેલ. જે પૈકી સેક્રેટરીશ્રીની મિલ્કત અંગેની વિગતો તેઓના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૯૩ તા.૨૧–૩–૦૭ થી પૂરી પાડવામાં આવેલ છે.

અરજી અને અપીલમાં રજુ થયેલ દસ્તાવેજોને ધ્યાને લેતાં નીચે મુજબની વિગતે હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અરજીના અનુસંધાને ડે.કમિશ્નર(પ.અને ઈ.)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૭૫, તા.૫–૪–'૦૭ થી સુરત મહાનગરપાલિકામાં કલમ–૪૫ હેઠળ ફરજ બજાવતા અધિકારીઓની, તેઓની કાયદેસરની પસંદગીની પ્રક્રિયા પુર્ણ કરાયા બાદ નિયુકત થયેલ અધિકારીઓની વિગત તેમજ ચેપ્ટર પ્રોવાઈઝો હેઠળ નિયુકત થયેલ અધિકારીઓની વિગત પૂરી પાડવામાં આવેલ છે.

જયારે બાકીની માહિતીની માંગણીમાં વ્યાપક જાહેર હિતનું સમર્થન જણાતું ન હોઈ તે નહીં આપવાનો જાહેર માહિતી અધિકારીનો નિર્ણય યથાવત રાખવામાં આવે છે. અને અપીલ નામંજુર કરવામાં આવે છે.

ઉપરોકત નિર્ણયથી આપ અસંતુષ્ટ હો તો મુખ્ય માહિતી કમિશ્નરશ્રી રાજય માહિતી આયોગ,આંકડા અને અર્થશાસ્ત્ર બ્યુરો કચેરી,સેકટર નં.૧૮,ગાંધીનગરને દિન–૯૦ માં સેકન્ડ અપીલ કરવા હકકદાર છે.

સહી/–
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૩૨
તારીખ :૧૮–૫–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(પ.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારી .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી દીનેશભાઈ ગાંડાભાઈ અનાજવાલા

અપીલ અરજી નં.૭૪/૦૭ તા.૨૭-૪-૦૭

નં.આરટીઆઈ સેલ/-૨૨૪
તા.૧૪-૫-૦૭

પ્રતિ,
શ્રી હેમંતભાઈ એન. દેસાઈ
[illegible]

વિષય :- આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૧૨-૩-'૦૭ની ૪/૨૮૪, ૨૯૪, ૨૯૬,૩૦૭,૩૬૦વાળી મિલ્કતમાં કઈ તારીખ અને કઈ સાલથી સેલોલેકર,સ્પીરીટ,એસીડ ના લાઈસન્સ અને કેટલા લિટરની પરવાનગી આપવામાં આવી છે તેની વિગત આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.૨૭-૪-'૦૭ની અપીલ અરજી નં.૭૪/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપની તા.૧૨-૩-'૦૭ની ઉકત વિષયની અરજીથી માંગવામાં આવેલ માહિતી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનના પત્ર સે.ઝોન/આ.નં.૨૩, તા.૭-૪-'૦૭થી પુરી પાડવામાં આવેલ છે. આપની સંદર્ભિત પત્રની અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ મુદ્દા નં.૧ થી ૩ ની વિગતો મૂળ અરજીમાં સમાવિષ્ટ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

વધુમાં તમો સદર માહિતી મેળવવા રસ ધરાવતા હોવ તો માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ હેઠળ નવી અરજી કરી લાગત જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી મેળવી શકશો.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

અપીલ અરજી નં.૭૫/૦૭, તા.૨૭–૪–૦૭.

અરજદાર : શ્રી પુરુસોત્તમ નાગજીભાઈ પરમાર
સામાવાળા : (૧) ડે.કમિશ્નર(સા.ઝોન), (૨)ડાયરેકટર ઓફ પ્લાનીંગ

**હુકમ :–**

**વિષય :** રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ શ્રી પુરુસોત્તમભાઈ નાગજીભાઈ પરમાર તા.૨૯–૩–'૦૭ની બમરોલી સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭ની જમીનમાં મહાનગરપાલિકા આકારણી દફતરે દાખલ થયેલ પ્રભુનગર સોસાયટી બાબતે મુદ્દા નં.૧ થી ૧૭ની વિગત આપવા બાબત.

સંદર્ભ : અરજદારની તા.૨૭–૪–'૦૭ની અપીલ નં. ૭૫/૦૭.

અરજદાર શ્રી પુરુસોત્તમ નાગજીભાઈ પરમારની તા.૨૯–૩–'૦૭ની બમરોલી સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭ની જમીનમાં મહાનગરપાલિકા આકારણી દફતરે દાખલ થયેલ પ્રભુનગર સોસાયટી બાબતે મુદ્દા નં.૧ થી ૧૭ની વિગત આપવા બાબતની અરજીના સંદર્ભે ડે.મ્યુ.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/૯૮, તા.૨૪–૪–'૦૭થી આંશિક માહિતી પૂરી પાડી મુદ્દા નં.૧૪,૧૬ તેમજ ૧૭ બાબતે પત્ર નં.સા.ઝોન/ટેક./૪૦૮, તા.૧૨–૪–'૦૭થી ટાઉન પ્લાનર અને મદદનીશ જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ.

જે અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા સદર અરજી મુદ્દા નં.૧૦,૧૧ અને ૧૩ બાબતે અરજદારને પરભારે પ્રત્યુત્તર પાઠવવા જણાવી તેઓના પત્ર નં.ટીપીડી/૫૨૦, તા.૨૪–૪–'૦૭થી કલેકટરશ્રીને તેમજ મુદ્દા નં.૬, ૭ અને ૧૨ અંગે અરજદારને પરભારે પ્રત્યુત્તર પાઠવવા પત્ર નં.ટીપીડી/૫૨૧, તા.૨૪–૪–'૦૭થી જિલ્લા વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ. વધુમાં ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રીના પત્ર નં.ટીપીડી/૬૩૬, તા.૨૭/૩૦–૪–'૦૭ના પત્રથી અરજદારને તેઓની અરજીના સંદર્ભમાં સાઉથ ઝોનના જાહેર માહિતિ અધિકારી તરફથી તબદીલ થયેલ અરજી મુદ્દા નં.૧૪,૧૬ અને ૧૭ ની માહિતિ પૂરી પાડવામાં આવેલ છે.

નાયબ જિલ્લ વિકાસ અધિકારી અને માહિતી અધિકારીના પત્ર નં.૬/જીપં/પંશા/રાટુ ઈ એકટ ૨૦૦૫/અરજી/તબદીલ/વશી/૮૭૯/૦૭, તા.૧૪–૫–'૦૭ ના રોજ અરજદારની અરજી ના મુદ્દા નં.૬ માં જણાવેલ માહિતી આપવા ફરીથી તબદીલ કરવામાં આવેલ જે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૭, તા.૧૮–૫–'૦૭થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને તબદીલ કરવામાં આવેલ. પરંતુ ડે.મ્યુનિસિપલ કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારીએ આપેલ માહિતિમાં તેનો સમાવેશ થતો હોવાનું જણાય છે.

આમ, અરજદાર મજકુરની તા.૨૯–૩–'૦૭ની અરજી બાબતે ડે.કમિશ્નરશ્રી તેમજ ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા માહિતી પૂરી પાડવામાં આવેલ છે તેમજ આંશિક માહિતી માટે ઉપર જણાવ્યા પ્રમાણે કલેકટરશ્રી તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ છે. અરજદાર ધ્વારા તા.૨૭–૪–'૦૭ના સામેલ પત્રમાં જણાવેલ વિગતે અરજી ખોટી તબદીલ કર્યાનું તેમજ ખોટી અને ગેરમાર્ગે દોરતી માહિતી આપ્યાનું જણાવેલ છે, પરંતુ તે અંગે કોઈ આધારો રજુ કરેલ નથી.

જે હકીકત ધ્યાને લેતાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવી હોઈ સદર અપીલ અંગે કશુ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૩૯
તારીખ : ૨૨–૫–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નરઅને જાહેર માહિતી અધિકારી,સાઉથ ઝોન.......જાણ માટે.
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી .......જાણ માટે.
(૩) શ્રી પુરુસોત્તમ નાગજીભાઈ પરમાર

અપીલ અરજી નં.૭૬/૦૭, તા.૧૬–૪–૦૭.

અરજદાર : શ્રી દિપક આર. પટેલ
સામાવાળા : શાસનાધિકારી

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક આર પટેલ ની તા.૧૫–૩–'૦૭ ની માહિતી મેળવવા માટેની અરજી બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૬–૪–'૦૭ની અપીલ અરજી નં.૭૬/૦૭.

શ્રી દિપક આર.પટેલની તા.૧૫–૩–'૦૭ની માહિતી માટેની અરજી અંગે ફી ભરવાનો પત્ર ૩૦ દિવસની સમયમર્યાદા બાદ રૂબરૂ મળ્યો હોવાથી માહિતી વિના મૂલ્યે પૂરી પાડવા તેમના ધ્વારા તા.૧૬–૪–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭, તા.૫–૫–'૦૭થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ તરફથી પત્ર નં.૭૬૨ તા.૧૦–૫–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ જેમા જણાવ્યા મુજબ અરજદારની અરજીના સંદર્ભે વિગત તૈયાર કરી અરજદારને પત્ર નં.૨૦૫ તા.૧૨–૪–૦૭ ના રોજ નિયત ફી રૂા.૧૫૭૪૦/– ભરવા જાણ કરતો પત્ર તેઓને તા.૧૩–૪–૦૭ ના રોજ નિયત સમયમર્યાદામાં પહોંચાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની અપીલની સુનાવણી તા.૧–૬–૦૭ ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર પોતે તેમજ જાહેર માહિતી અધિકારી તરફે ઉપશાસનાધિકારી અને મદદનીશ જાહેર માહિતી અધિકારી ઉપસ્થિત રહયા હતા. જે દરમ્યાન અરજદાર ધ્વારા લેખિતમાં વિનામુલ્યે માહિતી પૂરી પાડવાની રજુઆત કરવામાં આવેલ. જે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની અરજીના સંદર્ભે શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ–૬(૧),૭(૩) તેમજ નિયમ–૫ અન્વયે નિયત સમયમાં અરજદારને નિયત ફી ની રકમ ભરવા જણાવેલ હોય અરજદારને કાયદાની જોગવાઈ મુજબ નિયત ફી ની રકમ ભરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે. "

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૬૨
તારીખ : ૪–૬–૦૭.

પ્રતિ
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી .......જાણ માટે.
(૨) શ્રી દિપક આર. પટેલ

અપીલ અરજી નં.૭૭/૦૭, તા.૫–૫–૦૭.

અરજદાર : શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળા : આસી.કમિશ્નર

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા.૭–૪–'૦૭ની વોર્ડ નં.૪, નોંધ નં.૨૮૪ વાળી મિલ્કતમાં ગેરકાયદે બાંધકામ અંગે માંગવામાં આવેલ માહિતી બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૫–૫–'૦૭ની અપીલ અરજી નં.૭૭/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે શ્રી સુરેશ એમ.પટેલની તા.૭–૪–'૦૭ની વોર્ડ નં.૪, નોંધ નં.૨૮૪ વાળી મિલ્કતમાં ગેરકાયદે બાંધકામ અંગે માંગવામાં આવેલ માહિતી બાબતની અરજી અંગે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં.૧૦૫, તા.૩૦–૪–'૦૭થી સદર મિલ્કતમાં રીપેરીંગની પરવાનગીને આધાર ગેરકાયદેસર બાંધકામ થયેલ નથી પરંતુ સને ૧૯૯૮માં ગ્રાઉન્ડ ફલોર અને ત્રણ માળનો પ્લાન મંજુર થયેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પરથી જણાય છે. વસવાટ પરવાનગી લેવામાં આવી નથી. પંરતુ ગુમાસ્તાધારાનું લાયસન્સ જરૂરી પુરાવાઓ રજુ કરી મેળવવામાં આવેલ છે તેવો જવાબ પાઠવવામાં આવેલ. જેનાથી અરજદારને સંતોષ ન થતાં તેમના ધ્વારા તા.૫–૫–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮, તા.૧૧–૫–'૦૭થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જે સંદર્ભે કોઈ વિગત આવેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દસ્તાવેજો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજીમાં માગેલ વિગત કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા પૂરી પાડવામાં આવેલ છે તેમજ અરજદાર ધ્વારા અપીલ અરજીમાં મૂળ અરજીથી અલગ મુદ્દાઓ રજુ કરવામાં આવેલ છે. અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ હોય તેઓની અપીલ અરજી અંગે હવે કશું કરવાનું રહેતુ નથી. જેથી અપીલનો નિકાલ કરવામાં આવે છે. વધુમાં અરજદાર અપીલમાં જણાવેલ મુદ્દાઓ અંગે માહિતિ મેળવવા ઈચ્છુક હોય તો માહિતિ અધિકાર અધિનિયમની કલમ–૬(૧) અને નિયમ–૩ અને ૫ હેઠળ જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતિ મેળવી શકે છે."

સહી/–
કમિશ્નર
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૩૭
તારીખ : ૨૨–૫–૦૭

પ્રતિ
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુરેશ એમ. પટેલ

અપીલ અરજી નં.૭૮/૦૭, તા.૯–૫–૦૭.

અરજદાર : શ્રી જીતેન્દ્ર આત્મારામ ઠાકરે
સામાવાળા : ડે.કમિશ્નર(પ.અને ઈ.)

**હુકમ :–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીતેન્દ્ર આત્મારામ ઠાકરેની તા.૧૦–૪–'૦૭ની મરાઠી માધ્યમની શાળા માટે રોસ્ટર ક્રમાંકની ગણતરી અંગેના નિયમો, શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવતા શિક્ષકોની ડિગ્રી અને દહતભ ની માન્યતા, ૨૦૦૬ માં મરાઠી માધ્યમમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટે આપેલ અનુભવ સર્ટીની નકલ,અનુભવ સર્ટીના માર્ક મેરીટની ગણતરીમાં લેવામાં આવે છે કે કેમ? તે અંગેની માહિતી માંગણી અરજી.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૯–૫–'૦૭ની અપીલ અરજી નં.૭૮/૦૭.

ઉપરોકત વિષય તેમજ સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શ્રી જીતેન્દ્ર આત્મારામ ઠાકરેની તા.૧૦–૪–'૦૭ની મરાઠી માધ્યમની શાળા માટે રોસ્ટર ક્રમાંકની ગણતરી અંગેના નિયમો, શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવતા શિક્ષકોની ડિગ્રી અને દહતભ ની માન્યતા, ૨૦૦૬ માં મરાઠી માધ્યમમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટે આપેલ અનુભવ સર્ટીની નકલ, અનુભવ સર્ટીના માર્ક મેરીટની ગણતરીમાં લેવામાં આવે છે કે કેમ? તે અંગેની માહિતી માંગણી અરજી અંગે પર્સોનલ ઓફિસર(રીક્રુટમેન્ટ) અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭, તા.૮–૫–'૦૭થી અરજદાર મજકુરને નિયત ફીના રૂા.૧૧૦/– જમા કરાવ્યેથી રસીદ બતાવ્યેથી માંગેલ માહિતીની કાર્યવાહી થઈ શકશે એમ જણાવેલ છે. જયારે ડે.કમિશ્નર(પ.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.સુમન/મા.શાળા સેલ/૪૮, તા.૮–૫–'૦૭થી શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવતા શિક્ષકોની તાલીમી સ્નાતકની ડિગ્રી લીધેલ કોલેજની દહતભ ની માન્યતાની માહિતી મેળવવાની કાર્યવાહી ચાલુ હોય માહિતી અત્રે મળ્યેથી કાયદા હેઠળ નકલ દીઠ નકકી કરેલ ફી અરજદાર તરફથી ભર્યા બાદ આપવામાં આવશે તેમ જણાવેલ છે. જે અંગે અરજદાર ધ્વારા તા.૯–૫–'૦૭ના રોજ રૂા.૧૧૦/–ની ફી રસીદ નં.૧૨૨૬૦૯થી ભરવામાં આવેલ છે. તેમ છતાં સંબંધિત વિભાગ ધ્વારા માહિતી પૂરી પાડવામાં આવેલ ન હોય જે અંગે તા.૯–૫–'૦૭ના રોજ મ્યુ.કમિશનરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧, તા.૧૬–૫–'૦૭થી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર(રીક્રુટમેન્ટ)ને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૫, તા.૧૦–૫–'૦૭થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાનું તેઓના રીપોર્ટ નં.જીએડી/ઈએસટી/આર/૧૪૧,તા.૨૨–૫–'૦૭થી અત્રેની કચેરીને જણાવેલ છે.

ઉપરોકત હકીકતે અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ હોય હાલના તબકકે અત્રેથી કશું કરવાનું રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે.

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૫૦
તારીખ : ૨૮–૫–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(પ.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારી, .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જીતેન્દ્ર આત્મારામ ઠાકર

અપીલ અરજી નં.૭૯/૦૭, તા.૯–૫–૦૭.

અરજદાર : શ્રી  વશરામભાઈ રામજીભાઈ પટેલ
સામાવાળા : ઝોનલ ચીફ વરાછા ઝોન.

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલની તા.૯–૪–'૦૭ ની પાણીનું નવું કનેકશન મેળવવા અંગે પાલિકાને નિયત ફોર્મમાં અરજી કર્યા બાદ  કેટલા સમયમાં નવું જોડાણ મળે તેમજ લાયસન્સ હોલ્ડર પ્લમ્બરને નવા જોડાણ  લેવામાં શું ભૂમિકા હોય તે અને નવું જોડાણ લાયસન્સ પ્લમ્બર મારફત જ કરવું તે  અંગે કોઈ ઠરાવ થયેલ હોય તો તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૯–૫–'૦૭ની અપીલ અરજી નં.૭૯/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલની તા.૯–૪–'૦૭ ની પાણીનું નવું કનેકશન મેળવવા અંગે પાલિકાને નિયત ફોર્મમાં અરજી કર્યા કેટલા સમયમાં નવું જોડાણ મળે તેમજ લાયસન્સ હોલ્ડર પ્લમ્બરને નવા જોડાણ લેવામાં શું ભૂમિકા હોય તે અને નવું જોડાણ લાયસન્સ પ્લમ્બર મારફત જ કરવું તે અંગે કોઈ ઠરાવ થયેલ હોય તો તેની માહિતી આપવા બાબતની અરજી અંગે નિયત સમયમર્યાદામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી  તા.૯–૫–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી  તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૩, તા.૧૬–૫–'૦૭થી જણાવવામાં આવેલ. દરમ્યાનમાં અરજદાર મજકુરને ઝોનલ ચીફ પૂર્વ ઝોન(વરાછા) ના પત્ર નં.ઈ ઝેડ/એન્જી./આઉટ/૨૦૦, તા.૧૧–૫–'૦૭થી નવા પાણી કનેકશન માટે અરજી ફોર્મમાં અરજી કર્યેથી તેની ચકાસણી/સ્થળ નિરીક્ષણ કરવા બાબત તે અરજી યોગ્ય જણાયેથી મંજુર કરવામાં આવે છે. મંજુર અરજીમાં જો કોઈ વિસંગતતા ન જણાય તો નિયત નાણાં ભરપાઈ થયા બાદ દિન–૦૭માં જોડાણ આપવામાં આવે છે તેમજ સદર કામગીરી બીપીએમસી એકટ અન્વયે સુરત મહાનગર સેવા સદનના નિયુકત લાયસન્સ પ્લમ્બર મારફતે અરજદારની સહીનું વેરીફીકેશન તેઓ ધ્વારા આપી, સ્થળ હયાત લાઈનમાં માંગેલ કનેકશનની તાંત્રિક કામગીરી લાયસન્સ પ્લમ્બર મારફત પાણી ખાતાના સુપરવીઝન હેઠળ જ કરવાની રહે છે તેમ જણાવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દસ્તાવેજો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજીમાં માગેલ તેમજ નહી પૂરી પાડેલ "પાણીના નવા જોડાણ માટે લાયસન્સ હોલ્ડર પ્લમ્બર મારફતે જ કરવું તે અંગે કોઈ ઠરાવ થયેલ હોય તો તેની માહિતી" ઉપલબ્ધ દફતરેથી કાયદા અને નિયમની જોગવાઈને ધ્યાને લઈ પૂરી પાડવા ઝોનલ ચીફ વરાછા ઝોન તથા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૪૦
તારીખ : ૨૨–૫–૦૭.

પ્રતિ
(૧) ઝોનલ ચીફ વરછા ઝો અને જાહેર માહિતી અધિકારી,.......જાણ તથા અમલ માટે.
(૨)  શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલ

અપીલ અરજી નં.૮૦/૦૭, તા.૧૧–૫–૦૭.

અરજદાર : ડો. સરોશ શામ ભકકા
સામાવાળા : એસેસમેન્ટ અને રીકવરી ઓફિસર(સેન્ટ્રલ સેલ)

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો.સરોશ શામ ભકકાની તા.૧૧–૪–'૦૭ ની સુરત મહાનગરપાલિકા ધ્વારા ખાનગી મીલ્કતની આકરણી અને વેરા વસુલાત વિભાગની વેરા વસુલીકરણની પધ્ધતિ વ્યકિતના નામ દાખલ કરવા નામ કમી કરવામાં તથા સંચાલનના નિયમોની કોપી આપવા અંગે મુદ્દા નં.૧ થી ૭ બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૧–૫–'૦૭ની અપીલ અરજી નં.૮૦/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, ડો.સરોશ શામ ભકકાની તા.૧૧–૪–'૦૭ ની સુરત મહાનગરપાલિકા ધ્વારા ખાનગી મિલ્કતની આકરણી અને વેરા વસુલાત વિભાગની વેરા વસુલીકરણની પધ્ધતિ વ્યકિતના નામ દાખલ કરવા નામ કમી કરવામાં તથા સંચાલનના નિયમોની કોપી આપવા અંગે મુદ્દા નં.૧ થી ૭ બાબતની અરજી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૪૦, તા.૧૨–૪–'૦૭થી એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર(સેન્ટ્રલ સેલ)ને તબદીલ કરવામાં આવેલ. જે અંગે નિયત સમયમર્યાદામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી તા.૧૧–૫–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૨, તા.૧૬–૫–'૦૭થી એસેસમેન્ટ અને રીકવરી ઓફિસર(સેન્ટ્રલ સેલ)ને જણાવવામાં આવેલ, પરંતુ હજુ સુધી કોઈ વિગતો અત્રે મળેલ નથી. અરજદારે માંગેલ વિગતો જોતા તે વિગતોનો માહિતી અધિકાર અધિનિયમની અપવાદ અન્વયેની કલમ હેઠળ સમાવેશ થતો નથી.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજીમાં સમાવિષ્ઠ મુદ્દા નં.૧ થી ૭ ની સવિસ્તર મુદ્દાવાર માહિતી કાયદા અને નિયમની જોગવાઈ ધ્યાને લઈ અરજદારને સત્વરે પૂરી પાડી તેની જાણ અત્રે કરવા મદદનીશ જાહેર માહિતી અધિકારી અને એસેસમેન્ટ રીકવરી ઓફિસર(સેન્ટ્રલ સેલ)ને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૧૫૩
તારીખ : ૨૯–૫–૦૭.

પ્રતિ
(૧) એસસમેન્ટ અને રીકવરી ઓફિસર(સેન્ટ્રલ સેલ) અને મદદનીશ જાહેર માહિતી અધિકારી પ્રતિ.....જાણ તથા અમલ માટે.
(૨) ડો.સરોશ શામ ભકકા

અપીલ અરજી નં.૮૧/૦૭, તા.૧૮–૫–૦૭.

અરજદાર : શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા : આસી.કમિશ્નર

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૧૦–૪–'૦૭ ની વોર્ડ નં.૪–એ માં સફાઈ કામદાર કેટલા હોવા જોઈએ અને હાલ કેટલા છે તેમજ અન્ય વિસ્તારમાં બે વખત સફાઈ થાય છે જયારે વોર્ડ –૪ એ માં બે વખત સફાઈ થતી નથી અને રાત્રી સફાઈ સદર વિસ્તારમાં થતી નથી બજાર માર્કેટ તેમજ અન્ય ગલીમાં પણ સફાઈ બરાબર થતી નથી. તે અંગેની માહિતિ મેળવવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૮–૫–'૦૭ની અપીલ અરજી નં.૮૧/૦૭.

શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૧૦–૪–'૦૭ ની વોર્ડનં.૪–એ માં સફાઈ કામદાર કેટલા હોવા જોઈએ અને હાલ કેટલા છે તેમજ અન્ય વિસ્તારમાં બે વખત સફાઈ થાય છે જયારે વોર્ડ –૪ એ માં બે વખત સફાઈ થતી નથી અને રાત્રી સફાઈ સદર વિસ્તારમાં થતી નથી બજાર માર્કેટ તેમજ અન્ય ગલીમાં પણ સફાઈ બરાબર થતી નથી. તે અંગેની માહિતિ મેળવવા બાબતની અરજી અંગે નિયત સમયમર્યાદામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી તા.૧૮–૫–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૬, તા.૨૧–૫–'૦૭થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને જણાવવામાં આવેલ. દરમ્યાનમાં કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)ના પત્ર નં.સે.ઝોન/આઉટ/૧૧૫૦, તા.૧૮–૫–'૦૭થી અરજદારને માહિતી પૂરી પાડવમાં આવેલ છે.

ઉપરોકત હકીકતે અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ હોય અત્રેથી કશું કરવાનું રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે.

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૧૬૧
તારીખ : ૪–૬–૦૭.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન), .......જાણ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ

અપીલ અરજી નં.૮૨/૦૭, તા.૧૭–૫–૦૭.

**અરજદાર :** ડો.બી.એમ.ગોકાણી
**સામાવાળા:** ડાયરેકટર ઓફ પ્લાનીંગ.

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો બી.એમ. ગોકાણી ની તા.૯–૪–'૦૭ ની વોર્ડ નં.૬ મિલ્કત નં.૨૦૯૦ ઉપર મહાનગરપાલિકા પાસે ૨૦૦૩ માં પ્લાન પાસ કરાવી કરવામાં આવેલ બાંધકામ તેઓના તા.૧૫–૭–૯૯ ના ડોકયુમેન્ટ પ્રમાણેના ઈઝમેન્ટ રાઈટનો ભંગ કરેલ છે તેમજ કોર્પોરેશનના બાયલોઝ અને ધારાધોરણની કોપી મેળવવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૭–૫–'૦૭ની અપીલ અરજી નં.૮૨/૦૭.

ડો બી.એમ. ગોકાણી ની તા.૯–૪–'૦૭ ની વોર્ડ નં.૬ મિલ્કત નં.૨૦૯૦ ઉપર મહાનગરપાલિકા પાસે ૨૦૦૩ માં પ્લાન પાસ કરાવી કરવામાં આવેલ બાંધકામ તેઓના તા.૧૫–૭–૯૯ ના ડોકયુમેન્ટ પ્રમાણેના ઈઝમેન્ટ રાઈટનો ભંગ કરેલ છે તેમજ કોર્પોરેશનના બાયલોઝ અને ધારાધોરણની કોપી મેળવવા બાબતની અરજી અંગે શહેર વિકાસ અધિકારી અને મદદનીશ જાહેર માહિતિ અધિકારી ના પત્ર નં. ટીડીઓ/૩૬૧ તા.૨૬–૪–૦૭ થી માહિતિ પૂરી પાડવામાં આવેલ. જે અધુરી અને અપુરતી હોય તા.૧૭–૫–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ. જે અંગે શહેર વિકાસ અધિકારીના પત્ર નં.ટીડીઓ/૧૦૩૨, તા.૩૦–૫–'૦૭ની વિગતો ધ્યાને લઈ અત્રેના હુકમ નં.આરટીઆઈ સેલ/૧૭૭, તા.૭–૬–'૦૭થી અરજદારની મૂળ અરજીમાં જણાવ્યા મુજબ તેમજ ત્યારબાદ સમયાંતરે તેઓ ધ્વારા કરવામાં આવેલ પત્ર વ્યવહાર અંગેના જવાબો અરજદારને પાઠવવામાં આવેલ છે તેમજ માંગેલ પ્લાન અને નિયમો નિયત ફી ભરી લાગત કચેરીથી મેળવી લેવા જણાવવામાં આવેલ. જેથી અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવેલ.

તેમ છતાં આ અંગે અરજદાર ધ્વારા તેમના તા.૨૬–૬–'૦૭ના પત્રથી માંગેલ માહિતી પૈકી તેમના તા.૧૬–૧–'૦૪ના પત્રમાં જણાવ્યા અનુસાર શહેર વિકાસ અધિકારી ધ્વારા માહિતી હેઠળની મિલ્કત અંગે કરેલ કાર્યવાહી સમયે અરજદાર અને પક્ષકાર વચ્ચેના તા.૧૫–૭–'૯૯ના દસ્તાવેજને ધ્યાને રાખવામાં આવેલ કે કેમ? તે બાબતની માહિતી આપેલ ન હોય રૂબરૂ સુનાવણી માટે પણ આગ્રહ રાખતા આ અંગે તા.૧૬–૭–'૦૭ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર તેમજ લાગત જાહેર માહિતી અધિકારી તરફે શહેર વિકાસ અધિકારી ઉપસ્થિત રહયા હતા. સુનાવણીમાં અરજદાર ધ્વારા તેઓની તા.૧૬–૧–'૦૪ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૂરી પાડવા તેમજ તા.૧૫–૭–'૯૯ના ડોકયુમેન્ટ ધ્યાને લઈ તેના સંદર્ભે માહિતી પૂરી પાડવા જણાવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ રૂબરૂ સુનાવણીમાં કરવામાં આવેલ રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૬–૧–'૦૪ની અરજીથી માંગ્યા મુજબની માહિતી તા.૧૫–૭–'૯૯ના ડોકયુમેન્ટને ધ્યાને લઈ દિન–૦૭માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવે છે. "

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૨૯૦
તારીખ : ૨૩–૭–૦૭.

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) ડો.બી.એમ.ગોકાણી

અપીલ અરજી નં.૮૩/૦૭, તા.૨૧–૫–૦૭.

**અરજદાર :** ડો.સરોશ શામ ભકકા.
**સામાવાળા:** ડે.કમિશ્ન(સ્પે.).

**હુકમ :–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો.સરોશ શામ ભકકાની તા.૨૧–૪–૦૭ ની અઠવા ઝોન વોર્ડ નં.૧૩/એ,સીટી સર્વે નં.૨૩૨૦/બ, ફાઈનલ પ્લોટ નં.૧૦૮/એ વાળી મીલકતમાં બીજા માળનો ફલેટ તથા તેની ઉપરના ટેરેસ સાથેના રૂમો તથા તેની ઉપરના ટરેસો (ટેનામેન્ટ નં.૧૩એ–૧૧–૬૮૪૧–૦–૦૦૧) બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૧–૫–'૦૭ની અપીલ અરજી નં.૮૩/૦૭.

ડો.સરોશ શામ ભકકાની તા.૨૧–૪–૦૭ ની અઠવા ઝોન વોર્ડ નં.૧૩/એ,સીટી સર્વે નં.૨૩૨૦/બ, ફાઈનલ પ્લોટ નં.૧૦૮/એ વાળી મીલકતમાં બીજા માળનો ફલેટ તથા તેની ઉપરના ટેરેસ સાથેના રૂમો તથા તેની ઉપરના ટરેસો (ટેનામેન્ટ નં.૧૩એ–૧૧– ૬૮૪૧–૦–૦૦૧) બાબતની અરજી અંગે નિયત સમયમર્યાદામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી તા.૨૧–૫–૦૭ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી ને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૫ , તા.૨૪–૫–'૦૭થી ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારીશ્રી અઠવા ઝોનને જણાવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ ધ્વારા પત્ર નં.સા.વે.ઝોન/આકા.અને વસુ./૪૪, તા.૧૩–૬–'૦૭થી અત્રે મોકલેલ માહિતી અનુસાર કાર્યપાલક ઈજનેર, સા.વે.(અઠવા)ઝોનના પત્ર નં.સા.વે(અઠવા)ઝોન/૪૮, તા.૧૭–૫–'૦૭થી નિયત સમયમર્યાદામાં માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ.

જે હકીકત ધ્યાને લેતા નં.આરટીઆઈ સેલ/૧૯૭, તા.૧૫–૬–'૦૭ના હુકમથી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવેલ. જે અંગે અરજદાર મજકુર ધ્વારા તેમના તા.૨૨–૬–'૦૭ના પત્રથી તેમની મૂળ અરજીથી માંગેલ માહિતી પૈકી અઠવા ઝોનને વિજીલન્સ ખાતા ધ્વારા તા.૨૬–૧–'૦૭ના પત્રથી મોકલેલ તપાસ રીપોર્ટની નકલ મળેલ હોવાનું પરંતુ તે ઝોનને મળ્યા બાદ તે અંગે ઝોને કરેલ કાર્યવાહીની માહિતી નહી મળેલ હોવાનું રજુઆત કરતા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૦, તા.૩૦–૬–'૦૭થી તેની વિગતો અરજદારને પૂરી પાડવા જણાવેલ. દરમ્યાનમાં આ બાબતે તા.૧૬–૭–'૦૭ના રોજ રાખવામાં આવેલ રૂબરૂ સુનાવણીમાં અરજદાર તેમજ લાગત જાહેર માહિતી અધિકારી તરફે કાર્યપાલક ઈજનેર, અઠવા ઝોન ઉપસ્થિત રહયા હતા. સુનાવણીમાં અરજદારે વિજીલન્સના રીપોર્ટ અન્વે ઝોન ખાતે થયેલ કાર્યવાહીની વિગતોની માંગણી કરેલ જયારે કાર્યપાલક ઈજનેર અઠવા ઝોન ધ્વારા અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી તા.૧૮–૭–'૦૭ના રોજ સુધીમાં અરજદારને પૂરી પાડવા જણાવેલ, જે વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદાર ધ્વારા વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરશ્રીનો તપાસ રીપોર્ટ કે જે અઠવા ઝોનમાં પત્ર નં.વીઆઈડી/૧૧૩૦, તા.૧૯–૧–'૦૭થી મોકલવામાં આવેલ, તે રીપોર્ટના સંદર્ભે લાગત કચેરી ધ્વારા કરવામાં આવેલ ખાતાકીય કાર્યવાહીની માહિતી અરજદારને દિન–૦૨માં પૂરી પાડવા અને તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(સ્પે.) ને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૨૯૨
તારીખ : ૨૩–૭–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી(અઠવા ઝોન).......જાણ માટે.
(૨) ડો.સરોશ શામ ભકકા

અપીલ અરજી નં.૮૪/૦૭, તા.૧૯–૫–૦૭.

**અરજદાર :** શ્રી અજય જૈન
**સામાવાળા:** ડાયરેકટર ઓફ પ્લાનીંગ.

**હુકમ :–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ **શ્રી અજય જૈનની તા.૧૨–૪–૦૭ ની રાજ તિલક–'આર' બિલ્ડીંગના પાર્કીંગ શેડ તથા બિલ્ડીંગના બિનઅધિકૃત બાંધકામ બાબત.**

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૫–'૦૭ની અપીલ અરજી નં.૮૪/૦૭

શ્રી અજય જૈનની તા.૧૨–૪–૦૭ ની રાજ તિલક–'આર' બિલ્ડીંગના પાર્કીંગ શેડ તથા બિલ્ડીંગના બિનઅધિકૃત બાંધકામ બાબતની અરજીના અનુસંધાને મદદનીશ જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી ના પત્ર નં.ટીડીઓ/૫૭૦ તા.૧૦–૫–૦૭ થી માહિતી પૂરી પાડવામા આવેલ. જે અધુરી અને અપુરતી હોય તા.૧૯–૫–૦૭ના રોજ મ્યુ.કમિશનરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી ને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆલ સેલ/૧૪૬, તા.૨૪–૫–'૦૭થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દસ્તાવેજોને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની મૂળ અરજી સંદર્ભે મુદ્દા નં.૧ થી ૭ની માહિતી મદદનીશ જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારી ધ્વારા પૂરી પાડવામાં આવેલ છે જયારે તેઓની અપીલ અરજીના અન્ય મુદ્દાઓ માહિતી અધિકાર અધિનિયમના કાર્યક્ષેત્ર હેઠળ નથી જયારે મુદ્દા નં.૧(એ)માં જણાવ્યા મુજબ "જેઓની સામે ફરિયાદ કરેલ હોય તેઓની એકતરફી રજુઆત અનુસાર કયા ધારાધોરણ મુજબ સેડના બાંધકામની પરવાનગી આપી શકે" તે જ બાબતે અરજદારને સ્પષ્ટતા પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવે છે.

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૯૦
તારીખ : ૧૪–૬–૦૭.

પ્રતિ
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અજય જૈન

અપીલ અરજી નં.૮૫/૦૭, તા.૨૨–૫–૦૭.

**અરજદાર :** શ્રી દિનેશભાઈ ગાંડાભાઈ અનાજવાલા
**સામાવાળાઃ** ડે.કમિશ્નર (પ અને ઈ)

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશ ગાંડાભાઈ અનાજવાલાની તા.૧૭–૪–૦૭ની સુરત મહાનગરપાલિકાના ડે.મ્યુ.કમિશ્નરશ્રી પ્રદિપસિંહ ઝાલા જે શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રને આધારે મ.ન.પા.માં પસંદગી પામ્યા હોય તે તમામ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની નકલો બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૨–૫–૦૭ ની અપીલ અરજી નં.૮૫/૦૭

શ્રી દિનેશ ગાંડાભાઈ અનાજવાલાની તા.૧૭–૪–૦૭ની સુરત મહાનગરપાલિકાના ડે.મ્યુ. કમિશ્નરશ્રી પ્રદિપસિંહ ઝાલા જે શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રને આધારે મ.ન.પા.માં પસંદગી પામ્યા હોય તે તમામ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની નકલો બાબતની અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર (પ અને ઈ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૫૮૯ તા.૧૭–૫–૦૭ થી માહિતી પૂરી પાડવામા આવેલ. જે અધુરી અને અપુરતી હોય તા.૨૨–૫–૦૭ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી ને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પત્ર નં. આરટીઆઈ સેલ /૧૪૪ તા.૨૪–૫–૦૭ થી ડે.કમિશ્નર (પ અને ઈ) ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા વધુ કોઈ વિગતો મોકલવામાં આવેલ નહીં.

અપીલ સંદર્ભે આજરોજ તા.૨૦–૬–૦૭ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર પોતે તેમજ જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર (પ અને ઈ) ઉપસ્થિત રહયા હતા. જેમાં અરજદારે લેખિત રજુઆત આપીને જેમના વિશે માહિતી માંગવામાં આવેલ છે તેઓ જાહેર સેવક હોવાથી તેઓના ભરતી પ્રક્રિયાના કાગળો જાહેર કરવા અને માહિતી પૂરી પાડવા રજુઆત કરેલ પરંતુ આ માહિતી માગવા પાછળનું જાહેર હિત જણાવી શકાય તેમ નથી એમ જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા શૈક્ષણિક લાયકાતની માહિતી આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની અપીલ અરજી તેમજ મૌખિક અને લેખિત રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર ધ્વારા માહિતી માગવા પાછળનું જાહેર હિત જણાવી શકાય તેમ નથી તેમ જણાવેલ હોય જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં. જીએડી/ઈએસટી/૫૮૯ તા.૧૭–૫–૦૭ થી અરજદારને જણાવેલ જવાબ ગ્રાહય રાખી અપીલ દફતરે કરવામાં આવે છે."

ઉપરોકત નિર્ણયથી આપ અસંતુષ્ટ હો તો મુખ્ય માહિતી કમિશ્નરશ્રી રાજય માહિતી આયોગ,આંકડા અને અર્થશાસ્ત્ર બ્યુરો કચેરી,સેકટર નં.૧૮,ગાંધીનગરને દિન–૯૦ માં સેકન્ડ અપીલ કરવા હકકદાર છો.

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૨૦૯
તારીખ : ૨૨–૬–૦૭.

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી દિનેશ ગાંડાભાઈ અનાજવાલા

અપીલ અરજી નં.૮૬/૦૭, તા.૨૫–૫–૦૭.

**અરજદાર :** શ્રી અનિલ ડી.પુરોહીત
**સામાવાળા :** ડે.કમિશ્નર(હે અને હો)

**હુકમ :–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનિલ ડી.પુરોહીતની તા.૨૪–૪–'૦૭ની માહે ૨૦૦૭ના ફેબ્રુઆરી માસમાં દળામણીના બીલની ઝેરોક્ષ કોપી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૪–૫–'૦૭ની અપીલ અરજી નં.૮૬/૦૭.

શ્રી અનિલ ડી.પુરોહીતની તા.૨૪–૪–'૦૭ની માહે ૨૦૦૭ના ફેબ્રુઆરી માસમાં દળામણીના બીલની ઝેરોક્ષ કોપી આપવા બાબતની અરજી અંગે નિયત નકલ ફી ભરવા નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજનાના તા.૧૧–૫–'૦૭ના પત્રથી જણાવેલ. જે અંગે નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજનાના પત્ર નં.મભય/અમલ/ આરટીઆઈ/રજી.૧૧–૦૬/૦૭ આ.નં.૫૫/૭, તા.૨૧–૫–'૦૭થી અરજદારે નિયત ફીની રકમ જમાં કરાવેલ ન હોવાથી અરજી દફતરે કરેલ. જેથી નિયત સમયાવધિ પૂર્ણ થતા પહેલા અરજી દફતરે કરવામાં આવેલ હોય અરજદાર ધ્વારા તા.૨૪–૫–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે મૂળ અરજીના અનુસંધાને નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો સ્પષ્ટતા સહ પહોંચતી કરવા ડે.કમિશ્નર(હે અને હો)ને પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૧, તા.૨૯–૫–'૦૭થી જણાવવામાં આવેલ. જે અંગે કોઈ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દસ્તાવેજોને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારને નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના ધ્વારા તેઓની તા.૩–૩–'૦૬ની અરજી માટે તા.૮–૨–'૦૭ અને ૨૫–૪–'૦૭ના રોજ, તા.૨૧–૨–'૦૭ની અરજી માટે તા.૨૨–૩–'૦૭ના રોજ, તા.૨૧–૨–'૦૭ની અરજી માટે તા.૨૨–૩–'૦૭ના રોજ, તા.૨૮–૨–'૦૭ની અરજી માટે તા.૨૨–૩–'૦૭ના રોજ, તા.૭–૩–'૦૭ની અરજી માટે તા.૧૮–૪–'૦૭ના રોજ, તેમજ તા.૧૧–૪–'૦૭ની અરજી માટે તા.૯–૫–'૦૭ના રોજ નકલ ફીની રકમ જમાં કરાવવા જાણ કરેલ. તેમ છતાં તેઓ ધ્વારા નકલ ફીની રકમ તા.૨૧–૫–'૦૭ સુધી જમાં કરાવેલ ન હોય અરજીઓ દફતરે કરેલ છે. અરજદારે તેઓની અપીલ અરજીમાં જણાવ્યા પ્રમાણે ઓફિસ કોઈ હાજર હોતુ નથી તેમજ વારંવાર ધકકા ખાવા પડે છે એમ જણાવેલ, પરંતુ અરજદાર જો ઈચ્છુક હોત તો નકલ ફીની રકમ કોઈપણ નાગરિક સુવિધા કેન્દ્રમાં પણ જમાં કરાવી શકયા હોત તેમજ તેની રસીદ બતાવી માહિતી મેળવી શકયા હોત. તેથી અરજદારે અપીલમાં જણાવેલ આધારો તા.૨૪–૪–'૦૭ની અરજી સિવાય સુસંગત અને તર્કબધ્ધ ઠરતા નથી. જે ધ્યાને લઈ તેમની તા.૨૪–૪–'૦૭ની અરજી અંગે નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજનાના પત્ર નં.મભય/અમલ/ આરટીઆઈ/રજી.૧૧–૦૬/૦૭ આ.નં.૫૫/૭, તા.૨૧–૫–'૦૭થી અરજદારે નિયત ફીની રકમ જમાં કરાવેલ ન હોવાથી નિયત સમયાવધિ પૂર્ણ થતા પહેલા અરજી દફતરે કરેલ છે જે માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈ મુજબ સુસંગત નથી. જેથી અરજદાર પાસેથી નિયત ફી ની રકમ જમાં કરાવી તેઓને માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(હે અને હો) જણાવવામાં આવે છે."

જયારે તેમની બાકીની અરજીઓ અંગે કાયદાનો હાર્દ ધ્યાને લેતાં વધારાની તક આપવાના હેતુથી અરજદારે તેઓની અપીલ અરજીમાં જણાવેલ વિગતે તેઓ "તમામ અરજીના નાણાં ભરવા તૈયાર છે" તે વિગત ધ્યાને લેતાં તેઓ જે અરજીની માહિતી મેળવવા ઈચ્છુક હોય તે અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી ઠરાવેલ સમયમાં માહિતી મેળવી શકે છે.

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૮૦
તારીખ : ૧૧–૬–૦૭

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અનિલ ડી. પુરોહીત

અપીલ અરજી નં.૮૭/૦૭, તા.૨૨–૫–૦૭.

**અરજદાર :** શ્રી મોહંમદઅલી અબ્દુલ્લાભાઈ કાગઝી
**સામાવાળાઃ** (૧)ડે.કમિશ્નર,સાઉથ ઝોન.(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહંમદઅલી અબ્દુલ્લાભાઈ કાગઝી ની તા.૧૮–૪–'૦૭ની બરોડા રેયોન કોર્પોરેશન ધ્વારા મૂકેલ પ્લાન પાસ કરાવવાની અરજીની નકલ તેમજ તે સંદર્ભે કરેલ કાર્યવાહી અને હાલની કેસની પરિસ્થિતિ તેમજ તા.૭–૪–'૦૭ અને તા.૧૭–૪–'૦૭ના રોજ યુનિયન ધ્વારા આપવામાં આવેલ અરજી બાબતે કરેલ કાર્યવાહીની નકલ મેળવવા અંગે.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૨–૫–૦૭ ની અપીલ અરજી નં.૮૭/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી મોહંમદઅલી અબ્દુલ્લાભાઈ કાગઝીની તા.૧૮–૪–'૦૭ ની બરોડા રેયોન કોર્પોરેશન ધ્વારા મૂકેલ પ્લાન પાસ કરાવવાની અરજીની નકલ તેમજ તે સંદર્ભે કરેલ કાર્યવાહી અને હાલની કેસની પરિસ્થિતિ તેમજ તા.૭–૪–'૦૭ અને તા.૧૭–૪–'૦૭ના રોજ યુનિયન ધ્વારા આપવામાં આવેલ અરજી બાબતે કરેલ કાર્યવાહીની નકલ મેળવવાની અરજી અંગે આપના તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવ્યો ન હોય અરજદાર ધ્વારા તા.૨૨–૫–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી ને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૫૨, તા.૨૯–૫–'૦૭થી ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીશ્રી સાઉથ ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા પત્ર નં.સા.ઝોન/ટેક./૧૯૩૩, તા.૧૨–૬–'૦૭થી માહિતી મોકલવામાં આવેલ. જેમાં જણાવ્યા મુજબ તેઓ ધ્વારા મુદ્દા નં.૨ અને ૩ની આંશિક માહિતી ડે.મ્યુ.કમિશ્નરના પત્ર નં. સા.ઝોન/ટેક./૧૫૨૭, તા.૨૬–૫–'૦૭થી પૂરી પાડવામાં આવેલ છે તેમજ મુદ્દા નં.૧ અંગે પત્ર નં.૧૪૯૧, તા.૨૪–૫–'૦૭થી શહેર વિકાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ.

શહેર વિકાસ અધિકારી ધ્વારા પત્ર નં.ટીડીઓ/૧૧૭૦, તા.૭–૬–'૦૭થી અરજદારને મુદ્દા નં.૧ માં જણાવેલ વિગતે તેઓ તરફથી માગ્યા મુજબની બરોડા રેયોન કોર્પોરેશન તરફથી રજુ થયેલ પ્લાન પાસ કરાવવાની અરજીની નકલો મેળવવા અંગે રૂા.૨૦/– જમાં કરાવ્યેથી સદર વિગતો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેશે તેમ જણાવવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દસ્તાવેજોને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજી સંદર્ભે તેઓને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોન અને નાયબ મ્યુ.કમિશ્નર ધ્વારા માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ તેમજ શહેર વિકાસ અધિકારી અને મદદનીશ જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત ફી ભરી નકલ મેળવી લેવા જણાવેલ હોય અપીલ અંગે કશું કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે. "

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૯૯
તારીખ : ૧૬–૬–૦૭

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(સાઉથ ઝોન).......જાણ માટે.
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૩) શ્રી મોહમદઅલી અબ્દુલભાઈ કાગઝી

અપીલ અરજી નં.૮૮/૦૭, તા.૨૮–૫–૦૭.

**અરજદાર :** શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ
**સામાવાળા:** (૧) ડે.કમિશ્નર., (૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલની તા.૩૦–૩–'૦૭ની અરજીથી અરજદારની તા.૧૨–૨–'૦૭ના રોજ બમરોલી ગામ સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭વાળી પ્રભુનગર હા.સોસાયટીની રીઝર્વેશેનની જમીનમાં બાંધકામ દુર કરવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૮–૫–૦૭ ની અપીલ અરજી નં.૮૮/૦૭

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલની તા.૩૦–૩–'૦૭ની અરજીથી અરજદારની તા.૧૨–૨–'૦૭ના રોજ બમરોલી ગામ સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭વાળી પ્રભુનગર હા.સોસાયટીની રીઝર્વેશેનની જમીનમાં બાંધકામ દુર કરવા બાબતની અરજી અંગે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સા.ઝોન(ઉધના)ના પત્ર નં.સા.ઝોન/અકણ/૯૭, તા.૨૪–૪–'૦૭થી પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૮–૫–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી ને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆલ સેલ/૧૫૭, તા.૧–૬–'૦૭થી ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીશ્રી સાઉથ ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા પત્ર નં.સા.ઝોન/અકણ/૧૮૫, તા.૬–૬–'૦૭થી માહિતી મોકલવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દસ્તાવેજોને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજી સંદર્ભે તેઓને જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૧ થી ૨૫ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે જયારે તેઓની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ માંગેલ માહિતી સાચી આપેલ નથી, સત્ય છુપાવેલ છે. તે અંગે અરજદાર ધ્વારા કોઈ આધાર રજુ કરેલ નથી. જેથી અપીલ અંગે કશું કરવાનું રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૧૮૯
તારીખ : ૧૪–૬–૦૭.

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(સાઉથ ઝોન).......જાણ માટે.
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી.....જાણ માટે.
(૩) શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ

અપીલ અરજી નં.૮૯/૦૭, તા.૨૯–૫–૦૭.

અરજદાર : શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ
સામાવાળાઃ ૧. ડે.કમિશનર. (૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ

હુકમ :–

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલની તા.૪–૪–'૦૭ની અરજીથી અરજદારની તા.૧૨–૨–'૦૭ના રોજ બમરોલી ગામ સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭ વાળી પ્રભુનગર હા.સોસાયટીની આકારણી દફતરે બિનઅધિકૃત દાખલ થયેલ રેકર્ડ દુર કરવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૯–૫–૦૭ ની અપીલ અરજી નં.૮૯/૦૭

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલની તા.૪–૪–'૦૭ની અરજીથી અરજદારની તા.૧૨–૨–'૦૭ના રોજ બમરોલી ગામ સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭વાળી પ્રભુનગર હા.સોસાયટીની આકારણી દફતરે બિનઅધિકૃત દાખલ થયેલ રેકર્ડ દુર કરવા બાબતની અરજી અંગે માહિતી પુરી પાડવામાં આવી ન હોય અરજદાર ધ્વારા તા.૨૯–૫–'૦૭ ના રોજ મ્યુ.કમિશનરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી ને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૬, તા.૧–૬–'૦૭થી ડે.કમિશનર અને જાહેર માહિતી અધિકારીશ્રી સાઉથ ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા પત્ર નં.સા.ઝોન/અકણ/૧૮૬, તા.૬–૬–'૦૭થી માહિતી મોકલવામાં આવેલ. જેમાં જણાવ્યા મુજબ ડે.મ્યુ.કમિશનર અને જાહેર માહિતી અધિકારી,સાઉથ ઝોન(ઉધના)ના પત્ર નં.સા.ઝોન/અકણ/૧૧૧, તા.૧–૫–'૦૭થી મુદ્દા નં.૧ થી ૨૦ તેમજ ૨૨ અંગે આંશિક માહિતી પુરી પાડવામાં આવેલ છે અને મુદ્દા નં.૨૧ અંગે પત્ર નં. સા.ઝોન /ટેક/૬૫૧ તા.૨૧–૪–૦૭ થી ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટ્રાન્સફર કરવામાં આવેલ. ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ નહીં પરંતુ તેઓના પત્ર નં.ટીપીડી/૭૨૬ તા.૨–૫–૦૭ થી અરજદારની સરખા વિષયની તા.૨–૪–૦૭ ની અરજી અન્વયે માહિતી પુરી પાડવામાં આવેલ છે જ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દસ્તાવેજોને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજી સંદર્ભે તેઓને માહિતી પુરી પાડવામાં આવેલ છે જયારે તેમની અપીલ અરજી સબબે તેઓએ કોઈ આધાર રજુ કરેલ નથી જેથી અપીલ અંગે કશું કરવાનું રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે. "

નં.આરટીઆઈ સેલ/ ૨૯૨
તારીખ : ૧૪–૬–૦૭.

કમિશનર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ
(૧) ડે.કમિશનર અને જાહેર માહિતી અધિકારી(સાઉથ ઝોન).......જાણ માટે.
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.
(૩) શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ,

અપીલ અરજી નં.૯૦/૦૭, તા.૩૧–૫–૦૭.

**અરજદાર :** શ્રી નગીનભાઈ નેમાભાઈ પટેલ
**સામાવાળા :** (૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ, (૨) ડે.કમિશ્નર(સ્પે.), (અઠવા ઝોન)

**હુકમ :–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નગીનભાઈ નેમાભાઈ પટેલની તા.૩–૫–'૦૭ની સરસાણા સર્વે નં.૪૭, બ્લોક નં.૧૪૬ વાળી ટ્રેડ સેન્ટરના હેતુ વાળી જમીનના રજુ થયેલ પ્લાનો, રજા ચિઠ્ઠીની નકલ, કમ્પાઉન્ડના પ્લાનો મંજુર થયેલ છે? બાંધકામ કેમ અટકાવવામાં આવેલ નથી. કમ્પાઉન્ડ ડી.સી.આર.ની જોગવાઈઓ મુજબ નથી તો કોઈ નોટીસ કે મનાઈ હુકમ અપાઈ છે? વિગેરે બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૩૧–૫–'૦૭ની અપીલ અરજી નં.૯૦/૦૭.

શ્રી નગીનભાઈ નેમાભાઈ પટેલની તા.૩–૫–'૦૭ની સરસાણા સર્વે નં.૪૭, બ્લોક નં.૧૪૬ વાળી ટ્રેડ સેન્ટરના હેતુ વાળી જમીનના રજુ થયેલ પ્લાનો, રજા ચિઠ્ઠીની નકલ, કમ્પાઉન્ડના પ્લાનો મંજુર થયેલ છે? બાંધકામ કેમ અટકાવવામાં આવેલ નથી. કમ્પાઉન્ડ ડી.સી.આર.ની જોગવાઈઓ મુજબ નથી તો કોઈ નોટીસ કે મનાઈ હુકમ અપાઈ છે? વિગેરે બાબતની અરજી અંગે શહેર વિકાસ અધિકારીના પત્ર નં.ટીડીઓ/૬૫૦, તા.૧૫–૫–'૦૭થી પ્રશ્નવાળી જમીનમાં કોઈપણ પ્રકારની વિકાસ પરવાનગીની અરજી કરવામાં આવેલ નથી. એવી આંશિક માહિતી આપી અન્ય વિગતો અર્થે કાર્યપાલક ઈજનેર, અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેની સંતોષકારક માહિતી ન હોય તેમના ધ્વારા તા.૩૧–૫–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

દરમ્યાનમાં કાર્યપાલક ઈજનેર, સાઉથ–વેસ્ટ(અઠવા) ઝોનના પત્ર નં.સા.વે.ઝોન (અઠવા)/ આ.૨૭, તા.૨૫–૫–'૦૭થી અરજદારને પ્રશ્નવાળી મિલ્કતમાં ચેમ્બર ઓફ કોમર્સ ધ્વારા ફકત કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ ચાલે છે જે અંગેના પ્લાનો મંજુર કરવામાં આવેલ નથી. તેમજ આ બાબતે કોઈપણ પ્રકારની મનાઈ હુકમ કે નોટીસ આપવામાં આવેલ નથી તેમ જણાવેલ.

"અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ લાગત મદદનીશ જાહેર માહિતી અધિકારીઓ ધ્વારા આપવામાં આવેલ માહિતીની વિગત ધ્યાને લેતાં અરજદારને તેઓની મૂળ અરજી મુજબની માહિતી પૂરી પાડવામાં આવી હોય તેઓની અપીલ અરજી અંગે હવે કશું કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૧૭૬
તારીખ : ૭–૬–૦૭

પ્રતિ
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) ડે.કમિશ્નર (સ્પે.), અને જાહેર માહિતી અધિકારી, અઠવા ઝોન ........જાણ માટે.
(૩) શ્રી નગીનભાઈ નેમાભાઈ પટેલ

અપીલ અરજી નં.૯૧/૦૭, તા.૧–૬–૦૭.

**અરજદાર :** શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ
**સામાવાળા:** ડાયરેકટર ઓફ પ્લાનીંગ.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ ની તા.૨–૪–'૦૭ની ટાઉન પ્લાનીંગ કચેરી ધ્વારા તા.૩૧–૮–'૦૫ના રોજ પત્ર નં.ટીપીડી/૩૦૧૦ બાબતે શી કાર્યવાહી કરી છે, ઉપરોકત કામ કયા સ્ટેજે છે તેમજ તેઓ સાથે ચર્ચા કર્યા બાદ શું ડીસીઝન લીધેલ છે તે અંગેની અરજી બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧–૬–૦૭ ની અપીલ અરજી નં.૯૧/૦૭.

શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ ની તા.૨–૪–'૦૭ની ટાઉન પ્લાનીંગ કચેરી ધ્વારા તા.૩૧–૮–'૦૫ના રોજ પત્ર નં.ટીપીડી/૩૦૧૦ બાબતે શી કાર્યવાહી કરી છે, ઉપરોકત કામ કયા સ્ટેજે છે તેમજ તેઓ સાથે ચર્ચા કર્યા બાદ શું ડીસીઝન લીધેલ છે તે અંગેની અરજી બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા પત્ર નં.ટીપીડી/૭૨૬, તા.૨–૫–'૦૭થી માહિતી પૂરી પાડવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧–૬–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજી અંગે મૂળ અરજી સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૯, તા.૮–૬–'૦૭થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જે સંદર્ભે કોઈ માહિતી અત્રે મોકલવામાં આવેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દસ્તાવેજોને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજી સંદર્ભે તેઓને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીપીડી/૭૨૬, તા.૨–૫–'૦૭થી માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ તેમજ અરજદાર ધ્વારા તેઓની અપીલ અરજીમાં કોઈપણ આધાર/પુરાવા દર્શાવેલ ન હોય અપીલ અંગે કશું કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૨૦૫
તારીખ : ૨૧–૬–૦૭.

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ

અપીલ અરજી નં.૯૨/૦૭, તા.૧–૬–૦૭.

**અરજદાર :** શ્રી જયંતિલાલ ડાહયાભાઈ ભગત
**સામાવાળાઃ** ડે.કમિશ્નર,સાઉથ ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયંતિલાલ ડાહયાભાઈ ભગતની તા.૨૦–૪–'૦૭ ની અરજીથી તા.૧૮–૪–'૯૭ની લેણાં નોટીસની કાયદેસરતા બાબત મુદ્દા નં.૧ થી ૫ ની વિગત બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧–૬–૦૭ ની અપીલ અરજી નં.૯૨/૦૭.

શ્રી જયંતિલાલ ડાહયાભાઈ ભગતની તા.૨૦–૪–'૦૭ની અરજીથી તા.૧૮–૪–'૯૭ની લેણાં નોટીસની કાયદેસરતા બાબત મુદ્દા નં.૧ થી ૫ ની વિગત બાબતની અરજી અંગે કોઈ જવાબ મળેલ ન હોય જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧–૬–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર તાકિદે પૂરી પાડી તે અંગેની નકલ સહ તેમજ પૂર્તતા અહેવાલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૮, તા.૮–૬–'૦૭ ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે પત્ર નં.આઉટવર્ડ/૩૨૩૩, તા.૨૫–૬–'૦૭થી વિગતો અત્રે મોકલવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતરની વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.મ્યુ.કમિશ્નર,સાઉથ ઝોન,ઉધના ધ્વારા પત્ર નં.સા.ઝોન/ટેક./૩૨૩૧, તા.૨૫–૬–'૦૭માં જણાવ્યા મુજબ તેઓને તા.૧૮–૪–'૯૭ના રોજ આપવામાં આવેલ વેરાની નોટીસ રદ ગણવામાં આવેલ છે. જેથી અરજદારની અપીલ અંગે કશું કરવાનું રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૨૯
તારીખ : ૨૯–૬–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સાઉથ ઝોન.......જાણ માટે.
(૨) શ્રી જયંતિલાલ ડાહયાભાઈ પટેલ

અપીલ અરજી નં.૯૩/૦૭, તા.૬–૬–૦૭.

**અરજદાર :** શ્રી હેમંત એન.દેસાઈ
**સામાવાળા:** આસી.કમિશ્નર

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૧–૫–'૦૭ની વોર્ડ નં.૪/૩૬૦ વાળી મિલ્કત અંગેની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૬–૬–૦૭ ની અપીલ અરજી નં.૯૩/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈની તા.૧૧–૫–'૦૭ની વોર્ડ નં.૪/૩૬૦ વાળી મિલ્કત અંગેની માહિતી આપવા બાબતની અરજી અંગે અરજદાર ધ્વારા તા.૬–૬–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ. માહિતી અધિકાર અધિનિયમના કાયદાની જોગવાઈ અનુસાર અરજી કર્યાના દિન–૩૦ માં માહિતી પૂરી પાડવાની છે. પસ્તુત કિસ્સામાં માહિતી પૂરી પાડવાની નિયત સમયાવધિ પુર્ણ થાય તે પહેલા જ અરજદાર ધ્વારા અપીલ કરવામાં આવેલ છે. જયારે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર સે.ઝોન/આ નં./૨૦૭ તા.૫–૬–૦૭થી નિયત સમયમર્યાદામાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અપીલ સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૨, તા.૧૨–૬–'૦૭થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓ ધ્વારા પત્ર સે.ઝોન/આ.નં.૨૫૨, તા.૧૯–૬–'૦૭થી વિગતો પૂરી પાડવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતરની વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજી સંદર્ભે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર,સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર સે.ઝોન/આ.નં.૨૦૭, તા.૫–૬–'૦૭થી અરજદારને નિયત સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ અરજદાર ધ્વારા અપીલમાં જણાવેલ વિગતો/કારણ નમુના 'ક' ની અરજીથી માંગેલ માહિતી સાથે તર્કસંગત જણાતી નથી. જયારે તેમને મૂળ માંગેલ માહિતીની પૂરી વિગતો મળેલ છે જેથી અપીલ બાબતે કશું કરવાનું રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૨૩
તારીખ : ૨૬–૬–૦૭.

**પ્રતિ**
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી હેમંત એન.દેસાઈ

અપીલ અરજી નં.૯૪/૦૭, તા.૮–૬–૦૭.

**અરજદાર :** ડો.સરોશ શામ ભકકા
**સામાવાળા:** ડે.કમિશ્નર(સ્પે.)

**હુકમ :–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ ડો.સરોશ શામ ભકકાની તા.૧૭–૪–'૦૭ અને તા.૨૧–૪–'૦૭ ની ટેનામેન્ટ નં.૧૩એ–૧૧–૬૮૪૧–૦–૦૦૨ માં નામો દાખલ કરવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૮–૬–૦૭ ની અપીલ અરજી નં.૯૪/૦૭.

ડો.સરોશ શામ ભકકાની તા.૧૭–૪–'૦૭ અને તા.૨૧–૪–'૦૭ની ટેનામેન્ટ નં.૧૩એ–૧૧–૬૮૪૧–૦–૦૦૨માં ખોટી રીતે નવા નામો ઉમેરવા વિગેરે બાબતની અરજી અંગે કાર્યપાલક ઈજનેર, સા–વે.(અઠવા) ઝોનના પત્ર નં.સાવે ઝોન(અઠવા)/આ.૪૮,તા.૧૭–૫–'૦૭થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૮–૬–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૭, ૧૩–૬–'૦૭ ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે વધુ કોઈ વિગતો તેઓ ધ્વારા મોકલવામાં આવેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતરની વિગતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજી સંદર્ભે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર,અઠવા ઝોન ધ્વારા અરજદારની તા.૧૭–૪–'૦૭ તેમજ તા.૨૧–૪–'૦૭ની અરજીના અનુસંધાને પત્ર નં.સા.વે. ઝોન(અઠવા)/આ.૪૮,તા.૧૭–૫–'૦૭થી ૧ થી ૭ મુદ્દા હેઠળ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અપીલમાં બંને અરજીઓ જુદા જુદા વિષયની હોવા છતાં તેનો એકત્રિત જવાબ આપવામાં આવેલ છે. જેમાં અરજદારની તા.૨૧/૪/૨૦૦૭ ની અરજીથી માંગેલ "કયા આધારે હેતુ ફેર કર્યો" તેની વિગતોનો તેમજ તેઓની અપીલ અરજીના મુદ્દા નં.૧ અને–૨ ની વિગતોનો સમાવેશ અરજદારને પાઠવેલ માહિતી પૂરી પાડતા રવાનગી પત્રની વિગતોમાં થયેલ જણાતું નથી. જેથી અરજદારને અપીલમાં જણાવ્યા મુજબની ઉપરોકત બાબતો અંગે ખૂટતી વિગતોના મુદ્દાસર જવાબ આપવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(સ્પે.)ને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૨૪
તારીખ : ૨૬–૬–૦૭.

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી ડો.સરોશ શામ ભકકા

અપીલ અરજી નં.૯૫/૦૭, તા.૧૧–૬–૦૭.

**અરજદાર :** શ્રી રમેશકુમાર કિશનલાલ જાંગીડ
**સામાવાળા:** ઝોનલ ચીફ રાંદેર ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશકુમાર કિશનલાલ જાંગીડની તા.ર–પ–'૦૭ની સર્વે નં.પ૩/૧ પ૯/૧,૬૦/૧ અને ૬૧ બ્લોક નં.૭૩ વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ વિવેકાનંદ કોલેજની કાયદેસરતા બાબતની અત્યાર સુધીની કરેલ કાર્યવાહીની નકલો બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૧–૬–૦૭ ની અપીલ અરજી નં.૯૫/૦૭.

શ્રી રમેશકુમાર કિશનલાલ જાંગીડની તા.ર–પ–'૦૭ની સર્વે નં.પ૩/૧,પ૯/૧,૬૦/૧ અને ૬૧ બ્લોક નં.૭૩ વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ વિવેકાનંદ કોલેજની કાયદેસરતા બાબતની અત્યાર સુધીની કરેલ કાર્યવાહીની નકલો બાબતની અરજી અંગે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર,પશ્ચિમ ઝોન(રાંદેર)ના પત્ર નં.૩૬૧, તા.૧–૬–'૦૭થી આપવામાં આવેલ "માંગેલ માહિતી અત્રેની કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી" તેવા જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૧–૬–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી ને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯ર, તા.૧૪–૬–'૦૭ તેમજ નં.આરટીઆઈ સેલ/ર૩૪, તા.૩૦–૬–'૦૭થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારીશ્રી રાંદેર ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ તરફથી કોઈ વિશેષ માહિતી મોકલવામાં આવેલ નથી. સદર અપીલની સુનાવણી તા.૧૬–૭–'૦૭ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર તેમજ ઝોનલ ચીફ રાંદેર ઝોન ઉપસ્થિત રહયા હતા. જેમાં અરજદાર ધ્વારા પ્રશ્નવાળી જમીન ઉપર બાંધવામાં આવેલ બાંધકામ કાયદેસર છે કે કેમ? અને જો ન હોય તો કોર્પોરેશને તેની વિરૂધ્ધ શી કામગીરી કરી તેની માહિતી આપવા જણાવેલ. જયારે ઝોનલ ચીફ રાંદેર ઝોન ધ્વારા માંગ્યા મુજબની માહિતી અત્રેની કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી એમ જણાવેલ.

જે હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારને મદદનીશ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર,પશ્ચિમ ઝોન ધ્વારા તા.૧–૬–'૦૭થી આપવામાં આવેલ પ્રત્યુત્તર તેમજ સુનાવણીમાં કરેલ રજુઆત ધ્યાને લેતા અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ર૮૯
તારીખ : ર૩–૭–૦૭.

પ્રતિ
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી(રાંદેર ઝોન).......જાણ માટે.
(ર) શ્રી રમેશકુમાર કિશનલાલ જાંગીડ

અપીલ અરજી નં.૯૬/૦૭, તા.૧૩–૬–૦૭.

**અરજદાર :** શ્રી નિખીલભાઈ બાબુલાલ પટેલ
**સામાવાળાઃ** ડે.કમિશ્નર(પ.અને ઈ.).

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિખીલભાઈ બાબુલાલ પટેલની તા. ૩૦–૪–'૦૭ની
ટેના. નં.૧૯ઈ–૧૭–૦૭૩૧–૦–૦૦૧,ટેના. નં.૧૯ઈ–૧૭–૦૭૪૧–૦–૦૦૧,
ટેના. નં.૧૯ઈ–૧૭–૦૭૫૧–૦–૦૦૧,ટેના. નં.૧૯ઈ–૧૭–૦૭૬૧–૦–૦૦૧
ની મિલકતમાં નામો દાખલ કરતી વખતે રજુ કરેલ પુરાવાઓની નકલ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૩–૬–૦૭ ની અપીલ અરજી નં.૯૬/૦૭.

શ્રી નિખીલભાઈ બાબુલાલ પટેલની તા. ૩૦–૪–'૦૭ની ટેના. નં.૧૯ઈ–૧૭–૦૭૩૧–૦–૦૦૧, ટેના. નં.૧૯ઈ–૧૭–૦૭૪૧–૦–૦૦૧, ટેના.નં.૧૯ઈ–૧૭–૦૭૫૧–૦–૦૦૧, ટેના.નં.૧૯ઈ–૧૭–૦૭૬૧–૦–૦૦૧ ની મિલકતમાં નામો દાખલ કરતી વખતે રજુ કરેલ પુરાવાઓની નકલ આપવા બાબતની અરજી અંગે કોઈ જવાબ મળેલ ન હોય અરજદાર ધ્વારા તા.૧૩–૬–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમોનુસાર પૂરી પાડી હોય તો તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવ પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૪, તા.૧૫–૬–'૦૭ કાર્યપાલક ઈજનેર,નોર્થ ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા પત્ર નં.એન.ઝેડ./એઆરડી/આઉટ/૨૬૧, તા.૨૬–૬–'૦૭થી વિગતો અત્રે મોકલવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતરની વિગતો ધ્યાને લેતા ટેના.નં.૧૯ઈ–૧૭–૦૭૫૧–૦–૦૦૧ તથા ટેના. નં.૧૯ઈ–૧૭–૦૭૬૧–૦–૦૦૧ ઉપર આવેલ માલિકી અંગેના નામો યથાવત છે જયારે ટેના.નં.૧૯ઈ–૧૭–૦૭૩૧–૦–૦૦૧ તેમજ ટેના.નં.૧૯ઈ–૧૭–૦૭૪૧ –૦–૦૦૧ વાળી મિલ્કત ઉપર થયેલ નામ ટ્રાન્સફર અંગે માંગેલ માહિતીની નકલો અરજદારને તા.૧૯–૬–'૦૭ના રોજ હાથોહાથ પૂરી પાડવામાં આવેલ છે અને તે અરજદાર ધ્વારા સ્વીકારવામાં આવેલ જણાય છે.

ઉપરોકત હકીકતથી વિદીત થઈ અરજદારની અપીલ અંગે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદાર ધ્વારા ઉપરોકત મિલ્કતોના નામ દાખલ કરતી વખતે રજુ થયેલ પુરાવાની માંગેલ માહિતી પૈકી કાર્યપાલક ઈજનેર,નોર્થ ઝોન ધ્વારા નામ ટ્રાન્સફર થયેલ મિલ્કતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે અરજદાર ધ્વારા તા.૧૯–૬–૦૭ ના રોજ એટલે કે અપીલ કર્યા બાદ સ્વીકારેલ છે. જેથી અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ નથી. તેમ છતાં આ અંગે અરજદારની કોઈ રજુઆત હોય તો દિન–૭ માં આધાર સહિત અત્રે કરવાની રહેશે. ઉકત વિગતે અપીલનો આખરી નિકાલ કરવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૨૮
તારીખ : ૨૯–૬–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(પ.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારી, નોર્થ ઝોન.......જાણ માટે.
(૨) શ્રી નિખીલભાઈ બાબુલાલ પટેલ

અપીલ અરજી નં.૯૭/૦૭, તા.૧૫–૬–૦૭.

**અરજદાર :** શ્રી અનિલ એ. શિંપી
**સામાવાળા:** શાસનાધિકારી.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનિલ એ. શિંપી ની તા.૧૧–૫–'૦૭ની અરજીથી ૧૯૯૮ થી ૨૦૦૪ સુધી વિદ્યા સહાયક ભરતીમાં મહારાષ્ટ્રનું ઓ.બી.સી. સર્ટીફીકેટ માન્ય રખાયું તે અંગેના ઠરાવ તેમજ કારણો બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૫–૬–૦૭ ની અપીલ અરજી નં.૯૭/૦૭.

શ્રી અનિલ એ. શિંપી ની તા.૧૧–૫–'૦૭ની અરજીથી ૧૯૯૮ થી ૨૦૦૪ સુધી વિદ્યા સહાયક ભરતીમાં મહારાષ્ટ્રનું ઓ.બી.સી. સર્ટીફીકેટ માન્ય રખાયું તે અંગેના ઠરાવ તેમજ કારણો બાબતની અરજી અંગે મળેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૫–૬–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી ને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી ન પાડવાના કીસ્સામાં સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૦૨, તા.૧૮–૬–'૦૭ તેમજ નં.આરટીઆઈ સેલ/૨૩૩, તા.૩૦–૬–'૦૭થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા તા.૪–૭–'૦૭ના રોજ મોકલેલ માહિતી અનુસાર વિદ્યા સહાયકો સર્ટીફીકેટ લઈ ગયા હોવાથી માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ. સદર અપીલની સુનાવણી તા.૧૬–૭–'૦૭ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર તેમજ શાસનાધિકારી તરફે ઉપશાસનાધિકારી ઉપસ્થિત રહયા હતા. જેમાં અરજદાર ધ્વારા ૧૯૯૮ થી ૨૦૦૪ સુધી વિદ્યા સહાયક ભરતીમાં મહારાષ્ટ્રનું ઓ.બી.સી. સર્ટીફીકેટ માન્ય રખાયુ તે અંગેના ઠરાવ તેમજ કારણોની નકલ આપવા રજુઆત કરવામાં આવેલ.

જે હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજીથી માંગ્યા મુજબની ૧૯૯૮ થી ૨૦૦૪ સુધી વિદ્યાસહાયક ભરતીમાં મહારાષ્ટ્રનું ઓ.બી.સી. સર્ટીફીકેટ માન્ય રખાયુ તે અંગેના ઠરાવ તેમજ કારણોની નકલ દિન–૦૭માં અરજદારને પૂરી પાડી તેની અત્રે જાણ કરવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૮૮
તારીખ : ૨૩–૭–૦૭.

**પ્રતિ**

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી અનિલ એ.શિંપી

અપીલ અરજી નં.૯૯/ ૦૭ , તા.૧૪–૭–૦૬.

**અરજદાર :** શ્રી દિપક આર.પટેલ
**સામાવાળા:** શાસનાધિકારી.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક આર.પટેલની તા.૭–૬–'૦૬ની શાસનાધિકારીશ્રીના તા.૨–૧૨–૦૫ના પત્ર નં.૪૨૫૪ તેમજ તા.૧૦–૪–૦૬ ના પત્ર નં.૧૧૫૪ નું ઉલ્લઘંન અનાદર કરેલ હોય તેવી શાળાઓની યાદી તેમજ પ્રાથમિક શિક્ષકોની નિમણુંક ભરતી સંબંધિત નિયમ ભંગ કરનારી શાળા સામે વર્ષ ૨૦૦૫–૦૬ અને ૨૦૦૬–૦૭ દરમ્યાન કરેલી શાળાવાર કાર્યવાહીના પત્રો મેળવવા બાબતની અરજી.

સંદર્ભ :(૧) અરજદાર મજકુરની તા.૧૪–૭–'૦૬ ની અપીલ, (૨) અરજદારનો તા.૧–૬–'૦૭નો પત્ર નં.૧૫૧૬ (૩) અરજદારનો તા.૬–૬–'૦૭નો સ્મૃતિપત્ર.

શ્રી દિપક આર.પટેલની ની તા.૭–૬–'૦૬ની શાસનાધિકારીશ્રીના તા.૨–૧૨–૦૫ના પત્ર નં.૪૨૫૪ તેમજ તા.૧૦–૪–૦૬ના પત્ર નં.૧૧૫૪ નુ ઉલ્લંઘન અનાદર કરેલ હોય તેવી શાળાઓની યાદી તેમજ પ્રાથમીક શિક્ષકોની નિમણુંક ભરતી સંબંધિત નિયમ ભંગ કરનારી શળા સામે વર્ષ ૨૦૦૫–૦૬ અને ૨૦૦૬–૦૭ દરમ્યાન કરેલી શાળાવાર કાર્યવાહીના પત્રો મેળવવા બાબતની અરજી અંગે કોઈ જવાબ મળ્યો ન હોય અરજદાર ધ્વારા તા.૧૪–૭–'૦૬ ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રી ને અપીલ કરવામાં આવેલ. તેમજ તેઓના પત્ર નં.૧૫૧૬, તા.૧–૬–'૦૭ તેમજ તા.૬–૬–'૦૭ના સ્મૃતિ પત્રથી પણ જણાવવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી હોય તો તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૫, તા.૫–૬–'૦૭થી શાસનાધિકારીશ્રીને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓના પત્ર નં.૧૧૧૦, તા.૧૧–૬–'૦૭થી મોકલેલી વિગતો અત્રેની કચેરીને તા.૧૩–૬–'૦૭ના રોજ મળેલ. જે ધ્યાને લેતાં અરજદાર મજકુરને દસ્તાવેજી ફીના રૂા.૧૧૮/– જમાં કરાવવા તા.૫–૭–'૦૬ના શાસનાધિકારી ધ્વારા પત્ર નં.૧૪૯૧થી જણાવવામાં આવેલ. જે તેઓ ધ્વારા તા.૬–૭–'૦૬ના રોજ જમાં કરાવેલ હોય તેઓને ઉપલબ્ધ દફતર પરથી માહિતી પૂરી પાડવામાં આવેલ. તેમજ બાકીની માહિતી અંગે વિગતવાર હકીકત જણાવેલ. જયારે ખાનગી માન્ય પ્રાથમિક શાળાના લાયકાત વગરના શિક્ષકોની માહિતી તેમને પત્ર નં.૮૨૬૮,તા.૧–૩–'૦૭થી પૂરી પાડવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે, શાસનાધિકારીશ્રીના પત્ર નં.૫૧૬૬,તા.૧૦–૧–૦૬, પત્ર નં.૧૨૦૫, તા.૨૧–૬–૦૬, તેમજ પત્ર નં.૨૦૫,તા.૧૨–૪–'૦૭ વિગેરેથી અરજદારની વખતોવખતની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની વિવિધ અરજીઓ અંગે માંગણી કરેલ દસ્તાવેજી કાગળો પેટે ફીના નાણાં જમાં કરાવવા પુનરાવર્તિત રીતે **.ઈયઈફઈ** ધ્વારા સુચિત કરવા છતાં જાણીબુજીને તેમ કરવાનું ટાળી માહિતી નહી મેળવવાનું વલણ પ્રદર્શિત કરી વારંવાર સ્મૃતિ પત્રો, ફરિયાદ અને અપીલો કરવાની મનોવૃત્તિ ધરાવતા હોવાનું ઉપલબ્ધ દફતર પરથી ફલિત થાય છે. તદઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારી સુરતના તા.૨૭–૧૨–'૦૫ના પત્ર નં.પ્રાથમિક/માહિતી/૨૦૦૫/૧૧૦૬૦૦–૧૧૧૦૯૯ અન્વયે પ્રાથમિક શિક્ષણ નિયામક ગુજરાત રાજય ગાંધીનગરના તા.૨૬–૯–'૦૫ના પત્ર ક્રમાંકઃ પ્રા.શિ.નિ./મકમ/ માહિતી/ ૧૧૬૦૯૩૩ના અનુસંધાને સંબંધિત માન્ય ખાનગી પ્રાથમિક શાળાના આચાર્યને જાહેર માહિતી અધિકારી જાહેર કરવામાં આવેલ હોય શાસનાધિકારી ધ્વારા માન્ય ખાનગી પ્રાથમિક શાળાને લગતી અન્ય માહિતી માટે લાગત શાળાના આચાર્ય અને જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરવા શાસનાધિકારીના તા.૬–૭–'૦૬ના પત્રથી પૂરી પાડેલ અન્ય માહિતી સાથે વિગતવાર વાકેફ પણ કરેલ. તેમજ તા.૧–૩–'૦૭ના શાસનાધિકારીના પત્રથી અરજદારને ઉપલબ્ધ માહિતી આપ્યાનું તથા પ્રાથમિક શાળાઓ અંગે હકીકત પણ જણાવેલ એમ છતાં અરજદાર ધ્વારા લાગત ખાનગી પ્રાથમિક શાળાના જાહેર માહિતી અધિકારીનો માહિતી મેળવવા સંપર્ક કરવાને બદલે શાસનાધિકારી પાસેથી જ માહિતી મેળવવા દુરાગ્રહ સેવેલ હોવાનું સ્પષ્ટ થાય છે. અત્રે એ પણ પ્રસ્તુત છે કે જાહેર માહિતી અધિકારીના તુરતના ઉપરી અધિકારી એપેલેટ ઓથોરીટી રહે છે તેથી માન્ય ખાનગી પ્રાથમિક શાળાના કિસ્સામાં આચાર્યના ઉપરી અધિકારી સુરત મહાનગરપાલિકાના મ્યુ.કમિશ્નર રહેતા ન હોય તેથી તેઓ પસ્તુત કિસ્સામાં એપેલેટ ઓથોરીટી હોઈ શકે નહીં.

વધુમાં અરજદારને તેઓની વસુલ લેવામાં આવેલ અપીલ ફી ના રીફંડના નાણાં પરત મેળવવા માટે અત્રેની કચેરી તેમજ સેન્ટ્રલ ઝોનની કચેરી ધ્વારા અવાર–નવાર જણાવવામાં આવેલ હોવા છતાં નાણાં પરત ન લઈને વારંવાર તેની માંગણી કરીને તેમજ દસ્તાવેજ ફીના નાણાં નિયત સમયમાં જમાં ન કરાવીને વિના મૂલ્યે માહિતી મેળવવા માટે પણ વારંવાર રજુઆત કરવાનું ચાલુ રાખેલ છે.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દસ્તાવેજોને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૯–૫–'૦૬ની અરજી અન્વયે શાસનાધિકારી ધ્વારા તેમના તા.૬–૭–૦૬ તેમજ તા.૧–૩–૦૭ ના પત્રોથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં અરજદાર મજકુરની તા.૧૪–૭–'૦૬ની અપીલ અંગે હવે કશું કરવાનું રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે.

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૧૧
તારીખ : ૨૨ –૬–૦૭.

**પ્રતિ**

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી દિપક આર.પટેલ

અપીલ અરજી નં.૧૦૦/૦૭, તા.૨૦–૬–૦૭.

**અરજદાર :** શ્રી ચંપકભાઈ બાબુભાઈ પટેલ
**સામાવાળા:** ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને આસી.કમિશ્નર.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંપકભાઈ બાબુભાઈ પટેલની તા.૧૫–૫–'૦૭ની સલાબતપુરા દોરીયાવાડમાં આવેલ કુબેરજી ટેક્ષટાઈલ માર્કેટના બાંધકામનો પ્લાન મંજુર થયેલ છે કેમ? રીપેરીંગના નામે ગેરકાયદે માર્કેટ બનાવવામાં આવી રહી છે વિગેરે બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૦–૬–૦૭ ની અપીલ અરજી નં.૧૦૦/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી ચંપકભાઈ બાબુભાઈ પટેલની તા.૧૫–૫–'૦૭ની સલાબતપુરા દોરીયાવાડમાં આવેલ કુબેરજી ટેક્ષટાઈલ માર્કેટના બાંધકામનો પ્લાન મંજુર થયેલ છે કેમ? રીપેરીંગના નામે ગેરકાયદે માર્કેટ બનાવવામાં આવી રહી છે વિગેરે બાબતની અરજી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં.૨૨૯, તા.૧૨–૬–'૦૭થી શહેર વિકાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ. તેમજ કાર્યપાલક ઈજનેર, સેન્ટ્રલ ઝોન ધ્વારા સદર પત્રથી સદરહુ મિલ્કતના પ્લાન મંજુરીની વિગત અત્રેના રેકર્ડ તપાસતા ઉપલબ્ધ હોવાનું જણાતું નથી તથા મિલ્કતદારો રીપેરીંગ/સ્ટ્રેન્ધનીંગ કરતા હોવાનું જણાય છે, તેમ જણાવેલ. જયારે શહેર વિકાસ અધિકારી ધ્વારા તેઓના પત્ર નં.ટીડીઓ/૧૪૪૫, તા.૨૦–૬–'૦૭થી અરજદારને વોર્ડ નં.૩, નોંધ નં.૨૭૮૫ વાળી મિલ્કત જુની હોય તેના પ્લાન મંજુરીની વિગતના રેકર્ડ તપાસતા ઉપલબ્ધ હોવાનું જણાતુ નથી. જેથી માગ્યા મુજબની માહિતી આપી શકાય તેમ નથી તેમ જણાવેલ. જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૦–૬–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૮, તા.૨૫–૬–'૦૭થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ. જે સંદર્ભે કોઈ વિશેષ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની મુળ અરજી ,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતરની વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજીથી માંગેલ માહિતી શહેર વિકાસ અધિકારી તેમજ કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોનના ઉપરોકત પત્રથી ઉપલબ્ધ દફતર તથા નિરીક્ષણના અધારે પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ અંગે કશું કરવાનું રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે. "

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૬૬
તારીખ : ૧૬–૭–૦૭.

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી......જાણ માટે.
(૩) શ્રી ચંપકભાઈ બાબુભાઈ પટેલ

અપીલ અરજી નં.૧૦૧/૦૭, તા.૨૧–૬–૦૭.

**અરજદાર :** શ્રી મયુર બી. જરીવાળા
**સામાવાળા:** આસી.કમિશ્નર

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી મયુર બી. જરીવાલાની તા.૨૯–૫–'૦૭ની ૪/૪૭૨ની મિલ્કતની સ્ટેબીલીટી(વજન) ખમી શકે તે અંગેનું સિવીલ એન્જીનીયર ના પ્રમાણપત્રની નકલ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૧–૬–૦૭ ની અપીલ અરજી નં.૧૦૧/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી મયુર બી. જરીવાલાની તા.૨૯–૫–'૦૭ની ૪/૪૭૨ની મિલ્કતની સ્ટેબીલીટી(વજન) ખમી શકે તે અંગેનું સિવીલ એન્જીનીયરના પ્રમાણપત્રની નકલ આપવા બાબતની અરજી સંદર્ભે નિર્દીષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદાર ધ્વારા અરજીના નિકાલની નિયત અવધિ પુર્ણ થતા પુર્વે તેમજ નિયત ફી ભરી માહિતી મેળવી લીધા વિના તા.૨૧–૬–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ દિન–૦૫માં પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૧ તા.૨૫–૬–૦૭ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ જે સંદર્ભે તેમના ધ્વારા પત્ર સેઝોન/આ.નં.૨૯૨ તા.૩–૭–૦૭થી વિગતો મોકલવામાં આવેલ. જેમાં અરજદારને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનના પત્ર નં.સેઝોન/આ નં.૨૪૬ તા.૧૬–૬–૦૭ થી દસ્તાવેજ માટે રૂા.૨/– જમા કરાવ્યા પછી માહિતી મેળવી લેવા જણાવવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતરની વિગતો ધ્યાને લેતા મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનના ઉકત પત્રથી અરજદારને દસ્તાવેજ ફી રૂા.૨/– ભરી માહિતી મેળવી લેવા જણાવેલ છે.જેથી નિયત ફી ભરી માહિતી મેળવી લેવા અરજદારને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૪૧
તારીખ : ૭–૭–૦૭.

**પ્રતિ**
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી મયુર બી. જરીવાળા

અપીલ અરજી નં.૧૦૨/૦૭, તા.૨૨–૬–'૦૭.

**અરજદાર :** શ્રી દિપકકુમાર સી. ચાંદીવાલા
**સામાવાળા:** આસી.કમિશ્નર

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક સી.ચાંદીવાલાની તા.૧૭–૫–'૦૭ની વોર્ડ નં.૧૧, નોંધ નં.૨૧૬–૨૧૭ ''પ્રતિક આર્કેડ'' શોપીંગ સેન્ટરમાં ભાડુતોના નામ દાખલ નહી કરવા–ઓછી આકારણી કરવા તેમજ ગુમાસ્તા લાયસન્સ નહી આપવા બાબતે ત્રણ અધિકારીઓને આપવામાં આવેલ નોટીસ તેના લેખિત ખુલાસા તેમજ નિવેદનની પ્રમાણિત નકલ આપવા બાબતની અરજી.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૨–૬–૦૭ ની અપીલ અરજી નં.૧૦૨/૦૭.

શ્રી દિપક સી.ચાંદીવાલાની તા.૧૭–૫–'૦૭ની વોર્ડ નં.૧૧, નોંધ નં.૨૧૬–૨૧૭ ''પ્રતિક આર્કેડ'' શોપીંગ સેન્ટરમાં ભાડુતોના નામ દાખલ નહી કરવા–ઓછી આકારણી કરવા તેમજ ગુમાસ્તા લાયસન્સ નહી આપવા બાબતે ત્રણ અધિકારીઓને આપવામાં આવેલ નોટીસ તેના લેખિત ખુલાસા તેમજ નિવેદનની પ્રમાણિત નકલ આપવા બાબતની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર તથા મદદનીશ જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં.૨૪૭, તા.૧૮–૬–'૦૭થી પ્રસ્તુત કીસ્સામાં ખાતાકીય તપાસની કામગીરી પૂર્ણ થઈ નથી. જેથી અર્ધન્યાયિક પ્રક્રિયા દરમ્યાન માગ્યા મુજબના દસ્તાવેજો હાલના તબકકે આપી શકાય નહી તેમ છતાં તપાસ પૂર્ણ થયેથી જે દસ્તાવેજોની જરૂર હોય તેની નિયમાનુસાર જરૂરી ફી ભર્યા બાદ માહિતી પુરી પાડવમાં આવશે તેમ જણાવેલ. જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૨–૬–'૦૭ ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૬ તા.૨૭–૬–૦૭ થી જણાવવામાં આવેલ જે સંદર્ભે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ./૩૬૫ તા.૨૫–૭–૦૭માં જણાવ્યા મુજબ હાલમાં ખાતાકીય તપાસની કામગીરી પુર્ણ થયેલ હોવાથી અરજદારને નકલ ફી ભર્યેથી તેની નકલ પુરી પાડવામાં આવશે તેમ જણાવેલ જે સંદર્ભે રૂબરૂ સનાવણી તા.૩૦–૭–૦૭ના રોજ રાખવામાં આવેલ પરંતુ કમિશ્નરશ્રી ઓફિસ કામે બહારગામ ગયેલ હોવાથી સુનાવણી થઈ શકી નહોતી દરમ્યાનમાં કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સેઝોન/આ.૩૮૧ તા.૩૦–૭–૦૭થી અરજદારની અરજીમાં જણાવ્યા મુજબના પત્રોની નકલ પુરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ લાગત ખાતા ધ્વારા મોકલવામાં આવેલ રેકર્ડ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'' અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સેઝોન/આ.૩૮૧ તા.૩૦–૭–૦૭ થી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે અત્રેથી કશું કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે.''

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૩૦
તારીખ : ૦૭–૮–૦૭

પ્રતિ
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીશ્રી.......જાણ માટે.
(૨) શ્રી દિપકકુમાર ચંદ્રવદન ચંદીવાલા

અપીલ અરજી નં.૧૦૩/૦૭, તા.૨૬–૬–૦૭.

**અરજદાર :** શ્રી હેમંત એન.દેસાઈ
**સામાવાળા:** આસી.કમિશ્નર.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૪–૬–'૦૭ની ૪/૨૯૪–૨૯૬ વાળી મિલ્કતમાં કારખાનું ચલાવવા આપવામાં આવેલ પરવાનગી તેમજ તે બંધ કરાવવાની જવાબદારી બાબતની અરજી.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૬–૬–૦૭ ની અપીલ અરજી નં.૧૦૩/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈની તા.૪–૬–'૦૭ની ૪/૨૯૪–૨૯૬ વાળી મિલ્કતમાં કારખાનું ચલાવવા આપવામાં આવેલ પરવાનગી તેમજ તે બંધ કરાવવાની જવાબદારી બાબતની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર તથા મદદનીશ જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં.૨૫૧, તા.૧૯–૬–'૦૭થી મિલકતદાર તરફથી આવી કોઈ માંગણી કરવામાં આવેલ તેમજ પરવાનગી આપવામાં આવેલ હોવાનું જણાતું નથી. કારખાનું બંધ કરાવવાની જવાબદારી સુરત મહાનગર સેવા સદનની રહે છે અને જરૂર જણાયે ઘટતી કાર્યવાહી કરવામાં આવશે તેવા જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૬–૬–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૧, તા.૩૦–૬–'૦૭થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર સે.ઝોન/આ.નં.૩૧૭, તા.૯–૭–'૦૭થી વિગતો મોકલવામાં આવેલ.

અરજદારની મુળ અરજી ,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતરની વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજીથી માંગેલ માહિતી કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોનના પત્ર સે.ઝોન/આ.નં.૨૫૧, તા.૧૯–૬–'૦૭થી પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ અંગે કશું કરવાનું રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારે અપીલ અરજીમાં મૂળ અરજીથી અલાયદા મુદ્દા રજુ કરેલ હોય તે અંગે અરજદાર અલગથી લાગત જાહેર માહિતી અધિકારીને અરજી કરી માહિતી માંગી શકે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૬૩
તારીખ : ૧૨–૭–૦૭.

પ્રતિ
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ

અપીલ અરજી નં.૧૦૪/૦૭, તા.૨૬–૬–૦૭.

**અરજદાર :** શ્રી સોનવણે ભટારામ નિમ્બા
**સામાવાળા:** ડે.કમિ.(૫.અને ઈ.)

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી સોનવણે ભટારામ નિમ્બાની તા.૧૬–૫–'૦૭ની શિક્ષણ સહાયક અને એડહોક તરીકે ફરજ બજાવતા શિક્ષકોની મુદ્દા નં.૧ થી ૫ ની અરજી બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૬–૬–૦૭ ની અપીલ અરજી નં.૧૦૪/૦૭.

શ્રી સોનવણે ભટારામ નિમ્બાની તા.૧૬–૫–'૦૭ની શિક્ષણ સહાયક અને એડહોક તરીકે ફરજ બજાવતા શિક્ષકોની મુદ્દા નં.૧ થી ૫ ની અરજી સંદર્ભે ડે.કમિશ્નર(૫.અને ઈ.)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૭૩૦, તા.૨૮–૫–'૦૭ના જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૬–૬–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૨, તા.૩૦–૬–'૦૭ પર્સોનલ ઓફિસર, મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા પત્ર નં.જીએડી/ઈએસટી/૧૩૧૯, તા.૩–૭–'૦૭થી વિગતો અત્રે મોકલવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતરની વિગતો ધ્યાને લેતા અરજદારની મૂળ અરજીના મુદ્દા નં.૧ શિક્ષણ સહાયક તરીકે ફરજ બજાવતા અવિનાશ પાટીલના ભરતી પ્રક્રિયામાં આપેલ જકહલ ખ ક'લ ખ ભમ અને ો ક' પ્રમાણપત્રની નકલ બાબતે માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ની કલમ ૮(૧)(ચ) અને કલમ ૮(૧)(ઠ) મુજબ આપી શકાય તેમ નથી એવું ડે.કમિશ્નર(૫.અને ઈ.)ના ઉકત પત્રથી જણાવવામાં આવેલ જ છે.

ઉપરોકત હકીકતથી વિદીત થઈ અરજદારની અપીલ અંગે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(૫.અને ઈ.) તરફથી માહિતી અધિકાર અધિનિયમની કલમ–૮ ના અપવાદના મુદ્દાને ગ્રાહય રાખી માહિતી પૂરી પાડી શકાય તેમ નથી જેથી અપીલ બાબતે કશું કરવાનું રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૪૨
તારીખ : ૭–૭–૦૭.

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(૫.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી સોનવણે ભટારામ નિમ્બા

અપીલ અરજી નં.૧૦૫/૦૭, તા.૨૯–૬–૦૭.

**અરજદાર :** શ્રી અનીલ ડી.પુરોહીત
**સામાવાળા:** વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનિલ ડી.પુરોહીતની તા.૨૧–૨–'૦૭ની અરજીથી તા.૧૨–૪–'૦૪ તથા તા.૧૯–૫–'૦૪ ના રોજ કરેલ અરજીમાં જણાવ્યા મુજબની વિગતો આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૯–૬–'૦૭ ની અપીલ અરજી નં.૧૦૫/૦૭.

શ્રી અનિલ ડી.પુરોહીતની તા.૨૧–૨–'૦૭ની અરજીથી તા.૧૨–૪–'૦૪ તથા તા.૧૯–૫–'૦૪ ના રોજ કરેલ અરજીમાં જણાવ્યા મુજબની વિગતો આપવા બાબતની અરજી સંદર્ભે વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર ધ્વારા નિર્દિષ્ટ સમયગાળાબાદ તા.૫–૪–'૦૭ના રોજ પાઠવવામાં આવેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૯–૬–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૨૩૫ તા.૩–૭–૦૬ થી વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.વી.આઈ.ડી./૫૮૭ તા.૪–૭–૦૭થી વિગતો મોકલવામાં આવેલ. જેમાં જણાવ્યા મુજબ તેઓ ધ્વારા પત્ર નં.વી.આઈ.ડી./૨૯ તા.૫–૪–૦૭ તેમજ પત્ર નં.વી.આઈ.ડી./૧૪૯ તા.૨૬–૪–૦૭ થી અરજદારને રૂબરુ મળી જવા જણાવવામાં આવેલ.

અરજદારની મુળ અરજી ,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતરની વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારને વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર ધ્વારા ઉકત પત્રોથી અરજદારની અરજીના સંદર્ભે રૂબરૂ મળી જવા જણાવેલ હોઈ તેમજ અરજદારની અપીલ અરજી માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈ મુજબ નિયત સમયાવધિ બાદ કરવામાં આવેલ હોય તે ગ્રાહય રાખવામાં આવતી નથી અને અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૬૨
તારીખ : ૧૨–૭–૦૭.

**પ્રતિ**
(૧) વિજીલન્સ એન્ડ ઈન્સ્પે.ઓફિસર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી અનિલ ડી. પુરોહીત

અપીલ અરજી નં.૧૦૬/૦૭, તા.૩૦–૬–૦૭.

**અરજદાર :** શ્રી હેમંત એન. દેસાઈ
**સામાવાળા:** આસી.કમિશ્નર.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૪–૬–'૦૭ની અરજીથી ૪/૩૬૦ની મિલ્કતમાં કારખાનું ચલાવવા માટે પરવાનગી આપવામાં આવી છે કેમ? તેની વિગતો આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૩૦–૬–'૦૭ ની અપીલ અરજી નં.૧૦૬/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈની તા.૪–૬–'૦૭ની અરજીથી ૪/૩૬૦ની મિલ્કતમાં કારખાનું ચલાવવા માટે પરવાનગી આપવામાં આવી છે કેમ? તેની વિગતો આપવા બાબતની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા નં.સે.ઝોન/આ.નં.૨૫૦, તા.૧૯–૬–'૦૭થી "અરજદાર તરફથી આવી કોઈ માંગણી કરવામાં આવેલ હોવાનું જણાતુ નથી તેમજ આવી કોઈ પરવાનગી આપવામાં આવેલ હોવાનું જણાતું નથી" તેવા પાઠવવામાં આવેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૩૦–૬–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૩૭, તા.૫–૭–'૦૭થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જે અંગે કોઈ વિશેષ માહિતી અત્રે મળેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજીથી માંગ્યા મુજબની માહિતી કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આ.નં.૨૫૦, તા.૧૯–૬–'૦૭થી પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ અંગે કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. જયારે અપીલ અરજીમાં અરજદાર તરફથી માંગવામાં આવેલ માહિતી "કોની મહેરબાનીથી ચાલે છે " વિગેરે તેમની મુળ અરજીથી અલાયદા મુદ્દા હોઈ તે અંગે અરજદાર કાયદા અને નિયમોની જોગવાઈ હેઠળ અલાયદી અરજી કરી માહિતી મેળવી શકે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૮૭
તારીખ : ૨૩–૭–૦૭.

પ્રતિ
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી હેમંત એન.દેસાઈ

અપીલ અરજી નં.૧૦૭/૦૭, તા.૩–૭–૦૭.

**અરજદાર :** શ્રી કિશોર હીરાલાલ મિસ્ત્રી
**સામાવાળાઃ** કાર્યપાલક ઈજનેર તમામ ઝોન./શહેર વિકાસ અધિકારી/ઈ.ચા.ચીફ ગુમાસ્તા નિરીક્ષક

**હુકમ :–**

વિષય : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ શ્રી કિશોર હીરાલાલ મિસ્ત્રીની તા.૨૪–૫–૦૭ ની રહેણાંક વિસ્તારમાં ઔદ્યોગિક ન્યુસન્સ કરતા એકમોની પરવાનગી આપવા,તેને બંધ કરવા તેમજ કેમિકલના વપરાશની પરવાનગી વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદારની તા.૩–૭–૦૭ ની અપીલ અરજી નં.૧૦૭/૦૭.

શ્રી કિશોર હીરાલાલ મિસ્ત્રીની તા.૨૪–૫–૦૭ ની રહેણાંક વિસ્તારમાં ઔદ્યોગિક ન્યુસન્સ કરતા એકમોની પરવાનગી આપવા,તેને બંધ કરવા તેમજ કેમિકલ ના વપરાશની પરવાનગી વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતની અરજી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સેઝોન/આરટીઆઈ/ જાવક/૧૯૬ તા.૩૦–૫–૦૭થી ટાઉન પ્લાનર તેમજ કાર્યપાલક ઈજનેર તમામ ઝોનને તબદીલ કરવામાં આવેલ. જે પૈકી કાર્યપાલક ઈજનેર સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ધ્વારા પત્ર નં.સાવેઝોન(અઠવા)/આ.પર તા.૨૮–૬–૦૭ ના પત્રથી જવાબ પાઠવવામાં આવેલ. જયારે ટાઉન પ્લાનર તરફથી સદર અરજી શહેર વિકાસ અધિકારી તેમજ ઈ.ચા.મુખ્ય ગુમાસ્તા નિરીક્ષકને પત્ર નં.ટીપીડી/૧૫૯૧ તા.૭–૬–૦૭થી તબદીલ કરવામાં આવેલ. કાર્યપાલક ઈજનેર સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ધ્વારા પાઠવવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૩ ના જવાબ પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી અધુરી તેમજ મુદ્દા નં.૩ ની માહિતી આપવામાં આવી ન હોવાનું જણાવી અરજદાર ધ્વારા તા.૩–૭–૦૭ ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૦, તા.૬–૭–'૦૭થી તમામ ઝોનના કાર્યપાલક ઈજનેર, શહેર વિકાસ અધિકારી, અને ઈ.ચા.ચીફ ગુમાસ્તા નિરીક્ષકને જણાવવામાં આવેલ. જે અંગે શહેર વિકાસ અધિકારી, ચીફ ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર,ઝોનલ ચીફ સેન્ટ્રલ ઝોન, નોર્થ ઝોન, સા–વેસ્ટ ઝોન અને સા.ઈસ્ટ ઝોન ધ્વારા માહિતી મોકલવામાં આવેલ. જયારે વરાછા ઝોન, રાંદેર ઝોન તેમજ ઉધના ઝોનની માહિતી મળેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"શહેર વિકાસ અધિકારી અને કાર્યપાલક ઈજનેર લિંબાયત ઝોન ધ્વારા તેઓના અનુક્રમે પત્ર નં.ટીડીઓ/૧૫૨૬ તા.૨૨–૬–૦૭ તેમજ સા.ઈ.ઝોન/મહેકમ/૯૩૮ તા.૧૦–૭–૦૭થી અરજદારને આપેલ માહિતીમાં મુદ્દા નં.૧ નો સમાવેશ થયેલ છે. જયારે કાર્યપાલક ઈજનેર અઠવા ઝોન તેમજ ડે.કમિશ્નર (પ અને ઈ) ધ્વારા અનુક્રમે પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/ આ.પર તા.૨૮–૬–૦૭ અને પત્ર નં. એસ એન્ડ ઈ/જા.૧૨૧ તા.૧૪–૬–૦૭ થી અઠવા અને શહેર કોટ વિસ્તાર પુરતી માહિતી આપેલ છે. જયારે અરજદારની અરજીના મુદ્દા નં.૩ અંગે અરજદારે બિડેલ અત્રેની કચેરીના હુકમની નકલ જોતાં અરજદાર ધ્વારા કરાયેલ અર્થઘટન યોગ્ય નથી. સદર હુકમમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે પ્રક્રિયા માટે પરવાનગી મહાનગરપાલિકા આપતી નથી પરંતુ કલમ–૩૭૬ અને પ્રકરણ–૧૮ હેઠળ ઉપયોગ/વપરાશ માટે અપાય છે અને સદર જોગવાઈથી નિયંત્રિત થાય છે. કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.સેઝોન/આ. નં.૩૦૨ તા.૪–૭–૦૭ થી આપેલ માહિતીમાં પણ તેનો સમાવેશ થાય છે. જે ધ્યાને લેતાં ગુમાસ્તા વિભાગ ધ્વારા શહેરના કોટ વિસ્તાર પુરતી માહિતી પૂરી પાડી હોય તે સિવાયના અન્ય વિસ્તારની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૦૭માં આપવા ડે.કમિશ્નર(પ.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૦૬
તારીખ : ૨૭–૭–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નરશ્રી(પ.અને ઈ.)/શહેર વિકાસ અધિકારીશ્રી/કાર્યપાલક ઈજનેરશ્રી તમામ ઝોન .......જાણ માટે.
(૨) શ્રી કિશોર હીરાલાલ મિસ્ત્રી

અપીલ અરજી નં.૧૦૮/૦૭, તા.૫–૭–'૦૭.

**અરજદાર :** શ્રી એસ.એમ.પટેલ
**સામાવાળાઃ** ઝોનલ ચીફ વરાછા ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી એસ.એમ.પટેલની તા.૨૮–૫–'૦૭ની અરજીથી અશ્વનીકુમાર શાકમાર્કેટ જુની ખાડી વૈદ્યરાજ રોડની પ્રાઈવેટ માલિકીની જગ્યામાં મહાનગરપાલિકા ધ્વારા એન્ક્રોચમેન્ટ બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૫–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૦૮/૦૭.

શ્રી એસ.એમ.પટેલની તા.૨૮–૫–'૦૭ની અરજીથી અશ્વનીકુમાર શાકમાર્કેટ જુની ખાડી વૈદ્યરાજ રોડની પ્રાઈવેટ માલિકીની જગ્યામાં મહાનગરપાલિકા ધ્વારા એન્ક્રોચમેન્ટ બાબતની અરજી સંદર્ભે નિયત સમયમર્યાદામાં કોઈ માહિતી મળી ન હોવાથી અરજદાર ધ્વારા તા.૫–૭–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ .

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૮, તા.૧૦–૭–'૦૭થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછા ઝોનને જણાવવામાં આવેલ. પરંતુ વિશેષ કોઈ માહિતી મળેલ ન હતી .

દરમ્યાન અપીલની સુનાવણી તા.૧૭–૮–'૦૭ના રોજ રાખવામાં આવેલ જેમાં અરજદાર હાજર રહયા હતા. જયારે લાગત જાહેર માહિતી અધિકારી તરફે ઝોનલ ચીફ વરાછાઝોન હાજર રહયા હતા. સુનાવણીમાં હાજર રહી અરજદારે જણાવેલ કે પ્રશ્નવાળી જગ્યા અમારી માલીકીની છે જયારે જાહેર માહિતિ અધિકારી ધ્વારા સદર જગ્યા સુરત મહાનગર સેવાસદનની માલિકી કબજા ભોવગટાની હોવાનું જણાવેલ. અરજદારને કાર્યપાલક ઈજનેર પુર્વઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૨૪૭ તા.૨–૭–૦૭ થી ખાનગી માલિકના નામે દાખલ કરેલ જમીન તાકિદે રદ કરી સુરત મહાનગર સેવાસદનની કબજા ભોગવટાની જમીન હોય નામ દાખલ કરવા જણાવેલ હોવાનું તેમજ "હરીધ્વારનું" કોઈ બાંધકામ ખાડીમાં આવતું ન હોવાનું , વિગેરે માહિતિ આપેલ હોવાનું જણાવી નકલ રજુ કરેલ. બંને પક્ષોની રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો આખરી નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મુળ અરજીમાં માંગેલ માહિતિ કાર્યપાલક ઈજનેર પુર્વઝોન વરાછાના પત્ર નં.ઈઝેડ/ આરટીઆઈ/૨૪૭ તા.૨–૭–૦૭ થી પુરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૭૮
તારીખ : ૧૮–૮–૦૭.

પ્રતિ
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછા ઝોન .......જાણ માટે.
(૨) શ્રી એસ.એમ. પટેલ

અપીલ અરજી નં.૧૦૯/૦૭, તા.૪–૭–૦૭.

**અરજદાર :** શ્રી ભરતભાઈ આત્મારામ પટેલ
**સામાવાળા :** ડે.કમિશ્નર(પ.અને ઈ.)

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતભાઈ આત્મારામ પટેલની તા.૨૫–૫–'૦૭ની અરજીથી સા.સભા ઠરાવ નં.૧૦૧/૯૯, તા.૨૨–૧–'૯૯નો આજદીન સુધી કયા કારણોસર પુનઃ અમલ શરૂ થયેલ નથી તેમજ સફાઈ કામદારોના ઉપરોકત ઠરાવના અમલથી કોઈ વધારાનો નાણાંકીય બોજ આવે છે કે કેમ? તે બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૪–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૦૯/૦૭.

શ્રી ભરતભાઈ આત્મારામ પટેલની તા.૨૫–૫–'૦૭ની અરજીથી સા.સભા ઠરાવ નં.૧૦૧/૯૯, તા.૨૨–૧–'૯૯નો આજદીન સુધી કયા કારણોસર પુનઃ અમલ શરૂ થયેલ નથી તેમજ સફાઈ કામદારોના ઉપરોકત ઠરાવના અમલથી કોઈ વધારાનો નાણાંકીય બોજ આવે છે કે કેમ? તે બાબતની અરજી સંદર્ભે ડે.કમિશ્નર(પ.અને ઈ.)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૮૯૨, તા.૬–૬–'૦૭થી પાઠવવામાં આવેલ મર્હુમના કીસ્સામાં સા.સ.ઠ.નં.૩૭, તા.૨૭–૪–'૮૭ તથા સા.સ.ઠ.નં.૧૫૦/૨૦૦૦, તા.૩૧–૩–૨૦૦૦ની જોગવાઈઓમાં સુધારો કરી સા.સ.ઠ.નં.૯૦૫/૨૦૦૫, તા.૧૪–૧૦–'૦૫ની સુધારેલ જોગવાઈઓ મુજબ અમલ કરવામાં આવેલ છે જયારે સ્વૈ.નિવૃત્તિના કિસ્સામાં સા.સ.ઠ.નં.૧૦૧/૯૯ તા.૨૨–૧–'૯૯ની જોગવાઈઓ સા.સ.ઠ.નં.૩૭/૮૭, તા.૨૭–૪–'૮૭ની જોગવાઈઓની અંતર્ગત હોય તેનો અમલ કરવામાં વિસંગતતા ઉભી થતી હોય સુધારેલ જોગવાઈઓ મુજબ સા.સ.ઠ.નં.૧૦૧/૯૯, તા.૨૨–૧–'૯૯માં આંશિક સુધારો કરી તેનો અમલ કરવા સંબંધેની સક્ષમ સત્તાની મંજુરી મેળવવા કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે. સા.સ.ઠ.નં.૧૦૧/૯૯, તા.૨૨–૧–'૯૯ની જોગવાઈઓ અનુસાર અમલ કરતા કામદાર/કર્મચારી કે જેઓ ૧૮ થી ૨૦ વર્ષની ઉંમરે નોકરી મેળવી ૩૮ થી ૪૦ વર્ષની ઉંમરે સ્વૈ.નિવૃત્તિ મેળવે. જેને કારણે કર્મચારી મજકુરને લાંબાગાળા સુધી પેન્સન ચુકવવુ પડે. તેમજ આશ્રિતને નોકરીમાં સમાવતા તેના પગારનો બોજો મહાનગરપાલિકાએ ઉઠાવવો પડે છે આમ, મહાનગરપાલિકાએ બેવડો આર્થિક બોજો ઉઠાવવો પડે છે જે આર્થિક તેમજ વહીવટી બાબતોને ધ્યાને લેતા મહાનગરપાલિકાના હિતમાં નથી તેવા જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૪–૭–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે અંગે મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહી પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૯, તા.૧૦–૭–'૦૭ થી પર્સોનલ ઓફિસર(મધ્યસ્થ મહેકમ) અને મદદનીશ જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જે અંગે તેમના ધ્વારા નં.જીએડી/ઈએસટી/૧૪૯૪,તા.૧૨–૭–'૦૭થી માહિતી મોકલવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મૂળ અરજીથી માંગ્યા મુજબની માહિતી ડે.કમિશ્નર(પ.અને ઈ.)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૮૯૨, તા.૬–૬–'૦૭થી મુદ્દાસર અને વિગતવાર પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ અંગે કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. "

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૯૧
તારીખ : ૨૩–૭–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(પ.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી ભરતભાઈ એ.પટેલ

અપીલ અરજી નં.૧૧૦/૦૭, તા.૩–૭–૦૭.

**અરજદાર :** શ્રી દિપક આર. પટેલ
**સામાવાળા:** ડે.કમિશ્નર(પ.અને ઈ.)

**હુકમ :–**

**વિષય :** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિપક આર.પટેલની તા.૧૧–૬–'૦૭ની અરજીથી અગાઉની અપીલો, અપીલના નિકાલ, અપીલ ફી તથા પડતર અપીલ અરજીઓ અંગેની માહિતી બાબત.

**સંદર્ભ :** અરજદાર મજકુરની તા.૩–૭–૦૭ ની અપીલ અરજી નં.૧૧૦/૦૭.

શ્રી દિપક આર.પટેલની તા.૧૧–૬–'૦૭ની અરજીથી અગાઉની અપીલો, અપીલ ફી, અપીલના નિકાલ તથા પડતર અપીલ અરજીઓ અંગેની માહિતી માંગવામાં આવેલ. જે સંદર્ભે ડે.કમિશ્નર(પ.અને ઈ.)ના પત્ર નં.આરટીઆઈ સેલ/૨૨૨, તા.૨૫–૬–'૦૭થી તેઓને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદાર મજકુર ધ્વારા તા.૩–૭–'૦૭ના રોજ અપીલ અધિકારીશ્રીને અપીલ કરવામાં આવેલ છે. ઉપરાંત અરજદાર ધ્વારા તેઓની સદર અપીલ અરજી દફતરે કરવામાં આવે નહી તેમજ સુનાવણી રાખી નિર્ણય લેવામાં આવે તેમ જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતરની વિગતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૬–૦૭ની ૧ થી ૮ મુદ્દાની માહિતી માંગતી અરજીના અનુસંધાને ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.પ સિવાયની તમામ માહિતી સમયમર્યાદામાં ઉપલબ્ધ દફતરી વિગતો અનુસાર અરજદારને યોગ્ય રીતે પૂરી પાડવામાં આવેલ છે જ. તેમજ મુદ્દા નં.પ અંગે લાગત જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારીને તા.૧૩–૬–૦૭ના રોજ નિયત નમુનામાં તેમના કાર્યક્ષેત્રમાં હોય તબદીલ કરવામાં આવેલ. જે અંગે શાસનાધિકારી ધ્વારા અરજદારને પાઠવેલ તા.૨૯–૬–૦૭ના પત્રથી રૂા.૨૪/–ની નિયત દસ્તાવેજ ફી ભરીને મેળવી લેવા જણાવેલ છે.જેથી અપીલ અંગે કશું કરવાનું રહેતુ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે. "

આપ ઉપરના નિર્ણયથી નારાજ હો તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો કચેરી, સેકટર–૧૮, ગાંધીનગરને બીજી અપીલ કરી શકો છો.

સહી/–
કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૬૮
તારીખ : ૧૭–૭–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(પ.અને ઈ.) અને જાહેર માહિતી અધિકારી.......જાણ માટે.
(૨) શ્રી દિપક આર.પટેલ

અપીલ અરજી નં.૧૧૧/૦૭, તા.૭–૭–'૦૭.

**અરજદાર :** શ્રી હેમંત એન. દેસાઈ
**સામાવાળા:** આસી.કમિશ્નર.

**હુકમ :–**

વિષય : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૬–૬–૦૭ની અરજીથી તા.૧૪–૫–૦૭ના રોજ વિગતવાર આપેલ અરજીના અનુસંધાનમાં કયા કયા અધિકારીએ શું શું તપાસ કરી અને શું કાર્યવાહી કરી તે બાબતના દરેક ખાતાના સંપુર્ણ રીપોર્ટની નકલ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૭–૭–૦૭ની અપીલ અરજી નં.૧૧૧/૦૭

શ્રી હેમંત એન. દેસાઈની તા.૬–૬–૦૭ની અરજીથી તા.૧૪–૫–૦૭ના રોજ વિગતવાર આપેલ અરજીના અનુસંધાનમાં કયા કયા અધિકારીએ શું શું તપાસ કરી અને શું કાર્યવાહી કરી તે બાબતના દરેક ખાતાના સંપુર્ણ રીપોર્ટની નકલ આપવા બાબતની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર સે.ઝોન/આ.નં.૨૮૫ તા.૨–૭–૦૭થી માહિતી માંગણી હેઠળની મિલ્કત અંગે " વિવિધ વિભાગો તરફથી મુલાકાત લેવામાં આવેલ છે જેમાં કોઈ ઉપદ્રવકારક પ્રવૃતિ ચાલતી હોવાનું જણાયેલ નથી" તેવા નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને તા.૭–૭–૦૭ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે અંગે મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૫૬, તા.૧૧–૭–'૦૭થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા કોઈ વિશેષ માહિતી અત્રે મળેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અરજીમાં માગ્યા મુજબની સદર બાબતે કયા કયા અધિકારીએ શું તપાસ કરી તેમજ શુ કાર્યવાહી કરી તેના સંપૂર્ણ રીપોર્ટની નકલ કાયદા અને નિયમોની જોગવાઈને અનુસરી અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. વધુમાં અરજદારે અપીલ અરજીમાં મૂળ અરજીથી અલાયદા મુદ્દા ઉપસ્થિત કરેલ છે જે અંગે કશું કરવાનું રહેતુ નથી."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૩૧
તારીખ : ૭–૮–૦૭.

પ્રતિ
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીશ્રી.......જાણ માટે.
(૨) શ્રી હેમંત એન.દેસાઈ

અપીલ અરજી નં.૧૧૨/૦૭, તા.૯–૭–'૦૭.

**અરજદાર :** શ્રી લતેષકુમાર કૃષ્ણલાલ ઝવેરી
**સામાવાળાઃ** ઝોનલ ચીફ, વરાછા ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી લતેષકુમાર કૃષ્ણલાલ ઝવેરીની તા.૭–૬–'૦૭ની અરજીથી અશ્વનીકુમાર શાકમાર્કેટ જુની ખાડી વૈદ્યરાજ રોડની પ્રાઈવેટ માલિકીની જગ્યામાં મહાનગરપાલિકા ધ્વારા એન્ક્રોચમેન્ટ બાબત તા.૧–૩–'૦૫, ૫–૪–'૦૫ તેમજ ૩૧–૮–'૦૫ના રોજ કરેલ અરજી સંદર્ભે શી કાર્યવાહી થઈ તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૯–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૧૨/૦૭.

શ્રી લતેષકુમાર કૃષ્ણલાલ ઝવેરીની તા.૭–૬–'૦૭ની અરજીથી અશ્વનીકુમાર શાકમાર્કેટ જુની ખાડી વૈદ્યરાજ રોડની પ્રાઈવેટ માલિકીની જગ્યામાં મહાનગરપાલિકા ધ્વારા એન્ક્રોચમેન્ટ બાબત તા.૧–૩–'૦૫, ૫–૪–'૦૫ તેમજ ૩૧–૮–'૦૫ના રોજ કરેલ અરજી સંદર્ભે શી કાર્યવાહી થઈ તેની માહિતી આપવા બાબતની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર, વરાછા ઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૨૫૧, તા.૩–૭–'૦૭થી " ખુલ્લી દર્શાવેલ જગ્યા સમસ્ત ગામની એટલે કે હાલ સુરત મહાનગર સેવાસદનની માલિકીની તથા કબજા ભોગવતાની જમીન હોવાના તથા કંમ્પાઉન્ડ વોલ બનાવવાની કામગીરી સુરત મહાનગર સેવાસદન વરાછાઝોન ધ્વારા કરવામાં આવી રહેલ હોવાના આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૯–૭–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૬૫, તા.૧૩–૭–'૦૭થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછા ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે વિશેષ માહિતી અત્રે મળેલ નથી.

અપીલની સુનાવણી તા.૧૭–૮–'૦૭ના રોજ રાખવામાં આવેલ જેમાં અરજદાર હાજર રહયા હતા. જયારે લાગત જાહેર માહિતી અધિકારી તરફે ઝોનલ ચીફ વરાછા ઝોન હાજર રહયા હતા. જેમા અરજદારે પ્રશ્નવાળી મિલ્કત તેમની માલિકીની છે એમ જણાવી સમર્થનમાં સીટીસર્વેની કચેરીના દસ્તાવેજની નકલ બતાવેલ જયારે લાગત જાહેર માહિતિ અધિકારી અને ઝોનલ ચીફ ધ્વારા ઉપલબ્ધ દફતરે સદર મિલ્કત કોર્પોરેશનની માલિકીની અને કબજા ભોગવટાની છે એમ જણાવી સર્વે નં. ૧૮૬૦–૬૧ની મિલ્કતના સીટીસર્વેની સનદ તેમજ દસ્તાવેજ રજુ કરી તેમા અરજદારે નિર્દીષ્ટ મિલ્કતનો ઉલ્લેખ ચતુર્સીમામાં થતો ન હોઈ તેમનો માલીકી હકક સ્પષ્ટ થતો નથી એમ જણાવેલ બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારને સદર બાબતે મહાનગરપાલિકાના દફતરે ઉપલબ્ધ રેકર્ડનું ઈન્સ્પેકશન ઝોનલ ચીફ વરાછાઝોન સમક્ષ તા.૨૨–૮–૦૭ ના રોજ બપોરે ૧૨–૩૦ કલાકે કરવાની વ્યવસ્થા કરવા તેમજ અરજદારને તેઓની જરૂરીયાત મુજબની નકલો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી પુરી પાડવા ઝોનલ ચીફ તથા જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૭૭
તારીખ : ૧૮–૮–૦૭.

**પ્રતિ**
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછા ઝોન .......જાણ માટે.
(૨) શ્રી લતેષકુમાર કૃષ્ણલાલ ઝવેરી

અપીલ અરજી નં.૧૧૩/૦૭, તા.૧૩–૭–'૦૭.

**અરજદાર :** શ્રી બિપીન જી. પંડયા
**સામાવાળાઃ** ડે.કમિશ્નર (પ.અને ઈ)

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી બિપીન જી.પંડયાની તા.૧–૬–'૦૭ની કતારગામ રે.સ.નં.૫૦૭ પૈકી –૨ની જમીનમાં ભકિતનગર સોસા.ના પ્લાન કયા વર્ષમાં પાસ થયેલ તેમજ તેમાં બાંધકામની પરમીશન,નળ,ગટરલાઈન કયા વર્ષમાં અને કયારે પાસ થયેલ છે. તેની માહિતી બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૩–૭–૦૭ ની અપીલ અરજી નં.૧૧૩/૦૭.

શ્રી બિપીન જી.પંડયાની તા.૧–૬–'૦૭ની કતારગામ રે.સ.નં.૫૦૭ પૈકી –૨ની જમીનમાં ભકિતનગર સોસા.ના પ્લાન કયાવર્ષમાં પાસ થયેલ તેમજ તેમાં બાંધકામની પરમીશન,નળ,ગટરલાઈન કયા વર્ષમાં અને કયારે પાસ થયેલ છે. તેની માહિતી બાબતની અરજી સંદર્ભે નિયત સમયમર્યાદામાં કોઈ પ્રતિભાવ મળ્યો ન હોય અરજદાર ધ્વારા તા.૧૩–૭–'૦૭ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૦ તા.૧૭–૭–૦૭ થી જણાવવામાં આવેલ જે સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી નોર્થ ઝોનના પત્ર નં.એન.ઝેડ/આ./૩૨૯૬ તા.૩૦–૭–૦૭માં જણાવ્યા મુજબ બાંધકામ અંગેના મંજુર પ્લાનની કોઈ વિગત ઉપલબ્ધ નથી તેમજ પાણી અને ડ્રેનેજની પાઈપ લાઈનો નાંખવાના પ્લાનો મંજુર કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ લાગત ખાતા ધ્વારા મોકલવામાં આવેલ રેકર્ડ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી કાર્યપાલક ઈજનેર નોર્થ ઝોનના પત્ર નં.એનઝેડ/આ.૩૨૯૬ તા.૩૦–૭–૦૭ થી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે અત્રેથી કશું કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૨૯
તારીખ : ૭–૮–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી.......જાણ માટે.
(૨) શ્રી બિપીન જી. પંડયા

અપીલ અરજી નં.૧૧૪/૦૭, તા.૧૩–૭–'૦૭.

**અરજદાર :** શ્રી ગોરધનભાઈ રામજીભાઈ પટેલ
**સામાવાળાઃ** ઝોનલ ચીફ, વરાછા ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગોરધનભાઈ રામજીભાઈ પટેલની તા.૧૪–૬–'૦૭ની અરજીથી ટી.પી.૮, ઉમરવાડા ફા.પ્લો.નં.૧૮નું બી–ફોર્મ નં.SMCP.No.951-(1)-50-1-11-91 ની નકલ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૩–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૧૪/૦૭.

શ્રી ગોરધનભાઈ રામજીભાઈ પટેલની તા.૧૪–૬–'૦૭ની અરજીથી ટી.પી.૮, ઉમરવાડા ફા.પ્લો.નં.૧૮નું બી–ફોર્મ નં.SMCP.No.951-(1)-50-1-11-91 ની નકલ આપવા બાબતની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર, વરાછા ઝોનના પત્ર નં.પૂર્વ ઝોન/આઉટ/ટીડી/આરટીઆઈ/૨૬૫, તા.૧૩–૭–'૦૭થી આપવામાં આવેલ ટી.પી. સ્કીમ નં.૮(ઉમરવાડા) ને ગુજરાત સરકારશ્રીએ જાહેર ક્રમાંક નં.જીએચ/વી/૧૧/ટીપીએસ/ ૪૨૭૪–૪૮૦૬(૮૬) –લ, તા.૧૨–૧–'૮૭થી ફાઈનલ મંજુરી આપેલ જે અનુસાર ફાઈનલ ટી.પી. સ્કીમના ''બી'' ફોર્મની પ્રમાણિત નકલ ઉપલબ્ધ હોય જે આપને આપી શકાશે. જયારે કાર્યપાલક ઈજનેર પુર્વઝોન(વરાછા) ધ્વારા માંગવામાં આવેલ નકલ અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવા જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૩–૭–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૭, તા.૨૦–૭–'૦૭થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે કાર્યપાલક ઈજનેર પુર્વઝોન(વરાછા) ધ્વારા પત્ર નં.પુર્વઝોન/ટીડી/આરટીઆઈ/નં.૨૬૫ તા.૩૧–૭–૦૭થી વિગતો મોકલવામાં આવેલ.

સદર અપીલની સુનાવણી તા.૧૦–૮–૦૭ તેમજ તા.૧૭–૮–૦૭ ના રોજ રાખવામાં આવેલ પરંતુ સદર સુનાવણી થઈ શકી ન હતી. જેથી તા.૨૩–૮–૦૭ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ. જેમા અરજદાર પોતે તેમજ જાહેર માહિતિ અધિકારી તરફે આસી.ઈજનેર શ્રી કાશ્મિરાબેન પટેલ ઉપસ્થિત રહયા હતા. સુનાવણીમાં અરજદાર ધ્વારા મુળ અરજીમાં માંગેલ 'બી' ફોર્મની નકલ મળેલ ન હોવાનું તેમજ તેઓ ધ્વારા વરાછાઝોનના રેકોર્ડનું ઈન્સ્પેકશન કરવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ તેમજ નાયબ નગર નિયોજક સુરત ધ્વારા ઈસ્યુ થયેલ 'બી' ફોર્મની ઝેરોક્ષ નકલ જેનો સ્ટેશનરી નં. SMC 91 જેવો વંચાય છે તે રજુ કરેલ. જયારે જાહેર માહિતી અધિકારી તરફે અરજદારની મુળ અરજીમાં માંગેલ 'બી' ફોર્મની નકલ દફતર પર ઉપલબ્ધ નથી એમ જણાવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

''અરજદારની અરજીમાં માગ્યા મુજબની 'બી'ફોર્મની નકલ મહાનગરપાલિકાના દફતરે ઉપલબ્ધ ન હોઈ તેમજ અરજદારે પણ મહાનગરપાલિકાના રેકોર્ડનું ઈન્સ્પેકશન કરેલ જેમા સદર નકલ ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. જેથી તે નકલ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને અપીલ અંગે કશું કરવાનું રહેતુ નથી. જયારે કાર્યપાલક ઈજનેર પુર્વઝોન(વરાછા ) ધ્વારા અરજદારને નકલ ફી ના રૂા.૨૦૦/– જમા કરાવ્યેથી માંગેલ મિલ્કતના બ ફોર્મની નકલ આપી શકાશે તેમ જણાવી તા.૫–૭–૦૭ ના રોજ નરજદાર ધ્વારા ફી વસુલ લેવામાં આવેલ છે જે કાયદાની જોગવાઈ સાથે સુસંગત ન હોઈ નકલ ફીના રૂા.૨૦૦/– અરજદારને દિન–૭ માં પરત કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી વરાછા ઝોન ને જણાવવામાં આવે છે.''

સહી/–
ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૦૪
તારીખ :૩૦ –૮–૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારીશ્રી વરાછા ઝોન.......જાણ માટે.
(૨) શ્રી ગોરધનભાઈ રામજીભાઈ પટેલ

અપીલ અરજી નં.૧૧૫/૦૭, તા.૧૬–૭–'૦૭.

**અરજદાર :** શ્રી જયોત્સના આઈ. ઘીવાલા
**સામાવાળાઃ** ઝોનલચીફ રાંદેર ઝોન.

**હુકમ :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી જયોત્સના આઈ.ઘીવાલાની તા.૨૨–૫–'૦૭ની અરજીથી પંચરત્ન સોસા.–૧, ટીપી–૧૨, રે.સ.નં.૩૭૪, ફા.પ્લો.નં.૧૬૨ના પ્લોટ નં.૭–૮ સંબંધિત અરજદારની અરજી સંદર્ભે મુદ્દા નં.૧ થી ૩ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૬–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૧૫/૦૭.

શ્રી જયોત્સના આઈ.ઘીવાલાની તા.૨૨–૫–'૦૭ની અરજીથી પંચરત્ન સોસા.–૧, ટીપી–૧૨, રે.સ.નં. ૩૭૪, ફા.પ્લો.નં.૧૬૨ના પ્લોટ નં.૭–૮ સંબંધિત અરજદારની અરજી સંદર્ભે મુદ્દા નં.૧ થી ૩ની માહિતી આપવા બાબતની અરજી સંદર્ભે માંગ્યા મુજબની સંપૂર્ણ માહિતી રૂ.૧૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર રજુ થયેલ સંમતિ પત્રક,સંમતિ પત્રક રજુકર્તાના પાવરની નકલ,માંગેલ દસ્તાવેજની નકલ તેમજ કરેલ કાર્યવાહીની નકલો મળેલ ન હોય જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૬–૭–'૦૭ના રોજે એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૮ તા.૨૦–૭–૦૭ થી જણાવવામાં આવેલ પરંતુ કોઈ વિગતો અત્રે મળેલ નહીં .

સદર અપીલની સુનાવણી તા.૧૦–૮–૦૭ ના રોજ રાખવામાં આવેલ. જેમા અરજદાર પોતે તેમજ જાહેર માહિતિ અધિકારી તરફે જુ.ઈજનેરશ્રી આર.જે .ટેલર ઉપસ્થિત રહયા હતા. જેમા અરજદારે રજુઆત કરી કે અપીલના ફોર્મ 'જ' માં જણાવ્યા મુજબની માહિતિ, દસ્તાવેજની નકલ અને સ્ટેમ્પ પેપર પરના લખાણ/સંમતિની નકલો તેમજ કરેલ કાર્યવાહીની નકલો મળેલ નથી. જયારે જાહેર માહિતિ અધિકારી તરફે જણાવવામાં આવ્યું કે ઉપલબ્ધ દફતર પૈકી માહિતિ આપેલ છે. બાકી માહિતિ દિન–૭ માં આપી દેવા ખાતરી આપી. બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા પ્રમાણેની ખુટતી માહિતિ અરજદારને દિન–૭ માં કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી પૂરી પાડી તેની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૬૧
તારીખ : ૧૪–૮–૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જયોત્સના આઈ. ઘીવાલા

અપીલ અરજી નં.૧૧૬/૦૭, તા.૧૩–૭–'૦૭.

**અરજદાર :** શ્રી છગનભાઈ આર. પટેલ
**સામાવાળા:** ડીનશ્રી, સ્મીમેર.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી છગનભાઈ આર.પટેલની તા.૧૯–૫–'૦૭ની અરજીથી મેડીકલ કોલેજ સંલગ્ન ટીચીંગ હોસ્પીટલમાં સકશન પાઈપલાઈન ઉપલબ્ધ હોય તો પણ જેતે વિભાગમાં કેટલા સકશન મશીનો હોવા જોઈએ તેની વિભાગ પ્રમાણેની માહિતીની વિગત વિગેરે મેળવવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૩–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૧૬/૦૭.

શ્રી છગનભાઈ આર.પટેલની તા.૧૯–૫–'૦૭ની અરજીથી મેડીકલ કોલેજ સંલગ્ન ટીચીંગ હોસ્પીટલમાં સકશન પાઈપલાઈન ઉપલબ્ધ હોય તો પણ જેતે વિભાગમાં કેટલા સકશન મશીનો હોવા જોઈએ તેની વિભાગ પ્રમાણેની માહિતીની વિગત વિગેરે મેળવવા બાબતની અરજી સંદર્ભે ડીનશ્રી તરફથી અરજદારને તા.૪–૭–'૦૭ના રોજ આપેલ અધૂરી વિગતના જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૩–૭–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૪, તા.૨૦–૭–'૦૭થી ડીનશ્રી,સ્મીમેર કોલેજઅને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ તરફથી પત્ર નં.સ્મીમેર/આઉટ/૧૧૫૭, તા.૨૭–૭–'૦૭ થી જણાવ્યાનુસાર તેમના પત્ર નં.સ્મીમેર/આઉટ/૧૧૪૬, તા.૨૫.૦૭.૨૦૦૭ થી મુદ્દા નં.૧ થી ૫ હેઠળ બિડાણ A અને B સાથે અરજદારને મોકલી આપવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અપીલ અરજીમાં માગ્યા મુજબની માહિતી ડીન અને જાહેર માહિતી અધિકારી સ્મીમેરના પત્ર નં.સ્મીમેર/આઉટ/૧૧૪૬, તા.૨૫–૭–'૦૭થી પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ અંગે હવે કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૨૪
તારીખ : ૭–૮–૦૭.

**પ્રતિ**
(૧) ડીન,સ્મીમેર અને જાહેર માહિતી અધિકારીશ્રી.......જાણ માટે.
(૨) શ્રી છગનભાઈ આર.પટેલ

અપીલ અરજી નં.૧૧૭/૦૭, તા.૧૬–૭–'૦૭.

**અરજદાર :** શ્રી ગુલામભાઈ મેમણ
**સામાવાળાઃ** ઝોનલ ચીફ,વેસ્ટ ઝોન.

**હુકમ :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૭–૬–'૦૭ની અરજીથી પટેલપાર્ક પાછળ વેસ્ટ ઝોનમાં આવેલ શાકભાજી માર્કેટની વિગતો આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૬–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૧૭/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૭–૬–'૦૭ની અરજીથી પટેલપાર્ક પાછળ વેસ્ટઝોનમાં આવેલ શાકભાજી માર્કેટની કેટલા સ્ટોલ ફાળવેલ છે? કેટલા ખાલી છે? ફાળવેલ સ્ટોલ ધારકોના નામ સરનામાની યાદી તેમજ કેટલા અરજદારોની અરજી આવેલ તેના નામ સરનામાની વિગતો આપવા બાબતની અરજી સંદર્ભે અરજદાર તરફથી તા.૯–૭–'૦૭ના રોજ નિયત દસ્તાવેજ ફીના રૂા.૧૪/– જમા કરાવવા છતાં માહિતી આપેલ નથી. જેથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૬–૭–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૬, તા.૨૦–૭–'૦૭ તેમજ નં.આરટીઆઈ સેલ/૩૧૭, તા.૩–૮–'૦૭થી જણાવવામાં આવેલ, પરંતુ કોઈ વિશેષ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની અપીલ સંદર્ભે તા.૧૦–૮–'૦૭ના રોજ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી તરફે રાંદેર ઝોનના આસી. મેડિકલ ઓફિસર ડો.ભટ્ટ ઉપસ્થિત રહયા હતા. જયારે અરજદાર ઉપસ્થિત રહયા ન હતા. પરંતુ સુનાવણી પૂરી થયા બાદ ડે.કમિશ્નર(જન.)ની કચેરી બહાર ઉપસ્થિત રહેલ અરજદારે અધૂરી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાવેલ.

ઉપરોકત હકીકતથી વિદીત થઈ સુનાવણીની રજુઆતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મૂળ અરજીમાં માંગ્યા પ્રમાણેની માહિતી કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી, પશ્ચિમ ઝોનના પત્ર નં.આઈએઆરડી/આ.વ.નં.૬૪, તા.૯–૮–'૦૭ તેમજ પત્ર નં.૧૨૦૪, તા.૧૩–૮–'૦૭થી પૂરી પાડવામાં આવેલ. જેમાં ફાળવેલ સ્ટોલના ધારકોના સરનામાં તેમજ કેટલા અરજદારોની સ્ટોલ ફાળવવા માટે અરજી આવેલ તેના નામ–સરનામાં ની વિગત પૂરી પાડવામાં આવી નથી. જેથી તે વિગતો અરજદારને કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી દિન–૦૭માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ, પશ્ચિમ ઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૬૩
તારીખ : ૧૪–૮–૦૭.

**પ્રતિ,**
(૧) ઝોનલ ચીફ, અને જાહેર માહિતી અધિકારી,પશ્ચિમ ઝોન.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ગુલામભાઈ મેમણ

અપીલ અરજી નં.૧૧૮/૦૭, તા.૧૬–૭–'૦૭.

**અરજદાર :** શ્રી ગુલામભાઈ મેમણ
**સામાવાળાઃ** ડે.કમિશ્નર(હે અને હો)

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૧૩–૬–'૦૭ની અરજીથી સેન્ટ્રલ ઝોનમાં ઝાંપાબજાર મટન માર્કેટમાં સ્ટોલ ધારકોને આપવામાં આવતા લાયસન્સમાં કલમ નં.૩૦, પેટા કલમ નં.૯ની માંગેલી વિગતો આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૬–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૧૮/૦૭.

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૧૩–૬–'૦૭ની અરજીથી સેન્ટ્રલ ઝોનમાં ઝાંપાબજાર મટન માર્કેટમાં સ્ટોલ ધારકોને આપવામાં આવતા લાયસન્સમાં કલમ નં.૩૦, પેટા કલમ નં.૯ની માંગેલી વિગતો આપવા બાબતની અરજી સંદર્ભે કોઈ જવાબ મળેલ ન હોય જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૬–૭–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૭૫, તા.૨૦–૭–'૦૭થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. તેઓના પત્ર નં.સે.ઝોન/આ.નં.૩૫૯, તા.૨૩–૭–'૦૭થી જણાવ્યા મુજબ સદર અરજી આઉટવર્ડ નં.સી.ઝેડ/આરટીઆઈ જા.નં.૨૩૭, તા.૧૪–૬–'૦૭ અન્વયે એડીશનલ માર્કેટ સુપ્રિન્ટેન્ડન્ટને તબદીલ કરવામાં આવેલ. જે સંદર્ભે એડીશનલ માર્કેટ અમલદારના પત્ર નં.PHD/MKT/Out. No.420, તા.૨૩–૭–'૦૭થી અરજદારને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.જે ધ્યાને લઈ અરજદારની અપીલ અરજી દફતરે કરવાનો હુકમ પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૮, તા.૭–૮–'૦૭થી કરવામાં આવેલ.

અરજદાર ધ્વારા તા.૧૩–૮–'૦૭ના રોજ ફરીથી અપીલ કરવામાં આવેલ. માહિતી અધિકાર અધિનિયમમાં અત્રેની કક્ષાએ પુનઃ અપીલ કરવાની જોગવાઈ નથી તેમ છતાં અરજદારની મૂળ અરજીમાં મ્યુ.માર્કેટમાં વેચાણનો ધંધો કરનાર ઈસમોએ પાલન કરવાજોગ શરતો અને નિયમોના નિયમ–૩૦માં દર્શાવેલ પેટા કાયદા–૯ની કલમ સહિતની માહિતી માંગવામાં આવેલ છે. જે હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અરજીમાં માગ્યા મુજબની મ્યુ.માર્કેટમાં વેચાણનો ધંધો કરનાર ઈસમોએ પાલન કરવાજોગ શરતો અને નિયમોના નિયમ–૩૦માં દર્શાવેલ પેટા કાયદા–૯ની કલમની માહિતી કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી તાકીદે પૂરી પાડવા ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૨૮
તારીખ : ૭–૮–૦૭.

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નરશ્રી(હે.અને હો.) .......જાણ માટે.
(૨) શ્રી ગુલામભાઈ મેમણ

અપીલ અરજી નં.૧૧૯/૦૭, તા.૧૮–૭–'૦૭.

**અરજદાર :** શ્રી અશોક કે. મુંજાણી
**સામાવાળા:** ડે.કમિશ્નર (હે.અને હો.)

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશોક કે. મુંજાણી ની તા.૧૩–૬–'૦૭ની અરજીથી ડો.અમરજીત સિંહ હેલ્થ કમિશ્નર, ગુજરાત રાજયના તા.૨૭–૮–'૦૬ના કમિશ્નર,સુરત મહાનગરપાલિકાને લખેલા પત્રમાં ઉલ્લેખ થયેલ Protocol guidelines for the active surveillance and treatment ની પ્રમાણિત નકલ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૮–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૧૯/૦૭.

શ્રી અશોક કે. મુંજાણી ની તા.૧૩–૬–'૦૭ની અરજીથી ડો.અમરજીતસિંહ હેલ્થ કમિશ્નર, ગુજરાત રાજયના તા.૨૭–૮–'૦૬ના કમિશ્નર,સુરત મહાનગરપાલિકાને લખેલા પત્રમાં ઉલ્લેખ થયેલ Protocol guidelines for the active surveillance and treatment ની પ્રમાણિત નકલ આપવા બાબતની અરજી સંદર્ભે કોઈ જવાબ મળેલ ન હોય અરજદાર ધ્વારા તા.૧૮–૭–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૮૪, તા.૨૧–૭–'૦૭ થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે ડે.કમિ.(હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.પીએચડી/પીઓ/૮૬૦, તા.૩૦–૭–'૦૭માં જણાવ્યા મુજબ "Guidelines for the active survey and intervention for leptospirosis cases" ના શિર્ષક હેઠળની કોઈ માહિતી વિભાગ પાસે ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ લાગત ખાતા ધ્વારા મોકલવામાં આવેલ રેકર્ડ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મૂળ અરજીમાં માંગેલ માહિતી ડે.કમિશ્નર(હે અને હો)ના ઉકત પત્રમાં જણાવ્યા મુજબ ઉપલબ્ધ નથી તેવો ઉત્તર અરજદારને પાઠવેલ હોઈ અપીલ અંગે હાલના તબકકે અત્રેથી કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૨૭
તારીખ : ૭–૮–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીશ્રી.......જાણ માટે.
(૨) શ્રી અશોક કે. મુંજાણી

અપીલ અરજી નં.૧૨૦/૦૭, તા.૧૯–૭–'૦૭.

**અરજદાર :** શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા
**સામાવાળા:** કાર્યપાલક ઈજનેર,સાઉથ ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા ની તા.૧૮–૬–'૦૭ની અરજીથી ઉધના મેઈન રોડ ટીપી સ્કીમ નં.૬, ફા.પ્લો.નં.૩૭૯ માં આવેલ ખરવરનગર વસાહત ખાતે ગેરકાયદે બાંધકામો બાબતે મુદ્દા નં.૧ થી ૫ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : (૧) અરજદાર મજકુરની તા.૧૯–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૨૦/૦૭.
(૨) અરજદાર મજકુરનો તા.૧–૮–'૦૭ નો પત્ર.

શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા ની તા.૧૮–૬–'૦૭ની અરજીથી ઉધના મેઈન રોડ ટીપી સ્કીમ નં.૬, ફા.પ્લો.નં.૩૭૯ માં આવેલ ખરવરનગર વસાહત ખાતે ગેરકાયદે બાંધકામો બાબતે મુદ્દા નં.૧ થી ૫ની માહિતી આપવા બાબતની અરજી સંદર્ભે કોઈ જવાબ મળેલ ન હોય અરજદાર ધ્વારા તા.૧૯–૭–'૦૭ના રોજ મ્યુ.કમિશ્નર અને એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૯૫, તા.૨૫–૭–'૦૭થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે સાઉથ ઝોન ધ્વારા અત્રે કોઈ વિગત મોકલવામાં આવેલ નથી પરંતુ અરજદાર મજકુરના તા.૧–૮–'૦૭ના પત્રની સાથે તેઓની તા.૧૮–૬–'૦૭ની અરજી બાબતે ડે.કમિશ્નર(જ.) સાઉથ ઝોન(ઉધના)ના પત્ર નં.સા.ઝોન/ટેક/આ. નં.૪૧૩૧, તા.૧૬–૭–'૦૭થી નિયત સમયમર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ. જયારે તે અંગેની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમ જણાવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ લાગત ખાતા ધ્વારા મોકલવામાં આવેલ રેકર્ડ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૮–૬–'૦૭ની મૂળ અરજીમાં માંગેલ માહિતી ડે.કમિશ્નર(જ.) સાઉથ ઝોન(ઉધના)ના પત્ર નં.સા.ઝોન/ટેક/આ. નં.૪૧૩૧, તા.૧૬–૭–'૦૭થી નિયત સમયમર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. જયારે તેમના તા.૧–૮–૦૭ ના પત્રથી જણાવેલ "કાર્યવાહી કરવા બાબતનો" સમાવેશ માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈ હેઠળ સ્પર્શતો ન હોઈ તે અંગે અપીલમાં અત્રેથી કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. તેમ છતાં તેમના પત્રની નકલ લાગત ખાતાઓને પાઠવી ધટતુ કરવા રવાના કરવામાં આવેલ છે. તેમજ તા.૨૮–૬–'૦૭ની સરખા વિષયની અરજદારની અરજી બાબતે અરજદારને યોગ્ય તે માહિતી પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સા.ઝોન(ઉધના) ને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૨૫
તારીખ : ૭–૮–૦૭.

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,સા.ઝોન(ઉધના)/શહેર વિકાસ અધિકારીશ્રી.......જાણ તથા કાર્યવાહી માટે.
(૨) શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા

અપીલ અરજી નં.૧૨૧/૦૭, તા.૨૪–૭–'૦૭.

**અરજદાર :** શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ
**સામાવાળાઃ** કાર્યપાલક ઈજનેર,સાઉથ ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ ની તા.૨૧–૬–'૦૭ની બમરોલી સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭માં પ્રભુનગર હાઉસીંગ સોસાયટી, આકારણી દફતરે દાખલ કરેલ તે બાબતે વિજીલન્સ બ્રાન્ચમાં થયેલ ફરીયાદ અન્વયે તપાસ રીપોર્ટ તેમજ કમિશનરશ્રી ધ્વારા થયેલ ઓર્ડરની નકલ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૪–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૨૧/૦૭.

શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ ની તા.૨૧–૬–'૦૭ની બમરોલી સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭માં પ્રભુનગર હાઉસીંગ સોસાયટી, આકારણી દફતરે દાખલ કરેલ તે બાબતે વિજીલન્સ બ્રાન્ચમાં થયેલ ફરીયાદ અન્વયે તપાસ રીપોર્ટ તેમજ કમિશનરશ્રી ધ્વારા થયેલ ઓર્ડરની નકલ આપવા બાબતની અરજી સંદર્ભે રૂ.૪/– નકલ ફી ભરેલ હોવા છતાં કોઈ જવાબ મળેલ ન હોય અરજદાર ધ્વારા તા.૨૪–૭–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૯, તા.૩૧–૭–'૦૭થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે સાઉથ ઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/૩૯૮,તા.૧–૮–'૦૭ અત્રે માહિતી મોકલવામાં આવેલ. જેમાં જણાવ્યા મુજબ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સાઉથ ઝોન(ઉધના) પત્ર નં.સા.ઝોન/અકણ/૩૮૪, તા.૨૭–૭–'૦૭થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ લાગત ખાતા ધ્વારા મોકલવામાં આવેલ રેકર્ડ ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મૂળ અરજીમાં માંગેલ માહિતી કાર્યપાલક ઈજનેર,સાઉથ ઝોન(ઉધના)ના પત્ર નં.સા.ઝોન/અકણ/૩૮૪, તા.૨૭–૭–'૦૭થી પૂરી પાડવામાં આવી હોઈ અપીલ અંગે અત્રેથી કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૨૬
તારીખ : ૭ –૮–૦૭.

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી.......જાણ માટે.
(૨) શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ

અપીલ અરજી નં.૧૨૨/૦૭, તા.૨૪–૭–'૦૭.

**અરજદાર :** શ્રી જીજ્ઞેશાબેન ધર્મેશભાઈ પટેલ
**સામાવાળાઃ** ઝોનલ ચીફ,રાંદેર ઝોન.

**હુકમ :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીજ્ઞેશાબેન ધર્મેશભાઈ પટેલની તા.૧૬–૩–'૦૭ની મકાન, ફલેટ,દુકાન, ખુલ્લા પ્લોટની આકારણી દફતરે નોંધાયેલ પુરાવા સહિતની રજુ કરેલ અલગ પુરવણી મુજબની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૪–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૨૨/૦૭.

શ્રી જીજ્ઞેશાબેન ધર્મેશભાઈ પટેલની તા.૧૬–૩–'૦૭ની શ્રી ગોપાળભાઈ પટેલ વિગેરેના નામે સયુંકત યા વ્યકિતગત નામે આનંદ મહેલ રોડ પરના પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટ ફલેટ નં.૧૦૨,૨૦૩ તથા દુકાન નં.સી/૫–સી/૬ ખુલ્લા પ્લોટ સહીત તથા મોરાભાગળ વિસ્તારમાં લક્ષ્મીનગર સોસાયટી બંગલા નં.૧ વિગેરે મિલ્કતોની આકારણી દફતરે નોંધાયેલ પુરાવા સહિતની રજુ કરેલ અલગ પુરવણી મુજબની માહિતી આપવા બાબતની અરજી સંદર્ભે નિયત સમયમર્યાદામાં કોઈ નિર્ણય મળેલ ન હોઈ અરજદાર ધ્વારા તા.૨૪–૭–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ. જેમાં કાયદાથી અજ્ઞાન હોવાના કારણે અપીલ મોડી થઈ હોય દાખલ કરવા અંગે જણાવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૮, તા.૩૧–૭–'૦૭થી ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવેલ, પરંતુ કોઈ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મૂળ અરજીમાં માંગ્યા પ્રમાણેની શ્રી ગોપાળભાઈ રામભાઈ પટેલ તેમજ અન્ય ઈસમોના નામે દુકાન, મકાન, ફલેટ તથા ખુલ્લી જમીનની મિલ્કતોની આકારણી પત્રકના પુરાવા સહિતની માહિતી ઉપલબ્ધ દફતરેથી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૦૭માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૭૫
તારીખ : ૧૮–૮–૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જીજ્ઞેશાબેન ધર્મેશભાઈ પટેલ

અપીલ અરજી નં.૧૨૩/૦૭, તા.૨૫–૭–'૦૭.

**અરજદાર :** શ્રી દેવદત એફ.એલ. ક્રિશ્ચ્યન
**સામાવાળા:** ડાયરેકટર ઓફ પ્લાનીંગ.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી દેવદત ક્રિશ્ચ્યનની તા.૨૧–૬–'૦૭ની બીજી શ્રેણી કલાર્ક શ્રીમતી શાહના કાર્યકાળ દરમ્યાન કયા કયા કર્મચારીઓને કવાટર્સ ફાળવણી બાબતે માંગવામાં આવેલ માહિતી અંગે.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૫–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૨૩/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી દેવદત ક્રિશ્ચ્યનની તા.૨૧–૬–'૦૭ની બીજી શ્રેણી કલાર્ક શ્રીમતી શાહના કાર્યકાળ દરમ્યાન કયા કયા કર્મચારીઓને કવાટર્સ ફાળવણી બાબતે માંગવામાં આવેલ માહિતી અંગેની અરજી સંદર્ભે સંપૂર્ણ માહિતી આપવાની હતી તે બાબતે કોઈ ઘટસ્ફોટ કરવામાં આવેલ ન હોઈ અરજદાર ધ્વારા તા.૨૫–૭–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૦૭ તા.૩૧–૭–૦૭ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતિ અધિકારીને જણાવવામાં આવેલ જેના સંદર્ભે તેઓ ધ્વારા પત્ર નં.ટીપીડી/આ./૩૧૭૦ તા.૭–૮–૦૭ થી વિગતો પૂરી પાડવામાં આવેલ. જે સંદર્ભે ફરીથી પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪૭ તા.૧૩–૮–૦૭ થી વિશેષ માહિતિ મંગાવવામાં આવેલ. જે અંગે તેઓના પત્ર નં.ટીપીડી/આ./૩૬૭૧ તા.૩૧–૮–૦૭ થી વિશેષ વિગતો પણ મોકલવામાં આવેલ.

સદર અપીલની સુનાવણી તા.૩૧–૮–૦૭ ના રોજ રાખવામાં આવેલ જેમાં અરજદારે તેમના તા.૩૧–૮–૦૭ ના પત્રથી નાદુરસ્ત તબિયતને કારણે રૂબરૂ હાજર રહી શકાય તેમ નથી તથા અન્ય તારીખ આપવા જણાવેલ. જયારે જાહેર માહિતિ અધિકારી તરફે ટાઉન પ્લાનર અને મદદનીશ જાહેર માહિતિ અધિકારી શ્રી પંડયા ઉપસ્થિત રહયા હતા. તેઓએ અરજદાર ધ્વારા તેમની અરજીથી માંગવામાં આવેલ શ્રીમતી શાહના ફરજના સમયગાળા દરમ્યાન એટલે કે તા.૨૭–૬–૨૦૦૨ થી આજદિન સુધીની વિગતો અરજદારને પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મૂળ અરજીમાં માંગ્યા મુજબની માહિતિ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીપીડી/આ.૨૮૭૦ તા.૨૬–૭–૦૭થી અરજદારને પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી. જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૧૧
તારીખ : ૩–૯–૦૭.

પ્રતિ
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, .......જાણ માટે.
(૨) શ્રી દેવદત એફ.એલ. ક્રિશ્ચિયન

અપીલ અરજી નં.૧૨૪/૦૭, તા.૨૭–૭–'૦૭.

**અરજદાર** : શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા
**સામાવાળા** : ઝોનલ ચીફ,રાંદેર ઝોન.

**હુકમ :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલાની તા.૨૧–૬–'૦૭ની અરજીથી મહાનગરપાલિકા ધ્વારા રસ્તા રોકાણ કરતા કેટલા પાથરણાવાળાઓને પાકા સ્ટોલ બનાવી શાકભાજી વેચવાની સગવડ પૂરી પાડવામાં આવી છે? માત્ર સંખ્યા જણાવો તથા શાકભાજી,ફ્રુટ વગેરે વેચનારા માટેના સ્ટોલ ઉપર સ્ત્રી શૃંગાર તેમજ અન્ય વસ્તુઓ વેચવાની મંજુરી અપાયેલ છે કે કેમ? તે જણાવવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૭–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૨૪/૦૭.

શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલાની તા.૨૧–૬–'૦૭ની અરજીથી મહાનગરપાલિકા ધ્વારા રસ્તા રોકાણ કરતા કેટલા પાથરણાવાળાઓને પાકા સ્ટોલ બનાવી શાકભાજી વેચવાની સગવડ પૂરી પાડવામાં આવી છે? માત્ર સંખ્યા જણાવો તથા શાકભાજી, ફ્રુટ વગેરે વેચનારા માટેના સ્ટોલ ઉપર સ્ત્રી શૃંગાર તેમજ અન્ય વસ્તુઓ વેચવાની મંજુરી અપાયેલ છે કે કેમ? તે જણાવવા બાબતેની અરજી સંદર્ભે આજ સુધી માંગેલી માહિતી પૂરી પાડી નથી. જેથી અરજદાર ધ્વારા તા.૨૭–૭–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની મુળ અરજીમાં **સુરત મહાનગરપાલિકા** ધ્વારા બનાવાયેલ શાકમાર્કેટની માહિતી માંગેલ હોવાનું જણાય છે જે અંગે ઝોન કક્ષાએથી કોઈ કાર્યવાહી હાથ ધરી વિગતો એકત્રિત કરી અરજદારને માહિતી આપવા બાબતે કોઈ પ્રગતિ થયેલ છે કે કેમ? થયેલ હોયતો કયા તબકકે છે? તેની વિગતો આપવા તેમજ અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૪, તા.૨–૮–'૦૭થી કાર્યપાલક ઈજનેર, રાંદેર ઝોનને જણાવવામાં આવેલ, પરંતુ કોઈ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મૂળ અરજીમાં માંગ્યા પ્રમાણેની તા.૨૧–૬–'૦૭ની અરજીથી મહાનગરપાલિકા ધ્વારા રસ્તા રોકાણ કરતા કેટલા પાથરણાવાળાઓને પાકા સ્ટોલ બનાવી શાકભાજી વેચવાની સગવડ પૂરી પાડવામાં આવી છે? માત્ર સંખ્યા જણાવો તથા શાકભાજી, ફ્રુટ વગેરે વેચનારા માટેના સ્ટોલ ઉપર સ્ત્રી શૃંગાર તેમજ અન્ય વસ્તુઓ વેચવાની મંજુરી અપાયેલ છે કે કેમ? તે વિગતો ઉપલબ્ધ દફતરેથી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૦૭માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી, રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

સહી/–

નં.આરટીઆઈ સેલ/૩૭૪
તારીખ : ૧૮–૮–'૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જીતેન્દ્ર બચુભાઈ પટેલ

અપીલ અરજી નં.૧૨૫/૦૭, તા.૨૭–૭–'૦૭.

**અરજદાર :** શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા
**સામાવાળા:** ઝોનલ ચીફ,રાંદેર ઝોન.

**હુકમ :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલાની તા.૨૩–૫–'૦૭ની મ્યુ.કોર્ટ ધ્વારા રેશીડેન્ટ મિલકતોનો કોમર્શીયલ હેતુ રોકવા હુકમો થયા છે જે અંતર્ગત વેસ્ટ ઝોન વિભાગમાં સરકારી યોજના અંતર્ગત માત્ર રેશીડેન્ટ હેતુ માટે જ ફાળવાયેલ હાઉસીંગ બોર્ડ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા ફાળવાયેલ કેટલા ટેનામેન્ટોમાં વ્યાપારી કામકાજ ચાલે છે? તે રોકવા શું પગલા ભરાયા છે તેની વિગતો આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૭–૭–'૦૭ ની અપીલ અરજી નં.૧૨૫/૦૭.

શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલાની તા.૨૩–૫–'૦૭ની મ્યુ.કોર્ટ ધ્વારા રેશીડેન્ટ મિલકતોનો કોમર્શીયલ હેતુ રોકવા હુકમો થયા છે જે અંતર્ગત વેસ્ટ ઝોન વિભાગમાં સરકારી યોજના અંતર્ગત માત્ર રેશીડેન્ટ હેતુ માટે જ ફાળવાયેલ હાઉસીંગ બોર્ડ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા ફાળવાયેલ કેટલા ટેનામેન્ટોમાં વ્યાપારી કામકાજ ચાલે છે? તે રોકવા શું પગલા ભરાયા છે તેની વિગતો આપવા બાબતેની અરજી સંદર્ભે આજ સુધી માંગેલી માહિતી પૂરી પાડી નથી. જેથી અરજદાર ધ્વારા તા.૨૭–૭–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧૫, તા.૨–૮–'૦૭થી ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવેલ, પરંતુ કોઈ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મૂળ અરજીમાં માંગ્યા પ્રમાણેની મ્યુ.કોર્ટ ધ્વારા રેશીડેન્ટ મિલકતોનો કોમર્શીયલ હેતુ રોકવા હુકમો થયા છે જે અંતર્ગત વેસ્ટ ઝોન વિભાગમાં સરકારી યોજના અંતર્ગત માત્ર રેશીડેન્ટ હેતુ માટે જ ફાળવાયેલ હાઉસીંગ બોર્ડ તથા સુરત મહાનગરપાલિકા ધ્વારા ફાળવાયેલ કેટલા ટેનામેન્ટોમાં વ્યાપારી કામકાજ ચાલે છે? તે રોકવા શું પગલા ભરાયા છે તેની વિગતો ઉપલબ્ધ દફતર પરથી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૦૭માં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૭૩
તારીખ : ૧૮–૮–૦૭.

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ, અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જીતેન્દ્ર બચુભાઈ પટેલ

અપીલ અરજી નં.૧૨૬/૦૭, તા.૧–૮–'૦૭.

**અરજદાર :** શ્રી ગુલામભાઈ મેમણ
**સામાવાળા:** આસી.કમિશ્નર, સેન્ટ્રલ ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨–૭–'૦૭ની સેન્ટ્રલ ઝોનમાં '૦' રૂટ કરવામાં આવ્યો તેની અખબારી યાદીની નકલ તેમજ હોકર્સ લાયસન્સ ધારકોને લાયસન્સ કેન્સલ કરવા બાબતની આપેલી નોટીસ તેઓને મળેલ હોવા બાબતના પુરાવાની નકલ મેળવવાની અરજી.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૨૬/૦૭.

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨–૭–'૦૭ની સેન્ટ્રલ ઝોનમાં '૦' રૂટ કરવામાં આવ્યો તેની અખબારી યાદીની નકલ તેમજ હોકર્સ લાયસન્સ ધારકોને લાયસન્સ કેન્સલ કરવા બાબતની આપેલી નોટીસ તેઓને મળેલ હોવા બાબતના પુરાવાની નકલ મેળવવાની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં.૩૫૨, તા.૨૦–૭–'૦૭થી સેન્ટ્રલ ઝોનમાં '૦' રૂટ કરવામાં આવ્યો તેની અખબારી યાદી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા મળી આવેલ નથી. તેમજ હોકર્સ લાયસન્સ ધારકોને લાયસન્સ કેન્સલ કરવા બાબતની આપેલી નોટીસ તેઓને મળેલ હોવા બાબતના પુરાવાની નકલ આપવા બાબતે રૂ.૩૦/– જમા કરાવ્યા પછી જરૂરી માહિતી મેળવી લેવા જણાવેલ. જેથી અરજદાર ધ્વારા તા.૧–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૩, તા.૪–૮–'૦૭થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા પત્ર નં.સે.ઝોન/આ નં.૪૪૬, તા.૧૭–૮–'૦૭થી અખબારી યાદીની નકલ ઉપલબ્ધ ન હોવાનું તેમજ નકલ ફી પેટે રૂા.૩૦/– જમાં કરાવવા જણાવવામાં આવેલ તેમ છતાં રકમ જમાં કર્યા બાબતના પુરાવા રજુ કરવામાં આવેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ જોતાં જણાતું નથી તેવુ જણાવવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની વિગત કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતિ અધિકારી,સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સેઝોન/ આ. નં.૩૫૨, તા.૨૦–૭–'૦૭ માં જણાવ્યા મુજબ '૦' રૂટ કરવામાં આવ્યો તેની અખબારી યાદી બાબતે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા મળી આવેલ નથી. જેથી તે અંગે કશું કરવાનું રહેતું નથી. તેમજ હોકર્સ લાયસન્સ ધારકોને લાયસન્સ કેન્સલ કરવા બાબતની આપેલી નોટીસ તેઓને મળેલ હોવા બાબતના પુરાવાની નકલ આપવા બાબતે રૂ.૩૦/– જમાં કરાવ્યા પછી જરૂરી માહિતી મેળવી લેવા અરજદારને મદદનીશ જાહેર માહિતિ અધિકારી અને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન ધ્વારા જણાવેલ હોઈ તે મુજબ અનુસરવા અરજદારને જણાવવામાં આવે છે. જયારે અરજદારે અપીલમાં જણાવેલ " જાહેર નામાની નકલ " માહિતિ માંગણી તેમની મુળ અરજીમાં સમાવિષ્ટ ન હોઈ અલાયદા મુદ્દા અંગે અપીલમાં કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. પરંતુ અરજદાર ઈચ્છુક હોય તો તે અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી શકે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૯૬
તારીખ : ૨૩–૮–૦૭.

પ્રતિ
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન .......જાણ માટે.
(૨) શ્રી ગુલામભાઈ મેમણ

અપીલ અરજી નં.૧૨૭/૦૭, તા.૩–૮–'૦૭.

**અરજદાર** : શ્રી રંજન રાજેન્દ્ર ટેલર
**સામાવાળા**: ઝોનલ ચીફ રાંદેર ઝોન

# હુકમ :–

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી રંજન રાજેન્દ્ર ટેલર તથા અન્યની તા.૨૧–૩–'૦૭ની ટી.પી.૧૩ રે.સ. નં.૨૧૯ ફા.પ્લો.નં.૧૦૬ સબ પ્લો.નં.૧૦ વાળી મિલ્કતમાં તા.૧૦–૨–૦૫ ના રોજ પાંચ દુકાનો /રૂમોમાં હેતુફેર થયેલ હોય તોટીસ આપી સીલ મારેલ જે ખોલવા બાબતની અરજીના મુદ્દા નં.૭ મુજબ તેમની તા.૨૧–૩–૦૭ની અરજીથી માંગેલ વિગતો પુરી પાડવા બાબત.

સંદર્ભ : ૧. અરજદાર મજકુરની તા.૩–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૨૭/૦૭.
૨. સેકશન અધિકારી શ.વિ.અને શ.ગૃ.ની વિભાગનો પત્ર નં. સમન/૯૦૨૦૦૭/૩૬૬૬/પી તા.૩૦–૭–૦૭

શ્રી રંજન રાજેન્દ્ર ટેલર તથા અન્યની તા.૨૧–૩–'૦૭ની ટી.પી.૧૩ રે.સ. નં.૨૧૯ ફા.પ્લો.નં.૧૦૬ સબ પ્લો.નં.૧૦ વાળી મિલ્કતમાં તા.૧૦–૨–૦૫ ના રોજ પાંચ દુકાનો /રૂમોમાં હેતુફેર થયેલ હોય તોટીસ આપી સીલ મારેલ જે ખોલવા બાબતની અરજી સંદર્ભે તેઓની તા.૨૧–૩–૦૭ ની અરજીથી માંગેલ સદર મિલ્કતના પ્લાન મંજુરી, ઈમ્પેકટ ફી તેમજ હેતુફેરને લગતી માહિતીની સંપુર્ણ વિગતો લેખિત સ્વરૂપમાં આપવામાં આવેલ ન હોઈ અરજદાર ધ્વારા તા.૩–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૩૩ તા.૭–૮–૦૭થી ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવાાં આવેલ પરંતુ તેઓ તરફથી કોઈ વિગત મળેલ નથી.

અપીલના સંદર્ભે તા.૭–૯–૦૭ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર તરફે શ્રી રાજેન્દ્ર ટેલર ઉપસ્થિત રહયા હતા. જયારે લાગત જાહેર માહિતી અધિકારી તરફે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતિ અધિકારી રાંદેર ઝોન ઉપસ્થિત રહયા હતા. જેમાં અરજદારે આંશિક માહિતિ મળેલ હોવાનું તેમજ એડવોકેટ શ્રી પ્રશાંત જી.દેસાઈના આ બાબતે આપેલ અભિપ્રાયની નકલ મળી ન હોવાની રજુઆત કરેલ છે. જયારે કાર્યપાલક ઈજનેર ધ્વારા શ્રી પ્રશાંત જી. દેસાઈનો અભિપ્રાય હજુ સુધી આવેલ નથી તેવી રજુઆત કરવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર સમક્ષ ઉપલબ્ધ દફતરનું ઈન્સ્પેકશન તેઓને કરવા દેવા તથા તે અંગેની વ્યવસ્થા કરવા અને તેઓ માંગે તે નકલોની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અરજદારને માહિતી પુરી પાડવા અને તેની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૩૨
તારીખ : ૧૩–૯–૦૭.

પ્રતિ
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન........જાણ માટે.
(૨) શ્રી રંજન રાજેન્દ્ર ટેલર

અપીલ અરજી નં.૧૨૮/૦૭, તા.૭–૮–'૦૭.

**અરજદાર :** શ્રી દિનેશ અનાજવાલા
**સામાવાળા:** ઝોનલ ચીફ અઠવા ઝોન

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશ અનાજવાલા ની તા.૨૬–૬–'૦૭ની અરજીથી અઠવા ઝોનમાં ઝોનલ ચીફ ની રૂએ સત્તા મર્યાદામાં (રા.બે લાખ) સને ૨૦૦૩–૦૪, ૨૦૦૪–૦૫ અને ૨૦૦૫– ૦૬ના નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીની સંપૂર્ણ વિગતો આ અંગે બીપીએમસી એકટની કલમ–૭૩ અને પ્રકરણ–૫ હેઠળની કાર્યપધ્ધતિ અપનાવવામાં આવેલ છે કે કેમ? જો હોય તો તેની નકલો આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૭–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૨૮/૦૭.

શ્રી દિનેશ અનાજવાલાની તા.૨૬–૬–'૦૭ની અરજીથી અઠવા ઝોનમાં ઝોનલ ચીફની રૂએ સત્તા મર્યાદામાં (રા.બે લાખ) સને ૨૦૦૩–૦૪, ૨૦૦૪–૦૫ અને ૨૦૦૫–૦૬ના નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ કામગીરીની સંપૂર્ણ વિગતો આ અંગે બીપીએમસી એકટની કલમ–૭૩ અને પ્રકરણ–૫ હેઠળની કાર્યપધ્ધતિ અપનાવવામાં આવેલ છે કે કેમ? જો હોય તો તેની નકલો આપવા બાબતની અરજી સંદર્ભે નિયત સમયમર્યાદામાં કોઈ પ્રતિભાવ મળ્યો ન હોઈ અરજદાર ધ્વારા તા.૭–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪૨ તા.૯–૮–૦૭થી ઝોનલ ચીફ અઠવા ઝોનને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે કાર્યપાલક ઈજનેર સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ધ્વારા પત્ર નં . સા.વે.ઝોન(અઠવા)/આ. ૭૮ તા.૩૧–૮–૦૭ થી અરજદારને સને ૨૦૦૩–૦૪, ૨૦૦૪–૦૫, અને ૨૦૦૫–૦૬ ના નાણાંકીય વર્ષ દરમ્યાન રૂા. બે લાખની મર્યાદામાં કરેલ કામગીરીની વિગતો પુરી પાડવામાં આવેલ તેની નકલ મોકલવામાં આવેલ. જયારે બી.પી.એમ.સી. એકટની કલમ– ૭૩ અને પ્રકરણ–૫ હેઠળની અપનાવામાં આવેલ કાર્યપધ્ધતિની નકલો પૂરી પાડવામાં આવેલ ન હોવાનું જણાય છે.

અપીલના સંદર્ભે તા.૭–૯–૦૭ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર પોતે ઉપસ્થિત રહયા હતા. જયારે લાગત જાહેર માહિતી અધિકારી તરફે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતિ અધિકારી અઠવા ઝોન ઉપસ્થિત રહયા હતા. જેમાં અરજદારે મળેલ માહિતિ અધુરી તેમજ પત્રકના કોલમ નં.૫ અને ૭ ની તારીખોમાં વિસંગતતા હોવાનું જણાવી લેખિત રજુઆત પણ કરેલ છે. જયારે કાર્યપાલક ઈજનેર ધ્વારા પત્રકના કોલમ નં.૫ અને ૭ ની તારીખો એંગે ટાઈપીંગ ક્ષતિ હોઈ શકે જે ફરીથી ચેક કરી તે અગેની અરજદારને જાણ કરવા તેમજ વિનામુલ્યે માહિતી પૂરી પાડી હોવાની અને કલમ–૭૩ડી હેઠળ કામગીરીની જાણ સ્થાયી સમિતિને કરવામાં આવેલ હોવાની રજુઆત કરવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર સમક્ષ ઉપલબ્ધ દફતરનું ઈન્સ્પેકશન તેઓને કરવા દેવા તથા તે અંગેની વ્યવસ્થા કરવા તેમજ અરજદારને નહીં પુરી પાડેલી માહિતિ અને તેઓ માંગે તે નકલોની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અરજદારને માહિતી પુરી પાડવા અને તેની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનને જણાવવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૩૩
તારીખ : ૧૩–૯–૦૭.

પ્રતિ
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોન........જાણ માટે.
(૨) શ્રી દિનેશ અનાજવાલા

અપીલ અરજી નં.૧૨૯/૦૭, તા.૭–૮–'૦૭.

**અરજદાર :** શ્રી સુરેશ એમ.પટેલ
**સામાવાળા:** આસી.કમિશ્નર, સેન્ટ્રલ ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા.૬–૬–'૦૭ની અરજીથી તા.૧૬–૪–'૦૭ અને ૧૪–૫–'૦૭ના રોજ વિગતવાર આપેલ અરજીના અનુસંધાનમાં કયા કયા અધિકારીએ શું કાર્યવાહી કરી અને શું શું તપાસ કરી તે સંપૂર્ણ તપાસનો રીપોર્ટની નકલ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૭–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૨૯/૦૭.

શ્રી સુરેશ એમ.પટેલની તા.૬–૬–'૦૭ની અરજીથી તા.૧૬–૪–'૦૭ અને ૧૪–૫–'૦૭ના રોજ વિગતવાર આપેલ અરજીના અનુસંધાનમાં કયા કયા અધિકારીએ શું કાર્યવાહી કરી અને શું શું તપાસ કરી તે સંપૂર્ણ તપાસનો રીપોર્ટની નકલ આપવા બાબતની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં.૨૮૬, તા.૨–૭–'૦૭થી આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૭–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૪, તા.૧૩–૮–'૦૭થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા પત્ર નં.સે.ઝોન/આ નં.૪૪૯, તા.૨૦–૮–'૦૭થી વિગતો મોકલવામાં આવેલ. જેમાં અરજદારની તા.૧૬–૪–'૦૭ તેમજ તા.૧૪–૫–'૦૭ની અરજીના અનુસંધાનમાં કયા કયા અધિકારીએ શું કાર્યવાહી કરી અને શું શું તપાસ કરી તેના દરેક ખાતાના સંપૂર્ણ રીપોર્ટની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ ન હોવાનું જણાય છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મૂળ અરજીમાં માંગ્યા મુજબની તા.૧૬–૪–'૦૭ તેમજ તા.૧૪–૫–'૦૭ની અરજીના અનુસંધાનમાં કયા કયા અધિકારીએ શું કાર્યવાહી કરી અને શું શું તપાસ કરી તેના દરેક ખાતાના સંપૂર્ણ રીપોર્ટની નકલ અરજદારને ઉપલબ્ધ રેકર્ડ પરથી કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી પૂરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારી,સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૯૫
તારીખ : ૨૩–૮–૦૭.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન .......જાણ માટે.
(૨) શ્રી સુરેશ એમ.પટેલ

અપીલ અરજી નં.૧૩૦/૦૭, તા.૭–૮–'૦૭.

**અરજદાર :** શ્રી હેમંત એન.દેસાઈ
**સામાવાળા:** આસી.કમિશ્નર.

**હુકમ :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૪–૭–'૦૭ની અરજીથી બેગમપુરા દુધારા શેરી ઘર નં.૪/૨૮૪–૯૪–૯૬, ૩૬૦ વાળી મિલ્કતમાં જરી ગિલીટના બાકડામાં વપરાતા કેમીકલ્સ સેલો, લેકર, એસીડ, સ્પીરીટ આરોગ્યને નુકશાન કરતા નથી એવુ સરકાર માન્ય લેબોરેટરીના પ્રમાણપત્રની નકલ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૭–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૩૦/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી હેમંત એન.દેસાઈની તા.૪–૭–'૦૭ની અરજીથી બેગમપુરા દુધારા શેરી ઘર નં.૪/૨૮૪–૯૪–૯૬, ૩૬૦ વાળી મિલ્કતમાં જરી ગિલીટના બાકડામાં વપરાતા કેમીકલ્સ સેલો, લેકર, એસીડ, સ્પીરીટ આરોગ્યને નુકશાન કરતા નથી એવુ સરકાર માન્ય લેબોરેટરીના પ્રમાણપત્રની નકલ આપવા બાબતની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં.૩૬૯, તા.૨૫–૭–'૦૭થી આપેલ સરકાર માન્ય લેબોરેટરીનું પ્રમાણપત્ર અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવા જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૭–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૩, તા.૧૩–૮–૦૭થી જણાવવામાં આવેલ પરંતુ કોઈ વિશેષ વિગતો અત્રે મળેલ નથી.

ઉપરોકત હકીકતથી વિદીત થઈ અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા પ્રમાણેની માહિતી કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં./૩૬૯, તા.૨૫–૭–'૦૭થી સરકાર માન્ય લેબોરેટરીનું પ્રમાણપત્ર રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેમ જણાવવામાં આવેલ હોય અપીલ અંગે હવે કશું કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૬૪
તારીખ : ૧૪–૮–૦૭.

**પ્રતિ,**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન.દેસાઈ

અપીલ અરજી નં.૧૩૧/૦૭, તા.૭–૮–'૦૭.

**અરજદાર :** શ્રી હેમંત એન.દેસાઈ
**સામાવાળા:** આસી.કમિશ્નર, સેન્ટ્રલ ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૪–૬–'૦૭ની અરજી.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૭–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૩૧/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી હેમંત એન.દેસાઈની તા.૪–૬–'૦૭ની અરજી બાબતે કોઈ જવાબ મળેલ ન હોય અરજદાર મજકુર ધ્વારા એપેલેટ અધિકારીને તા.૭–૮–'૦૭ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહે પહોંચતી કરવા આસી.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૫ તા.૧૩–૮–૦૭ થી જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા પત્ર નં.સેઝોન/આ.નં.૪૭૩ તા.૨૪–૮–૦૭ થી મોકલવામાં આવેલ વિગતો ધ્યાને લેતાં અરજદારની તા.૪–૬–૦૭ની અરજી બાબતે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સેઝોન/આ.નં.૨૫૦ તેમજ પત્ર નં.સેઝોન/આ.નં.૨૫૧ તા.૧૯–૬–૦૭ થી માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજીની અપીલના આધાર વિનાની તેમજ અસ્પષ્ટ વિગતો તથા ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ બે અરજીમાં માંગ્યા મુજબની વિગત કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતિ અધિકારીના પત્ર નં.સેઝોન/ આ. નં.૨૫૦ તેમજ પત્ર નં.સેઝોન/આ./૨૫૧ તા.૧૯–૬–૦૭ થી અનુક્રમે બેગમપુરા,દુધારાશેરી, ધર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાનુ ચલાવવા માટે બી.પી.એમ.સી. એકટ કલમ–૩૧૩ હેઠળ કોઈ પરવાનગી અરજદારે માંગેલ નથી તેમજ મિલ્કત નં.૪/૨૯૪–૨૯૬ બાબતે પણ અરજદાર તરફથી કો પરવાનગી માંગેલ ન હોવાનો તેમજ બંધ કરાવવા બાબતે સુરત મહાનગરપાલિકા ધ્વારા જરૂર જણાયે ધટિત કાર્યવાહી કરવામાં આવશે તેની માહિતિ પૂરી પાડવામાં આવેલ હોઈ, અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી. જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૧૨
તારીખ : ૩–૯–૦૭.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન .......જાણ માટે.
(૨) શ્રી હેમંત એન.દેસાઈ

અપીલ અરજી નં.૧૩૨/૦૭, તા.૧૦–૮–'૦૭.

**અરજદાર :** શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલ
**સામાવાળાઃ** ઝોનલ ચીફ વરાછા ઝોન.

# હુકમ :–

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલની તા.૯–૭–'૦૭ની અરજીથી પાણીનું નવું જોડાણ લેવા ફોર્મમાં અરજી કર્યા બાદ ફોર્મ ચકાસણી કેટલા સમયમાં થાય? સ્થળ તપાસ કરતા કેટલા દિવસ થાય? ફોર્મમાં કોઈ વિસંગતતા ન હોય તો પાણીના પૈસા કેટલા દિવસમાં ભરવાનું કહેવામાં આવે? વિગેરે માહિતી બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૦–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૩૨/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલની તા.૯–૭–'૦૭ની અરજીથી પાણીનું નવું જોડાણ લેવા ફોર્મમાં અરજી કર્યા બાદ ફોર્મ ચકાસણી કેટલા સમયમાં થાય? સ્થળ તપાસ કરતા કેટલા દિવસ થાય? ફોર્મમાં કોઈ વિસંગતતા ન હોય તો પાણીના પૈસા કેટલા દિવસમાં ભરવાનું કહેવામાં આવે? વિગેરે માહિતી બાબતની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન ધ્વારા આપવામાં આવેલ પત્ર નં.ઈ.ઝેડ/એન્જી./આઉટ/૨૦૦ તા.૧૧–૫–૦૭ તેમજ પત્ર નં.ઈ.ઝેડ/એન્જી./આઉટ/૨૭૫ તા.૨૭–૭–૦૭ થી અરજદારને નિયત નાણાં ભરપાઈ થયા બાદ દિન–૭માં જોડાણ આપવામાં આવે છે.જે અરજદારે નિયુકત લાયસન્સ પ્લમ્બર ધ્વારા પાણીખાતાના સુપરવિઝન હેઠળ કરવાનુ રહે છે. કનેકશન કેટલા દિવસમાં કરવું તે અરજદાર અને પ્લમ્બરની મુનસફી ઉપર છે તેવા જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૦–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી નાગરિક અધિકાર પત્રમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. તેમજ રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૪ હેઠળ પ્રોએકટીવ ડિસ્કલોઝર હેઠળ પણ વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની જોગવાઈ છે. જેથી અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા અત્રેના પત્ર નં.૩૬૫ તા.૧૬–૮–૦૭થી ઝોનલ ચીફ અને જાહેર માહિતિ અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવેલ.જે સંદર્ભે કોઈ વિશેષ માહિતિ મળેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે માંગેલ વિષયમાં નિર્દિષ્ટ વિગતો પુરી પાડવામાં આવેલ નથી. જે નાગરીક અધિકાર પત્રનો ભાગ હોવાની સાથે માહિતી અધિકાર અધિનિયમ કલમ–૪ હેઠળ વેબ સાઈટ પર પ્રસિધ્ધ કરવાની અને પ્રકાશિત પણ કરવાનું ઉત્તરદાયિત્વ જાહેર માહિતી અધિકારી પર છે. જેથી નહી પુરી પાડેલ સદર વિગતો દિન–૭ માં કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અત્રેની જાણ હેઠળ પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ, વરાછા ઝોનને આદેશ કરવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૨૨
તારીખ : ૭–૯–૦૭.

પ્રતિ
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન.......જાણ માટે.
(૨) શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલ

અપીલ અરજી નં.૧૩૩/૦૭, તા.૧૦–૮–'૦૭.

**અરજદાર :** શ્રી ગુલામભાઈ મેમણ
**સામાવાળાઃ** ડે.કમિશ્નર ( હે અને હો)

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૩–૭–'૦૭ની અરજીથી ઝાંપાબજાર મટન માર્કેટના ગ્રાઉન્ડ ફલોર તેમજ પહેલા માળે કેટલી દુકાનો ચાલુ છે? કેટલી બંધ છે? બંધ છે તો કેટલા સમયથી? તે તમામ માહિતી નામ અને દુકાન નંબર જોગ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૦–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૩૩/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૩–૭–'૦૭ની અરજીથી ઝાંપાબજાર મટન માર્કેટના ગ્રાઉન્ડ ફલોર તેમજ પહેલા માળે કેટલી દુકાનો ચાલુ છે? કેટલી બંધ છે? બંધ છે તો કેટલા સમયથી? તે તમામ માહિતી નામ અને દુકાન નંબર જોગ આપવા બાબતની અરજી સંદર્ભે કોઈ પ્રતિભાવ મળ્યો ન હોય અરજદાર ધ્વારા તા.૧૦–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૬૬ તા.૧૬–૮–૦૭ થી ડે.કમિશ્નર (હે અને હો) ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા પત્ર નં.સેઝોન/૪૮૩ તા.૨૭–૮–૦૭થી મોકલાવેલ વિગત ધ્યાને લેતાં ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સેઝોન/આ.નં.૪૭૬ તા.૨૭–૮–૦૭થી અરજદારને નિર્દિષ્ટ સમયગાળા બાદ માહિતિ પુરી પાડવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મૂળ અરજીમાં માંગ્યા પૈકી ફલોર વાઈઝ દુકાનની સંખ્યા તથા ફાળવણીની માહિતી ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સેઝોન/આ.નં.૪૭૬ તા.૨૭–૮–૦૭થી અરજદારને પુરી પાડવામાં આવેલ છે જયારે અરજદારે માંગેલ " કેટલી દુકાનો ચાલુ છે, કેટલી બંધ છે અને બંધ હોયતો કેટલા સમયથી " તે માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાતુ નથી . જેથી સદર માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૧૦
તારીખ : ૩–૯–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર (હે અનેહો) અને જાહેર માહિતી અધિકારી, .......જાણ માટે.
(૨) શ્રી ગુલામભાઈ મેમણ

અપીલ અરજી નં.૧૩૪/૦૭, તા.૧૬–૮–'૦૭.

**અરજદાર :** શ્રી કે.વી.રાભડીયા
**સામાવાળાઃ** ડે.કમિશ્નર (સ્પે.).

# હુકમ :–

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.વી. રાભડીયાની તા.૧૫–૬–'૦૭ની ફાયર બ્રિગેડ ખાતા પાસે એન્જીન વગરની, સિંગલ તેમજ ડબલ ઓબીએમ એન્જીનવાળી હોડી કેટલી છે? અલગ–અલગ ક્ષમતાના હોડીના એન્જીન કેટલા છે? તેમજ છેલ્લા ૧૦ વર્ષમાં કેટલી હોડી ખરીદ કરી તેમજ રીપેરીંગ કરાવી તથા કેટલા હોડીના નવા એન્જીન ખરીદયા તેમજ રીપેર કરાવ્યા તેના ટેન્ડર નોટીસ નંબર, ઠરાવ નંબર, પાર્ટીનું નામ તેમજ ખર્ચની વિગતો આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૬–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૩૪/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી કે.વી. રાભડીયાની તા.૧૫–૬–'૦૭ની ફાયર બ્રિગેડ ખાતા પાસે એન્જીન વગરની, સિંગલ તેમજ ડબલ ઓબીએમ એન્જીનવાળી હોડી કેટલી છે? અલગ–અલગ ક્ષમતાના હોડીના એન્જીન કેટલા છે? તેમજ છેલ્લા ૧૦ વર્ષમાં કેટલી હોડી ખરીદ કરી તેમજ રીપેરીંગ કરાવી તથા કેટલા હોડીના નવા એન્જીન ખરીદયા તેમજ રીપેર કરાવ્યા તેના ટેન્ડર નોટીસ નંબર, ઠરાવ નંબર, પાર્ટીનું નામ તેમજ ખર્ચની વિગતો આપવા બાબતની અરજી સંદર્ભે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૬–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૨ તા.૧૮–૮–૦૭ થી ડે.કમિશ્નર (સ્પે.) ને જણાવવામાં આવેલ પરંતુ આજદિન સુધી કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૫–૬–૦૭ની અરજીમાં માંગ્યા મુજબની માહિતિ કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭માં અરજદારને પુરી પાડી તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૨૩
તારીખ : ૧૧–૯–૦૭.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારી .......જાણ માટે.
(૨) શ્રી કે.વી.રાભડીયા

અપીલ અરજી નં.૧૩૫/૦૭, તા.૧૬–૮–'૦૭.

**અરજદાર :** શ્રી કિશોરભાઈ ખીમજીભાઈ સોનાવાળા
**સામાવાળાઃ** આસી.કમિશ્નર, સેન્ટ્રલ ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી કિશોરભાઈ ખીમજીભાઈ સોનાવાળાની તા.૧૩–૭–'૦૭ની અરજીથી તા.૧૯–૧–'૦૩ના રોજ મૃત્યુ પામેલ તેઓના પિતાશ્રી ખીમજીભાઈ રતનજીભાઈ સોંદલીયાના મરણની નોંધમાં તા.૨૫–૩–'૦૩ના રોજ શ્રી કિશોરભાઈ ભીખુભાઈ સુરતી ધ્વારા રજુ કરેલ એફીડેવીટની નકલ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૬–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૩૫/૦૭.

શ્રી કિશોરભાઈ ખીમજીભાઈ સોનાવાળાની તા.૧૩–૭–'૦૭ની અરજીથી તા.૧૯–૧–'૦૩ના રોજ મૃત્યુ પામેલ તેઓના પિતાશ્રી ખીમજીભાઈ રતનજીભાઈ સોંદલીયાના મરણની નોંધમાં તા.૨૫–૩–'૦૩ના રોજ શ્રી કિશોરભાઈ ભીખુભાઈ સુરતી ધ્વારા રજુ કરેલ એફીડેવીટની નકલ આપવા બાબતની અરજી સંદર્ભે કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૬–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮૪, તા.૨૧–૮–'૦૭થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા અરજદારને પત્ર નં.સે.ઝોન/આ નં.૪૪૮, તા.૧૮–૮–'૦૭થી શ્રી ખીમજીભાઈ રતનજીભાઈ સોંદલીયાના તા.૧૯–૧–'૦૩ના મરણ અંગેની એફીડેવીટની નકલ પાના નંગ–૨ પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની વિગત આસી.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સેઝોન/ આ. નં.૪૪૮, તા.૧૮–૮–'૦૭થી પૂરી પાડવમાં આવી હોય અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૯૪
તારીખ : ૨૩–૮–૦૭.

પ્રતિ
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન .......જાણ માટે.
(૨) શ્રીકિશોરભાઈ ખીમજીભાઈ સોનાવાળા

અપીલ અરજી નં.૧૩૬/૦૭, તા.૧૬–૮–'૦૭.

**અરજદાર** : શ્રી હેમંત એન. દેસાઈ
**સામાવાળા**: આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન.

# હુકમ :–

વિષય : શ્રી હેમંત એન. દેસાઈની તા.૪–૬–૦૭ની તા.૧–૫–૦૩,૪–૩–૦૫,૫–૪–૦૫ ના રોજ જરી ગીલીટના કારખાના ધ્વારા ઝેરી કેમિકલોનો ઉપયોગ તેમજ તેનાથી થતા વાઈબ્રેશન અને પોલ્યુશન અંગે વિગતવાર કરેલ અરજીના અનુસંધાનમાં કયા અધિકારીએ શું તપાસ કરી તે બાબતની સંપુર્ણ તપાસના રીપોર્ટની નકલ આપવા બાબત.

સંદર્ભ: અરજદાર મજકુરની તા.૧૬–૮–૦૭ની અપીલ અરજી નં.૧૩૬/૦૭

શ્રી હેમંત એન. દેસાઈની તા.૪–૬–૦૭ની તાફ૧–૫–૦૩,૪–૩–૦૫,૫–૪–૦૫ ના રોજ જરી ગીલીટના કારખાના ધ્વારા ઝેરી કેમિકલોનો ઉપયોગ તેમજ તેનાથી થતા વાઈબ્રેશન અને પોલ્યુશન અંગે વિગતવાર કરેલ અરજીના અનુસંધાનમાં કયા અધિકારીએ શું તપાસ કરી તે બાબતની સંપુર્ણ તપાસના રીપોર્ટની નકલ આપવા બાબતની અરજી અંગે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૬–૮–૦૭ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપુર્ણ વિગત,વિલંબના કિસ્સામાં કે માહિતિ પુરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોને પત્ર નં. આરટીઆઈ સેલ /૩૮૧ તા.૨૧–૮–૦૭થી જણાવવામાં આવેલ જેના સંદર્ભે તેઓ ધ્વારા પત્ર નં.સે.ઝોન/આ. નં.૪૮૧ તા.૨૭–૮–૦૭થી મોકલવામાં આવેલ વિગતોમાં જણાવ્યા મુજબ જે તે સમયે લાગત ખાતાઓ તપાસ કરી હતી,તપાસ કરતાં અરજીમાં જણાવેલ બાબતે તથ્ય ન જણાતા મૌખિક જાણ ઓફિસને કરવામાં આવેલ અને રિપોર્ટ કરવામાં આવેલ નથી. માટે માંગ્યા મુજબનો રીપોર્ટ રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોઈ મળી શકે તેમ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૪–૬–૦૭ની અરજીમાં માંગ્યા મુજબની માહિતિ કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સે.ઝોન/આ.નં./૩૯૨ તા.૨–૮–૦૭ થી અરજદારને ઉપર મુજબનો પ્રત્યુતર પાઠવવામાં આવેલ હોઈ અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી. તેમ છતાં અરજદાર ઈચ્છે તો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આગોતરો સમય મેળવી તેઓની અરજીના અનુસંધાને સંબંધિત ફાઈલનું ઈન્સ્પેકશન કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી કરી શકે છે અને યોગ્ય જણાય તે નકલો પણ મેળવી શકે છે. અરજદાર તરફથી માંગણી થયે જાહેર માહિતી અધિકારી ધ્વારા તે મુજબ વ્યવસ્થા કરી અમલ કરવા અને થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને સુચીત કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૨૪
તારીખ : ૧૧–૯–૦૭.

પ્રતિ
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, .......જાણ માટે.
(૨) શ્રી હેમંત એન.દેસાઈ

અપીલ અરજી નં.૧૩૭/૦૭, તા.૧૬–૮–'૦૭.

**અરજદાર** : શ્રી હેમંત એન.દેસાઈ
**સામાવાળાઃ** આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન

# હુકમ :–

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૪–૭–'૦૭ની અરજીથી ૪/૩૬૦ વાળી મિલ્કતમાં ચાલતા કારખાનાનાં ગુમાસ્તાધારાની નકલ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૬–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૩૭/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૪–૭–'૦૭ની અરજીથી ૪/૩૬૦ વાળી મિલ્કતમાં ચાલતા કારખાનાનાં ગુમાસ્તાધારાની નકલ આપવા બાબત સંદર્ભે કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.એસ એન્ડ ઈ/સી.ઝેડ/જા.નં.૧૦૮ તા.૨૪–૭–૦૭ થી પાઠવેલ "૪/૩૬૦ વાળી મિલ્કતમાં ચાલુ કરવામાં આવેલ કારખાનાની ગુમાસ્તાધારાની નકલ મેળવવા ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ રૂલ્સ ૧૯૬૩નાં નિયમ મુજબ નિયમ ૬ અથવા નિયમ ૮માં જણાવ્યા મુજબ બીજી નકલ મેળવવા જરૂરી ફી ભરી અરજી કરી નકલ મેળવવાની હોય છે જેમાં સંસ્થાના માલિકને બીજી નકલ કાઢી આપવા જણાવેલ છે. વધુમાં સદર માહિતિ રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ ૨૦૦૫ હેઠળની કલમ–૮ઘ માં દર્શાવેલ કક્ષામાં આવે છે. જેથી નોંધણી પ્રમાણપત્રની નકલ આપી શકાય નહીં." તેવા જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૬–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અસ્પષ્ટ સંદિગ્ધ વિગતો ધરાવતી આધાર વિહોણી અપીલ કરવામાં આવેલ છે. અરજદારની મુળ અરજીની માંગેલ માહિતી જોતાં તે પણ ભાષાકીય રીતે સંદિગ્ધ જણાયેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૩૮૩ તા.૨૧–૮–૦૭ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.સી.ઝેડ/એસએન્ડઈ/આ.નં.૧૪૧ તા.૩૦–૮–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતર ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં.એસ એન્ડ ઈ/સી.ઝેડ/જા.નં.૧૦૮ તા.૨૪–૭–૦૭ થી પૂરી પાડવામાં આવેલ નથી. કલમ–૮ઘ હેઠળના ઈન્કાર કરવામાં આવેલ છે તે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રે મોકલેલ માહિતીમાં કોઈ વાજબી પણું મોકલેલ નથી. જેથી અરજદારે માંગેલ માહિતી ઉપલબ્ધ દફતર પરથી કાયદા અને નિયમોની જોગવાઈ અનુસરી પુરી પાડવા અને જો દફતરે ઉપલબ્ધ ન હોય તો દફતરનું ઈન્સ્પેકશન પૂરી પાડી તે પૈકી માંગે તે નકલો કાયદાનુસાર દિન–૭માં અરજદારને પુરી પાડી અત્રે તેની જાણ કરવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૩૪
તારીખ : ૧૩–૯–૦૭.

પ્રતિ
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન........જાણ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ

અપીલ અરજી નં.૧૩૮/૦૭, તા.૧૬–૮–'૦૭.

**અરજદાર :** શ્રી હેમંત એન.દેસાઈ
**સામાવાળા:** આસી.કમિશ્નર, સેન્ટ્રલ ઝોન.

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.ર–૮–૦૭ની અરજીથી બેગમપુરા દુધારા શેરી, ઘર નં.૪/ર૮૪,ર૯૪,૩૬૦ વાળી મિલ્કતમાં જરી–ગીલીટના ચાલતા બાંકડા માટે ચીમની ઉભી કરેલ છે તે બાબતે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ હેઠળના પુનરાવર્તિત મંજુર વિકાસ નિયમોના નિયમ–ર૦ મુજબ કમિશ્નરની પરવાનગી લેવામાં આવી છે કે કેમ? આ પરવાનગી આપતા પહેલા આજુબાજુના રહેવાસીની પરવાનગી લેવામાં આવેલ છે કે કેમ?

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૬–૮–૦૭ની અપીલ અરજીનં.૧૩૮/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈની તા.ર–૮–૦૭ની અરજીથી બેગમપુરા દુધારા શેરી, ઘર નં.૪/ર૮૪,ર૯૪,૩૬૦ વાળી મિલ્કતમાં જરી–ગીલીટના ચાલતા બાંકડા માટે ચીમની ઉભી કરેલ છે તે બાબતે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ હેઠળના પુનરાવર્તિત મંજુર વિકાસ નિયમોના નિયમ–ર૦ મુજબ કમિશ્નરની પરવાનગી લેવામાં આવી છે કે કેમ? આ પરવાનગી આપતા પહેલા આજુબાજુના રહેવાસીની પરવાનગી લેવામાં આવેલ છે કે કેમ? તેના સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં.૪૧૯ તા.૧૦–૮–૦૭ થી સદર બાબતે કમિશ્નરશ્રીની કોઈ પરવાનગી લેવામાં આવેલ નથી તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૬–૮–૦૭ ના રોજ એપેલેટ અધિકારીને અપીલ કરવામાં આવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની વિગત કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતિ અધિકારીના પત્ર નં.સેઝોન/ આ. નં.૪૧૯ તા.૧૦–૮–૦૭ થી પૂરી પાડવામાં આવેલ હોઈ, અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી. જેથી અપીલ દફતરે કરવામાં આવે છે. વધુમાં અપીલ અરજીમાં મુળ અરજીથી અલાયદો મુદ્દો "ચીમની દુર કરવાની જવાબદારી કોની? શા માટે ચીમની દુર કરવામાં આવતી નથી" વિગેરે ઉપસ્થિત કરવામાં આવેલ છે. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતિ અધિકારીને કાયદા અને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતિ મેળવવા કાર્યવાહી કરી શકે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૩૯૦
તારીખ : ર૩–૮–૦૭.

પ્રતિ
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન .......જાણ માટે.
(ર) શ્રી હેમંત એન.દેસાઈ

અપીલ અરજી નં.૧૩૯/૦૭, તા.૧૪–૮–'૦૭.

**અરજદાર :** શ્રી હિતેષકુમાર આર. બથવાર
**સામાવાળા:** મ્યુ. સેક્રેટરી

## હુકમ :–

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેષકુમાર આર.બથવારની તા.૧૬–૪–'૦૭ની અરજીથી સેક્રેટરી વિભાગમાં ત્રીજી શ્રેણી કલાર્કની ૧૪ જગ્યા ભરવામાં આવી એ અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૪–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૩૯/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી હિતેષકુમાર આર.બથવારની તા.૧૬–૪–'૦૭ની અરજીથી સેક્રેટરી વિભાગમાં ત્રીજી શ્રેણી કલાર્કની ૧૪ જગ્યા ભરવામાં આવી એ અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતની અરજી સંદર્ભે મ્યુ.સેક્રેટરી અને જાહરે માહિતી અધિકારીના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૧૨૪, તા.૨–૮–'૦૭થી અરજી દફતરે કરવામાં આવેલ હોવાના પાઠવેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૪–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ. જેમાં અરજદાર ધ્વારા અરજી દફતરે કરવા બાબતે જણાવી ફરીથી તા.૧૬–૮–૦૭ના રોજ સદર માહિતિ માટે અરજી કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮૫ તા.૨૨–૮–૦૭થી મ્યુ.સેક્રેટરીને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૧૩૧ તા.૨૪–૮–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ. જેમાં અરજદારને જરૂરી દસ્તાવેજ ફી ભરવાનું જણાવવામાં આવેલ પરંતુ તેનો અરજદાર તરફથી કોઈ પત્યુતર નહીં મળતા અરજી દફતરે કરવામાં આવેલ. તેમજ અરજદારની તા.૧૬–૮–૦૭ ની અરજીના સંદર્ભે મ્યુ.સેક્રેટરીના પત્ર નં.આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૧૩૩ તા.૩૧–૮–૦૭ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૬–૮–૦૭ની અરજીમાં માંગ્યા મુજબની માહિતિ મ્યુ.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. આરટીઆઈ/સેક્રેટરી/આઉટ/૧૩૩ તા.૩૧–૮–૦૭ થી અરજદારને પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી. તેમ છતાં અરજદારને આ અંગે કોઈ અસંતોષ હોય તો નીચે સહી કરનારને દિન–૭માં લેખિતમાં આધાર સહિત રજુઆત કરવા જણાવવામાં આવે છે. જે મુદત પૂર્ણ થયે અરજદારની રજુઆત નહી હોય તો અપીલ દફતરે થયેલ ગણાશે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૧૮
તારીખ : ૭–૯–૦૭.

પ્રતિ
(૧) મ્યુ.સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી, .......જાણ માટે.
(૨) શ્રી હિતેષકુમાર આર. બથવાર,

અપીલ અરજી નં.૧૪૦/૦૭, તા.૧૭–૮–'૦૭.

**અરજદાર :** શ્રી અનિલ જી. વ્યાસ
**સામાવાળા:** ડાયરેકટર ઓફ પ્લાનીંગ, સીટી ઈજનેર

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનિલ જી. વ્યાસ ની તા.૨૭–૧૨–'૦૬ની અરજીથી જહાંગીરપુરાના સર્વે નં.૧૦૪/૧માં વોટર વર્કસ બનાવવાની દરખાસ્ત અરજી વિગેરે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૭–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૪૦/૦૭.

શ્રી અનિલ જી. વ્યાસ ની તા.૨૭–૧૨–'૦૬ની અરજીથી જહાંગીરપુરાના સર્વે નં.૧૦૪/૧માં વોટર વર્કસ બનાવવાની દરખાસ્ત અરજી વિગેરે મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી આપવા બાબતની અરજી સંદર્ભે દસ મુદ્દા પૈકી ફકત પ્રથમ બે માહિતી મળેલ છે બાકીની માહિતી મળી નથી જેથી અરજદાર ધ્વારા તા.૧૭–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને વિના મુલ્યે માહિતી પુરી પાડવા જણાવતી અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/૮૦૮૫, તા.૨૦–૧–૦૭થી મુદ્દા નં.૧ અને ૨ ની વિગત રૂા.૩૨/–ની રકમ જમા કરાવ્યેથી મળી શકશે એમ જણાવી મુદ્દા નં.૩ થી ૯ ની માહિતિ સીટી ઈજનેરશ્રી પાસેથી તથા મુદ્દા નં.૧૦ ની માહિતી જાહેર માહિતી અધિકારી પોલિસ કમિશ્નરની કચેરી પાસેથી મેળવવા જણાવેલઅને તે મુજબ સીટી ઈજનેરને નં.ટીપીડી/૮૦૮૬ તેમજ પોલીસ કમિશ્નરશ્રી ને નં.ટીપીડી/૮૦૮૭, તા.૨૦–૧–૦૭ થી તબદીલ કરવામાં આવેલ. જયારે હાઈડ્રોલીક ઈજનેરના પત્ર નં.એચઈડી/આ./૩૭૧૭, તા.૧૯–૨–૦૭ થી અરજદારને માહિતિની નકલો માટે રૂા.૩૨/– જમા કરાવવા જણાવેલ તથા તેના અનુસંધાને ડાયરેકટર ઓફ પ્લાનીંગ દ્વારા તા.૨૭–૨–૦૭ના રોજ અરજદારે માહિતી મેળવેલ હોવાનું જણાય છે.અરજદારને અપીલના અનુસંધાને અત્રેની કચેરીએથી પત્ર નં.આરટીઆઈ/સેલ/૪૦૧ તા.૨૭–૮–૦૭થી અપીલનું નિયત ફોર્મ તથા અપીલના આધાર રજુ કરવા જણાવેલ પરંતુ આજદીન સુધી તેમણે રજુ કરેલ નથી.બંને ખાતા દ્વારા અરજદારને ફી ભરી માહિતી મેળવી લેવા જણાવેલ પત્રોના અનુસંધાને તેમણે માહિતી મેળવી કે કેમ ? તેવી કોઈ વિગતો અરજદારે જણાવેલ નથી.અરજદારે અપીલ દિન–૩૦ની નિયત અવધિ બાદ ઘણા વિલંબથી કરેલ છે.તે અંગે કોઈ આધાર જણાયેલ નથી.તેમ છતાં કાયદાના હાર્દને અનુલક્ષી તેમની અપીલ ધ્યાને લેવામાં આવેલ છે.

અપીલ અરજીના અનુસંધાને અરજદારને માહિતિ પૂરી પાડવામાં આવેલ છે કે કેમ? તેમજ આપવા જોગ કોઈ વિશેષ માહિતી હોય તો મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૦૧, તા.૨૭/૦૮/૨૦૦૭ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ તેમજ સીટી ઈજનેરને જણાવવામાં આવેલ. જે પૈકી ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા તા.૬–૯–૦૭ ના પત્રથી અરજદારને તા.૨૭–૨–૦૭ ના રોજ માહિતિ પૂરી પાડેલ હોવાનુ જણાવેલ છે. જયારે સીટીઈજનેર કક્ષાએથી કોઈ વિશેષ માહિતી અત્રે મળેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૭–૧૨–૦૬ની અરજીમાં માંગ્યા મુજબની માહિતિ અંગે હાઈડ્રોલીક ઈજનેરના ઉપરોકત જણાવેલ પત્રથી માહિતી મેળવવા અરજદારને જણાવેલ હોય કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી માહિતી મેળવી લેવા અરજદારને જણાવવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૪૩
તારીખ : ૧૮–૯–૦૭.

પ્રતિ
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, .......જાણ માટે.
(૨) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી........જાણ માટે.
(૩) શ્રી અનિલ જી. વ્યાસ

અપીલ અરજી નં.૧૪૧/૦૭, તા.૨૧–૮–'૦૭.

**અરજદાર** : શ્રી ચાંપાનેરીયા મીતા જી.પી.સીંગ ધિલ્લોં
**સામાવાળા**: આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન

## હુકમ :–

વિષય : શ્રી ચાંપાનેરીયા મીતા જી.પી.સીંગ ધિલ્લોં ની તા.૨૦–૬–'૦૭ની રજુઆત અરજીના અનુસંધાને રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળની તા.૧૧–૭–૦૭ ની અરજીથી નાનપુરા ખારવાવાડ વોર્ડ નં.૧ /૭૬૩બી–૭૬૪ "પૂષ્પક એપાર્ટમેન્ટ" ની નવી ગટરલાઈન અંગે માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૧–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૪૧/૦૭.

શ્રી ચાંપાનેરીયા મીતા જી.પી.સીંગ ધિલ્લોં ની તા.૨૦–૬–'૦૭ની રજુઆત અરજીના અનુસંધાને રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળની તા.૧૧–૭–૦૭ ની અરજીથી નાનપુરા ખારવાવાડ વોર્ડ નં.૧/૭૬૩બી–૭૬૪ "પૂષ્પક એપાર્ટમેન્ટ" ની નવી ગટરલાઈન અંગે માહિતી આપવા બાબતની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આઉટ નં./૩૬૧, તા.૨૩–૭–'૦૭થી આપેલ ગટરલાઈન નાંખવા અંગે આપેલ મંજુરીની વિગત,સ્થળ મુલાકાત લેનાર અધિકારીઓની વિગત તેમજ વેરા બીલ અંગે ચકાસણી કરેલ હોવાના અને તેમને અરજીની નકલ જોઈતી હોય તો નિયત ફી રૂા.૬/– ભરી મેળવી લેવા જણાવતા વિગેરેના જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૧–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત વધારાની કોઈ વિગતો તેમજ પાઠવેલ માહિતીની યથાર્થતા ચકાસી તે અંગેની નકલ સહિતની વિગતો તેમજ અરજદારની રજુઆત મુજબ તથ્ય હોય તો સંતોષકારક માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯૧ તા.૨૩–૮–૦૭ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ જે સંદર્ભે તેઓના પત્ર નં. સેઝોન/આ.નં.૫૧૫ તા.૧૦–૯–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ.

અરજદારે તેમની અપીલ અરજીમાં કોઈ સમર્થન કે આધારો રજુ કરેલ નથી પરંતુ ડ્રેનેજ લાઈન મેળવેલ અરજદારોએ મનપાને ગેમાર્ગે દોરી ખોટી વિગત રજુ કર્યાનું જણાવેલ છે. તેમજ તે અંગે કાર્યવાહી કરવા રજુઆત કરેલ છે. તેનો સમાવેશ તેમની મૂળ અરજીમાં થયેલ નથી.

અરજદારની મુળ અરજી, અરજદારની અપીલના આધાર પુરાવા તેમજ વાજબીપણુ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" જાહેર માહિતિ અધિકારી ધ્વારા ઉપલબ્ધ દફતરેથી માહિતિ આપ્યાનું જણાય છે તેમછતાં અરજદાર ઈચ્છે તો દિન–૧૫માં જાહેર માહિતિ અધિકારીનો આગોતરો સમય મેળવી કાયદા અને નિયમોનુસાર દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. તે અંગે માંગણી થયે અરજદાર સમક્ષ ઉપલબ્ધ દફતરનું ઈન્સ્પેકશન તેઓને કરવા દેવા તથા તે અંગેની વ્યવસ્થા કરવા તેમજ અરજદારને તેઓ માંગે તે નકલોની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અરજદારને માહિતી પુરી પાડવા અને તેની જાણ અત્રે કરવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૪૫
તારીખ : ૧૮–૯–૦૭.

પ્રતિ
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોન........જાણ માટે.
(૨) શ્રી ચાંપાનેરીયા મીતા જી.પી. સિંગ ધિલ્લોં

અપીલ અરજી નં.૧૪૨/૦૭, તા.૨૨–૮–'૦૭.

**અરજદાર :** શ્રી હેમંત એન.દેસાઈ
**સામાવાળાઃ** આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન

# હુકમ :–

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૭–૮–'૦૭ની અરજીથી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાના ચલાવવા માટે સુમસેસની પરવાનગી લેવામાં કે માંગવામાં આવેલ નથી તે બંધ કરવાની જવાબદારી કોની? અને પરવાનગી માંગેતો બી.પી.એમ.સી. કલમ –૨૫૪,૨૬૮, ૩૧૩, ૪૩૧(૧)(૨) મુજબ આપી શકાય વિગેરે બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૨–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૪૨/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૭–૮–'૦૭ની અરજીથી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાના ચલાવવા માટે સુમસેસની પરવાનગી લેવામાં કે માંગવામાં આવેલ નથીતે બંધ કરવાની જવાબદારી કોની? અને પરવાનગી માંગેતો બી.પી.એમ.સી. કલમ –૨૫૪,૨૬૮, ૩૧૩, ૪૩૧(૧)(૨) મુજબ આપી શકાય વિગેરે બાબત ની માહિતી આપવાની અરજી સંદર્ભે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આઉટ/૪૩૬, તા.૧૪–૮–'૦૭થી પાઠવેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૨–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને સમર્થનમાં કોઈ આધાર પુરાવા વિનાની અપુરતી વિગતો ધરાવતી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા આસી.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારીને પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯૯ તા.૨૭–૮–૦૭ થી જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા પત્ર નં.સેઝોન/આ. નં.૫૧૬ તા.૭–૯–૦૭થી અગાઉ અરજદારને સે.ઝોનના પત્ર નં.૨૫૦ તા.૧૯–૬–૦૭ થી સદર મિલ્કતની પરવાનગી કલમ–૩૧૩ હેઠળ માંગવામાં કે આપવામાં આવેલ હોવાનું જણાંતુ નથી. તેમજ પરવાનગી માંગે તો નિતિનિયમ મુજબ આપી શકાય તેવી માહિતિ અરજદારને પૂરી પાડેલ હોવાની વિગતો અત્રે મોકલવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતર ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો પૈકી આસી.કમિશ્નર ધ્વારા ઉકત જણાવેલ પત્રથી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ " બંધ કરવાની જવાબદારી કોની " તે વિશે કોઈ માહિતિ પુરી પાડેલ હોવાનું જણાતુ નથી. જેથી નહીં પૂરી પાડેલ સદર માહિતી કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી દિન–૭માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૩૫
તારીખ : ૧૩–૯–૦૭.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન........જાણ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ

અપીલ અરજી નં.૧૪૩/૦૭, તા.૨૨–૮–'૦૭.

**અરજદાર :** શ્રી હેમંત એન.દેસાઈ
**સામાવાળાઃ** આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૨૩–૭–'૦૭ની અરજીથી સુ.મ.સે.સના રહેઠાણવાળા વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં જુની મિલ્કત ઉતારી પ્લાન મંજુર કરાવી વસવાટની પરવાનગી લેવામાં આવે તો આ મિલ્કતમાં કોઈપણ પ્રકારના કારખાનાં ચાલુ કરી શકાય તે બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૨–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૪૩/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૨૩–૭–'૦૭ની અરજીથી સુ.મ.સે.સના રહેઠાણવાળા વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં જુની મિલ્કત ઉતારી પ્લાન મંજુર કરાવી વસવાટની પરવાનગી લેવામાં આવે તો આ મિલ્કતમાં કોઈપણ પ્રકારના કારખાનાં ચાલુ કરી શકાય તે બાબત સંદર્ભે કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સેઝોન/આ. નં.૩૯૭ તા.૬–૮–૦૭ થી પાઠવેલ "સુરત મહાનગર સેવા સદન હદ વિસ્તારમાં પ્લાન મંજુર કરાવી બાંધકામ કરવામાં આવે તો જે તે દર્શાવેલ હેતુ માટે ડી.સી.આર. નાં ફોર્મ નં.૭ અને ફોર્મ નં.૮ ની પૂર્તતા કર્યેથી ઓકયુપન્સી સર્ટીફીકેટ આપવામાં આવે છે જેથી તે મુજબનો ઉપયોગ ચાલુ કરી શકાય છે. બી.યુ.સી. ની પરવાનગી મેળવવામાં ન આવે તો જે હેતુ માટે બાંધકામની પરવાનગી મેળવેલ હોય તે હેતુ સિવાયનો ઉપયોગ કરી શકાય નહીં." જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૨–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અસ્પષ્ટ અને સંદિગ્ધ વિગતો સહ સમર્થન અને આધાર વિહોણી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૦૦ તા.૨૭–૮–૦૭ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારીને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.સેઝોન/આ.નં.૫૧૭ તા.૭–૯–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતર ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન ધ્વારા પત્ર નં. સેઝોન/આ. નં.૩૯૭ તા.૬–૮–૦૭ થી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ અરજદાર ધ્વારા અપીલના સમર્થનમાં કોઈ આધાર પુરાવા રજુ કરવામાં આવેલ નથી. જેથી અપીલ અંગે કશું કરવાનુ રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૩૬
તારીખ : ૧૩–૯–૦૭.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન........જાણ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ

અપીલ અરજી નં.૧૪૪/૦૭, તા.૨૨–૮–'૦૭.

**અરજદાર :** શ્રી એમ. એસ. એચ. શેખ
**સામાવાળા:** સીટી ઈજનેર

## હુકમ :–

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી એમ. એસ. એચ. શેખની તા.૫–૭–૦૭ ની અરજીથી વિયર કમ કોઝવેમાં માછલી અંગેના વર્તમાન સ્ટેટસ તેમજ ટેન્ડર બાબતની ફાઈલોનું ઈન્સ્પેકશન કરવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૨–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૪૪/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી એમ. એસ. એચ. શેખની તા.૫–૭–૦૭ ની અરજીથી વિયર કમ કોઝવેમાં માછલી અંગેના વર્તમાન સ્ટેટસ તેમજ ટેન્ડર બાબતની ફાઈલોનું ઈન્સ્પેકશન કરવા બાબતની અરજી સંદર્ભે તા.૧–૮–૦૭ ના રોજ શ્રી વાઘેલા મદદનીશ જાહેર માહિતી અધિકારી ની રૂબરૂમાં ફાઈલોનું ઈન્સ્પેકશન કરી જરૂરી માહિતી મેળવવા જણાવેલ તેમ છતાં માહિતિ મળેલ નથી જેથી અરજદાર ધ્વારા તા.૨૨–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. અરજદારની તા.૦૫–૦૭–૦૭ની અરજીથી વિયર કમ કોઝવેમાં માછલી અંગેના વર્તમાન સ્ટેટસ તેમજ ટેન્ડર ફાઈલોનુ ઈન્સ્પેકશન મદદનીશ જાહેર માહિતી અધિકારી શ્રી વાઘેલાની રૂબરૂમાં અરજદાર ધ્વારા કરવામાં આવેલ હોવાનું તેમજ તે પૈકી તેમણે જણાવેલ દસ્તાવેજોની નકલો મેળવવા માંગણી કરેલ હોવા છતાં નહી મળેલ હોવાનું જણાવેલ છે. જયારે કેટલાક દસ્તાવેજો તેઓ સમક્ષ રજુ કરવામાં મદદનીશ જાહેર માહિતી અધિકારી શ્રી વાઘેલા નિષ્ફળ રહેલ હોવાનું જણાવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૦૬, તા. ૦૧/૦૯/૨૦૦૭ થી સીટી ઈજનેરને જણાવવામાં આવેલ. પરંતુ કોઈ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર સમક્ષ નહી રજુ કરેલ પૈકી ઉપલબ્ધ દફતરનું ઈન્સ્પેકશન તેઓને કરવા દેવા અને તેઓ માંગે તે નકલોની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અરજદારને માહિતી પુરી પાડવા અને તેની જાણ અત્રે કરવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૨૫
તારીખ : ૧૧–૯–૦૭.

પ્રતિ
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી........જાણ માટે.
(૨) શ્રી એ. એમ.એસ.એચ. શેખ

અપીલ અરજી નં.૧૪૫/૦૭, તા.૨૭–૮–'૦૭.

**અરજદાર :** શ્રી હસમુખભાઈ ભીખુભાઈ પટેલ
**સામાવાળાઃ** ઝોનલ ચીફ રાંદેર ઝોન

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી હસમુખભાઈ ભીખુભાઈ પટેલની તા.૧૩–૭–૦૭ ની અરજીથી ટી.પી.૩૦ ફા.પ્લો.નં.૫ અંગે મુદ્દા નં.૧ થી ૬૦ ની માહિતી બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૭–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૪૫/૦૭.

શ્રી હસમુખભાઈ ભીખુભાઈ પટેલની તા.૧૩–૭–૦૭ ની અરજીથી ટી.પી.૩૦ ફા.પ્લો.નં.૫ અંગે મુદ્દા નં.૧ થી ૬૦ ની દુર્ગાપુરી કો.ઓ.હા.સો.ની લેઆઉટ પ્લાન, રજાચીઠ્ઠી તેમજ પ્લાનની બાંધકામની સ્થળ સ્થિતિની રજુ કરેલ વિગતો સાથે રેકર્ડ પુરાવાથી ખાત્રી કરી ચોકકસ ખરી માહિતિ પુરાવા સાથે તેમજ સર્ટી. ધ્વારા માંગણી કરતી માહિતિ બાબતની અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.૬૪૧ તા.૪–૮–૦૭ થી પાઠવેલ વિવિધ મુદ્દાને સ્પર્શતી ઉપલબ્ધ દફતર પરથી આપેલ હકીકત હેતુલક્ષી વિગતો તેમજ સાથે તે અંગેની નકલો અંગે નિયત ફી ભરી મેળવી લેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૭–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. જેમા માંગવામાં આવેલ માહિતીના જવાબ મુદ્દાવાર કે ડોકયુમેન્ટરી પુરાવા સહિત માંગવામાં આવેલ છે જે આપવામાં આવેલ નથી. તેમજ રેકર્ડ ઉપર ઉપલબ્ધ પુરાવા પણ આપવામાં આવેલ નથી તેમ જણાવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ સંપૂર્ણ મુદ્દાવાર માહિતી કાયદા અને નિયમાનુસાર પૂરી પાડી તે અંગેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૦૮ તા.૧–૯–૦૭ થી ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં. ૨૭૮ તા.૧૦–૯–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ. અરજદાર ધ્વારા ઉપલબ્ધ દફતરી અને હકીકત લક્ષી વિગતોની માહિતી માંગવાને બદલે મહદઅંશે તેમણે રજુ કરેલ વિગતો સાથે કચેરી દફતર પરથી ખાત્રી કરી અભિપ્રાય સ્વરૂપની માહિતિનો ઉદ્દેશ વધુ જણાય છે.જાહેર માહિતિ અધિકારી કક્ષાએથી નકલો મેળવી માહિતિ મેળવી લેવા સુચવેલ પણ છે. તે ધ્યાને લેતાં અરજદારને જોઈતી માહિતી ઉપલબ્ધ કરી તેઓ સ્વયં ચોકસાઈ અને ખાત્રી કરી શકે છે.

અરજદારની મુળ અરજી, અરજદારની અપીલના આધાર પુરાવા તેમજ નિર્દિષ્ટ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર સમક્ષ ઉપલબ્ધ દફતરનું ઈન્સ્પેકશન તેઓને કરવા દેવા તથા તે અંગેની વ્યવસ્થા કરવા તેમજ અરજદારને તેઓ માંગે તે નકલોની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અરજદારને માહિતી પુરી પાડવા અને તેની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૪૬
તારીખ : ૧૮–૯–૦૭.

પ્રતિ
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન........જાણ માટે.
(૨) શ્રી હસમુખભાઈ ભીખુભાઈ પટેલ

અપીલ અરજી નં.૧૪૬/૦૭, તા.૨૩–૮–'૦૭.

**અરજદાર :** શંખેશ્વર કોમ્પ્લેક્ષ શોપ્સ એન્ડ ઓફિસ ઓનર્સ એસોસીએશન
**સામાવાળાઃ** ડાયરેકટર ઓફ પ્લાનીંગ

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શંખેશ્વર કોમ્પ્લેક્ષ શોપ્સ એન્ડ ઓફિસ ઓનર્સ એસોસીએશનની તા.૧૨–૭–૦૭ ની અરજીથી વોર્ડ નં.૨ નોંધ નં.૧૯૫૭ –અ,બ,ક, વાળી મિલ્કતના ટીડીઓ નં.૭૧૫ તા.૨૨–૧૦–૯૧ થી મંજુર થયેલ પ્લાનની નકલ આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૩–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૪૬/૦૭.

શંખેશ્વર કોમ્પ્લેક્ષ શોપ્સ એન્ડ ઓફિસ ઓનર્સ એસોસીએશનની તા.૧૨–૭–૦૭ ની અરજીથી વોર્ડ નં.૨ નોંધ નં.૧૯૫૭ –અ,બ,ક, વાળી મિલ્કતના ટીડીઓ નં.૭૧૫ તા.૨૨–૧૦–૯૧ થી મંજુર થયેલ પ્લાનની નકલ આપવા બાબતની અરજી સંદર્ભે શહેર વિકાસ અધિકારી અને મદદનીશ જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.૨૧૯૨ તા.૩–૮–૦૭ થી સદર પ્લાન નિયત ફી જમા કરાવ્યેથી મળી શકશે તે મુજબ અરજદારો ધ્વારા પ્લાનની નકલ મેળવવામાં આવેલ હોવાનું જણાય છે. જે અંગે અરજદાર ધ્વારા તા.૨૩–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા.૧૨–૭–૦૭ની અરજીમાં માંગ્યા મુજબની નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જયારે અપીલ અરજી મુળ અરજીના અરજદાર નહીં એવા શંખેશ્વર કોમ્પ્લેક્ષ શોપ્સ એન્ડ ઓફિસ ઓનર્સ એસોસીયેશનના મેનેજર ધ્વારા કરવામાં આવેલ છે. જોકે તેની સાથે મુળ અરજીના અરજદારોનો તા.૭–૮–૦૭ નો પત્ર સામેલ કરેલ છે. તેમ છતાં કાયદાના હાર્દને ધ્યાને લઈ અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. અરજદારોની મુળ અરજી અને અપીલ અરજીમાં અલાયદો મુદ્દો ફલોર વાઈઝ એરીયા ટેબલ, એરીયા કેલકયુલેશન તેમજ એફ.એસ.આઈ કેલકયુલેશન ની માંગણી કરવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ દફતર ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો શહેર વિકાસ અધિકારીઅને મદદનીશ માહિતિ અધિકારી ધ્વારા પત્ર નં.ટીડીઓ/૧૯૨ તા.૭–૮–૦૭ થી પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ અંગે કશું કરવાનુ રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારો ધ્વારા અપીલ અરજીમાં રજુ કરાયેલ અલાયદા મુદ્દાઓ અંગે લાગત જાહેર માહિતિ અધિકારીઓને અલાયદી અરજી કરી શકે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૩૧
તારીખ : ૧૩–૯–૦૭.

પ્રતિ
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.
(૨) મેનેજર શંખેશ્વર કોમ્પ્લેક્ષ શોપ્સ એન્ડ ઓફિસ ઓનર્સ એસોસીયેશન

અપીલ અરજી નં.૧૪૭/૦૭, તા.૨૯–૮–'૦૭.

**અરજદાર** : શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ
**સામાવાળાઃ** શાસનાધિકારી

**હુકમ :–**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૨૨–૬–૦૭ ની અરજીથી છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન વિધાસહાયકની ભરતી કરાયેલા ઉમેદવારો પૈકી અનુસુચિત જાતી, જનજાતિ અને બક્ષીપંચના વિદ્યાસહાયકોની જાતિ અંગેના દાખલાની પ્રમાણિત નકલ આપવા વિગેરે મુદ્દા નં.૧ થી ૮ બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૨૯–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૪૭/૦૭.

શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૨૨–૬–૦૭ ની અરજીથી છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન વિધાસહાયકની ભરતી કરાયેલા ઉમેદવારો પૈકી અનુસુચિત જાતી, જનજાતિ અને બક્ષીપંચના વિદ્યાસહાયકોની જાતિ અંગેના દાખલાની પ્રમાણિત નકલ આપવા વિગેરે મુદ્દા નં.૧ થી ૮ બાબતની અરજી સંદર્ભે માહિતી વારંવાર માંગવા છતાં આપવામાં આવી નથી. જેથી અરજદાર ધ્વારા તા.૨૯–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને નિયત સમયમર્યાદા બાદ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી પુરી પાડી તેની વિગતો સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૦૭ તા.૧–૯–૦૭ થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ જે સંદર્ભે તેઓ ધ્વારા પત્ર નં.૩૦૬૦ તા.૧૧–૯–૦૭ થી અત્રે વિગતો મોકલવામાં આવેલ. જેમાં અરજદારને પત્ર નં.૧૯૮૫ તા.૧૮–૭–૦૭ થી દસ્તાવેજ ફીના રૂા.૧૪/– જમા કરાવી માહિતિ મેળવી લેવા જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે શાસનાધિકારી ધ્વારા અરજદારને પત્ર નં.૧૯૮૫ તા.૧૮–૭–૦૭ થી દસ્તાવેજ ફીના રૂા.૧૪/– જમા કરાવી માહિતિ મેળવી લેવા જણાવેલ હોઈ તે અનુસાર દસ્તાવેજ ફી ની રકમ જમા કરાવી માહિતિ મેળવી લેવા અરજદારને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૪૪
તારીખ : ૧૮–૯–૦૭.

પ્રતિ
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.
(૨) શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ

અપીલ અરજી નં.૧૪૮/૦૭, તા.૨૩–૮–'૦૭.

**અરજદાર :** શ્રી અનિલ ડી. પુરોહિત
**સામાવાળાઃ** ડે.કમિશ્નર(હે અને હો)

# હુકમ :–

**વિષય :** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનિલ ડી.પુરોહિતની તા.૧૯–૭–૦૭ ની અરજીથી વિલંબથી માહિતિ હજી પુરી પાડી નથી વિ. બાબત.
**સંદર્ભ :** અરજદાર મજકુરની તા.૨૩–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૪૮/૦૭.

શ્રી અનિલ ડી.પુરોહિતની તા.૧૯–૭–૦૭ ની અરજીથી વિલંબથી માહિતિ હજી પુરી પાડી નથી વિ. બાબત ની અરજી સંદર્ભે માહિતી વારંવાર માંગવા છતાં આપવામાં આવી નથી. જેથી અરજદાર ધ્વારા તા.૨૩–૮–૦૭ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાનમાં આપવા જોગ માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી પુરી પાડી તેની વિગતો સહ મુળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી નહી પૂરી પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૨૦ તા.૭–૯–૦૭ થી ડે.કમિશ્નર(હે. અને હો.) ને જણાવવામાં આવેલ જે સંદર્ભે નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના તરફથી પત્ર નં. મભય/સુમપા/આરટીઆઈ/અપીલ ૧૪૮/૦૭/આર.નં.૨૦૬/૦૭ તા.૧૨–૯–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ. દરમ્યાનમાં અરજદારને તા.૨૭–૯–૦૭ ના રોજ રૂબરૂ સુનાવણી આપવામાં આવેલ. જેમાં તેઓએ ઉપસ્થિત રહી સદર વિભાગ ધ્વારા નાણાં ભરવાનો પત્ર માહિતી આપવાની નિયત સમય મર્યાદા બાદ મળેલ હોવાનુ જણાવેલ. જયારે જાહેર માહિતી અધિકારી તરફે નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના ધ્વારા તા.૨૧–૮–૦૭ ના પત્રથી રૂા.૧૦૮/– ની રકમ જમા કરાવ્યા પછી માહિતી મેળવી લેવા જણાવેલ છે તેવી રજુઆત કરવામાં આવેલ.

અરજદારની મુળ અપીલ અરજી તેમજ બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે મદદનીશ જાહેર માહિતી અધિકારીના ઉકત પત્રથી રૂા.૧૦૮/– ની રકમ જમા કરાવી માહિતી મેળવવા જણાવેલ હોઈ અરજદારને નિયત ફી ભરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/૪૮૦
તારીખ૨૮–૯–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**
(૧)ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.
(૨) શ્રીઅનિલ ડી. પુરોહિત,

અપીલ અરજી નં.૧૪૯/૦૭, તા.૩૧–૮–૦૭.

**અરજદાર :** શ્રી જયંતીલાલ ડાહયાભાઈ ભગત
**સામાવાળા:** કાર્યપાલક ઈજનેર ઉધના ઝોન

## હુકમ :–

વિષયઃ–શ્રી જયંતીલાલ ડાહયાભાઈ ભગતની તા.૨૮–૫–૦૭ની અરજીથી મ્યુ. વેરાની કાયદેસરતાની પુસ્તકની નકલ તેમજ દંડ,વ્યાજ,હરાજી વિગેરેની વિગત બાબત.

સંદર્ભઃ–અરજદારની તા.૩૧–૮–૦૭ની અપીલ અરજી નં.૧૪૯/૦૭.

શ્રી જયંતીલાલ ડાહયાભાઈ ભગતની તા.૨૮–૫–૦૭ની અરજીથી મ્યુ. વેરાની કાયદેસરતાની પુસ્તકની નકલ તેમજ દંડ,વ્યાજ,હરાજી વિગેરેની વિગત બાબતની અરજી સંદર્ભે ડે.કમિશનર (જનરલ) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.ઝોન/અકણ/૩૬૨ તા.૨૦–૦૭–૦૭થી જુના વિસ્તારની કમિશનરશ્રીના આદેશથી પ્રસિધ્ધ થયેલ આકારણી માર્ગદર્શિકા તેમજ નવા વિસ્તારની સ્થાયી સમિતિના આદેશથી નકકી થયેલ માર્ગદર્શિકાની નકલ પૂરી પાડવામાં આવેલ જેથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૩૧–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને નિયત સમયમર્યાદા બાદ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૨૧ તા.૦૭–૯–૦૭ થી કાર્યપાલક ઈજનેર ઉધના ઝોનને જણાવવામાં આવેલ જે સંદર્ભે તેઓ ધ્વારા પત્ર નં.સા.ઝોન/અકણ/૬૦૨ તા.૧૮–૯–૦૭ થી અત્રે વિગતો મોકલવામાં આવેલ જેમાં અરજદારને કાર્યપાલક ઈજનેર ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/૫૯૮ તા.૧૭–૯–૦૭ થી મ્યુ.વેરા કે ટેક્ષની કાયદેસરતાની પુસ્તિકાની માંગણી બાબતે સદર જોગવાઈઓ સુરત મહાનગર સેવાસદનની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે જેના પરથી આવશ્યક વિગતો મેળવવાનું જણાવી જકાત ચોરીની માહિતી બાબતે અરજીમાં સ્વયં સ્પષ્ટ નથી જેથી તેની પૂરતી વિગતો સહિત ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી(જકાત)નો સંપર્ક કરવા જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે જાહેર માહિતી અધિકારી તેમજ કાર્યપાલક ઈજનેરના ઉપરોકત પત્રોથી માહિતી પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે કશું કરવાનુ રહેતુ નથી. જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/૪૬૩
તારીખ :૨૪–૯–૦૭.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**
(૧) કાર્યપાલક ઈજનેર ઉધના ઝોન અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.
(૨) શ્રી જયંતીલાલ ડાહયાભાઈ ભગત

અપીલ અરજી નં.૧૫૦/૦૭, તા.૩૧–૮–'૦૭.

**અરજદાર :** શ્રી હેમંત એન. દેસાઈ
**સામાવાળા:** વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર

# હુકમ :–

વિષય :આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૩–૭–૦૭ ની અરજીથી માંગેલ માહિતિ બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૩૧–૮–'૦૭ ની અપીલ અરજી નં.૧૫૦/૦૭.

શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૩–૭–૦૭ ની અરજીથી માંગેલ માહિતિ બાબતની અરજી સંદર્ભે માહિતી માંગવા છતાં આપવામાં આવી નથી. જેથી અરજદાર ધ્વારા તા.૩૧–૮–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી પુરી પાડી તેની વિગતો સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં . આરટીઆઈ સેલ/ ૪૧૯ તા.૭–૯–૦૭ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ.પરંતુ કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સે ઝોન/આ નં.૫૪૧ તા.૧૭–૯–૦૭ થી અરજદારની મુળ અરજી વિજીલન્સ વિભાગને તબદીલ કરી હોય તેઓની અપીલ અરજી પણ વિજીલન્સ ઓફિસરને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ. પરંતુ તેઓ તરફથી કોઈ વિગતો ન મળતા તા.૨૭–૯–૦૭ ના રોજ અરજદારને રૂબરૂ સુનાવણી આપવામાં આવેલ. દરમ્યાનમાં વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરના પત્ર નં.વીઆઈડી/૧૦૨૩ તા.૨૧–૯–૦૭ થી અરજદારને જવાબ પાઠવવામાં આવેલ.

રૂબરૂ સુનાવણીમાં અરજદારે તા. ૨૧–૯–૦૭ ના જવાબની નકલ તેઓને મળી ન હોવાનું જણાવી બાંધકામ બે માળને બદલે ત્રણ માળનું કરેલ છે તે અંગે થયેલ કાર્યવાહીની જાણકારી મળતી ન હોવાની રજુઆત કરેલ. જયારે મદદનીશ જાહેર માહિતિ અધિકારી અને વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર ધ્વારા સદર પત્રની નકલ અરજદારને સુનાવણી દરમ્યાન રૂબરૂ આપવામાં આવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે મદદનીશ જાહેર માહિતી અધિકારીના ઉકત પત્રથી માહિતી પુરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે કશું કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે. જયારે અરજદારની અન્ય રજુઆત માટે સક્ષમ સત્તાધિકારી સમક્ષ રજુઆત કરવા જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/૪૭૯
તારીખ :૨૯–૯–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી જાણ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ

અપીલ અરજી નં.૧૫૧/૦૭, તા.૧૦–૯–'૦૭.

**અરજદાર :** શ્રી સરોશ સામ ભકકા
**સામાવાળા:** ડાયરેકટર ઓફ પ્લાનીંગ

## હુકમ :–

વિષય :આરટીઆઈ એકટ હેઠળ શ્રી સરોશ સામ ભકકા ની તા.૯–૮–૦૭ ની અરજીથી ટેના.નં.૧૩એ–૧૧–૬૮૪૧–૦–૦૦૧ માં રેશીડન્સીયલ ફલેટમાં હેતુફેર કરવા વિ. મુદ્દા નં.૧ થી ૬ની માંગેલ માહિતિ બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૦–૯–'૦૭ ની અપીલ અરજી નં.૧૫૧/૦૭.

શ્રી સરોશ સામ ભકકા ની તા.૯–૮–૦૭ ની અરજી થી ટેના.નં.૧૩એ–૧૧–૬૮૪૧–૦–૦૦૧ માં રેશીડન્સીયલ ફલેટમાં હેતુફેર કરવા વિ. મુદ્દા નં.૧ થી ૬ની માંગેલ માહિતિ બાબતની અરજી સંદર્ભે માહિતી માંગવા છતાં આપવામાં આવી નથી. જેથી અરજદાર ધ્વારા તા.૧૦–૯–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી પુરી પાડી તેની વિગતો સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ /૪૨૮ તા.૧૨–૯–૦૭ થી ડાયરેકટર ઓફ પ્લાનીગ ને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓના પત્ર નં. ટી.ડી.ઓ/૨૮૬૨ તા.૨૧–૯–૦૭ થી અરજદારને પાઠવેલ મુદ્દા નં.૨થી૬ જવાબની નકલ મોકવવામાં આવેલ જયારે મુદ્દા નં. ૧માં અરજદારે ફકત વિગત જણાવેલ છે. કોઈ માહિતી માંગવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે જાહેર માહિતી અધિકારીના ઉકત પત્રથી માહિતી પુરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે કશું કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈ સેલ/ ૪૮૭
તારીખ : ૩ –૧૦–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.
(૨) શ્રીસરોશ સામ ભકકા [illegible]

અપીલ અરજી નં.૧૫૨/૦૭, તા.૩–૯–'૦૭.

**અરજદાર :** શ્રી હેમંત એન.દેસાઈ
**સામાવાળા:** આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન

# હુકમ :–

વિષય : શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૮–૦૭ની અરજીથી તા.૧૬–૪–૦૭ ના રોજ બેગમપુરા દુધારાશેરીના રહીશો ધ્વારા કરેલ અરજીના અનુસંધાનમાં બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૮,૩૧૩,૪૩૧(૧)(૨) અને ૨૫૪ ની કલમ લાગે છે ખરી? તેમજ તા.૧૬–૮–૦૭ની અરજીથી ૪/૨૮૪–૯૪–૩૬૦ વાળી મિલ્કતમાં ચાલતા જરીગીલીટના બાંકડામાં વગર પરવાનગીએ ચીમની ઉભી કરેલ હોય તે દુર કરવા બાબત.

સંદર્ભ : ૧. અરજદારની તા.૩–૯–૦૭ની અપીલ નં.૧૫૨/૦૭
૨. અરજદારની તા.૧૦–૯–૦૭ની સરખા વિષયની અપીલ.

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨–૮–૦૭ની અરજીથી તા.૧૬–૪–૦૭ ના રોજ બેગમપુરા દુધારાશેરીના રહીશો ધ્વારા કરેલ અરજીના અનુસંધાનમાં બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૮,૩૧૩,૪૩૧(૧)(૨) અને ૨૫૪ ની કલમ લાગે છે ખરી? તેમજ તા.૧૬–૮–૦૭ની અરજીથી ૪/૨૮૪–૯૪–૩૬૦ વાળી મિલ્કતમાં ચાલતા જરીગીલીટના બાંકડામાં વગર પરવાનગીએ ચીમની ઉભી કરેલ હોય તે દુર કરવા બાબત સંદર્ભે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સેઝોન/આ. નં.૪૮૯ તા.૩૦–૮–૦૭ અને પત્ર નં. સેઝોન/આ.નં.૫૦૨ તા.૩–૯–૦૭થી જરીગીલીટમાં સંગ્રહ કરવા માટે સેલો લેકર સ્પીરીટ વિ.નો પરવાનો કાયદાની જોગવાઈઓને આધિન આપવામાં આવે છે. તેમજ તે નિયમ મુજબ રિન્યુ કરવામાં આવે છે. સ્થળ મુલાકાત દરમ્યાન ઉભી કરવામાં આવેલ ચીમની મારફત જાહેર આરોગ્યને નુકશાનકારક કોઈ ધુમાડો વાતાવરણમાં ભળતો હોવાનું જણાયેલ નથી. તેમજ બી.પી.એમ.સી. એકટની દર્શાવેલ કલમ ની કાર્યવાહી કાયદાની મર્યાદામાં રહીને કરવાની રહે છે અને તે જરૂર જણાશેતો કરવામાં આવશે તેવા આપેલ જવાબથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૯–૦૭ તેમજ તા.૧૦–૯–૦૭ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની બન્ને મુળ અરજીઓ તેમજ આસી.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારી ધ્વારા ઉકત પત્રોથી આપવામાં આવેલ જવાબ તેમજ અરજદારની આધાર પુરાવા તેમજ વાજબીપણા વિનાની અપીલ અરજી ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સેઝોન/આ. નં.૪૮૯ તા.૩૦–૮–૦૭ અને પત્ર નં. સેઝોન/આ.નં.૫૦૨ તા.૩–૯–૦૭થી પૂરી પાડવામાં આવેલ છે. જેથી અપીલ અંગે કશું કરવાનુ રહેતું નથી. તેમ છતાં અરજદાર ઈચ્છે તો દિન–૧૫માં જાહેર માહિતિ અધિકારીનો અગાઉથી સમય મેળવી તેમની અરજી અંગે થયેલ કાર્યવાહીનું કાયદા અને નિયમોનુસાર ઈન્સ્પેકશન કરી શકે છે અને જરૂરીયાત મુજબની નકલો મેળવી શકે છે. અરજદારની તેવી માંગણી મળેથી તદનુસાર વ્યવસ્થા કરવા અને થયેલ કાર્યવાહીની અત્રે જાણ કરવા આસી. કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલ ઝોનને સૂચિત કરવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/ ૪૮૭
તારીખ : ૧૮–૯–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન........જાણ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ ...

**અરજદાર :** શ્રી ગુલામભાઈ મેમણ
**સામાવાળા:** એડી.સીટી ઈજનેર

# હુકમ :–

વિષય : આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨–૭–૦૭ ની અરજીથી સુરત શહેરના નવા સ્ટ્રીટ લાઈટ પોલો કેટલા મંજુર થયા કેટલા લગાડવામાં આવ્યા. તેમજ તેના કોન્ટ્રાકટરના નામ અને સરનામા ની માંગેલ માહિતિ બાબત.
સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૧–૯–'૦૭ ની અપીલ અરજી નં.૧૫૩/૦૭.

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨–૭–૦૭ ની અરજીથી સુરત શહેરના નવા સ્ટ્રીટ લાઈટ પોલો કેટલા મંજુર થયા કેટલા લગાડવામાં આવ્યા. તેમજ તેના કોન્ટ્રાકટરના નામ અને સરનામા ની માંગેલ માહિતિ બાબતની અરજી સંદર્ભે એડી.સીટીઈજનેરના પત્ર નં.સ્ટ્રીટ લાઈટ/આ.નં.૨૮૫ તા.૪–૮–૦૭ થી માહિતી આપવામાં આવેલ જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૧–૯–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને આપવા જોગ માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી પુરી પાડી તેની વિગતો સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહપહોચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૪૯ તા.૧૮–૯–૦૭ થી એડી.સીટી ઈજનેરને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે એડી.સીટી ઈજનેર ધ્વારા પત્ર નં. સ્ટ્રીટ લાઈટ આઉટવર્ડ નં.૯૦૪ તા.૨૪–૯–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ.

જે ધ્યાને લેતા અરજદારની તા.૨–૭–૦૭ ની અરજીની માહિતી લાગત જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૪–૮–૦૭ ના રોજ એટલેકે નિયત સમય બાદ દિન–૩ ના વિલંબથી આપવામાં આવેલ છે. વળી અરજદારે મુળ અરજીથી માગેલ માહિતીમાં કોઈ સમયગાળો નિર્દિષ્ટ કરેલ નથી તેમ છતાં લાગત જાહેરમાહિતી અધિકારી ધ્વારા સને ૨૦૦૬–૦૭ ની માહિતી આપેલ છે. અરજદાર ધ્વારા અપીલના કારણમાં સમયમર્યાદામાં પ્રતિભાવ નહી મળેલ હોવાનું જણાવેલ છે પરંતુ સમર્થનમાં કોઈ આધાર રજુ કરેલ નથી.વળી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને મોકલેલ માહિતીમાં તેઓને વિવિધ ઝોન તરફથી મળેલ માહિતી સંકલિત કરી મોકલાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે જાહેર માહિતી અધિકારી તેમજ એડી.સીટી ઈજનેરના પત્ર નં.સ્ટ્રીટ લાઈટ/આઉટવર્ડ ન./૬૮૫ તા.૪–૮–૦૭ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે જેથી અરજદારની અપીલમાં વાજબીપણું પ્રથમદર્શી રીતે જણાતું નથી તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો તેમને આપવામાં આવેલ ૨૦૦૬–૦૭ ની માહિતી માટે લાગત જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી તેઓનો આગોતરો સમય મેળવી ફાઈલ ઈન્સ્પેકશન કરી શકે છે. જે અંગે લાગત જાહેર માહિતી અધિકારીને તે પ્રમાણે અરજદારને વ્યવસ્થા કરી આપવા તેમજ તેઓને માંગ્યા મુજબની જરૂરી નકલો કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર પૂરી પાડવા જણાવવામાં આવે છે." તે સિવાયની માહિતી જે માટે અરજદારે કોઈ સમયગાળો જણાવેલ નથી તે અંગે અલાયદી અરજી કરી માહિતી મેળવી લેવા અરજદારને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈ સેલ/૬૭૫
તારીખ ૨૮–૯–૦૭.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**
(૧) એડી.સીટી ઈજનેર અને ...
(૨) શ્રી ગુલામભાઈ મેમણ, ...

અપીલ અરજી નં.૧૫૪/૦૭, તા.૧૧–૯–'૦૭.

**અરજદાર :** શ્રી ગુલામભાઈ મેમણ
**સામાવાળા:** આસી.કમિશ્નર

# હુકમ :–

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૧૦–૮–૦૭ ની અરજીથી વોર્ડ નં.૧૦/૨૨૩૧ મોહમદી એપાર્ટમેન્ટ વાળી મિલ્કતમાં પાર્કિંગ ,દુકાનો કોમર્શીયલ ઉપયોગ સારૂ ટેલરીંગ વર્કશોપ તેમજ મિલ્કતની મજબુતાઈ વિ.ની માંગેલ માહિતિ બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૧–૯–'૦૭ ની અપીલ અરજી નં.૧૫૪/૦૭.

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૧૦–૮–૦૭ ની અરજીથી વોર્ડ નં.૧૦/૨૨૩૧ મોહમદી એપાર્ટમેન્ટ વાળી મિલ્કતમાં પાર્કિંગ ,દુકાનો કોમર્શીયલ ઉપયોગ સારૂ ટેલરીંગ વર્કશોપ તેમજ મિલ્કતની મજબુતાઈ વિ.ની માંગેલ માહિતિ બાબતની અરજી સંદર્ભે આસી.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારીના પત્ર નં.સે.ઝોન/આ.નં.૪૯૧ તા.૩૦–૮–૦૭થી " ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા મિલ્કતના મંજુર થયેલ પ્લાન ઉપલબ્ધ નથી. મિલ્કતની મજબુતાઈ બાબતે સ્ટ્રકચરલ એન્જીનીયર પાસેથી મેળવી લેવાની રહેશે. આંતરીક ફેરફાર બાબતે કોઈ પરવાનગી આપવામાં આવી નથી. તેમજ ડ્રેનેજ કનેકશન આપવામાં આવેલ હોવાનું જણાતુ નથી. તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૧–૯–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહી પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આર આટીઆઈ સેલ/૪૫૧ તા.૧૮–૯–૦૭ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ જે સંદર્ભે તેઓ ધ્વારા પત્ર નં.સે.ઝોન/આ.નં.૫૭૫ તા.૨૯–૯–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે આસી.કમિશ્નરના પત્ર નં.સે.ઝોન/આ.નં.૪૯૧ તા.૩૦–૮–૦૭થી પાઠવવામાં આવેલ જવાબમાં અરજદારે માંગેલ માહિતી પૈકી નહીં પુરી પાડેલ માહિતી સ્થળસ્થિતિ અને આનુષાંગિક આંતર ખાતાકીય ઉપલબ્ધ દફતર અનુસાર કાયદા અને નિયમોની જોગવાઈને અનુસરી અત્રેની કચેરીની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

નં.આરટીઆઈ સેલ/ ૪૯૩
તારીખ : ૪–૧૦–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.

(૨) શ્રી ગુલામભાઈ મેમણ

અપીલ અરજી નં.૧૫૫/૦૭, તા.૧૧–૯–'૦૭.

**અરજદાર : શ્રી ગુલામભાઈ મેમણ**
**સામાવાળા:**(૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ (૨) ડે.કમિશ્નર (હે.અને હો)

## હુકમ :–

વિષય :આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૯–૮–૦૭ ની અરજીથી મીલેનીયમ માર્કેટની જગ્યા વેચાણથી આપીને તેનો વિકાસ કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૯ની માંગેલ માહિતિ બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૧–૯–'૦૭ ની અપીલ અરજી નં.૧૫૫/૦૭.

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૯–૮–૦૭ ની અરજીથી મીલેનીયમ માર્કેટની જગ્યા વેચાણથી આપીને તેનો વિકાસ કરવા બાબતે મુદ્દા નં.૧ થી ૯ માંગેલ માહિતિ બાબતની અરજી સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીગના પત્ર નં.ટીડીઓ/૨૬૪૪ તા.૬–૯–૦૭થી મુદ્દા નં.૬ થી ૮ ની માહિતિ આપવામાં આવેલ. જયારે પત્ર નં.ટીડીઓ/૨૬૩૯ તા.૩–૯–૦૭ થી ટાઉન પ્લાનરને મુદ્દા નં.૧,૨,૩ અને ૯ તેમજ પત્ર નં.ટીડીઓ/૨૬૪૦ તા.૩–૯–૦૭ થી મુદ્દા નં.૪,૫ માટે કાર્યપાલક ઈજનેર (લીંબાયત ઝોન)ને અરજી તબદીલ કરવામાં આવેલ જે બંને ધ્વારા કોઈ માહિતિ મળેલ નથી. જેથી અરજદાર ધ્વારા તા.૧૧–૯–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે..

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અરજદારને માહિતી પુરી પાડી તેની સંપુર્ણ વિગતો સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહી પાડવાના કિસ્સામાં તે અંગેની પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૫૦ તા.૧૮–૯–૦૭ થી ડાયરેકટર ઓફપ્લાનીંગ અને ડે.કમિશ્નર (હે અને હો) ને અનુક્રમે ટાઉન પ્લાનીંગવિભાગ તેમજ લીંબાયત ઝોન ની માહિતી મોકલવા જણાવવામાં આવેલ જે સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં. ટીપીડી/આ/૪૨૨૧ તા.૨૧–૯–૦૭ થી અરજદારને પાઠવેલ નકલ પત્ર મોકલવામાં આવેલ.જયારે લીંબાયત ઝોન ધ્વારા ડે.કમિશ્નર (હે અને હો) ના પત્ર નં.સા.ઈ.ઝોન /મહેકમ /૧૪૯૪ તા.૨૮–૯–૦૭ થી મુદ્દા નં.૩,૫, અને૯ ની માહિતી પુરી પાડી મુદ્દા નં.૪ માટે ટાઉન પ્લાનરને તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટી.ડી.ઓ/૨૬૪૪ તા.૬–૯–૦૭ તેમજ પત્ર નં.ટીપીડી/આ/૪૨૨૧તા.૨૧–૯–૦૭ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે જયારે લીંબાયતઝોન તરફથી ઉકત જણાવેલ પત્રથી માહિતી પુરી પાડવામાં આવેલ છે જેથી અરજદારની અરજીમાં જણાવેલ પૈકી મુદ્દા નં.૪"મીલીનીયમ માર્કેટ સારૂ ઝુંપડાઓ ધરાવતી મહાનગર સેવા સદન સિવાયની અન્ય કોઈ જગ્યા આપવામાં આવેલ?તે કોની માલિકીની હતી?આ ઝુંપડાઓના જે વેરાબીલો આવતાં હતાં તેમાં જમીન માલિક તરીકે કોનું નામ દર્શાવવામાં આવતુ હતું?તે જમીન માલિકને કયાં પ્રકારે કેટલા નાણાંની ચુકવણી કરવામાં આવી? આ કામગીરી કઈ સક્ષમ સત્તાધીશીની મંજુરીથી પુરી પાડવામાં આવી?(સદરહુ માહિતી પુરાવા સહિત પુરી પાડવી) ની વિગતો પુરી પાડવામાં આવેલ નથી. જેથી સદર વિગતો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અરજદારને પુરી પાડી તેની જાણ અત્રે કરવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ ને જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/ ૪૮૫
તારીખ : ૩–૧૦–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ........જાણ તથા અમલ માટે.
(૨) ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી............ જાણ તથા અમલ માટે
(૩) શ્રી ગુલામભાઈ મેમણ

અપીલ અરજી નં.૧૫૬/૦૭, તા.૧૪–૯–'૦૭.

**અરજદાર : શ્રી જીતેન્દ્ર બી પાનવાલા**
**સામાવાળાઃ આસી.કમિશ્નર**

## હુકમ :–

વિષય :આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીતેન્દ્ર બી. પાનવાલા ની તા.૨૬–૭–૦૭ ની અરજીથી કિલ્લાના મેદાન ક્ષેત્રપાળ મંદિરની આજુબાજુ નવયુગ કોલેજની સામે ફુટપાથ ઉપર તેમજ અઠવા ફલાય ઓવર બ્રીજ નીચે રેલ્વે રીઝર્વેશન ઓફિસ પાસે કેટલી વ્યકિતઓને જગ્યાઓ ફાળવેલ છે. જેમાં વિકલાંગો કેટલા છે? વિ. માંગેલ માહિતિ બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૪–૯–'૦૭ ની અપીલ અરજી નં.૧૫૬/૦૭.

શ્રી જીતેન્દ્ર બી. પાનવાલા ની તા.૨૬–૭–૦૭ ની અરજીથી કિલ્લાના મેદાન ક્ષેત્રપાળ મંદિરની આજુબાજુ નવયુગ કોલેજની સામે ફુટપાથ ઉપર તેમજ અઠવા ફલાય ઓવર બ્રીજ નીચે રેલ્વે રીઝર્વેશન ઓફિસ પાસે કેટલી વ્યકિતઓને જગ્યાઓ ફાળવેલ છે. જેમાં વિકલાંગો કેટલા છે? વિ. માંગેલ માહિતિ બાબતે આસી.કમિશ્નરના પત્ર નં.સેઝોન/આ.નં.૪૬૧ તા.૨૩–૮–૦૭ થી જવાબ આપવામાં આવેલ જયારે અરજદારે લાગત વિભાગ તરફથી કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેમ જણાવી .તા.૧૪–૯–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૪૮ તા.૧૮–૯–૦૭ થી આસી. કમિશ્નરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા અરજદારને પત્ર નં.સે.ઝોન/આ.નં.૪૬૧ તા.૨૩–૮–૦૭ ના પત્રથી અરજદારને પાઠવેલ જવાબની નકલ મોકલવામાં આવેલ છે. અરજદારની અપીલ અરજીમાં કોઈ આધાર પુરાવા તેમજ વાજબીપણાના કારણો જણાવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના ઉકત પત્ર જેની નકલ સામેલ છે.તેના થકી માહિતી પુરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે કશું કરવાનું રહેતુ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે.
છે."

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૪૮૯
તારીખ : ૩–૧૦–૦૭.

**પ્રતિ**
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.
(૨) શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા,

અપીલ અરજી નં.૧૫૭/૦૭, તા.૧૨–૯–'૦૭.

**અરજદાર :** શ્રી મોઈનુલહક મકરાની
**સામાવાળાઃ** આસી.કમિશ્નર

## હુકમ :–

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોઈનુલહક મકરાનીની તા.૭–૬–૦૭ ની અરજી કે જેની અરજી ફી તા.૪–૮–૦૭ ના રોજ જમા કરાવવામાં આવેલ તે અરજીથી વોર્ડ નં.૧૨/૩૨૨૨–૯૯૮ ની રજા ચીઠ્ઠી નં.૪૨૬ તા.૧૭–૨–૧૯૯૯ ના ગેરકાયદે બાંધકામ સંબંધે સુમસેસ ના જવાબદાર અધિકારીઓએ આજદિન સુધી શું પગલા લીધા તેની માહિતિ બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની તા.૧૨–૯–'૦૭ ની અપીલ અરજી નં.૧૫૭/૦૭.

શ્રી મોઈનુલહક મકરાનીની તા.૭–૬–૦૭ ની અરજી કે જેની અરજી ફી તા.૪–૮–૦૭ ના રોજ જમા કરાવવામાં આવેલ તે અરજીથી વોર્ડ નં.૧૨/૩૨૨૨–૯૯૮ ની મિલ્કતમાં ગેરકાયદે બાંધકામ સંબંધે સુમસેસ ના જવાબદાર અધિકારીઓએ આજદિન સુધી શું પગલા લીધા તેની માહિતિ બાબતે આસી.કમિશ્નરના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.નં.૪૩૧ તા.૧૪–૮–૦૭ થી જવાબ આપવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૨–૯–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહી પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૨ તા.૧૮–૯–૦૭ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ.જે સંદર્ભે તેઓ ધ્વારા પત્ર નં.સે.ઝોન/આ.નં.૫૭૮ તા.૨૯–૯–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ.જેમાં અરજદારની તા.૭–૬–૦૭ ની અરજી ફી તા.૪–૮–૦૭ ના રોજ જમાં થયેલ હોવાનું જણાયેલ છે. તેમજ અરજદારની અપીલમાં કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવવામાં આવેલ નથી.

અજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબ ને હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે આસી.કમિશ્નરના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.નં.૪૩૧ તા.૧૪–૮–૦૭ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે માંગેલ માહિતીવાળી મિલ્કતના પ્રથમ અને ત્રીજી મિલ્કતના વિવરણ અને તારીખમાં સુસંગતતા જણાતી નથા. પુરા પાડેલ માહિતીમાં મનપા ના જવાબદાર અધિકારીઓએ શું પગલાં લીધા તેની તબકકાવાર સ્વયંસ્પષ્ટ માહિતી સમાવિષ્ટ થયેલ જણાતી નથી. જે કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

જયારે અરજદારે અપીલમાં માંગેલ પુરાવાની નકલોનો મુદ્દો મુળ માહિતીમાં સમાવિષ્ટ ન હોઈ તે અંગે આ તબકકે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. પરંતુ અરજદાર તે અંગે ઈચ્છુક હોય તો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી લાગત જાહેર માહિતી અધિકારી પાસેથી અલાયદી રીતે મેળવી શકે છે.

નં.આરટીઆઈ સેલ/ ૫૦૩
તારીખ : ૮–૧૦–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.
(૨) શ્રી મોઈનુલહક મકરાની

3

અપીલ અરજી નં.૧૫૮/૦૭, તા.૧૮–૯–'૦૭.

**અરજદાર :** શ્રી શાંતા બેન ઠાકોરભાઈ પટેલ
**સામાવાળા:** ઝોનલ ચીફ રાંદેર ઝોન

## હુકમ :–

**વિષય :**આરટીઆઈ એકટ હેઠળ શ્રી શાંતાબેન ઠાકોરભાઈ પટેલની તા.૨૧–૭–૦૭ ની અરજીથી તેઓના તા.૪–૧–૦૭ અને તા.૭–૬–૦૭ ની અરજી ઉપર કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ વિગેરે મુદા નં૧થી૧૩ ની માહિતી બાબત.

**સંદર્ભ :** અરજદાર મજકુરની તા.૧૮–૯–'૦૭ ની અપીલ અરજી નં.૧૫૮/૦૭.

શ્રી શાંતા બેન ઠાકોરભાઈ પટેલની તા.૨૧–૭–૦૭ ની અરજીથી તેઓના તા.૪–૧–૦૭ અને તા.૭–૬–૦૭ ની અરજી ઉપર કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ વિગેરે મુદા નં૧થી૧૩ ની માહિતી બાબતે કાર્યપાલક ઈજનેર પશ્ચિમ ઝોનના પત્ર નં. આ.નં.૭૦૩ તા.૨૧–૮–૦૭ થી "અરજદારના તા. ૪–૧–૦૭ અને તા.૭–૬–૦૭ ના પત્રમાં જણાવેલ દબાણ વર્ષો જુનું જણાય છે તેમજ ટી.પી. સ્કીમના રસ્તા પૈકીની જગ્યામાં આવતું હોવાનું જણાતું નથી તેમ છતાં ફરીયાદ મુજબ દબાણ દુર કરવા કેબિન ધારકને રૂબરૂ જણાવવામાં આવેલ છે " તેવા જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૮–૯–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૬૦ તા.૨૦–૯–૦૭ થી ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવેલ. પરંતુ તેઓ તરફથી કોઈ વિશેષ માહિતી અત્રે મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે માંગેલ માહિતી પૈકી BPMC, ટાઉનપ્લાનીંગ એકટ વિગેરેની જોગવાઈઓ રાઈટ ટુ ઈન્ફરમેશન એકટની કલમ ૪ હેઠળ જાહેર કરવાનું ઉત્તરદાયિત્વ હોઈ અરજદારને તે અંગેની સુરત મહાનગરપાલિકાએ કરેલ નાગરિકોને સુચિત કરવાની વ્યવસ્થા જણાવી તે પૈકી મેળવી લેવા અગર અરજદાર ઈચ્છુક હોય તો કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર નકલો પુરી પાડવા, મુદ્દા નં.૧૨ અંગે સ્વયંસ્પષ્ટ માહિતી પુરી પાડવા, તેમજ "આજ દિન સુધી કાર્યવાહી ન થઈ હોય તો તે અંગેના કારણો જણાવશો, તેમજ સંદર્ભિત વિષયવસ્તુ સાથે સંકળાયેલા મહાનગર પાલિકાના કર્મચારી અને અધિકારીઓની સત્તા અને ફરજો જણાવશો" વિગેરેની નહીં પુરી પાડેલ માહિતી અરજદારને દિન–૭ માં કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી પુરી પાડી તે અંગેની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે"

નં.આરટીઆઈ સેલ/ ૫૦૮
તારીખ : ૧૨ –૧૦–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન ........જાણ માટે

(૨) શ્રી શાંતાબેનઠાકોરભાઈ પટેલ, ૨૯ [illegible] તેઓની

[illegible]

8

અપીલ અરજી નં.૧૫૯/૦૭, તા.૧૩–૯–'૦૭.

**અરજદાર :** શ્રી કમલેશ રજનીકાંત દલાલ
**સામાવાળાઃ** ઝોનલ ચીફ, અઠવા ઝોન

# હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલેશ રજનીકાંત દલાલની તા.૨૧–૨–૦૭ ની અરજીથી ટીપી સ્કીમ નં.૩૬ ફા.પ્લોટ નં.૨૩ પૈકીની મીલ્કતમાં આવેલ ગાયત્રી નગર સોસા.ના રીવાઈઝડ પ્લાન, રજાચીઠ્ઠી,બી.યુ.સી,વિગેરેની નકલો આપવા બાબત.

**સંદર્ભ :** અરજદાર મજકુરની તા.૧૩–૯–'૦૭ ની અપીલ અરજી નં.૧૫૯/૦૭.

શ્રી કમલેશ રજનીકાંત દલાલની તા.૨૧–૨–૦૭ ની અરજીથી ટીપી સ્કીમ નં.૩૬ ફા.પ્લોટ નં.૨૩ પૈકીની મીલ્કતમાં આવેલ ગાયત્રી નગર સોસા.ના રીવાઈઝડ પ્લાન, રજાચીઠ્ઠી,બી.યુ.સી,વિગેરેની નકલો આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અઠવા ઝોનના પત્ર નં.સા.વે.ઝોન/ આ.નં.૫૦૧૦ તા.૩–૯–૦૭ થી આપવામાં આવેલ આર્કીટેકટનું નામ લે–આઉટ તથા રીવાઈઝ પ્લાનની તારીખો, સબ પ્લોટ નં.૧૧,૧૨ માટે રજાચિઠ્ઠી, બી.યુ.સી. તેમજ તે અંગેના રીપોર્ટ, સોસાયટીનો રીવાઈઝ પ્લાન તેમજ છેલ્લા દસ વર્ષના આકારણી સ્ટેટમેન્ટની નકલોની માહિતી પુરી પાડવા સાથે "પ્રશ્નવાળી મિલ્કતની મુળ ફાઈલ અત્રે ઉપલબ્ધ ન હોય, બાંધકામ પ્લાનની અરજી મંજુર થઈ તે માટેની ખાતાકીય રીપોર્ટ, આર્કીટેકટશ્રીને આપેલ વાંધાઓ/નોટીસોને અનુસંધાને આર્કીટેકટશ્રીએ આપેલ જવાબ પત્રવ્યવહારની નકલો આપી શકાય તેમ નથી." એવા જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૩–૯–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૯ તા.૨૦–૯–૦૭ થી ઝોનલ ચીફ અઠવા ઝોનને જણાવવામાં આવેલ જે સંદર્ભે વિશેષ વિગતો આજદિન સુધી મળેલ નથી.

અરજદારે અપીલ અરજી સંદર્ભે કોઈ આધારપુરાવા કે વાજબીપણાના કારણો દર્શાવેલ નથી. જેથી અજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો કાર્યપાલક ઈજનેર અઠવા ઝોનના પત્ર નં.સા.વે.ઝોન/ આ.નં.૫૦૧૦ તા.૩–૯–૦૭ થી ઉપલબ્ધ દફતર પરથી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. તે પૈકી અરજદારની અરજીથી માંગેલ પ્લાન અરજીના ખાતાકીય રીપોર્ટ તેમજ આર્કીટેકટને આપેલ વાંધા રીપોર્ટ વિગેરેની નહી પુરી પાડેલ માહિતી અંગે અરજદારને દિન–૭ માં કચેરી ફાઈલમાં ઈન્સ્પેકશન પુરું પાડી તેઓ તરફથી માંગણી કરવામાં આવે તેવી નકલો કાયદા અને નિયમોનુસાર પુરી પાડવા ઝોનલચીફ સાઉથવેસ્ટ (અઠવા) ઝોન ને જણાવવામાં આવે છે. "

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૫૦૨
તારીખ : ૮ –૧૦–૦૭.

**પ્રતિ**
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ........જાણ માટે.
(૨) શ્રી કમલેશ રજનીકાંત દલાલ

અપીલ અરજી નં.૧૬૦/૦૭, તા.૨૧-૯-૦૭.

અરજદાર : શ્રી હરિશ ફકીરચંદ્ર ગડરીયા
સામાવાળા : ડે.કમિશ્નર (હે અને હો )

# હુકમ :-

વિષયઃ- રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી હરિશ ફકીરચંદ્ર ગડરીયા ની તા.૩૧-૭-૦૭ની અરજીથી ગોપાલનગર સોસા. ના આંતરીક રસ્તા ઉપર સ્ટ્રીટ લાઈટ પોલ અને ડામરના રસ્તા બનાવવા માટે અરજી કરી છે કે કેમ? તેમજ લોક ફાળાના રૂા.૫૦૦૦ ભર્યા છે કે કેમ વિગેરે મુદ્દા નં.૧થી૮ ની માહિતી બાબત.

સંદર્ભઃ- અરજદારની તા.૨૧-૯-૦૭ની અપીલ અરજી નં.૧૬૦/૦૭.

શ્રી હરિશ ફકીરચંદ્ર ગડરીયા ની અરજીથી ગોપાલનગર સોસા. ના આંતરીક રસ્તા ઉપર સ્ટ્રીટ લાઈટ પોલ અને ડામરના રસ્તા બનાવવા માટે અરજી કરી છે કે કેમ? તેમજ લોક ફાળાના રૂા.૫૦૦૦ ભર્યા છે કે કેમ વિગેરે મુદ્દા નં.૧થી૮ ની માહિતી મેળવવા અંગે ડે.કમિશ્નર (હે અને હો )ના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૩૮૭ તા.૧૧-૦૯-૦૭ થી મુદ્દા નં.૩થી૬ ના લાગત વોર્ડઓફિસના જવાબદાર કર્મચારીએ નિયત સમયે હાજર રહેવાનું હોઈ તેમજ તેઓએ વોર્ડમાં રાઉન્ડ પર જવું પડે એમ છે. ઝોન વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર જણાયેલ ૧૭ બાંધકામોને નોટીસ આપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. અને તે બાબતે કર્મચારીની ફરજચુક જણાયે ખાતાકીય તપાસ કરી નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવે છે. ઝોનમાં એક માસથી ૬.૦ થી ૧૦.૦ ટકા જેટલી લાઈટો બંધ છે કોન્ટ્રાકટરના પેમેન્ટમાંથી પ્રથમ રનીંગ બીલ વખતે પેનલ્ટી વસુલ કરવામાં આવશે. તેમજ બંધ સ્ટ્રીટ લાઈટોનું રાત્રી દરમ્યાન ઈજારદારના પ્રતિનિધિ સાથે ચેકીંગ કરવામાં આવે છે અને બંધ લાઈટોની ઈજારદારને કામગીરી સોંપી તેનું રીપેરીંગ કર્યા બાદ ઈજારદારના રીપોર્ટનુ ક્રોસચેકીંગ કરી સમયમર્યાદા ૦૩ દિવસ બાદ બંધ રહેતી લાઈટોની પેનલ્ટી લેવામાં આવે છે તેવા આપેલ જવાબથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૨૧-૦૯-૦૭ ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

સદર અપીલ અરજી અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અરજદારને માહિતી પુરી પાડી તેની સંપૂર્ણ વિગતો સહ મુળ અરજી સહીત આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ લાગત ફિસ્સામાં જમા ... નકલ સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૬૭ તા.૨૬-૯-૦૭ થી ડે.કમિશ્નર (હે અને હો )ને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓના પત્ર નં.ઈએસટી/આઉટ/નં.૧૫૬૧ તા.૬-૧૦-૦૭ થી મોકલવામાં આવેલ મુળ અરજી સિવાયની વિગતો જોતાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને માહિતી નિયત સમય મર્યાદા બાદ પુરી પાડેલ હોવાનું તેમજ અરજદારની અરજીના મુદ્દા નં. ૫ અને ૬ પૈકી "લીંબાયત ઝોનમાં કેટલી સ્ટ્રીટ લાઈટ બંધ છે કેટલી પેનલ્ટી કરવામાં આવી અને કયારે? તેમજ સ્ટ્રીટ લાઈટ બંધ હોવા બાબતે કર્મચારી ધ્વારા અત્યાર સુધીમાં કેટલા રીપોર્ટ કર્યા છે? " તેની વિગતો પુરી પાડેલ ન હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો પૈકી આમુખમાં જણાવેલ મુદ્દા નં. ૫ અને ૬ ની નહી પુરી પાડેલ ઉપરોક્ત વિગતો ઉપલબ્ધ દફતર અનુસાર કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી દિન-૭માં અરજદારને પુરી પાડી તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે"

નં.આરટીઆઈ સેલ/૫૩૬
તારીખ : ૧૮-૧૦-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી ........જાણ તથા અમલ માટે
(૨) શ્રી હરિશ ફકીરચંદ ગડરીયા

અપીલ અરજી નં.૧૬૧/૦૭, તા.૨૦-૯-૦૭.

અરજદાર : શ્રી શૈલેષકુમાર દલપતભાઈ પાઠક
સામાવાળા : ઝોનલચીફ વરાછાઝોન

# હુકમ :-

વિષયઃ- રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી શૈલેષકુમાર દલપતભાઈ પાઠકની તા.૫-૪-૦૭ ની અરજીથી પુણાગામ હળપતિવાસ દરગાહની બાજુમાં બોરીંગ મુકવામાં આવેલ છે તેમાંથી કેટલી સોસાયટીઓને પાણી પુરું પાડવામાં આવે છે. તેમજ બોરીંગમાં કેટલા હોર્સ પાવરની મોટર બેસાડવામાં આવી છે વિગેરેની માહિતી મેળવવા અંગે.

સંદર્ભઃ- અરજદારની તા.૨૦-૯-૦૭ ની અપીલ અરજી નં.૧૬૧/૦૭ .

શ્રી શૈલેષકુમાર દલપતભાઈ પાઠકની તા.૫-૪-૦૭ની અરજીથી પુણાગામ હળપતિવાસ દરગાહની બાજુમાં બોરીંગ મુકવામાં આવેલ છે તેમાંથી કેટલી સોસાયટીઓને પાણી પુરું પાડવામાં આવે છે. તેમજ બોરીંગમાં કેટલા હોર્સ પાવરની મોટર બેસાડવામાં આવી છે વિગેરેની માહિતી મેળવવા અંગે કાર્યપાલક ઈજનેર પૂર્વઝોન (વરાછા) ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૧૯૬ તા.૨૫-૪-૦૭થી પુણાગામ પંચાયત સમયના જુના રેકર્ડ શોધી અભ્યાસ કરી માહિતી એકત્રિત કરી આપવાની થાય છે. જેથી આ માહિતી ઉપલબ્ધ થયેથી બનતી તાકીદે માંગ્યા મુજબની માહિતી આપવામાં આવશે તેવા આપેલ જવાબથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૨૦-૯-૦૭ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અરજી અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અરજદારને માહિતી પુરી પાડી તેની સંપૂર્ણ વિગતો સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ ૪૭૦ તા.૨૭-૯-૦૭ થી ઝોનલ ચીફ વરાછાઝોનને જણાવવામાં આવેલ.જે સંદર્ભે તેઓ તરફથી કોઈ વિશેષ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી દિન-૧૦ માં અરજદારને પુરી પાડી તેની જાણ અત્રે કરવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે"

નં.આરટીઆઈ સેલ/ ૫૨૪
તારીખ :૧૯ -૧૦-૦૭.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર,**
**સુરત મહાનગરપાલિકા.**

**પ્રતિ**

(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન ........જાણ માટે
(૨) શ્રી શૈલેષકુમાર દલપતભાઈ પાઠક

અપીલ અરજી નં.૧૬૨/૦૭, તા.૨૪–૯–'૦૭.

**અરજદાર :** શ્રી નુરમહંમદ કમાલભાઈ મુન્શી
**સામાવાળાઃ** આસી. કમિશનર

# હુકમ :–

**વિષયઃ** રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી નુરમહંમદ કમાલભાઈ મુન્શીની તા.૧૬–૮–૦૭ની અરજીથી ઝાંપાબજાર માર્કેટના પહેલા માળે ફાળવવામાં આવેલ સ્ટોલનું લાયસન્સ ચાલું છે અને દુકાન ઘણા વર્ષોથી બંધ છે તો તેને કાયદા ૯ના ધોરણો લાગતા નથી અને લાયસન્સ પાછુ ખેંચી શકવા અંગેની માહિતી મેળવવા અંગે.

**સંદર્ભ :** અરજદારની તા.૨૪–૯–૦૭ની અપીલ અરજી નં.૧૬૨/૦૭.

શ્રી નુરમહંમદ કમાલભાઈ મુન્શીની તા.૧૬–૮–૦૭ની અરજીથી ઝાંપાબજાર માર્કેટના પહેલા માળે ફાળવવામાં આવેલ સ્ટોલનું લાયસન્સ ચાલુ છે અને દુકાન ઘણા વર્ષોથી બંધ છે તો તેને કાયદા ૯ના ધોરણો લાગતા નથી અને લાયસન્સ પાછુ ખેંચી શકવા અંગેની માહિતી મેળવવા અંગે કોઈ પ્રતિભાવ મળેલ ન હોઈ તેમના ધ્વારા તા.૨૪–૯–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજી અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અરજદારને માહિતી પુરી પાડી તેની સંપુર્ણ વિગતો સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા અત્રેના પત્ર નં. આરટીઆઈ સેલ/૪૭૩ તા.૨૮–૯–૦૭ થી ડે. કમિશનર (હે અને હો ) ને જણાવવામાં આવેલ. જે અંગે આસી. કમિશનરના પત્ર સે.ઝોન/આ. નં. ૬૧૭ તા.૬–૧૦–૦૭ થી અત્રે મોકલવામાં આવેલ માહિતી અન્વયે આસી. કમિશનર અને જાહેર માહિતી અધિકારીના પત્ર સે.ઝોન/આ.નં.૬૧૨ તા.૫–૧૦–૦૭ થી અરજદારને ઝાંપાબજાર મટન માર્કેટના પહેલા માળે એક સ્ટોલનું લાયસન્સ ચાલુ છે અને દુકાન ઘણા સમયથી બંધ હોવા બાબતે કાયદા ૯ ના ધોરણો લાગુ પાડી લાયસન્સ રદ કરવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે તેવી માહિતી પુરી પાડેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો આસી. કમિશનર અને જાહેર માહિતી અધિકારીના પત્ર સે.ઝોન/આ.નં.૬૧૨ તા.૫–૧૦–૦૭ થી અરજદારને માહિતી પુરી પાડેલ હોઈ અપીલ અંગે કશું કરવાનું રહેતુ નથી. જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/ ૫૦૯
તારીખ : ૧૨–૧૦–૦૭.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**
(૧) આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે
(૨) શ્રી નુરમોહમદ કમાલભાઈ મન્શી. [illegible] ઝાંપાબજાર, સુરત........
[illegible]

અપીલ અરજી નં.૧૬૩/૦૭, તા.૨૬–૯–૦૭.

અરજદાર : શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા : આસી.કમિશ્નર

# હુકમ :–

વિષયઃ– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૩–૭–૦૭ની અરજીથી તેઓની તા.૩૦–૧૨–૦૬ ની અરજી થી કરેલ દિલ્હીગેટ થી સુથાર ફળિયા સુધી નવી ફુટપાથ બનાવવા કરેલ રજુઆત અંગે થયેલ કાર્યવાહીની વિગતોની માંગણી બાબત

સંદર્ભઃ– અરજદારની તા.૨૬–૯–૦૭ની અપીલ અરજી નં.૧૬૩/૦૭.

શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૩–૭–૦૭ ની અરજીથી તેઓની તા.૩૦–૧૨–૦૬ ની અરજી બાબતે સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોઈ તેમના ધ્વારા તા.૨૬–૯–૦૭ ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજી અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અરજદારને માહિતી પુરી પાડી તેની સંપૂર્ણ વિગતો સહ મુળ અરજી સહીત આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૩ તા.૩–૧૦–૦૭ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવે છે. જે સંદર્ભે તેઓના પત્ર નં.સે.ઝોન/આ.નં.૬૨૮ તા.૯–૧૦–૦૭ થી અત્રે મોકલાવેલ વિગતો ધ્યાને લેતાં કાર્યપાલક ઈજનેર અને મદદનીશ માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સે.ઝોન/આ.નં.૬૨૫ તા.૯–૧૦–૦૭ થી નિયત સમયમર્યાદા બાદ તેમજ અરજદારે અપીલ કર્યા બાદ દિલ્હીગેટ ગોપાલજી ગેસ્ટ હાઉસથી સુથાર ફળિયા સુધી નવી ફુટપાથ બનાવવાની હોઈ કાર્યવાહી હાથ ધરવાની રહેતી નથી. જેથી તે અંગે થયેલ કાર્યવાહી ના રીપોર્ટની નકલ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ રાજમાર્ગ હોય ઉકત સ્થળે અવારનવાર તુટેલી ફુટપાથ રીપેર કરાવવામાં આવે છે. હાલમાં જ તા.૨૯–૭–૦૭ થી તા.૩૧–૭–૦૭ દરમ્યાન ઉકત સ્થળે ફુટપાથ–વોટર ટેબલ રીસેટ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તેવો જવાબ આપેલ છે. " જયારે અરજદારની તા.૩૦–૧૨–૦૬ ની વિગતવાર અરજી બાબતે અધિકારી અને કર્મચારી ધ્વારા શું શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેની નકલ આપવામાં આવી હોવાનું જણાતું નથી. " અરજદાર ધ્વારા પણ નિયત સમયમર્યાદા બાદ અપીલ કરવામાં આવેલ છે તેમ છતાં કાયદાના હાર્દને ધ્યાને રાખી ગ્રાહય રાખવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો પૈકી નહી પુરી પાડેલ ઉપરોકત વિગતો ઉપલબ્ધ દફતર અનુસાર કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી દિન–૭માં અરજદારને પુરી પાડી તેની જાણ અત્રે કરવા આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે"

નં.આરટીઆઈ સેલ/ ૫૩૦
તારીખ : ૧૮–૧૦–૦૭.

ડે.કમિશ્નર (જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ........જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ [illegible] ગોપીપુરા, સુરત.....તેમજ [illegible]
[illegible] અપીલ કરવામાં [illegible]

અપીલ અરજી નં.૧૬૪/૦૭, તા.૨૮-૯-૦૭.

અરજદાર: શ્રી પ્રદિપકુમાર જેમલજી. મકવાણા
સામાવાળા : આસી.કમિશ્નર

# હુકમ :-

**વિષય :** રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ શ્રી પ્રદિપકુમાર જેમલજી. મકવાણા ની તા.૭-૮-'૦૭ની અરજીથી ભાયામહોલ્લો રોયલપાર્ક કો.ઓ.હા.સોસા.ના શ્રી હેમંત નગીન પેન્ટરના ફલેટ નં.૨૦૩ ની ૨૦૦૧-૨૦૦૨ ના વર્ષ સંબંધી આકારણીની માહિતી બાબત.

**સંદર્ભ :** અરજદારની તા.૨૮-૯-'૦૭ની અપીલ અરજી નં. ૧૬૪/૦૭,

શ્રી પ્રદિપકુમાર જેમલજી. મકવાણા ની તા.૭-૮-'૦૭ની અરજીથી ભાયામહોલ્લો રોયલપાર્ક કો.ઓ.હા.સોસા.ના શ્રી હેમંત નગીન પેન્ટરના ફલેટ નં.૨૦૩ ની ૨૦૦૧-૨૦૦૨ ના વર્ષ સંબંધી આકારણીની માહિતી બાબતે કોઈ પ્રતિભાવ મળેલ ન હોઈ તેમના ધ્વારા તા.૨૮-૯-૦૭ ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે .

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજી અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસર અરજદારને માહિતી પુરી પાડી તેની સંપુર્ણ વિગતો સહ મુળ અરજીના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯૧ તા.૪-૧૦-૦૭ થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા અરજદારની તા.૭-૮-૦૭ ની અરજી બાબતે તપાસ કરતાં સદર અરજી અત્રે મળેલ ન હોવાનું જણાવી અરજદારને અરજીની નકલ તથા ભરેલ રૂા.૨૦/- ની રસીદની નકલ દિન-૭માં મોકલી આપવા પત્ર એ.આર.ડી નં.૩૭ તા.૨૩-૧૦-૦૭ થી જણાવેલ.

અપીલ સંદર્ભે તા.૬-૧૧-૦૭ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર ઉપસ્થિત રહયા ન હતાં જયારે લાગત જાહેર માહિતી અધિકારી તરફે તેઓના પ્રતિનિધિ હાજર રહયા હતાં. દરમ્યાનમાં અરજદાર ધ્વારા મુખ્ય માહિતી કમિશ્નરને પાઠવેલ તા.૧-૧૧-૦૭ ના પત્ર કે જેની નકલ અત્રે મોકલવામાં આવેલ છે. તેમાં અરજદારે સદર અરજી બાલાજી કુરીયર મારફત મોકલેલ હોવાનું જણાવી સદર અરજી કોઈ પાર્ટી સ્વીકારવા તૈયાર ન હોવાથી કુરીયર ધ્વારા તેઓને બંધ હાલતમાં રીટર્ન મળેલ હોવાનું તેમજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના ઉપરોકત પત્ર અન્વયે તા.૩૦-૧૦-૦૭ ના રોજ તેઓને ઝેરોક્ષ નકલ મોકલી હોવાનું જણાવેલ છે. અરજદાર ધ્વારા તેમની મુળ અરજી કયા જાહેર માહિતી અધિકારી અરજી સ્વીકારવા તૈયાર નથી તે અંગે સ્પષ્ટતા કરવામાં આવે તો તે અંગે તપાસ કરી આગળની કાર્યવાહી થઈ શકે.

અરજદારની અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને મળેલ નથી. તેમજ અરજદારના જણાવ્યા મુજબ સદર અરજી તા.૩૦-૧૦-૦૭ ના રોજ તેઓએ કુરીયર ધ્વારા ઝેરોક્ષ નકલ મોકલેલ હોવાનું જણાવેલ છે. જેને અનુલક્ષી અરજદારને નિયત ફી ધરાવતી મુળ નકલની અરજી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને મોકલી આપવા જણાવવામાં આવે છે. અને તે મળ્યેથી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી નિયત સમય મર્યાદામાં અરજદારને માહિતી પુરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. મુળ અરજીની અનુપસ્થિતિમાં અપીલ અંગે વિશેષ કોઈ હુકમ આ તબકકે કરવાનો રહેતો નથી."

નં.આરટીઆઈ સેલ/ ૫૮૨
તારીખ : ૭ -૧૧-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી
(૨) શ્રી પ્રદિપકુમાર જેમલજી. મકવાણા

અપીલ અરજી નં.૧૬૫/૦૭, તા.૨૯–૯–૦૭.

અરજદાર : શ્રી જયંતિલાલ ડાહયાભાઈ ભગત
સામાવાળા : ડે.કમિશ્નર (૫ અને ઈ )

## હુકમ :–

વિષયઃ– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી જયંતિભાઈ ડાહયાભાઈ ભગતની તા.૧૦–૮–૦૭ની અરજીથી મહાનગર પાલિકાના તમામ ઝોનના સસ્પેન્ડ થયેલ કર્મચારીઓની સંપૂર્ણ માહિતી બાબત.

સંદર્ભઃ– અરજદારની તા.૨૯–૯–૦૭ની અપીલ અરજી નં.૧૬૫/૦૭.

શ્રી જયંતિલાલ ડાહયાભાઈ ભગતની તા.૧૦–૮–૦૭ ની અરજીથી મહાનગર પાલિકાના તમામ ઝોનના સસ્પેન્ડ થયેલ કર્મચારીઓની સંપૂર્ણ માહિતી બાબતે કોઈ પ્રતિભાવ મળેલ ન હોઈ તેમના ધ્વારા તા.૨૯–૯–૦૭ ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અરજી અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અરજદારને માહિતી પુરી પાડી તેની સંપૂર્ણ વિગતો સહ મુળ અરજી સહીત તેના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી મુજબ વિલંબના કિસ્સામાં તે અંગેના કારણો સહિત પ્રમાણિત નકલ સહ મોકલવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૯૭ તા.૫–૧૦–૦૭થી પર્સોનલ ઓફિસર મહેકમને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં. જીએડી/ઈએસટી /૨૭૩૬ તા.૯–૧૦–૦૭થી મોકલેલ વિગતો મુજબ ડે.કમિશ્નર (૫ અને ઈ) ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૧૫૭ તા. ૩૧–૮–૦૭ થી અરજદારને માંગ્યા મુજબની માહિતી રાઈટ ટુ ઈન્ફરમેશન એકટની કલમ–૮(૧) (ચ) મુજબ આપી શકાય તેમ નથી તેમ જણાવેલ છે. રાઈટ ટુ ઈન્ફરમેશન એકટની કલમ ૮ (૧) (ચ) થી કોઈ માહિતી પ્રગટ થવાથી વિશાળ જાહેરહિતનું સમર્થન હોવાની સક્ષમ સત્તાધિકારીને ખાતરી ન થાય તો વ્યકિતને પોતાના વિશ્વાસ આધારિત સંબંધમાં મળવાપાત્ર માહિતી આપવાની જવાબદારી રહેશે નહી તેવી જોગવાઈ છે. અરજદાર અને સુ.મ.ન.પા વચ્ચે આ પ્રકારનો કોઈ વિશ્વસનીય સંબંધ પ્રથમદર્શી રીતે પ્રસ્થાપિત જણાતો નથી જેથી અરજદારે માંગેલ માહિતી આપવાથી કોઈ હરકત જણાતી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો ઉપલબ્ધ દફતર અનુસાર કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી દિન–૧૦માં અરજદારને પુરી પાડી તેની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે"

નં.આરટીઆઈ સેલ/ ૫૬૫
તારીખ :૧૬–૧૦–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી .......જાણ તથા અમલ માટે
(૨) શ્રી જયતિલાલ ડાહયાભાઈ ભગત

અપીલ અરજી નં.૧૬૬/૦૭, તા.૧–૧૦–૦૭.

અરજદાર: શ્રી ભુપેન્દ્ર અમરતલાલ શાહ
સામાવાળા : ઝોનલ ચીફ (રાંદેર ઝોન)

# હુકમ :–

વિષય:– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી ભુપેન્દ્ર અમરતલાલ શાહની તા.૧૦–૮–૦૭ ની અરજીથી ભુપેન્દ્ર પ્રેમજીભાઈ મોજીદરાની તા.૧૭–૨–૦૭ તથા તા.૨૭–૭–૦૭ ની અરજી બાબતે અત્યાર સુધામાં થયેલી કાર્યવાહી તેમજ થયેલ હુકમોનો અમલ થયો છે કે કેમ? વિગેરે બાબત.

સંદર્ભ:– અરજદારની તા.૧–૧૦–૦૭ ની અપીલ અરજી નં.૧૬૬/૦૭

શ્રી ભુપેન્દ્ર અમરતલાલ શાહની તા.૧૦–૮–૦૭ ની અરજીથી ભુપેન્દ્ર પ્રેમજીભાઈ મોજીદરાની તા.૧૭–૨–૦૭ તથા તા.૨૭–૭–૦૭ ની અરજી બાબતે અત્યાર સુધામાં થયેલી કાર્યવાહી તેમજ થયેલ હુકમોનો અમલ થયો છે કે કેમ? વિગેરે બાબતે કાર્ય પાલક ઈજનેર પશ્ચિમઝોન (રાંદેર) ના પત્ર આઉટ વર્ડ નં.૭૬૫ તા.૧–૯–૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ તેમના ધ્વારા તા.૧–૧૦–૦૭ ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલછે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજી અંગે મુળ અરજી સહિત તેના સંદર્ભે આપવા પાત્ર પુરક માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી વિલંબના કિસ્સામાં તે અંગેના કારણો સહિત પ્રમાણિત નકલ સહ પહોંચતી કરવા પત્ર નંઆરટીઆઈ સેલ/૪૯૬ તા.૫–૧૦–૦૭ થી ઝોનલ ચીફ રાંદેર ઝનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે કોઈ વિગતો અત્રે મળેલ નથી.દરમ્યાનમાં તા.૬–૧૧–૦૭ ના રોજ સદર અપીલની સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર પોતે તેમજ જાહેર માહિતી અધિકારી તરફે કાર્ય પાલક ઈજનેર રાંદેર ઝોન ઉપસ્થિત રહયા હતાં. સુનાવણી દરમ્યાન અરજદારે દૈનિક રિપોર્ટની માહિતિ આપવા, સીલ મારેલી દુકાન હાલ ચાલુ હોવાનું તેમજ અરજી તબદીલ કરી તે ન કરવી જોઈએ વિગેરે રજુઆત કરેલ. જયારે જાહેર માહિતિ અધિકારીના પક્ષે સીલ મારેલ દુકાન ડીમોલીશ કરેલ હોવાનું જણાવી થયેલ કાર્યવાહીની સાચી અને પુરી દફતરી માહિતી આપેલ હોવાનું જણાવેલ. અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી સંદર્ભે કાર્ય પાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર આઉટ વર્ડ નં.૭૬૫ તા.૧–૯–૦૭ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે.જેથી અપીલ અંગે કશું કરવાનું રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/ ૫૮૩
તારીખ : ૭ –૧૧–૦૭.

ડે.કમિશનર (જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) ........જાણ માટે
(૨) શ્રી ભુપેન્દ્ર અમરતલાલ શાહ, ૧૬

અપીલ અરજી નં.૧૬૭/૦૭, તા.૫–૧૦–૦૭.

અરજદારઃ શ્રી હર્ષદ બાબુભાઈ બવાડીયા
સામાવાળા :ઝોનલચીફ વરાછા ઝોન

## હુકમ :–

**વિષયઃ**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હર્ષદ બાબુભાઈ બવાડીયા ની તા.૩૧–૮–૦૭ ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૨૦ ફા.પ્લોટ નં.૮૯ તથા ૯૮ તથા ૧૭ માં અમરદીપ સોસાયટીમાં કાયદા વિરુધ્ધ કરેલા કામો, વિકાસ પરવાનગી વિગેરે અંગેની અરજી બાબત.
**સંદર્ભઃ**– અરજદારની તા.૫–૧૦–૦૭ ની અપીલ અરજી નં.૧૬૭/૦૭

શ્રી હર્ષદ બાબુભાઈ બવાડીયા ની તા.૩૧–૮–૦૭ ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૨૦ ફા.પ્લોટ નં.૮૯ તથા ૯૮ તથા ૧૭ માં અમરદીપ સોસાયટીમાં કાયદા વિરુધ્ધ કરેલા કામો, વિકાસ પરવાનગી વિગેરે અંગેની અરજી બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી પુર્વઝોન (વરાછા) ના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૩૧૮ તા.૨૯–૯–૦૭થી સદર મિલ્કતદારોને મનાઈ હુકમ પાઠવવામાં આવેલ છે. તેમજ સરકારશ્રીના ગુજરાત ટાઉનપ્લાનીંગ અને અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ના નોટીફિકેશનથી મંજુર કરવામાં આવેલ જી.ડી.સી.આર મુજબ વિકાસ પરવાનગી આપવામાં આવે છે. તેમ જણાવેલ. જયારે અરજદારે આજ દિન સુધી કોઈ પ્રતિભાવ મળ્યો નથી. તેમ જણાવી તા.૫–૧૦–૦૭ ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની સદર અપીલ અરજી અંગે મુળ અરજી સહિત તેના સંદર્ભે આપવા પાત્ર વિશેષ માહિતી નોંધ વિભાગ સહિત તમામ માહિતી વિલંબના કિસ્સામાં તે અંગેના કારણો સહિત પ્રમાણિત નકલ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૦૫ તા.૯–૧૦–૦૭ થી ઝોનલ ચીફ વરાછા ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ નં.૩૧૮ તા.૧૭–૧૦–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ. જેમાં અરજદાર ધ્વારા મુળ અરજીમાં માંગવામાં આવેલ "વિકાસ પરવાનગી હકો એટલે શું? તે કોણ આપી શકે?તેના માટે જરૂરી પુરાવા કયા હોય શકે?" અંગેની માહિતી પુરી પાડવામાં નહીં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજં ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો પૈકી નહી પુરી પાડેલ ઉપરોકત વિગતો અરજદારને દિન–૭માં કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/ ૫૬૮
તારીખ : ૧ –૧૧–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન, ........જાણ તથા અમલ માટે
(૨) શ્રી હર્ષદ બાબુભાઈ બવાડીય

અપીલ અરજી નં.૧૬૮/૦૭, તા.૧૧–૧૦–૦૭.

અરજદાર : શ્રી સુરેશ એમ પટેલ
સામાવાળા : આસી.કમિશ્નર

# હુકમ :–

**વિષયઃ**– શ્રી સુરેશ એમ પટેલ ની તા.૩–૯–૦૭ ની અરજીથી દુધારાશેરીના રહેવાસીઓએ કમિશ્નરશ્રી ના તા.૧૬–૪–૦૭ ના રોજ કરેલ અરજી બાબતે ઘર નં.૪/૨૮૩–૮૫,૨૯૩,૨૯૫,૨૯૭,૩૫૯ અ,૩૬૧ વાળી મિલ્કતમાં પુછપરછ કરવામાં આવેલ તેની સંપુર્ણ તપાસની સર્ટીફાઈડ કોપી ફાળવવા બાબત.

**સંદર્ભ :** અરજદાર મજકુરની તા.૧૧–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૬૮/૦૭.

શ્રી સુરેશ એમ પટેલ ની તા.૩–૯–૦૭ ની અરજીથી દુધારાશેરીના રહેવાસીઓએ કમિશ્નરશ્રી ના તા.૧૬–૪–૦૭ ના રોજ કરેલ અરજી બાબતે ઘર નં.૪/૨૮૩–૮૫,૨૯૩,૨૯૫,૨૯૭,૩૫૯ અ,૩૬૧ વાળી મિલ્કતમાં પુછપરછ કરવામાં આવેલ તેની સંપુર્ણ તપાસની સર્ટીફાઈડ કોપી ફાળવવા બાબત સંદર્ભે પત્ર નં. સે.ઝોન/આ.નં. ૬૨૧ તા.૮–૧૦–૦૭ થી " તા.૧૬–૪–૦૭ બાબતે આજુબાજુની મિલ્કતમાં મૌખિક પુછપરછ કરવામાં આવેલ હતી તેમજ અરજીમાં જણાવ્યા અનુસાર હવાના પ્રદુષણ અંગેની બાબત હોય ,ગુજરાત પોલ્યુએશન કંટ્રોલ બોર્ડને તપાસ અર્થે પત્ર લખી જાણ કરવામાં આવેલ છે. જેનો કોઈ તપાસ રીપોર્ટ અત્રે મળેલ નથી." તેવા પાઠવેલ જવાબની માહિતી ખોટી આપી હોવાનું જણાવી જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૧–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૨૩ તા.૧૭–૧૦–૦૭ થી આસી.કમિશ્નર અને જાહેરમાહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે આસી.કમિશ્નરશ્રીના પત્ર સે.ઝોન/આ.નં.૬૭૩ તા.૨૨–૧૦–૦૭ થી મોકલેલ વિગતોમાં અરજદારે અપીલ અરજી સાથે રજુ કરેલ આધારમાં જણાવેલ તમામ બાબતો સત્યથી વેગળી છે તેમ જણાવી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ધ્વારા રજુ કરવામાં આવેલ માહિતી અહેવાલમાં તેઓની ૪/૨૮૪,૨૯૬,તેમજ ૩૬૦ વાળી મિકતોમાં જે ઓરડામાં ગિલીટના બાકડાઓ ચાલે છે તે ઓરડાઓમાં સોલવન્ટ જેવી વાસ અનુભવાઈ હતી તે સ્પષ્ટ જણાવેલ છે પરંતુ અન્ય ઓરડાઓમાં કે આજુબાજુમાં વાસ આવે છે તે બાબત જણાવવામાં આવેલ નથી. અને તેના કારણે પ્રદુષણ થાય છે. તેવુ પણ જણાવવામાં આવેલ નથી. તેમજ આરોગ્યને હાનિકર્તા છે તેનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેમ જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે પુરી પાડેલ વિગતો અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી દિન–૭ માં સદર દફતરનું ઈન્સ્પેકશન કરી જરૂરી વિગતો મેળવી શકે છે. જેથી તે પ્રમાણેની વ્યવસ્થા કરવા તેમજ અરજદારની માંગણી મુજબની નકલો કાયદા અને નિયમની જોગવાઈને અનુસરી પુરી પાડવા આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે"

નં.આરટીઆઈ સેલ/૫૫૮
તારીખ :૨૫ –૧૦–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ........જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ પટેલ

અપીલ અરજી નં.૧૬૯/૦૭, તા.૧૨–૧૦–૦૭.

અરજદારઃ શ્રીજેસીંગ ગોવિદભાઈ ડાભી
સામાવાળા :ડે.કમિશ્નર(૫ અને ઈ)

# હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જેસીંગ ગોવિંદભાઈ ડાભી તા.૨૪–૮–૦૭ ની અરજીથી તેઓની તા. ૨૫–૧–૦૭ ની અરજી સંદર્ભે થયેલ કાર્યવાહી,હુકમોની નકલ આપવા બાબત.

**સંદર્ભ :** અરજદાર મજકુરની તા.૧૨–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૬૯/૦૭.

શ્રી જેસીંગ ગોવિદભાઈ ડાભી તા.૨૪–૮–૦૭ ની અરજીથી તેઓની તા. ૨૫–૧–૦૭ ની પ્લોટ નં.૧૫૫–૧૫૮ વૃંદાવન એપાર્ટમેન્ટ, વિજયનગર–૨, વેડરોડ સુરતની અગાસી પર ગેરકાયદેસર બાંધવામાં આવેલ પાકા રૂમો તોડવા બાબતની અરજી સંદર્ભે થયેલ કાર્યવાહી,હુકમોની નકલ આપવા બાબતે કોઈ માહિતી પુરી પાડી ન હોઈ જેનાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૧–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી માહિતી પુરી પાડી તેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહી પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ યોગ્ય વાજબીપણાના કારણો સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૨૦ તા.૧૭–૧૦–૦૭ થી ડે.કમિશ્નર (૫ અને ઈ) ને જણાવવામાં આવેલ પરંતુ કોઈ વિગતો તેઓ તરફથી મોકલવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો"તા.૨૫–૧–૦૭ ની અરજી સંદર્ભે થયેલ કાર્યવાહી,હુકમોની નકલ " આપવામાં આવેલ હોવાનું જણાતું નથી. જેથી સદર વિગતો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી ઉપલબ્ધ દફતર ઉપરથી દિન–૭માં અરજદારને પુરી પાડી તેની જાણ અત્રે કરવા ડે. કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે"

નં.આરટીઆઈ સેલ/ ૫૭૦
તારીખ : ૧ -૧૦-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ........જાણ તથા અમલ સારૂ

(૨) શ્રી જેસીંગ ગોવિંદભાઈ ડાભી

અપીલ અરજી નં.૧૭૦/૦૭, તા.૧૫–૧૦–૦૭.

અરજદારઃ શ્રી સુરેશ એમ પટેલ
સામાવાળાઃ આસી.કમિશ્નર

# હુકમઃ—

**વિષય :**— આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ પટેલની તા.૭–૮–૦૭ ની અરજીથી બેગમપુરા દુધારા શેરી ઘર નં.૪/૨૮૪ નો આ.ન. ૨૭૮ તા. ૭–૩–૯૮ ના મંજુર પ્લાનની,રજાચિઠ્ઠી, વસવાટની પરવાનગીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :** અરજદાર મજકુરની તા.૧૫–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૭૦/૦૭.

શ્રી સુરેશ એમ પટેલની ની તા.૭–૮–૦૭ ની અરજીથી બેગમપુરા દુધારા શેરી ઘર નં.૪/૨૮૪ નો આ.ન. ૨૭૮ તા. ૭–૩–૯૮ ના મંજુર પ્લાનની,રજાચિઠ્ઠી, વસવાટની પરવાનગીની નકલ આપવા બાબતે આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્રનં.સે.ઝોન/આ.નં.૪૩૭ તા.૧૪–૮–૦૭ થી મિલ્કતદારની તા.૧૧–૮–૦૭ ની રૂબરૂ રજુઆત તેમજ અરજદારની તા.૯–૮–૦૭ ની કાર્યપાલક ઈજનેરશ્રી રૂબરૂ રજુઆતને ધ્યાને લઈ અરજદારના તરફથી માંગવામાં આવેલ માહિતી જાહેર હિત યથાર્થતા જણાતી ન હોય જે આપવાની રહેતી નથી . વધુમાં બાંધકામ થઈ ગયા બાદ આ મિલ્કતમાં વસવાટની પરવાનગી લેવામાં આવી નથી તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૫–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. જેમાં કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહી પાડવાના કિસ્સામાં તે અંગેના વાજબીપણાની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨૮ તા.૧૮–૧૦–૦૭ થી આસી.કમિશ્નર ને જણાવવામાં આવેલ. તે સંદર્ભે આસી.કમિશ્નરના પત્ર નં.સે.ઝોન/આ.નં.૬૮૬ તા.૨૪–૧૦–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો સંદર્ભે આસી.કમિશ્નરના પત્ર નં.સે.ઝોન/આ.નં.૪૩૭ તા.૧૪–૮–૦૭થી પાઠવેલ જવાબ ધ્યાને લેતાં અપીલ અંગે કશું કરવાનું રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/ ૫૮૫
તારીખ : ૭ –૧૦–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ........જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુરેશ એમ પટેલ [illegible]

3

અપીલ અરજી નં.૧૭૧/૦૭, તા.૮–૧૦–૦૭.

અરજદારઃ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા
સામાવાળા : કાર્ય પાલક ઈજનેર, ઉધના ઝોન

## હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા ની તા.૨૪–૮–૦૭ તેમજ તા.૭–૯–૦૭ ની અરજીથી અનુક્રમે ફા.પ્લોટ નં.૩૬૯ ખાતે બિલ્ડીંગનં.૨૧,૨૨ માં ચાલી રહેલ શાળાભવનની આકારણીની વિગતો પુરી પાડવા બાબત તેમજ ખરવરનગર વસાહતના ટી.પી.સ્કીમ નં.૬ ફા.પ્લોટ નં.૩૬૯ માં ગેરકાયદેસર બાંધકામ બાબતે માહિતી પુરી પાડવા બાબત.

**સંદર્ભ :** અરજદાર મજકુરની તા.૮–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૭૧/૦૭.

શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા ની તા.૨૪–૮–૦૭ તેમજ તા.૭–૯–૦૭ ની બે અરજીથી ખરવરનગર વસાહતના પરવાનગી વગરના બાંધકામ તેમજ આકારણી નકલ આપવા બાબતે આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૮–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. જેમાં કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવવામાં આવેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૨૯ તા.૧૮–૧૦–૦૭ થી કાર્ય પાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૮૩૪૮ તા.૨૯–૧૦–૦૭ થી મોકલવામાં આવેલ વિગતો મુજબ અરજદારની તા.૨૪–૮–૦૭ ની અરજી સંદર્ભે પત્ર નં. સા.ઝોન/અકણ/૬૫૫ તા.૨૭–૯–૦૭ તેમજ પત્ર નં.સા.ઝોન/ટેક./૬૬૦૫ તા.૧–૧૦–૦૭ થી તેમજ અરજદારની તા.૭–૯–૦૭ ની અરજી સંદર્ભે પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૮૨૯૧ તા.૨૬–૧૦–૦૭ થી માહિતી આપવામાં આવેલ છે. જે જોતાં તા.૨૪–૮–૦૭ ની અરજીથી માંગેલ શાળા ભવનની આકારણી સંબંધી થયેલ કાર્યવાહીની વિગતો પુરી પાડેલ છે. પરંતુ વાર્ષિક વર્ષદીઠ કેટલો વેરો વસુલ આવેલ છે તેની કોઈ વિગતો પુરી પાડેલ નથી. તેમજ તા.૨૭–૯–૦૭ ના જાહેર માહિતી અધિકારીના પત્રના મુદ્દા નં.૨ હેઠળ "પ્રક્રિયા હેઠળ " હોવાનું જણાવેલ છે. જયારે ગેરકાયદેસર બાંધકામની તા.૭–૯–૦૭ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારીના તા.૨૬–૧૦–૦૭ થી પ્લાન તા.૯–૪–૦૭ ના રોજ નામંજુર થયેલ છે. જે અંગે આખરી નિર્ણય થયા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું જણાવેલ છે. પરંતુ તા.૯–૪–૦૭ પછી થયેલ કાર્યવાહીની કોઈ માહિતી આપેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીના સંદર્ભે કાર્ય પાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ના ઉકત પત્રોથી પુરી પાડેલ માહિતી પૈકી બંને અરજીઓથી ઉપર નિર્દિષ્ટ વિગતે નહીં પુરી પાડેલ માહિતી ઉપલબ્ધ દફતર પરથી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સાઉથ (ઉધના) ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈ સેલ/ ૭૬૭
તારીખ : ૩ –૧૧–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન, ........જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભુપેન્દ્ર ભગવાન દાસ બારડોલીય

અપીલ અરજી નં.૧૭૨/૦૭, તા.૧૭–૧૦–૦૭.

અરજદારઃ શ્રી આસીફ આઈ. પટેલ
સામાવાળા : આસી.કમિશ્નર (યુ.સી.ડી)

# હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી આસીફ આઈ. પટેલની તા.૨૨–૮–૦૭ ની અરજીથી પ્રગતિમંડળ બડેખા ચકલા ખાતે ફાળવવામાં આવેલ કોમ્પ્યુટર સામગ્રી અંગેની વિગતો આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૭–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૭૨/૦૭.

શ્રી આસીફ આઈ. પટેલની ની તા.૨૨–૮–૦૭ ની અરજીથી પ્રગતિમંડળ બડેખા ચકલા ખાતે ફાળવવામાં આવેલ કોમ્પ્યુટર સામગ્રી અંગેની વિગતો આપવા બાબતે આપના તા.૨૧–૯–૦૭ ના પત્ર નં. યુસીડી/૮૯૨ થી આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૭–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૫ તા.૨૦–૧૦–૦૭ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ માહિતી અત્રે મળેલ નથી. અરજદાર ધ્વારા અપીલની નારાજગી અંગે નીચેના કારણો રજુ કરેલ છે.

એકાઉન્ટ વિભાગના આપેલ અભિપ્રાયની તારીખો દર્શાવેલ નથી અને જે ખાતાએ નાણાં ચુકવેલ તે ખાતાની વિગતો સ્પષ્ટ કરેલ નથી તેમજ જે સમય મર્યાદા દર્શાવેલ છે તે ખોટી જણાય રહી છે.તેવું જણાવેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર અપીલમાં રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી સંદર્ભે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર યુ.સી.ડી નં.૮૯૨ તા.૨૧–૯–૦૭ થી અરજદારને અન્ય વિગતો આપવામાં આવેલ છે. જયારે "એકાઉન્ટ વિભાગે આપેલ અભિપ્રાયની તારીખ તેમજ જે તે ઈજારદાર પાસે ખરીદેલ સામગ્રીની રકમ તેને કયારે અને કયા નંબરના ચેકથી ચુકવવામાં આવી" ની વિગતો પુરી પાડવામાં આવેલ નથી. જેથી તે વિગતો તેમજ સમય મર્યાદા અંગે અરજદારને કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અરજદારને દફતરનું ઈન્સ્પેકશન પુરું પાડી માંગે તે નકલો દિન–૭માં કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી પુરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

નં.આરટીઆઈ સેલ/ ૫૮૨
તારીખ : ૭–૧૧–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુ.સી.ડી) ........જાણ તથા અમલ માટે
(૨) શ્રી આસીફ આઈ. પટેલ,

અપીલ અરજી નં.૧૭૩/૦૭ તા.૧૬–૧૦–૦૭

૪

અરજદાર:શ્રી દેવદત્ત એફ. એલ ક્રિશ્ચિયન
સામાવાળા : ડે.કમિશનર (પ અને ઈ) તેમજ આસી.કમિશનર

# હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દેવદત્ત એફ. એલ ક્રિશ્ચિયન ની તા.૨૮–૬–૦૭ ની અરજીથી એડવાઈઝરોની નિમણક બાદ તેઓ ધ્વારા આપવામાં આવેલ એડવાઈઝોથી સુ.મ.ન.પા ને કેટલા રૂપિયાનો વાર્ષિક ફાયદો થયો અને તેઓ પાછળ આજ દિન સુધી થયેલ પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચની વિગતો આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૬–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૭૩/૦૭.

શ્રી દેવદત્ત એફ. એલ ક્રિશ્ચિયન ની તા.૨૮–૬–૦૭ નીઅરજીથી એડવાઈઝરોની નિમણક બાદ તેઓ ધ્વારા આપવામાં આવેલ એડવાઈઝોથી સુ.મ.ન.પા ને કેટલા રૂપિયાનો વાર્ષિક ફાયદો થયો અને તેઓ પાછળ આજ દિન સુધી થયેલ પ્રત્યક્ષ અને પરોક્ષ ખર્ચની વિગતો આપવા બાબતે આસી.કમિશનરના તા.૧૪–૯–૦૭ ના પત્ર નં. સી/૧૮૭૯થી આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૬–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો, વિલંબના કિસ્સામાં કે માહિતી પૂરી નહીં પાડવાના કિસ્સામાં તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૬ તા.૨૦–૧૦–૦૭ થી આસી.કમિશનરને જણાવવામાં આવેલ. તેઓના પત્ર નં. સી/૨૨૨૭ તા.૨૪–૧૦–૦૭ થી સદર બાબતની મુળ ફાઈલ મધ્યસ્થ મહેકમ વિભાગમાં મોકલવામાં આવેલ હોવાનું જણાવવામાં આવતા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૨ તા.૨૬–૧૦–૦૭ થી ડે.કમિશનર (પ અને ઈ)પાસેથી વિગતો મંગાવવામાં આવેલ જે અંગે તેઓ ધ્વારા અરજદારને પાઠવવામાં આવેલ વિગત બાબતના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૯૯૦ તા.૧–૧૧–૦૭ ના પત્રની નકલ અત્રે મોકલવામાં આવેલ. જેમાં એડવાઈઝરો પાછળ થયેલ વાહન ખર્ચની વિગતો પુરી પાડી એડવાઈઝરો ધ્વારા આપવામાં આવેલ એડવાઈઝોનું મુલ્યાંકન કરી આર્થિક ફાયદામાં તબદીલ કરી શકાય તેમ નથી તેમ જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીના સંદર્ભે આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.સી/૧૮૭૯ તા.૧૪–૯–૦૭ તેમજ ડે.કમિશનર (પ અને ઈ)ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૯૯૦ તા.૧–૧૧–૦૭ થી પાઠવેલ જવાબ ધ્યાને લેતા અપીલ અંગે કશું કરવાનું રહેતું ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે. "

નં.આરટીઆઈ સેલ/ ૫૭૪
તારીખ : ૩ –૧૧–૦૭.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) ડે.કમિશનર (પ અને ઈ)/આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ... જાણ માટે
(૨) શ્રી દેવદત્ત એફ. એલ ક્રિશ્ચિયન ...

અપીલ અરજી નં.૧૭૪/૦૭, તા.૧૬–૧૦–૦૭.

અરજદારઃ શ્રી સરેશ એમ. પટેલ
સામાવાળા : ડે.કમિશ્નર (સ્પે)

## હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૩–૯–૦૭ ની અરજીથી બીપીએમસી એકટ (કલમો) જાહેરજનતાના હિતમાં છે કે સુ.મ.સે.સ ના (પ્રશાસન) ના હિતમાં છે તે બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૬–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૭૪/૦૭.

શ્રીસુરેશ એમ. પટેલ ની તા.૩–૯–૦૭ ની અરજીથી બીપીએમસી એકટ (કલમો) જાહેરજનતાના હિતમાં છે કે સુ.મ.સે.સ ના (પ્રશાસન) ના હિતમાં છે તે બાબતે આપના તા.૨૭–૯–૦૭ ના પત્ર આ. નં. લો/૩૧૫ થી "આપના તરફથી જે વિગત માટે અરજી કરવામાં આવી છે તે વિગતો અભિપ્રાય સ્વરૂપની હોય અને આવો અભિપ્રાય રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ આપવાનો થતો ન હોય આપના તરફથી આપવામાં આવેલ અરજી દફતરે કરવામાં આવે છે. " તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૬–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૫૪૪ તા.૨૨–૧૦–૦૭ થી ડે.કમિશ્નર (સ્પે) ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર જા.નં.૩૬૮ તા.૨૯–૧૦–૦૭ થી વિગત અત્રે મોકલવામાં આવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીના સંદર્ભે ડે.કમિશ્નર (સ્પે)ના ઉકત પત્રથી જવાબ પાઠવવામાં આવેલ છે. તેમજ અરજદાર ધ્વારા અપીલના સંદર્ભમાં કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવવામાં આવેલ નથી. BPMC એકટ જેની જોગવાઈ હેઠળ મહાનગર પાલિકા વહીવટી સંચાલિતછે તેની જોગવાઈઓ મનપાની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. નાગરીક સુવિધા કેન્દ્ર કે સંલગ્ન જાહેર માહિતી અધિકારી કક્ષાએ પણ તે ઉપલબ્ધ છે. કોઈ પણ કાયદો પ્રજા અને પ્રશાસનના પારસ્પારિક હિત વિરુધ્ધ હોઈ શકે નહી તે પણ એક હકીકત છે. અરજદાર તેનો સંદર્ભ કરી સ્વયં અર્થઘટન કરી શકે છે. જેથી અપીલ અંગે કશું કરવાનું રહેતું ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/૭૬૮
તારીખ :૦૧ –૧૧–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે
(૨) શ્રી સુરેશ એમ પટેલ

(૨૬૯)

અપીલ અરજી નં.૧૭૫/૦૭ તા.૧૮-૧૦-૦૭

અરજદાર:શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા : આસી.કમિશ્નર

## હુકમ :-

**વિષય :-** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૪-૯-૦૭ ની અરજીથી ઘર નં.૪/૨૯૪ વાળી મિલ્કતમાં તાંબા ઉપર ચાંદીનો ઢોળ ચડાવવા માટે ઉપયોગમાં લેવાતા કેમીકલ્સ, પોટાશ,પોટશ્યમ સાઈનાઈડ વપરાશ કરવાની તેમજ આ કેમીકલ્સ વાળુ ગંદુ પાણી હયાત ગટરમાં છોડવાની પરવાનગી આપી છે તે બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૧૮-૧૦-'૦૭ ની અપીલ અરજી નં.૧૭૫/૦૭.

શ્રી હેમંત એન. દેસાઈ ની ૨૪-૯-૦૭ ની અરજીથી ઘર નં.૪/૨૯૪ વાળી મિલ્કતમાં તાંબા ઉપર ચાંદીનો ઢોળ ચડાવવા માટે ઉપયોગમાં લેવાતા કેમીકલ્સ, પોટાશ,પોટશ્યમ સાઈનાઈડ વપરાશ કરવાની તેમજ આ કેમીકલ્સ વાળુ ગંદુ પાણી હયાત ગટરમાં છોડવાની પરવાનગી આપી છે તે બાબતે આસી.કમિશ્નરના તા.૧૬-૧૦-૦૭ ના પત્ર નં. સીઝેડ આરટીઆઈ આ./૬૫૪ થી "સદર મિલ્કતમાં અરજીમાં જણાવેલ કેમીકલ્સના વપરાશની માહિતી અત્રે ઉપલબ્ધ નથી તેમજ કેમીકલ્સવાળુ પાણી હયાત ગટરમાં છોડવાની પરવાનગી બાબતે ડ્રેનેજ વિભાગ તરફથી કોઈ કનેકશન આપવામાં આવેલ નથી . " તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૮-૧૦-'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો અરજદારને પુરી પાડેલ માહીતીનાં વાજબીપણાના સમર્થન તેમજ આધાર સાથે પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૪૩ તા.૨૨-૧૦-૦૭ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જેના સંદર્ભમાં તેઓના પત્ર સેઝોન/આ. નં.૭૦૭ તા.૩૦-૧૦-૦૭ થી મોકલવામાં આવેલ વિગતો માં અરજદારને પુરી પાડેલ માહિતીના વાજબીપણાના સમર્થનની વિગતો મોકલવામાં આવેલ નથી.

જયારે અરજદારની અપીલ અરજીમાં કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવવામાં આવેલ નથી તેમજ મુળ અરજીથી અલાયદો મુદ્દો દર્શાવવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીના સંદર્ભે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ના ઉકત પત્રથી પાઠવેલ જવાબ ધ્યાને લેતા વપરાશની પરવાનગી આપી છે કે કેમ? તે અંગેની કોઈ માહિતી આપવામાં આવેલ નથી જે દફતર અને સ્થળસ્થિતિ અનુસાર પુરી પાડવાની રહે. જો દફતરનો નિકાલ થયેલ હોય અને માહિતિ ઉપલબ્ધ ન હોય તો તે મુજબ અરજદારને માહિતી પુરી પાડવાની રહે. જેથી અરજદારના તેટલા મુદ્દા પરત્વે દિન-૭ માં કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર માહિતી પુરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારીને જણાવવામાં આવે છે. જયારે અરજદાર ધ્વારા અપીલ અરજીમાં "આ ન્યુસન્સ ચલાવવાની તેમજ કેમીકલ્સ વપરાશની પરવાનગી સુ.મ.પા. પાસે લેવામાં આવી નથી તો પછી બંધ કરાવવાની જવાબદારી કોની શું બંધ કરાવવામાં આવશે ? " ના રજુ કરેલ અલાયદા મુદ્દા અંગે અરજદાર કાયદા અને નિયમોની જોગવાઈ મુજબ લાગત જાહેર માહિતી અધિકારીને અલગથી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે."

નં.આરટીઆઈ સેલ/ ૫૭૫
તારીખ: ૩ -૧૧-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન, ........જાણ માટે
(૨) શ્રી હેમંત એન.દેસાઈ, ...

૭।૧૧।૦૭

અપીલ અરજી નં.૧૭૬/૦૭, તા.૧૮–૧૦–૦૭.

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા : આસી.કમિશ્નર

## હુકમ :--

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૪–૯–૦૭ ની અરજીથી જરી ગીલીટ બાકડા માં વપરાતા સ્પીરીટની પરવાનગી નશાબંધી વિભાગ તરફથી આપવામાં આવે છે કે સુ.મ. સે.સ. તરફથી આપવામાં આવે છે તે બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૮–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૭૬/૦૭.

શ્રી હેમંત એન. દેસાઈ ની ૨૪–૯–૦૭ ની અરજીથી જરી ગીલીટ બાકડા માં વપરાતા સ્પીરીટની પરવાનગી નશાબંધી વિભાગ તરફથી આપવામાં આવે છે કે સુ.મ. સે.સ. તરફથી આપવામાં આવે છે તે બાબતે આસી.કમિશ્નરના તા.૧૬–૧૦–૦૭ ના પત્ર નં. સીઝેડ આરટીઆઈ આ./૬૫૫ થી " જરી ગીલીટ બાકડા માં વપરાતા સ્પીરીટની પરવાનગીસુ.મ. સે.સ. તરફથી બીપીએમસી એકટની કલમ ૩૭૬(૧) મુજબ આપવામાં આવે છે." તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૮–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્રનં.આરટીઆઈસેલ/૫૪૬ તા.૨૨–૧૦–૦૭ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણવવામાં આવેલ. જે સંદર્ભે તેઓએ પત્ર નં.સે.ઝોન/આ.નં.૭૧૦ તા.૩૦–૧૦–૦૭ થી વિગતો અત્રે મોકલેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીના સંદર્ભે આસી.કમિશ્નર અને જાહેર માહિતિ અધિકારી ના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ./૬૫૫ તા.૧૬–૧૦–૦૭થી માહિતી પુરી પાડેલ હોય અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે. "

નં.આરટીઆઈ સેલ/ ૫૯૦
તારીખ : ૭ –૧૧–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન, ........જાણ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ

અપીલ અરજી નં.૧૭૭/૦૭, તા.૧૮–૧૦–૦૭.

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા : ડે.કમિશ્નર (પ અને ઈ )

# હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડ ની તા.૨૪–૯–૦૭ ની અરજીથી છેલ્લા બે વર્ષમાં કોર્પોરેશન (ફાયર વિભાગ) તરફથી સ્ટેશન ઓફિસર માટે કેટલા કર્મચારીઓને પરીક્ષા આપવા (નાગપુર, મુંબઈ ) મોકલવામાં આવેલા છે વિગેરે બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૮–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૭૭/૦૭.

શ્રી રમેશ કે. જાંગીડ ની તા.૨૪–૯–૦૭ ની અરજીથી છેલ્લા બે વર્ષમાં કોર્પોરેશન (ફાયર વિભાગ) તરફથી સ્ટેશન ઓફિસર માટે કેટલા કર્મચારીઓને પરીક્ષા આપવા (નાગપુર,મુંબઈ) મોકલવામાં આવેલા છે વિગેરે બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ)ના તા.૪–૧૦–૦૭ ના પત્ર નં. જીએડી/ઈએસટી/૨૬૪૨ થી "આપશ્રી એ માંગેલી માહિતી પ્રગટ થવાથી વિશાળ જાહેરહિતનું સમર્થન થતું હોવાનુ જણાતું નથી, તેમ છતાં આપશ્રી તરફથી વિશાળ જાહેરહિતના સમર્થન બાબતેની સ્પષ્ટતા કરવામાં આવશે તો માહિતી આપવા વિચારણા કરવામાં આવશે" તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૮–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૪૭ તા.૨૨–૧૦–૦૭ થી ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૦૩૭ તા.૪–૧૧–૦૭ થી મોકલેલ વિગતોમાં અરજદાર મજકુરની મુળ અરજીમાં માંગેલ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી ફાયર વિભાગ તરફથી મધ્યસ્થ મહેકમ વિભાગને તા.૧–૧૧–૦૭ ના રોજ પુરી પાડેલ હોવાનું જણાવેલ છે. જયારેમધ્યસ્થ મહેકમ વિભાગ ધ્વારા અરજદારને માહિતી નહી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે. તેમજ સદર વિભાગ ધ્વારા કાયદાની કલમ–૮ના અપવાદનાં સમર્થનમાં કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવવામાં આવ્યા નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીના સંદર્ભે મુદ્દા નં.૧ થી ૩ ની આપવાપાત્ર માહિતી અરજદારને કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

નં.આરટીઆઈ સેલ/ ૫૮૮
તારીખ : ૭ –૧૧–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ........જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ

અપીલ અરજી નં.૧૭૮/૦૭, તા.૨૦–૧૦–૦૭.

અરજદાર: શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળા : આસી.કમિશ્નર

## હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૨૭–૯–૦૭ ની અરજીથી જરીના ઉધોગને ભારતસરકાર તરફથી ગૃહ ઉધોગ હેન્ડી ક્રાફટ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. તેની સર્ટીફાઈડ નકલ ફાળવવા વિગેરે બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૦–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૭૮/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૨૭–૯–૦૭ ની અરજીથી જરીના ઉધોગને ભારતસરકાર તરફથી ગૃહ ઉધોગ હેન્ડી ક્રાફટ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. તેની સર્ટીફાઈડ નકલ ફાળવવા વિગેરે બાબતે આસી.કમિશ્નર ધ્વારા જે કોપી અરજદારને આપવામાં આવી છે તે વાંચી શકાતી નથી. તેમજ આ ઉધોગમાં કયા પ્રકારની મશીનરી ચલાવી શકે તેની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાનું જણાતું નથી. તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૦–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. જેમાં કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અરજદારને માહિતી પુરી પાડી તેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૨ તા.૨૫–૧૦–૦૭ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.સે.ઝોન/આ.નં.૭૨૪ તા.૩–૧૧–૦૭ થી વિગતો અત્રે મોકલવામાં આવેલ. જે જોતાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૫–૧૦–૦૭ ના રોજ ગૃહઉધોગ–હેન્ડીક્રાફટ ઉધોગની વર્ગીકૃત યાદી મેળવવા રૂા.૩૬/– જમાં કરાવ્યેથી નકલ આપવામાં આવશે તેવો પત્ર અરજદારને પાઠવેલ જણાય છે. પરંતુ તેના અનુસંધાને અરજદાર ધ્વારા નાણાં જમાં કરાવ્યાનો કે જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી પુરી પાડેલ હોવાનો કોઈ આધાર–પુરાવા બંનેમાંથી એક પણ પક્ષ ધ્વારા રજુ કરેલ નથી. કઈ મશીનરી ચલાવી શકાય તે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જયારે અરજદાર ધ્વારા અન્ય કક્ષાએથી તે મેળવી પુરી પાડવા જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની અપીલ અરજીના સંદર્ભે અરજદારને જરીના ઉધોગને ભારત સરકાર તરફથી ગૃહઉધોગ–હેન્ડી ક્રાફટ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. તેની સ્પષ્ટ અને સુવાચ્ય સર્ટીફાઈડ નકલો દિન–૭માં અરજદારે નિયત ફી ભરવાની બાકી હોય તો તે ભર્યેથી અન્યથા કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી પુરી પાડવા તેમજ અન્ય જાહેર માહિતી અધિકારીને સ્પર્શતી માહિતી અંગે કાયદાની કલમ ૬ (૩) હેઠળની પ્રક્રિયા અનુસરી અરજદારને સુચિત કરવા અને તેની જાણ અત્રે કરવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/ ૫૮૫
તારીખ: ૭ –૧૧–૦૭.

[illegible]
**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર,**
**સુરત મહાનગરપાલિકા.**

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ........જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન.દેસાઈ [illegible]
વિગતેના હુકમ દ્વારા [illegible]

અપીલ અરજી નં.૧૭૯/૦૭, તા.૨૨–૧૦–૦૭.

અરજદારઃ શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળા : આસી.કમિશ્નર

# હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૧૬–૮–૦૭ ની અરજીથી જરીના ઉધોગને ગૃહ ઉધોગ ,હસ્તકલા ઉધોગની માન્યતા ભારતસરકાર તરફથી મળેલ હોય પરંતુ કારખાનું ચલાવનાર જો રહેઠાણ વાળા વિસ્તારમાં ન્યુસન્સ જેવા કે અવાજ,ધ્રુજારી,રજકણો,પોલ્યુશન,ધુમાડા ઉત્પન્ન કરતા હોય તો બીપીએમસી ની કલમ ૨૬૮,૩૧૩,૪૩૧(૧)(૨) મુજબ કાર્યવાહી થઈ શકે કે નહી તે બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૨–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૭૯/૦૭.

શ્રી હેમંત એન.દેસાઈ ની તા.૧૬–૮–૦૭ ની અરજીથી જરીના ઉધોગને ગૃહ ઉધોગ ,હસ્તકલા ઉધોગની માન્યતા ભારતસરકાર તરફથી મળેલ હોય પરંતુ કારખાનું ચલાવનાર જો રહેઠાણ વાળા વિસ્તારમાં ન્યુસન્સ જેવા કે અવાજ,ધ્રુજારી,રજકણો,પોલ્યુશન,ધુમાડા ઉત્પન્ન કરતા હોય તો બીપીએમસી ની કલમ ૨૬૮,૩૧૩,૪૩૧(૧)(૨) મુજબ કાર્યવાહી થઈ શકે કે નહી તે બાબતે આસી.કમિશ્નરના પત્ર નં.સે.ઝોન/આ.નં.૫૮૯ તા.૩–૧૦–૦૭ થી "ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તરફથી પ્રદુષણ ની માત્રા નકકી થયેથી તેમજ જો નિયત કરેલ માત્રા કરતાં પણ વધુ પ્રદુષણ કરતી હોય તો બીપીએમસી ની કલમની જોગવાઈઓ પ્રમાણે કાર્યવાહી કરી શકાય" તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૨–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતોપહોંચતીકરવાપત્રનં.આરટીઆઈસેલ/૫૫૫ તા.૨૫–૧૦–૦૭ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.સે.ઝો/આ.નં.૭૨૫ તા.૩–૧૧–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ. જેમાં અરજદારને નિયત સમય મર્યાદા બાદ જવાબ આપવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીના સંદર્ભે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર સે.ઝોન/આ.નં. ૫૮૯ તા.૩–૧૦–૦૭ થી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી.જેથી અપીલ દફતરે કરવામાં આવે છે. "

નં.આરટીઆઈ સેલ/ ૫૮૪
તારીખ : ૭ –૧૧–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે
(૨) શ્રી હેમંત એન.દેસાઈ ...

અપીલ અરજી નં.૧૮૦/૦૭, તા. ૨૨–૧૦–૦૭.

અરજદારઃ મદીના એન્ટર પ્રાઈઝ
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ

# હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ મદીના એન્ટર પ્રાઈઝની તા.૧૩–૮–૦૭ ની અરજીથી રીંગરોડ ફલાયઓવર બ્રીજના પે એન્ડ પાર્ક ના ટેન્ડર નં.૭ /૨૦૦૭–૨૦૦૮ના ડોકયુમેન્ટની ઝેરોક્ષ કોપી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૨–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૮૦/૦૭.

મદીના એન્ટર પ્રાઈઝની તા.૧૩–૮–૦૭ ની અરજીથી રીંગરોડ ફલાયઓવર બ્રીજના પે એન્ડ પાર્ક ના ટેન્ડર નં.૭ /૨૦૦૭–૨૦૦૮ના ડોકયુમેન્ટની ઝેરોક્ષ કોપી આપવા બાબતે અરજદારે નિયત ફી રૂા.૭૨/– તા.૫–૧૦–૦૭ ના રોજ ભરેલ હોવા છતાં આજ દિન સુધી માંગ્યા મુજબની માહિતી મળેલ નથી.જેથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૨–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. જે અંગે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૬ તા.૨૫–૧૦–૦૭ થી અરજદારને નાણાં ભર્યાની રસીદ અથવા પુરાવાની નકલ મોકલી આપવા જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા કોઈ વિગત મોકલવામાં આવેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત અરજદારની મુળ અરજીની રજુઆત "SHOW ME THE TENDER DOCUMENT" ના અનુસંધાને કોઈ ઈન્સ્પેકશન આપેલ હોય કે તે અંગે કાર્યવાહી કરેલ હોય તો તેની વિગત સાથે સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૫૬ તા.૨૫–૧૦–૦૭ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ. જે અંગે તેઓના પત્ર નં.ટીડીપી/આ/૫૧૪૧ તા.૨–૧૧–૦૭ થી મોકલવામાં આવેલ વિગતોમાં અરજદારે રૂબરૂમાં અત્રે આવી કોઈ રજુઆત કરેલ નથી પરંતુ ઈજારદારને ટેન્ડર ડોકયુમેન્ટ બતાવવામાં આવેલ છે. તેમજ રીંગરોડ ફલાયઓવર બ્રીજના પે એન્ડ પાર્કના ટેન્ડર ડોકયુમેન્ટની ઝેરોક્ષ કોપી અરજદારના પ્રતિનિધિએ તા.૨૬–૧૦–૦૭ ના રોજ મળી ગયેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ધ્વારા માંગ્યા મુજબના તમામ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી. જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/ ૬૦૨
તારીખ : ૧૪ –૧૧–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે
(૨) મદીના એન્ટર પ્રાઈઝ,

અપીલ અરજી નં.૧૮૧/૦૭, તા.૨૩–૧૦–૦૭.

અરજદારઃ શ્રી રજની ટી.પટેલ
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ

## હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રજની ટી.પટેલની તા.૧૮–૯–૦૭ ની અરજીથી પીપલોદની ટી.પી.સ્કીમ નં.૬ ફા.પ્લોટ નં. ૯૨ અને ૧૦૦ ના બદલામાં અન્ય ફાળવેલ પ્લોટ અંગેની વિગતો તથા નકલો આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૮૧/૦૭.

શ્રી રજની ટી.પટેલની તા.૧૮–૯–૦૭ ની અરજીથી પીપલોદની ટી.પી.સ્કીમ નં.૬ ફા.પ્લોટ નં. ૯૨ અને ૧૦૦ ના બદલામાં અન્ય ફાળવેલ પ્લોટ અંગેની વિગતો તથા નકલો આપવા બાબતે આજદિન સુધી નિર્ણય મળેલ નથી.જેથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૩–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. જયારેડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટી.પી.ડી/૪૭૦૯ તા.૧૧–૧૦–૦૭ થી અરજદારને ફા.પ્લો નં. ૯૨,૧૦૦,અને ૭૭ ના રીડીસ્ટ્રીબ્યુશન સ્ટેટમેન્ટની નકલો, પાર્ટ પ્લાનની નકલ તેમજ નગરનિયોજક સમિતિના ઠરાવ અને કરારની નકલો અંગે રૂા.૨૩૫/– જમાં કરાવ્યેથી સદરહુ નકલો મળી શકશે તેમ જણાવેલ છે. જયારે અરજદાર ધ્વારા અપીલ ના સંદર્ભમાં આધાર/પુરાવા કે વાજબીપણાના કારણો જણાવવામાં આવેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી માહિતી પુરી પાડી તેની નકલ સહ મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્રનં. આરટીઆઈ સેલ/૫૫૩ તા.૨૫–૧૦–૦૭ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ પાસેથી વિગતો મંગાવવામાં આવેલ. જે અંગે કોઈ માહિતી તેઓ તરફથી મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીના પત્રનં.ટી.પી.ડી./૪૭૦૯ તા.૧૧–૧૦–૦૭ થી અરજદારને ઉપર મુજબ નિયત ફી ની રકમ ભરવા જણાવેલ હોય અરજદારને નિયત ફી ની રકમ ભરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે. "

નં.આરટીઆઈ સેલ/ ૬૦૧
તારીખ : ૧૪–૧૧–૦૭.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર,**
**સુરત મહાનગરપાલિકા.**

o/c

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે
(૨) શ્રી રજની ટી.પટેલ, [illegible]

અપીલ અરજી નં.૧૮૨/૦૭, તા. ૨૦-૧૦-૦૭.

અરજદાર: શ્રી જેરામભાઈ કરશનભાઈ પટેલ
સામાવાળા : આસી.કમિશ્નર

# હુકમ :-

**વિષય :-** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જેરામભાઈ કરશનભાઈ પટેલની તા.૨૨-૮-૦૭ ની અરજીથી મનપા ના ટાઈમ જકાતનાકા સામે રેલ્વેસ્ટેશનના મુખ્ય પ્રવેશધ્વાર આગળ ટેકસી સ્ટેન્ડની કેબીનને લાગુ મનપાના જાહેર રસ્તા ઉપર ટેબલ મુકી ચા વગેરે વેચવા ગેરકાયદેસરનું દબાણ દુર કરવા મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૨૦-૧૦-'૦૭ ની અપીલ અરજી નં.૧૮૨/૦૭.

શ્રી જેરામભાઈ કરશનભાઈ પટેલની તા.૨૨-૮-૦૭ ની અરજીથી મનપા ના ટાઈમ જકાતનાકા સામે રેલ્વેસ્ટેશનના મુખ્ય પ્રવેશધ્વાર આગળ ટેકસીસ્ટેન્ડની કેબીનને લાગું મનપાના જાહેર રસ્તા ઉપર ટેબલ મુકી ચા વગેરે વેચવા ગેરકાયદેસરનું દબાણ દુર કરવા મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી આપવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર સે.ઝોન/આ.નં.૫૪૮ તા.૧૮-૯-૦૭ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૦-૧૦-'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. જેમાં ઉકત પ્રકરણના કોર્ટ કેસ અંગે મુદ્દા નં. ૩,૪,૫,૬,૭, થી વખતો વખત કોર્ટના હુકમોની નકલ માંગેલ, જે અંગે દાવા નં.૨૯૪/૯૪, અપીલ નં. ૪૮/૦૭ અંગેના હુકમની નકલ કોર્ટમાંથી મેળવી લેવા જણાવેલ છે જે ઉચિત નથી. મહાનગર સેવા સદન તમામ કાનુની કેસો જાહેર પૈસાથી લડે છે. જેથી તેનો હુકમો જાહેર જનતા માંગે ત્યારે નકલો આપવી જોઈએ ફી માંગવામાં આવે તો અરજદારને ભરવા બંધાયેલ છે. એટલે ઉકત હુકમો મહાનગર સેવા સદન ફાઈલ પર હોય જરૂરી ફી લઈ નકલ આપવી જોઈએ. જયારે અન્ય મુદ્દાઓ બાબતે વાજબીપણાના કારણો જણાવેલ નથી. જયારે ઉપરોકત મુદ્દાઓ બાબતે સંલગ્ન હુકમોની નકલ નામદાર કોર્ટ મારફત જે તે ફી ભરી મેળવી લેવા આસી.કમિશ્નર ધ્વારા અરજદારને જણાવવામાં આવેલ. જે કાયદા અને નિયમની જોગવાઈ સાથે સુસંગત નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીના સંદર્ભે કોઈ પુરક માહિતી કે સ્પષ્ટીકરણ હોય તો તે સાથે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૫૯ તા.૨૬-૧૦-૦૭ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ તરફથી કોઈ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીના મુદૃા ન.૩,૪,૫,૬,૭, બાબતે ઉપલબ્ધ દફતર પરથી કાયદા અને નિયમની કલમ-૮ (બી) સહિતની આનુસાંગિક જોગવાઈ અનુસરી અરજદારને અત્રેની જાણ હેઠળ દિન-૭ માં માહિતી પુરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/ ૬૦૫
તારીખ :૨૫-૧૧-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિ[illegible] જાણ તથા અમલ [illegible]
(૨) શ્રી જેરામભાઈ કરશનભાઈ પટેલ, [illegible]

અરજદારઃ ક્રાતિ ક્રાઈમ ન્યુઝ
સામાવાળા : કાર્યપાલક ઈજનેર (ઉધના ઝોન)

# હુકમ :–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ ક્રાતિ ક્રાઈમ ન્યુઝની તા.૨૬–૯–૦૭ ની અરજીથી સિધ્ધાર્થ નગર ઝુંપડપટ્ટીની આજુબાજુમાંથી પાણીના બોરીંગ કરી ૪" ની પાઈપ ધ્વારા કઈકઈ મીલમાં પાણી પુરું કરવામાં આવે છે. તેને રસ્તા ખોદાણના પૈસા ભર્યા છે?જો ભર્યા તે કેટલા મીટર સુધી ખોદાણ કર્યા છે? ને કેટલા પૈસા ભર્યા છે? કઈ કઈ મીલ માં પાણી જાય છે? ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૯–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૮૩/૦૭.

ક્રાતિ ક્રાઈમ ન્યુઝની તા.૨૬–૯–૦૭ ની અરજીથી સિધ્ધાર્થ નગર ઝુંપડપટ્ટીની આજુબાજુમાંથી પાણીના બોરીંગ કરી ૪" ની પાઈપ ધ્વારા કઈકઈ મીલમાં પાણી પુરું કરવામાં આવેછે. અને તેને રસ્તા ખોદાણના પૈસા ભર્યા છે?જો ભર્યા તે કેટલા મીટર સુધી ખોદાણ કર્યા છે? ને કેટલા પૈસા ભર્યા છે? કઈ કઈ મીલ માં પાણી જાય છે? ની માહિતી આપવા બાબતે કાર્ય પાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર સા.ઝોન/ટેક./આ.નં.૬૮૧૧ તા.૯–૧૦–૦૭ થી કચેરીના ઉપલબ્ધ રેકર્ડ મુજબ ઉપરોકત બાબતની કોઈ પણ માહિતી ઉપલબ્ધ નથી તેવા આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૯–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. જેમાં કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો અરજદાર ધ્વારા જણવવામાં આવેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને કોઈ વિશેષ વિગત હોય તો તેની મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવાપત્ર નં. આરટીઆઈ સેલ/૫૬૬ તા.૧–૧૧–૦૭થી કાર્ય પાલક અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા પત્ર આઉટવર્ડ નં.૮૮૫૩ તા.૧૭–૧૧–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી બાબતે કાર્ય પાલક ઈજનેર ધ્વારા ઉપલબ્ધ રેકર્ડ મુજબ ઉપરોકત બાબતની કોઈ પણ માહિતી ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે. જે મનપાના હદ,કાર્ય વિસ્તારમાં થયેલ અને થઈ રહેલ ગતિવિધિ તેમજ સ્થળસ્થિતિની હકીકત સાથે સુસંગત જણાતો નથી જેથી જણાવેલ કાર્ય વિસ્તાર/હદની સ્થળસ્થિતિ અને હકીકતને અનુલક્ષી ઉપલબ્ધ ભૌતિક સ્વરૂપની માહિતી અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા કાર્ય પાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૨૭
તારીખ : ૨૩ –૧૧–૦૭.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર,**
**સુરત મહાનગરપાલિકા.**

**પ્રતિ**

(૧) કાર્ય પાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન    જાણ તથા અમલ માટે
(૨) ક્રાતિ ક્રાઈમ ન્યુઝ,

અપીલ અરજી નં.૧૮૪/૦૭, તા. ૧ -૧૧-૦૭.

અરજદાર: માનદ મંત્રી સ્નેહસ્મૃતી કો.ઓ.હા.સોસા.લી.
સામાવાળા : ઝોનલચીફ (રાંદેર ઝોન)

**હુકમ:-**

**વિષય :-** આરટીઆઈ એક્ટ હેઠળ માનદ મંત્રી સ્નેહસ્મૃતી કો.ઓ.હા.સોસા.લી.ની તા.૧૯-૯-૦૭ ની અરજીથી કોર્પોરેશનના પ્લોટ પરથી ગેરકાયદેસર ઝુંપડાના દબાણ તેમજ ગેરકાયદે માછલી વેચવાનું દબાણ કઈ કઈ રીતે દુર કરવામાં આવ્યુ તથા ફરી દબાણ કયારે થયુ. વિગેરે ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૧-૧૧-'૦૭ ની અપીલ અરજી નં.૧૮૪/૦૭.

માનંદ મંત્રી સ્નેહસ્મૃતી કો.ઓ.હા.સોસા.લી.ની તા.૧૯-૯-૦૭ ની અરજીથી કોર્પોરેશનના પ્લોટ પરથી ગેરકાયદેસર ઝુંપડાના દબાણ તેમજ ગેરકાયદે માછલી વેચવાનું દબાણ કઈ કઈ રીતે દુર કરવામાં આવ્યુ તથા ફરી દબાણ કયારે થયુ. વિગેરે ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર આ.નં.૧૧૧૭ તા.૧૮-૧૦-૦૭ થી ઝુપડાવાળા તેમજ માછલી વેચનારાઓનું દબાણ તા.૧૧-૧૦-૦૭ ના રોજ દુર કરવામાં આવેલ છે. તેવા આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧-૧૧-'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને કોઈ વિશેષ વિગત હોય તો તેની મૂળ અરજીના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/ ૫૭૩ તા.૩-૧૧-૦૭ થી ઝોનલચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવેલ જે સંદર્ભે તેઓ ધ્વારા પત્ર એઆરડી/ આ. નં.૧૨૮ તા.૨૭-૧૧-૦૭ થી મોકલવામાં આવેલ વિગતોમાં અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી અંતર્ગત અત્રેના વિભાગ ધ્વારા વખતોવખત માછલીનું વેચાણ કરતાં ફેરીયાઓને દુર કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે. જે મુજબ તા.૨૯-૯-૦૭ ના રોજ પણ તમામ માલ જપ્ત કરી નાશ કરવામાં આવેલ છે. પરંતુ તેની તારીખવાર યાદી બનાવેલ નથી તેથી માંગવામાં આવેલ માહિતી સંદર્ભે અત્રેના વિભાગ પાસે આ સિવાય કોઈ રેકોર્ડ ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે. જયારે અરજદારની અરજી પહેલા કયારે કયારે દબાણ હટાવી તેની વિગતવાર માહિતી તેમજ શ્રી ડી. આર. ગોહિલ સામે શું પગલાં લીધા તેની વિગત અરજદારને આપવામાં આવેલ નથી.

સદર અપીલની સુનાવણી તા.૫-૧૨-૦૭ ના રોજ રાખવામાં આવેલ. જેની જાણ અરજદારને તેમજ ઝોનલચીફ રાંદેર ઝોનને નં.આરટીઆઈ સેલ/૬૪૬ તા.૩૦-૧૧-૦૭ થી કરવામાં આવેલ તેમજ બંને પક્ષોને સદર બાબતની ટેલીફોનથી પણ જાણ કરવામાં આવેલ. સુનાવણીમાં અરજદાર પોતે તેમજ જાહેર માહિતી અધિકારી તરફે કાર્ય પાલક ઈજનેર (રાંદેર ઝોન) ઉપસ્થિત રહયા હતાં. એપેલેટ ઓફિસર અન્ય કામે રોકાયેલ હોવાથી તેઓનો ટેલિફોનીક સંપર્ક કરતાં તેઓએ બંને પક્ષો હાજર હોય તેઓની રજુઆત સાંભળી લેવા જણાવેલ તે મુજબ બંને પક્ષોની રજુઆતોની નોંધ કરવામાં આવેલ.જેમાં અરજદારની રજુઆત નીચે મુજબ છે.

- ઝોન દબાણ હટાવે છે પછી તરત પાછું દબાણ આવી જાય છે.
- ઝોને કયારેકયારે દબાણ હટાવી તેની વિગતો પુરી આપી નથી.દબાણ હટાવ્યાની વિગતપણખોટી અને ગેરમાર્ગે દોરનારીછે.
- ઝોન ધ્વારા ૧૧-૧૦-૦૭ ના રોજ આપેલો જવાબ ખોટો છે કારણ કે એ જ બાબતે ૨૭-૭-૦૭ ની અમારી અરજી સ્વીકારેલ છે.
- ૧૯-૯-૦૭ ની અરજીના જવાબમાં શ્રી ગોહિલ સામે શું પગલાં લીધા તે જણાવેલ નથી.
- અરજી પહેલાની કોઈ માહિતી આપવામાં આવી નથી પરંતુ (આરટીઆઈ) મુજબ અરજી કર્યા બાદ જ તેના પછીના સમયની માહિતી આપેલી છે.

જયારે જાહેર માહિતી અધિકારી તરફે નીચે મુજબની રજુઆત કરવામાં આવેલ છે.

- જયારે જયારે અરજી આવેલ છે કે અરજી સિવાય પણ કાર્યવાહી કરવામાં આવેલ છે. જેમાં બે તારીખોએ તેમણે કરેલ કાર્યવાહીની વિગતો તેમણે જણાવેલ છે.

બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી પૈકી નહી આપેલી ઉપરોકત માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન-૭ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ (રાંદેર ઝોન) ને જણાવવામાં આવે છે. વધુમાં જો અરજદાર ઈચ્છુક હોય તો ઉપલબ્ધ દફતરનું ઈન્સ્પેકશન આપી માંગણી થયેથી જરૂરીયાત મુજબની માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ (રાંદેર ઝોન) ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/ ૬૭૦
તારીખ : ૭ -૧૨-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ
(૧)ઝોનલચીફ (રાંદેર ઝોન) અને જાહેર માહિતી અધિકારી ........જાણ તથા અમલ માટે.
(૨) માનદમંત્રીશ્રી સ્નેહસ્મૃતિ સોસા.,

૨

અપીલ અરજી નં.૧૮૫/૦૭, તા. ૫–૧૧–૦૭.

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા : ડે.કમિશ્નર (૫ અને ઈ)

## હુકમ :–

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૧–૧૦–૦૭ ની અરજીથી પ્લોટ નં.૧૩૮ દેવીકૃપા સોસા.ઉત્રાણ પાવર હાઉસ રોડ,અમરોલી ઉપર થયેલ બાંધકામ બાબતની પરવાનગી કે કોઈ પ્લાન પાસ થયેલ છે તેમજ સદર પ્લોટ ઉપર રહેણાંક અને કોમર્શીયલ જેમાં બનાવેલી કરીયાણાની દુકાન ગુમાસ્તાધારાનું લાયસન્સ ધરાવે છે તેની માહિતી આપવા બાબતે કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૫–૧૧–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૯૪ તા.૮–૧૧–૦૭ થી ડે.કમિશ્નર (૫ અને ઈ) ને જણાવવામાં આવેલ. જે અંગ તેઓના પત્ર નં. એનઝેડ/આ.નં.૫૪૬૩ તા.૨૩–૧૧–૦૭ થી મોકલવામાં આવેલ વિગત અનુસાર ડે.કમિશ્નર (૫ અને ઈ) ના પત્ર નં.નોર્થ ઝોન/આઉટ/નં.૫૨૮૯ તા.૭–૧૧–૦૭ થી એટલે કે અરજદારે અપીલ કર્યા બાદ અરજદારને પ્રશ્નવાળી મિલ્કત બાબતે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા કોઈપ્લાન પાસ થયેલ જણાયેલ નથી તેમજ ગુમાસ્તાધારા હેઠળ પ્રશ્નવાળી મિલ્કત નોંધાયેલ જણાયેલ નથી તેવો જવાબ પાઠવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી બાબતે ડે.કમિશ્નર (૫ અને ઈ) ના પત્ર નં.નોર્થ ઝોન/આઉટ/નં.૫૨૮૯ તા.૭–૧૧–૦૭ થી અરજદારને પાઠવેલ જવાબ ધ્યાને લેતાં અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી. જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૨૭
તારીખ : ૨૭ –૧૧–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**
(૧) ડે.કમિશ્નરશ્રી ( ૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ... જાણ માટે
(૨)શ્રીગલામભાઈમેમણ,

અપીલ અરજી નં.૧૮૬/૦૭, તા. ૫-૧૧-૦૭.

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા : આસી. કમિશ્નર અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ

## હુકમ :-

**વિષય :-** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૧-૧૦-૦૭ ની અરજીથી વોર્ડ નં.૧૦ નોંધ નં. ૨૫૫૬પાણીની ભીંત,ભાગાતળાવવાળી માર્કેટનું બાંધકામ પુરુ થઈ ગયું છે. તેનો પ્લાન પાસ થયેલ છે લાઈન દોરી તેમજ પાર્કીગની જગ્યા છોડવામાં આવી છે. તેમાં નિતિનિયમનું પાલન થયું છે ખરું ? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૫-૧૧-'૦૭ ની અપીલ અરજી નં.૧૮૬/૦૭.

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૧-૧૦-૦૭ ની અરજીથી વોર્ડ નં.૧૦ નોંધ નં. ૨૫૫૬પાણીની ભીંત,ભાગાતળાવવાળી માર્કેટનું બાંધકામ પુરુ થઈ ગયું છે. તેનો પ્લાન પાસ થયેલ છે લાઈન દોરી તેમજ પાર્કીગની જગ્યા છોડવામાં આવી છે. તેમાં નિતિનિયમનું પાલન થયું છે ખરું ? તેની માહિતી આપવા બાબતે કાર્ય પાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનનો પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૫૯૩ તા.૩-૧૦-૦૭ થી શહેર વિકાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ જે અંગે કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૫-૧૧-'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૯૩ તા.૮-૧૧-૦૭ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ ને જણાવવામાં આવેલ.દરમ્યાનમાં આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આ.નં.૭૬૭ તા.૨૦-૧૧-૦૭ થી અરજદારને પ્રશ્નવાળી મિલ્કતમાં મંજુર પ્લાન મુજબનું બાંધકામ પુર્ણ થયેલ છે. સદર મિલ્કતનો પ્લાન રજાચિઠ્ઠી નં.૧૨૯ તા.૧૨-૦૯-૦૩ થી મંજુર થયેલ છે. જે અંતર્ગત લાઈનદોરીમાં આવતી જગ્યા છોડવામાં આવેલ છે. તેમજ નિતિનિયમ મુજબ મંજુર પ્લાનમાં નિતિનિયમોનું પાલન કરવામાં આવેલ હોવાનું જણાયેલ છે તેવો જવાબ પાઠવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આ.નં.૭૬૭ તા.૨૦-૧૧-૦૭ થી અરજદારને પાઠવેલ જવાબ ધ્યાને લેતાં અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી. જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૨૮
તારીખ : ૨૭-૧૧-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી ........જાણ માટે
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીશ્રી......જાણ માટે.
(૩)શ્રીગુલામભાઈમેમણ,

અપીલ અરજી નં.૧૮૭/૦૭, તા. ૫-૧૧-૦૭.

અરજદારઃ શ્રી પ્રકાશચંદ્ર કનૈયાલાલ પંડયા
સામાવાળા : આસી. કમિશનર

## હુકમઃ-

**વિષય :-** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રકાશચંદ્ર કનૈયાલાલ પંડયા ની તા.૧૨-૯-૦૭ ની અરજીથી આરોગ્ય સેની.વિભાગ,રૂદરપુરા વાહન ડેપો (સે.ઝોન) ના તા.૧-૮-૦૬ થી તા.૧૫-૯-૦૬ સુધીની સુપીરીયર સ્ટાફની હાજરીપત્રક વિગેરેની મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૫-૧૧-'૦૭ ની અપીલ અરજી નં.૧૮૭/૦૭.

શ્રી પ્રકાશચંદ્ર કનૈયાલાલ પંડયા ની તા.૧૨-૯-૦૭ ની અરજીથી આરોગ્ય સેની.વિભાગ,રૂદરપુરા વાહન ડેપો (સે.ઝોન) ના તા.૧-૮-૦૬ થી તા.૧૫-૯-૦૬ સુધીની સુપીરીયર સ્ટાફની હાજરીપત્રક વિગેરેની મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારીના પત્ર સે.ઝોન/આ. નં ૬૨૩ તા.૮-૧૦-૦૭ થી અરજદારે માંગેલ માહિતીના મુદ્દા નં.૫,૬ અને ૭ અનુક્રમે રૂદરપુરા વાહનડેપોની ઈન્ડેન્ટબુક,ખામીબુક અને પ્રોગ્રામબુકની નકલો ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી તથા મુદ્દા નં.૧ થી ૪ તથા ૭ ની માહિતી પુરી પાડતા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૫-૧૧-'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત કોઈ વિશેષ માહિતી હોઈ તો તેની સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૯૫ તા.૮-૧૧-૦૭ થી આસી.કમિશનરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી વિગતો મોકલવામાં આવેલ નથી. જયારે અરજદારે પણ અપીલ અરજીમાં કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવેલ નથી. પરંતુ પ્રોગ્રામ રજીસ્ટર રૂદરપુરા વાહનડેપોની તા.૫ થી ૭-૯-૦૬ ના સમયગાળાની નકલની માંગણી કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી તથા અપીલ અરજી સાથે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદારને નહીં પુરી પાડેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા કલમ-૮ કે ૯ ના કોઈ અપવાદ કે કારણો જણાવેલ નથી તથા ઉપલબ્ધ ન હોવા અંગે યોગ્ય વાજબીપણું જણાવેલ નથી તે ધ્યાને લઈ દફતર નિભાવણીને સુંસગત માહિતી અરજદારે અપીલમાં માંગ્યા અનુસાર દિન-૭ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં. આરટીઆઈ સેલ/૬૧૨
તારીખ : 3 -૧૧-૦૭.

**પ્રતિ**
(૧) આસી.કમિશનરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી ........જાણ માટે
(૨)શ્રીપ્રકાશચંદ્ર કનૈયાલાલ પંડયા

અપીલ અરજી નં.૧૮૮/૦૭, તા. ૩૦–૧૦–૦૭.

અરજદારઃશ્રી આર ઓ. શાહ
સામાવાળા : ઈ.ચા.સીટી ઈજનેર

# હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી આર ઓ. શાહની તા.૨૧–૯–૦૭ ની તા.૨૪–૯–૦૭ ના રોજ મળેલ અરજીથી તેઓના તા.૫–૫–૦૭ ના પત્ર નં. JN117/RTI/07/APPEAL-II મુજબ રેકર્ડ બતાવવા તેમજ જે સપ્લાયર/કોન્ટ્રાકટરના પેમેન્ટમાં વિલંબ થયો હોય તેના નામ અને સરનામા વિગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૧૦–'૦૭ ની અપીલ અરજી નં.૧૮૮/૦૭.

શ્રી આર ઓ. શાહની ની તા.૨૧–૯–૦૭ ની તા.૨૪–૯–૦૭ ના રોજ મળેલ અરજીથી તેઓના તા.૫–૫–૦૭ ના પત્ર નં.JN117/RTI/07/APPEAL-II મુજબ રેકર્ડ બતાવવા તેમજ જે પ્લાયર/કોન્ટ્રાકટરના પેમેન્ટમાં વિલંબ થયો હોય તેના નામ અને સરનામા વિગેરેની માહિતી આપવા બાબતે આપના પત્રનં. HWW/OUT/1587 તા.૨૬–૧૦–૦૭ ની આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૩૦–૧૦–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત કોઈ વિશેષ માહિતી આપવાની થતી હોય તો તેની સંપૂર્ણ વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૯૭ તા.૧૨–૧૧–૦૭ થી ઈ.ચા.સીટી ઈજનેરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર HWW/OUT /823 તા.૨૩–૧૧–૦૭ થી મોકલવામાં આવેલ વિગતો ધ્યાને લેતાં અરજદારની તા.૨૪–૯–૦૭ ની અરજી સંદર્ભે જરૂરી માહિતી તા.૨૫–૧૦–૦૭ ના રોજ પત્ર નં. HWW/OUT /1586 થી આપવામાં આવેલ તેમજ ઈજારદારોને ટેન્ડરની શરત અનુસાર સમયસર બીલનું ચુકવણું કરવામાં આવે છે તથા સીકયોરીટી ડીપોઝીટ પણ ફાઈલનું ઓડીટ થયેથી છુટી કરવામાં આવે છે. બીલની ચુકવણી દરમ્યાન કપાત કરવામાં આવેલ ઈન્કમટેક્ષ અન્વયે વર્ષને અંતે ટીડીએસ સર્ટીફીકેટ ખાતા તરફથી ઈસ્યુ કરવામાં આવતું હોય છે તેવું જણાવેલ.પરંતુ અરજદાર ધ્વારા માંગવામાં આવેલ જે સપ્લાયર અને કોન્ટ્રકટરના ચુકાવણામાં વિલંબ થયો હોય તેઓના નામ સરનામા અને રકમ તેમજ બીલની ચુકવણી દરમ્યાન કપાત કરવામાં આવેલ ઈન્કમટેક્ષ અન્વયે વર્ષાન્તે ટીડીએસ સર્ટી. આપવા બાબતે કાયદા અને નિયમની જોગવાઈ મુજબ જે અધિકારીના કાર્યક્ષેત્રમાં આવતું હોય તેને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી તેમજ તા.૧૫–૨–૦૭ ના પત્ર નં. HWW/OUT /2515 ની નકલ અરજદાર ધ્વારા માંગવામાં આવેલ વિગતે મોકલવામાં આવી ન હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી તથા અપીલ અરજી સાથે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદારને નહી આપેલ ઈન્સ્પેકશન કાયદા અને નિયમની જોગવાઈ અનુસરીને પુરું પાડવા તેમજ ઈન્કમટેક્ષ કપાત અંગેનું ટીડીએસ સર્ટી.હિસાબી ખાતામાંથી મેળવી ખાતાએ નહી પુરી પાડેલ ઉપરોકત વિગતો સહિત દિન–૭ માં અરજદારને અત્રેની જાણ હેઠળ માહિતી પુરી પાડવા ઈ.ચા. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૪૭
તારીખ : ૪ –૧૨–૦૭.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**
(૧) ઈ.ચા. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી ........જાણ માટે.
(૨)શ્રીઆર ઓ. શાહ,

અપીલ અરજી નં.૧૮૯/૦૭, તા. ૮–૧૧–૦૭.

અરજદારઃશ્રી રમીલા નરેન્દ્રભાઈ માસ્તર
સામાવાળા :ડે.કમિશ્નર( ૫ અને ઈ)

## હુકમઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમીલા નરેન્દ્રભાઈ માસ્તરની તા.૨૫–૧૦–૦૭ ની અરજીથી પી/૪૮૪ નવી જી.આઈ.ડી.સી કતારગામ ખાતે એનઝેડ/સી/કતારગામ ૩૦૭૭૭૯ નંબરથી નોંધાયેલ ગુમાસ્તા ધારા લાયસન્સ મેળવવા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની નકલ આપવા વિગેરે બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૧૧–'૦૭ ની અપીલ અરજી નં.૧૮૯/૦૭.

શ્રી રમીલા નરેન્દ્રભાઈ માસ્તરની તા.૨૫–૧૦–૦૭ ની અરજીથી પી/૪૮૪ નવી જી.આઈ.ડી.સી કતારગામ ખાતેએનઝેડ/સી/કતારગામ ૩૦૭૭૭૯ નંબરથી નોંધાયેલ ગુમાસ્તા ધારા લાયસન્સ મેળવવા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાની નકલ આપવા વિગેરે બાબતે આપના પત્ર નં.નં.એનઝેડ/આઉટ/૫૨૯૮ તા.૮–૧૧–૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૫–૧૧–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત કોઈ વિશેષ માહિતી હોઈ તો તેની તેમજ કાયદાની કલમ–૮ ની સ્પષ્ટ જોગવાઈ તેમજ માહિતીના ઈન્કારના વાજબીપણાની ચોકકસ અને પુરી વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ/૬૦૦ તા.૧૪–૧૧–૦૭ થી ડે.કમિશ્નર (૫ અને ઇ) ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે કાર્ય પાલક ઈજનેર કતારગામ ઝોન ધ્વારા પત્ર નોર્થ ઝોન/આ.નં.૫૬૩૯ તા.૧–૧૨–૦૭ થી મોકલવામાં આવેલ વિગતો મુજબ અરજદારને પત્ર નં.નોર્થઝોન/આ.નં.૫૪૭૩ તા.૨૬–૧૧–૦૭ થી પી–૪૮૪ નવી જી.આઈ.ડી.સી કતારગામ ખાતે નોંધાયલ નોંધણી નં.એનઝેડ/સી/કતારગામ/૩૦૭૭૭૯ મેળવવા માટે રજુ કરેલ પુરાવાની નકલો તેમજ નોંધણી નં.એનઝેડ/સી/કતારગામ/૩૫૪૭ મેળવવા તથા તે રદ કરવા રજુ કરેલ પુરાવાની નકલો પુરી પાડવામાં આવેલ છે. પરંતુ ૧૯૯૩ થી લાયસન્સ રદ થયું ત્યાં સુધી કેટલી વખત રીન્યુ થયું તેમજ લાયસન્સ રીન્યું કરવા માટે કરેલ અરજીની નકલ પુરી નહી પાડેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી તથા અપીલ અરજી સાથે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદારને નહી આપેલ ઉપરોકત વિગતો, દિન–૭ માં પુરી પાડવા ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૪૬
તારીખ : ૪ –૧૨–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**
(૧)ડે.કમિશ્નર(૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી ........જાણ માટે .
(૨)શ્રી રમીલાબેન નરેન્દ્ર માસ્તર, [illegible]

અપીલ અરજી નં.૧૯૦/૦૭, તા. ૧૪-૧૧-૦૭. 3

અરજદારઃ શ્રી નરેન્દ્ર ઈશ્વરલાલ ગજ્જર
સામાવાળા : ઝોનલ ચીફ રાંદેર ઝોન

## હુકમઃ-

**વિષય :-** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેન્દ્ર ઈશ્વરલાલ ગજ્જરની તા.૧૭-૯-૦૭ની અરજીથી બંગલા નં.૬૯,જોગાણીનગર નં.-૧ હનીપાર્ક રોડના હયાત મકાનપર ગ્રાઉન્ડ ફલોર માર્જીનમાં તથા પ્રથમ માળનું બાંધકામ ચાલુ છે કે કેમ? વિગેરે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૧૪-૧૧-'૦૭ ની અપીલ અરજી નં.૧૯૦/૦૭.

શ્રી નરેન્દ્ર ઈશ્વરલાલ ગજ્જરની તા.૧૭-૯-૦૭ ની અરજીથી બંગલા નં.૬૯,જોગાણીનગર નં.-૧ હનીપાર્ક રોડના હયાત મકાન પર ગ્રાઉન્ડ ફલોર માર્જીનમાં તથા પ્રથમ માળનું બાંધકામ ચાલુ છે કે કેમ? વિગેરે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી જેમા મુદ્દા નં.૪ અન્વયે વોર્ડ સુપરવાઈઝરે તે અંગે કરેલ કાર્યવાહીની વિગતો તેમજ કોઈ જ કાર્યવાહી કરેલ ન હોય તો લેવામાં આવેલ પગલાની વિગત પણ સમાવિષ્ટ થાય છે તેની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ રાંદેર ઝોનના પત્ર આઉટ વર્ડ.નં.૧૧૧૧ તા.૧૬-૧૦-૦૭ થી " ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા માહિતી ઉપલબ્ધ હોવાનું જણાતુ નથી" તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૪-૧૧-'૦૭ના રોજ અપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત કોઈ વિશેષ માહિતી હોય તો તેની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૦૮ તા.૧૭-૧૧-૦૭ થી ઝોનલ ચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે કોઈ વિશેષ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી બાબતે ઝોનલ ચીફ (રાંદેર ઝોન) ધ્વારા કચેરી રેકર્ડ મુજબ ઉપરોકત બાબતની કોઈ પણ માહિતી ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે. જે સદર ઝોનના હદ,કાર્ય વિસ્તારમાં થયેલ અને થઈ રહેલ ગતિવિધિ તેમજ સ્થળસ્થિતિની હકીકત સાથે સુસંગત જણાતો નથી. જેથી જણાવેલ કાર્ય વિસ્તાર/હદની સ્થળસ્થિતિ અને હકીકતને અનુલક્ષી ઉપલબ્ધ ભૌતિક સ્વરૂપની માહિતી મુળ અરજીના મુદ્દા નં.૪ અન્વયે આ અંગે કરેલ કાર્યવાહી તેમજ કોઈજ કાર્યવાહી કરેલ ન હોય તો લેવામાં આવેલ પગલાની વિગતો અરજદારને અત્રેની જાણ હેઠળ દિન-૭ માં પુરી પાડવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૮૫
તારીખ : ૨૭-૧૨-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧)ઝોનલ ચીફ અને જાહેર માહિ... ... જાણ સારૂ
(૨) શ્રીનરેન્દ્ર ઈશ્વરલાલ ગજ્જર ... ...

અપીલ અરજી નં.૧૯૧/૦૭, તા. ૧૯–૧૧–૦૭.

અરજદારઃ શ્રી આકાશભાઈ બી. વાઢેર
સામાવાળા : આસી. કમિશ્નર

# હુકમ:–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી આકાશભાઈ બી. વાઢેરની તા.૧૫–૧૦–૦૭ની અરજીથી ડાહીબેન વનમાળીદાસના મરણના દાખલામાં તા.૨૨–૨–૦૬ના રોજ થયેલ સુધારા અંગેના પુરાવાની સહી સીકકાવાળી નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૧૧–'૦૭ ની અપીલ અરજી નં.૧૯૧/૦૭.

શ્રી આકાશભાઈ બી. વાઢેરની તા.૧૫–૧૦–૦૭ની અરજીથી ડાહીબેન વનમાળીદાસના મરણના દાખલામાં તા.૨૨–૨–૦૬ના રોજ થયેલ સુધારા અંગેના પુરાવાની સહી સીકકાવાળી નકલ આપવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર સે.ઝોન/આં.નં.૭૪૯ તા.૭–૧૧–૦૭ થી રાઈટ ટુ ઈન્ફરમેશન એકટની કલમ–૮ (ઠ) ની જોગવાઈ ધ્યાને લેતાં ત્રાહિત વ્યકિતને આ માહિતી આપી શકાય નહી. આમ આપે માંગેલ સુધારાની સંપુર્ણ વિગતની માહિતી જન્મ મરણ નોંધણી અધિનિયમ હેઠળ મર્યાદિત છે તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧૯–૧૧–'૦૭ના રોજ અપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત કોઈ વિશેષ માહિતી હોઈ તો તેની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૧૯ તા.૨૩–૧૧–૦૭ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર સે.ઝોન/આ.નં.૭૮૮ તા.૨૮–૧૧–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી તથા અપીલ અરજી સાથે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદારે માંગેલ માહિતી બાબતે જે આધારે દાખલામાં સુધારો કરવામાં આવેલ હોય તેની માત્ર માહિતી દિન–૭ માં અરજદારને પુરી પાડવા જણાવવામાં આવે છે. જયારે માંગેલ નકલો બાબતે માહિતી અધિકાર અધિનિયમની કલમ–૧૧ હેઠળની પ્રક્રિયા અનુસરી અરજદારે માંગ્યા મુજબના પુરાવાની નકલ અંગે જાહેર માહિતી અધિકારી નિર્ણય લેવા સક્ષમ છે. જેથી તે પ્રમાણેની યોગ્ય કાર્યવાહી કરી અરજદારને સુચિત કરવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૭૮
તારીખ : ૧૩ –૧૨–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નરશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રી ...... જાણ સારુ
(૨)શ્રીઆકાશભાઈબી.વાઢેર,

અપીલ અરજી નં.૧૯૨/૦૭, તા. ૨૦-૧૧-૦૭.

અરજદારઃ શ્રી સંતોષ બારોટ
સામાવાળાઃ એડીશનલ સીટી ઈજનેર

## હુકમઃ-

**વિષય :**-આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંતોષ બારોટ ની તા.૧૫-૧૦-૦૭ની અરજીથી આપના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવતા ઔદ્યોગિક એકમોના ગંદા પાણીના નિકાલ કરવાની શું વ્યવસ્થા છે અને તેના ગુણવત્તા અને માપદંડો વિગેરેની મુદ્દા નં. ૧,૨,૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૨૦-૧૧-'૦૭ ની અપીલ અરજી નં.૧૯૨/૦૭.

શ્રી સંતોષ બારોટ ની તા.૧૫-૧૦-૦૭ની અરજીથી આપના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવતા ઔદ્યોગિક એકમોના ગંદા પાણીના નિકાલ કરવાની શું વ્યવસ્થા છે અને તેના ગુણવત્તા અને માપદંડો વિગેરેની મુદ્દા નં. ૧,૨,૪ ની માહિતી આપવા બાબતે એડીશનલ સીટી ઈજનેર ના પત્ર ડીએનજી/આઉટ/નં.૨૪૧૧ તા.૨૪-૧૦-૦૭, ડીએનજી/આઉટ/નં.૨૫૫૩ તા.૮-૧૧-૦૭ તેમજ ઈન્ચાર્જ સીટી ઈજનેરના પત્ર એચઈડી/આઉટ/નં.૨૮૬૩ તા.૫-૧૧-૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૦-૧૧-'૦૭ના રોજ અપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ. જે અંગે કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત કોઈ વિશેષ માહિતી હોઈ તો તેની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૧૮ તા.૨૩-૧૧-૦૭ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને જણાવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ વિગતો અત્રે મળેલ નથી.

અરજદાર ધ્વારા કરેલ અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડે અત્રે ત્રણ મુદ્દા માટે તબદીલ થયેલ અરજીના મુદ્દા નં.૧ થી ગંદા પાણીના નિકાલની થયેલ વ્યવસ્થા,ગુણવત્તા અને જથ્થાના માપદંડોની વિગત,મુદ્દા નં.૨ થી કેટલું ગંદુ પાણી આવે છે અને તેના નિકાલની વિગતો તેની ક્ષમતાસહિત,મુદ્દા નં.૪ થી નિકાલ કયાં કરવામાં આવે છે તેની વિગતો માંગેલ. જે પૈકી જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપરોકત નિર્દિષ્ટ પત્રોથી આપેલ માહિતીમાં "જથ્થા અને માપદંડો ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના CONSENT માં જણાવ્યા અનુસાર તેમજ મુદ્દા નં.૨ માં ક્ષમતા" નો સમાવેશ થયેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો પૈકી નહી પુરી પડાયેલ ઉપરોકત બે બાબતોની માહિતી અત્રેની જાણ હેઠળ દિન-૭ માં અરજદારને પુરી પાડવા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/ ૬૮૮
તારીખ : ૨૭-૧૨-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) એડીશનલ સીટી ઈજનેર/ઈ.ચા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી........જાણ માટે.
(૨) શ્રી સંતોષ બારોટ,

2

અપીલ અરજી નં.૧૯૩/૦૭, તા. ૨૩ –૧૧–૦૭.

અરજદાર: શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળા :આસી.કમિશ્નર

# હુકમ:–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૬–૧૧–૦૭ની અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૩૭૩ વાળી મિલ્કતના બાંધકામ તેમજ બી.યુ.સી ની પરવાનગી લેવા અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૧૧–'૦૭ ની અપીલ અરજી નં.૧૯૩/૦૭.

શ્રી સુરેશ એમ. પટેલ ની તા.૬–૧૧–૦૭ની અરજીથી વોર્ડ નં.૪ નોંધ નં.૩૭૩ વાળી મિલ્કતના બાંધકામ તેમજ બી.યુ.સી ની પરવાનગી લેવા અંગે માહિતી આપવા બાબતે આસી.કમિશ્નરના પત્ર નં.સે.ઝોન/આ.નં.૭૫૯ તા.૧૭–૧૧–૦૭ થી આપેલ ભોંય તળિયું,હાયર ગ્રાઉન્ડ, રજો માળ તથા ૩જો માળ(પાર્ટ) મંજુર તયેલ છે. સ્થળ પર બેઝમેન્ટ (પાર્ટ), ભોંય તળિયું, હાયર ગ્રાઉન્ડ, રજો માળ નું બાંધકામ કરેલ છે. તથા બાંધકામ થયા બાદ બી.યુ.સી ની પરવાનગી લેવામાં આવેલ નથી તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૩–૧૧–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત કોઈ વિશેષ માહિતી હોઈ તો તેની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૨૯ તા.૨૮–૧૧–૦૭ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ.જેના સંદર્ભમાં તેઓના પત્ર નં.સે.ઝોન/આ. નં.૭૯૯ તા.૧–૧૨–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ. જેમાં વિશેષ કોઈ વિગતો નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની વિગતો આસી.કમિશ્નરના પત્ર નં.સે.ઝોન/આ.નં.૭૫૯ તા.૧૭–૧૧–૦૭ થી પુરી પાડવામાં આવી હોય અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે. જયારે અપીલમાં તેમણે ઉપસ્થિત કરેલ " આખો માળ બનાવવામાં આવેલ છે તેમજ શા માટે બી.યુ.સી લેવામાં આવેલ નથી. " વિગરે મુદ્દા મુળ અરજીથી અલાયદા હોઈ અપીલમાં તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી અરજદાર ઈચ્છે તો લાગત જાહેર માહિતી અધિકારી પાસેથી અલાયદી અરજીથી સદર માહિતી મેળવી શકે છે. "

નં. આરટીઆઈ સેલ/ ૬૭૪
તારીખ : ૧૦ –૧૨–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીશ્રી ........જાણ માટે .
(૨)શ્રી સુરેશ એમ.પટેલ,

અપીલ અરજી નં.૧૯૪/૦૭, તા. ૨૩–૧૧–૦૭.

અરજદારઃ શ્રી પીયુષભાઈ ઠાકોરભાઈપટેલ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ

# હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પીયુષભાઈ ઠાકોરભાઈપટેલ ની તા.૧૦–૯–૦૭ની અરજીથી અરજદારે તા.૩૦–૭–૦૭ ના રોજ તેઓના એડવોકેટ શ્રી હર્ષદલાલ રમણલાલ મોદી મારફત મોકલાવેલ નોટીસનો આજ દિન સુધી કોઈ જવાબ આપેલ નથી જે અંગે યોગ્ય ખુલાસો આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૧૧–'૦૭ ની અપીલ અરજી નં.૧૯૪/૦૭.

શ્રી પીયુષભાઈ ઠાકોરભાઈપટેલ ની તા.૧૦–૯–૦૭ની અરજીથી અરજદારે તા.૩૦–૭–૦૭ ના રોજ તેઓના એડવોકેટ શ્રી હર્ષદલાલ રમણલાલ મોદી મારફત મોકલાવેલ નોટીસનો આજ દિન સુધી કોઈ જવાબ આપેલ નથી જે અંગે યોગ્ય ખુલાસો આપવા બાબતે શહેર વિકાસ અધિકારીના પત્ર નં.ટીડીઓ/૩૩૩૫ તા.૨૫–૧૦–૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૩–૧૧–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી તેમજ અરજદારના એડવોકેટના તા.૩૦–૭–૦૭ ના નોટીસપત્ર સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત કોઈ વિશેષ માહિતી હોઈ તો તેની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૩૩ તા.૨૮–૧૧–૦૭ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા કોઈ વિગત અત્રે મળેલ નથી .

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો અન્વયે શહેર વિકાસ અધિકારી અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટી.ડી.ઓ/૩૩૩૫ તા.૨૫–૧૦–૦૭ થી સદર બાબત હાલ ચકાસણી હેઠળ છે તેમ જણાવેલ છે.જે બાબતે નાગરિક અધિકારપત્ર કે કામના નિકાલના ધોરણોમાં ઠરાવેલ સમય અવધિને અનુલક્ષી આ બાબતે માંગેલ માહિતીની વિગતો દિન–૭માં કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અરજદારને અત્રેની જાણ હેઠળ માહિતી પુરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૯૮
તારીખ : ૨૭–૧૨–૦૭.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી.......જાણ તથા અમલ માટે
(૨) શ્રી પીયુષભાઈ ઠાકોરભાઈપટેલ.

અપીલ અરજી નં.૧૯૫/૦૭, તા. ૨૬–૧૧–૦૭.

અરજદાર: શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા
સામાવાળા: કાર્ય પાલક ઈજનેર સાઉથ ઝોન

## હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા ની તા.૨૬–૧૦–૦૭ની અરજીથી ખરવરનગર વસાહત ખાતે થયેલ બાંધકામ સંદર્ભે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૧૧–'૦૭ ની અપીલ અરજી નં.૧૯૫/૦૭.

શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા ની તા.૨૬–૧૦–૦૭ની અરજીથી ખરવરનગર વસાહત ખાતે થયેલ બાંધકામ સંદર્ભે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પણ પ્રતિભાવ મળેલ ન હોવાથી અરજદાર ધ્વારા તા.૨૬–૧૧–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત આપવા જોગ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૪૦ તા.૩૦–૧૧–૦૭ થી કાર્ય પાલક ઉધના ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓના પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં. ૯૪૬૫ તા.૬–૧૨–૦૭ થી મોકલેલ વિગતોમાં સી.ઓ. પી. માં બાંધકામ બાબતે કમિશ્નરશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે મોકલેલ યાદીમાં આ બાંધકામોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે પરંતુ તેની નકલ અરજદારને પુરી પાડી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી બાબતે કાર્ય પાલક ઈજનેર ધ્વારા અરજદારને આપવામાં આવેલ માહિતીમાં ઉપરોકત નહી આપેલ માહિતી અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા કાર્ય પાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૮૬
તારીખ : ૧૭–૧૨–૦૭.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર,**
**સુરત મહાનગરપાલિકા.**

**પ્રતિ**

(૧) કાર્ય પાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) ........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા, ...

અપીલ અરજી નં.૧૯૬/૦૭, તા. ૨૬-૧૧-૦૭.

અરજદારઃ શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડીયા
સામાવાળાઃ ઝોનલ ચીફ વરાછા ઝોન

## હુકમઃ–

વિષય :–આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડીયા ની તા.૨૦–૧૦–૦૭ની અરજીથી ટેનામેન્ટ નં.૨૪ એ-૦૫–૪૮૪૧–૦–૦૦૧ ના છેલ્લા ચાર વર્ષના બીલ ડીસ્પેચ રજીસ્ટર ની પ્રમાણિત નકલો આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૬–૧૧–'૦૭ ની અપીલ અરજી નં.૧૯૬/૦૭.

શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડીયા ની તા.૨૦-૧૦–૦૭ની અરજીથી ટેનામેન્ટ નં.૨૪ એ–૦૫–૪૮૪૧–૦–૦૦૧ ના છેલ્લા ચાર વર્ષના બીલ ડીસ્પેચ રજીસ્ટર ની પ્રમાણિત નકલો આપવા બાબતે ઝોનલ ચીફ પુર્વ(વરાછા) ઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૩૯૫ તા.૧૬–૧૧–૦૭ થી સદર મિલ્કતના સને ૨૦૦૫–૦૬ અને ૨૦૦૭–૦૮ના બે વર્ષનો રેકર્ડ ઉપલબ્ધ હોય તેની નકલ આપેલ છે. જયારે સને ૨૦૦૪–૦૫ અને ૨૦૦૬–૦૭ નો રેકર્ડ મળેલ નથી જેથી નકલ આપેલ નથી તેવા પાઠવેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૬–૧૧–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત આપવા જોગ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૪૧ તા.૩૦–૧૧–૦૭ થી ઝોનલ ચીફ વરાછા ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ તરફથી કોઈ વિગતો મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો અન્વયે કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી સને ૨૦૦૪–૦૫ અને ૨૦૦૬–૦૭ના બીલ ડીસ્પેચ રજીસ્ટરની નકલો દિન–૧૦ માં અરજીની જાણ હેઠળ પુરી પાડવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૮૩
તારીખ : ૧૭ –૧૨–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશભાઈ કાનજીભાઈ માકડી...

અપીલ અરજી નં.૧૯૭/૦૭, તા. ૨૬–૧૧–૦૭.

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા :આસી.કમિશ્નર

# હુકમ:–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૦–૧૦–૦૭ની અરજી બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૬–૧૧–'૦૭ ની અપીલ અરજી નં.૧૯૭/૦૭.

શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૦–૧૦–૦૭ની અરજી જરી ઉદ્યોગ વસવાટ વિસ્તારમાં પરવાનગી પાત્ર છે તે બાબંતે સુ.મ.પાલિકાની તા.૭–૫–૧૯૬૪ ની સામાન્ય સભામાં જે ઠરાવ પાસ કરવામાં આવેલ તેની સર્ટીફાઈડ કોપી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોઈ અરજદાર ધ્વારા તા.૨૬–૧૧–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. જેમાં નમુના –ક માં અરજી રંજુ કર્યાની તારીખ સિવાય અન્ય કોઈ પણ વિગતો દર્શાવવામાં આવેલ નથી જેથી તેઓને પત્ર નં. આરટીઆઈ સેલ/૬૩૯ તા.૩૦–૧૧–૦૭ થી સદર તમામ વિગતો તાકીદે મોકલવા જણાવવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત આપવા જોગ માહિતીની પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૪૨ તા.૩૦–૧૧–૦૭ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જે અન્વયે તેઓના પત્ર નં.સે.ઝોન/આ.નં.૮૦૮ તા.૪–૧૨–૦૭ થી મોકલાવેલ વિગતો ધ્યાને લેતાં આસી.કમિશ્નર ધ્વારા પત્ર સે.ઝોન/આ.નં.૭૫૧ તા.૧૨–૧૧–૦૭ થી અરજદારને નિયત ફી ના રૂા.૪/– જમા કરાવ્યા બાદ જરૂરી માહિતીની નકલો મેળવી લેવા જણાવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની વિગતો અંગે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્લ્ર ઝોનના પત્ર સે.ઝોન/આ.નં.૭૫૧ તા.૧૨–૧૧–૦૭ થી અરજદારને નિયત ફી ના રૂા.૪/– જમાં કરાવ્યા બાદ જરૂરી માહિતીની નકલો મેળવી લેવા જણાવેલ હોય અરજદારને તે પ્રમાણે કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૬૬૯
તારીખ : ૭ –૧૨–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

**પ્રતિ**

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.

(૨) શ્રી હેમંત એન. દેસાઈ

અપીલ અરજી નં.૧૯૮/૦૭, તા. ૨૬-૧૧-૦૭.

અરજદારઃ શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળા : આસી.કમિશ્નર

## હુકમ:-

**વિષય :**-આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા.૨૦-૯-૦૭ની અરજીથી જરી ગીલીટ બાંકડામાં વપરાતા કેમીકલ્સ સેલો,લેકર,સ્પીરીટ, એસીડ ના વપરાશથી શું દુર્ગંધ મારી શકે અને તે આરોગ્ય ને હાનીકારક ખરું? વિગેરે બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૨૬-૧૧-'૦૭ ની અપીલ અરજી નં.૧૯૮/૦૭.

શ્રી સુરેશ એમ.પટેલની તા.૨૦-૯-૦૭ની અરજીથી જરી ગીલીટ બાંકડામાં વપરાતા કેમીકલ્સ સેલો,લેકર,સ્પીરીટ, એસીડ ના વપરાશથી શું દુર્ગંધ મારી શકે અને તે આરોગ્ય ને હાનીકારક ખરું? વિગેરે બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોઈ અરજદાર ધ્વારા તા.૨૬-૧૧-'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. સદર અપીલ નિયત સમય મર્યાદા બાદ કરવામાં આવેલ તેમજ અપીલના નિયત ફોર્મમાં પુરતી અને સ્પષ્ટ વિગતો જણાવેલ ન હોય સદર વિગતો તાકીદે અત્રે મોકલવા અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૬૩૯ તા.૩૦-૧૧-૦૭ થી જણાવેલ. જે અંગે કોઈ વિગતો અરજદારે મોકલેલ નથી.

અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત આપવા જોગ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૪૩ તા.૩૦-૧૧-૦૭ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૮૨૦ તા.૭-૧૨-૦૭ થી મોકલેલ વિગતોમાં સદર બાબતે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને અભિપ્રાય આપવા જણાવેલ છે તેમ અરજદારને પત્ર નં.સે.ઝોન/આ.નં.૬૪૪ તા.૧૨-૧૦-૦૭ થી મોકલેલ પત્રમાં જણાવેલ છે. તેમજ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના પત્ર નં.ગુપ્રનિબોર્ડ/સુરત/ટી-૨૪૩/૪૧૭૯/૦૭ તા.૧૦-૧૦-૦૭ થી અભિપ્રાય પણ મોકલેલ હોવાનું સામેલ નકલો પરથી જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી બાબતે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના આવેલ અભિપ્રાયને અનુલક્ષી અરજદારને અત્રેની જાણ હેઠળ દિન-૭ માં માંગેલ માહિતી પુરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૮૪
તારીખ : ૨૭-૧૨-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ....... જાણ તથા અમલ માટે.
(૨) શ્રીસુરેશ એમ. પટેલ

અપીલ અરજી નં.૧૯૯/૦૭, તા. ૨૬–૧૧–૦૭ તેમજ તા.૪–૧૨–૦૭. 53

અરજદારઃ શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળા : આસી.કમિશ્નર

# હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૦–૧૦–૦૭ની અરજીથી ગુજરાત હાઈકોર્ટ કેસ નં.૧૫૫૧/૨૦૦૦ જજમેન્ટના પાના ૧ થી ૧૮ ના કયા પાના પર એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે જેમાં ન્યુસન્સ કરી શકાય તેજ પાના નો નંબર અને તેની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૧૧–'૦૭ ની તેમજ તા.૪–૧૨–૦૭ની અપીલ અરજી નં.૧૯૯/૦૭.

શ્રી સુરેશ એમ. પટેલની તા.૨૦–૧૦–૦૭ની અરજીથી ગુજરાત હાઈકોર્ટ કેસ નં.૧૫૫૧/૨૦૦૦ જજમેન્ટના પાના ૧ થી ૧૮ ના કયા પાના પર એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે જેમાં ન્યુસન્સ કરી શકાય તેજ પાના નો નંબર અને તેની નકલ આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોઈ અરજદાર ધ્વારા તા.૨૬–૧૧–'૦૭ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે. અપીલના નિયત ફોર્મમાં પુરતી અને સ્પષ્ટ વિગતો જણાવેલ ન હોય સદર વિગતો તાકીદે અત્રે મોકલવા અરજદારને પત્ર નં. આરટીઆઈ સેલ/૬૩૯ તા.૩૦–૧૧–૦૭ થી જણાવેલ. જે અંગે કોઈ વિગતો અરજદારે મોકલેલ નથી અને તા. ૪–૧૨–૦૭ ના રોજ સરખા વિષયની ફેર અપીલ કરેલ છે. જેમાં સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ જવાબનો ઉલ્લેખ કરેલ છે પરંતુ અરજદાર કક્ષાએ તેના અનુસંધાને કોઈ કાર્યવાહી કરેલ હોવાની વિગતો આપેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત આપવા જોગ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૪૪ તા.૩૦–૧૧–૦૭ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં. સી.ઝેડ/આરટીઆઈ/૮૨૧ તા.૭–૧૨–૦૭ થી મોકલેલ વિગતોમાં તેઓ ધ્વારા અરજદારને પત્ર નં. સે.ઝોન/આ.નં.૭૩૪ તા.૬–૧૧–૦૭ થી મુળ અરજીમાં માંગેલ વિગત અસ્પષ્ટ હોય રૂબરૂ અથવા લેખિતમાં વધુ સ્પષ્ટતા કરવા જણાવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીની તેમજ અપીલ અરજીની વિગતો અસ્પષ્ટ હોય અરજદારને આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આ.નં.૭૩૪ તા.૬–૧૧–૦૭ માં જણાવ્યા મુજબની પ્રક્રિયા અનુસરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે. અને તેમ થયા બાદ પણ નારાજગી હોય તો દિન–૩૦ માં આ અપીલના સંદર્ભ અન્વયે અત્રે ફેર રજુઆત કરવા અરજદાર હકદાર છે. "

નં. આરટીઆઈ સેલ/ ૬૮૭
તારીખ : ૨૭–૧૨–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ........જાણ તથા અમલ માટે.
(૨) શ્રીસુરેશ એમ. પટેલ, ... ની અપીલ અરજી અંગે ...

અપીલ અરજી નં.૨૦૦/૦૭, તા. ૧–૧૨–૦૭.

અરજદારઃ શ્રી અહમદભાઈ જમાલભાઈ મેમણ
સામાવાળાઃ આસી.કમિશ્નર

# હુકમઃ–

**વિષય :**–આરટીઆઈએકટ હેઠળ શ્રી અહમદભાઈ જમાલભાંઈ મેમણ તા.૫–૧૦–૦૭ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૩૦૧૭ વાળી મિલ્કતની ૧૯૫૮ થી ૨૦૦૭ સુધીની ફીલ્ડબુકની તેમજ એસેસમેન્ટની નકલો આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૧૨–'૦૭ ની અપીલ અરજી નં.૨૦૦/૦૭.

શ્રી અહમદભાઈ જમાલભાઈ મેમણની તા.૫–૧૦–૦૭ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૩૦૧૭ વાળી મિલ્કતની ૧૯૫૮ થી ૨૦૦૭ સુધીની ફીલ્ડબુકની તેમજ એસેસમેન્ટની નકલો આપવા બાબતે આસી.કમિશ્નરના પત્ર નં. એઆરડી/૩૪ તા.૩–૧૧–૦૭ થી રેકર્ડ વિભાગમાં તપાસતાં કટબુકની તેમજ એસેસમેન્ટની સદર પત્રમાં જણાવેલ વર્ષની નકલો ઉપલબ્ધ થયેલ હોય તે નકલો આ સાથે સામેલ હોવાના આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૧–૧૨–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત આપવા જોગ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૫૧ તા.૩–૧૨–૦૭ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જે અંગે કોઈ વિશેષ માહિતી અત્રે મોકલેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો બાબતે આસી.કમિશ્નરના પત્ર નં. એઆરડી/૩૪ તા.૩–૧૧–૦૭ થી રેકર્ડ વિભાગમાં તપાસતાં કટબુકની તેમજ એસેસમેન્ટની સદર પત્રમાં જણાવેલ વર્ષની નકલો ઉપલબ્ધ થયેલ હોય તે નકલો પુરી પાડેલ. જયારે તે સિવાયના વર્ષની કટબુકની અને એસેસમેન્ટની નકલો પુરી પાડવામાં આવેલ નથી તથા ઉપલબ્ધ ન હોવા અંગે યોગ્ય વાજબીપણું જણાવેલ નથી તે ધ્યાને લઈ દફતર નિભાવણીને સુસંગત માહિતી અરજદારે અપીલમાં માંગ્યા અનુસાર દિન–૧૦ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૭૦૪
તારીખ :૨૮–૧૨–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અહમદભાઈ જમાલભાઈ મેમણ,

અરજદારઃ શ્રી હીરાલાલ નાનાભાઈ મીસ્ત્રી
સામાવાળાઃ આસી.કમિશ્નર(સેન્ટ્રલ ઝોન)

## હુકમઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હીરાલાલ નાનાભાઈ મીસ્ત્રીની તા.૬–૧૧–૦૭ ની અરજીથી જરીના બાંકડામાં વપરાતા સેલો,લેકર,કેમીકલનો આરોગ્ય વિભાગના પરવાના વગર ઉપયોગ વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૨૯–૧૧–૦૭ ની અપીલ અરજી નં.૨૦૧/૦૭

શ્રી હીરાલાલ નાનાભાઈ મીસ્ત્રીની તા.૬–૧૧–૦૭ ની અરજીથી જરીના બાંકડામાં વપરાતા સેલો,લેકર,કેમીકલનો આરોગ્ય વિભાગના પરવાના વગર ઉપયોગ વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી બાબતે આસી.કમિશ્નર ના પત્ર નં.સે.ઝોન/આ.નં.૭૫૭ તા.૧૬–૧૧–૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૯–૧૧–૦૭ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના સંદર્ભે મુળ અરજી સહિત તેના સંદર્ભે નોંધ વિભાગ સહિત આપવા જોગ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૫૫ તા.૪–૧૨–૦૭ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા તેમના પત્ર સે.ઝોન/આ.નં.૮૩૩ તા.૧૩–૧૨–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ. જેમાં આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના તા.૧૬–૧૦–૦૭ ના પત્ર માં જણાવ્યા મુજબ મહાનગરપાલિકા તરફથી સદરહું વ્યકિત સામે કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ અને તા.૨–૭–૦૭ ના રોજ રૂા.૫૦ નો દંડ કરવામાં આવેલ. વધુમાં દુર્ગંધ અને અવાજના પ્રદુષણ બાબત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્રમાં આવતું નથી તેમ છતાં પ્રદુષણ બાબતે જરૂરી ચકાસણી કરવા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને તા.૧૫–૧૦–૦૭ ના રોજ પત્ર લખી જાણ કરેલ છે. તેમજ તેઓના પત્ર સે.ઝોન/આ.નં.૭૫૭ તા.૧૬–૧૧–૦૭ માં જણાવ્યા મુજબ ફરી તા.૧૬–૧૧–૦૭ ના રોજ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને સદર બાબતે યાદપત્ર લખી અરજદારને પરભારે જાણ કરવા તથા તેની એક નકલ મોકલવા જાણ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જે અંગે કોઈ પ્રત્યુત્તર આવેલ હોવાનું જણાતું નથી. જયારે અરજદાર ધ્વારા તા.૬–૧૧–૦૭ ના રોજ કરવામાં આવેલ અરજીમાં સદર બાબતે આપશ્રી તરફથી શું ફરીયાદ કરવામાં આવેલ તેની નકલ આપવા જણાવેલ જે નકલ જાહેર માહિતી અધિકારી ધ્વારા નહી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આ.નં.૭૫૭ તા.૧૬–૧૧–૦૭ થી અરજદારને પુરી પાડવામાં આવેલ જે પૈકી નહી પુરી પાડેલ ઉપરોકત વિગત કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં પુરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/900
તારીખ:૨૯ –૧૨–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર મ
(૨) શ્રી હીરાલાલ નાનાભાઈ મીસ્ ... ઓની

અપીલ અરજી નં.૨૦૨/૦૭, તા. ૨૮-૧૧-૦૭.

અરજદાર:શ્રી અનીલ ડી.પુરોહિત
સામાવાળા : ડે.કમિશ્નર (હે અને હો)

# હુકમ:-

**વિષય:-** શ્રી અનીલ ડી.પુરોહિતની તા.૧૦-૮-૦૭ ની અરજીથી ખાલી ટીન,બારદાનની આવક તથા વપરાશ તેમજ નાણાં જમાં કરાવ્યા અંગેની જુદા-જુદા કેન્દ્રોની માહિતી આપવા બાબત.
**સંદર્ભ:-** અરજદાર મજકુરની તા.૨૮-૧૧-૦૭ ની અપીલ અરજી નં.૨૦૨/૦૭

શ્રી અનિલ ડી. પુરોહિતની તા.૨૮-૧૧-૦૭ ની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ તેઓની તા.૧૦-૮-૦૭ ની અરજી સંદર્ભે આપેલ નમુનામાં માહિતી આપવા માંગતા નથી ફકત રૂા.૪૪/- ભરવાના થાય છે છતાં ૩૮૨ કોપીના ૭૭૨/- રૂપિયા ભરીને માહિતી લઈ જવા જણાવેલ છે. ત્યારબાદ વારંવાર અરજી કર્યા બાદ તા.૭-૧૧-૦૭ ના રોજ જવાબ આપેલ જે બાબતે સંતોષ નથી અને માંગેલ માહિતી ઉપલબ્ધ છે છતાં આપવા માંગતા નથી એમ જણાવી નિયત સમયમર્યાદા બાદ અપીલ કરેલ છે .

જે અંગે અરજદાર મજકુરને તા.૧૦-૮-૦૭ ની અરજી સંદર્ભે નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજનાના પત્ર નં. મભય/આરટીઆઈ/વશી/રજી.૦૫/૦૭ આર.૨. નં. ૨૧૬/૦૭ તા.૧૪-૯-૦૭ થી ૩૮૨ પાનાના રૂપિયા ૭૭૨/- ની રકમ કચેરીમાં જમા કરાવ્યા પછી દસ્તાવેજોની નકલ મેળવી લેવા જણાવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદાર ધ્વારા તા.૨૯-૯-૦૭ ના રોજ કમિશ્નરશ્રીને પત્ર લખી દસ્તાવેજની નકલના ૩૮૨ પાના જોઈને મને જોઈતી માહિતી પૈસા ભરીને મેળવી શકું. જે અન્વયે અત્રેની કચેરીના પત્ર નં.આરટીઆઈ સેલ/૪૯૨ તા.૪-૧૦-૦૭ થી ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી ને સદર પત્રમાં જણાવેલ વિગતને અનુલક્ષી અરજદારને કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન પુરુ પાડી માંગેલ માહિતી પરભારે પુરી પાડી તેની જાણ અત્રે કરવા જણાવવામાં આવે છે. જેના સંદર્ભે પુનઃ અરજદાર ધ્વારા કમિશ્નરશ્રીને તા.૧-૧૧-૦૭ ના રોજ લખેલ પત્રમાં તાકીદે જવાબ આપવા જણાવેલ. જે અંગે અત્રેના પત્ર નં. આરટીઆઈસેલ/૫૮૦ તા.૬-૧૧-૦૭ થી ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીને અરજદારને ઉપલબ્ધ રેકર્ડનું ઈન્સ્પેકશન આપી તેઓની માંગણી મુંજબ ની નકલો પુરી પાડી તે અંગેની જાણ અત્રે કરવા જણાવેલ.

ત્યારબાદ પણ અરજદાર ધ્વારા તા.૭-૧૧-૦૭ તેમજ તા.૧૩-૧૧-૦૭ ના રોજ કમિશ્નરશ્રીનો પત્ર લખી સદર બાબતમાં યોગ્ય કરવા જણાવેલ. દરમ્યાનમાં નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના ધ્વારા અરજદારને તા.૭-૧૧-૦૭ ના રોજ પત્ર લખી તેઓની માંગણી મુજબની માહિતી કેન્દ્રો ઉપર રાખવામાં આવેલ રેકર્ડ આધારીત જ હોય નકલ ફી ની રકમ ભરપાઈ કર્યેથી માહિતી આપવામાં આવશે. વધુમાં અરજદારે રેકર્ડ તપાસણી કરવાની હોય તો નિયમ મુજબ ચાર્જ આપવાનો રહેશે તેમ જણાવેલ. તેમજ તેઓના તા.૧૨-૧૧-૦૭ ના પત્ર નં. મભય /આરટીઆઈ/રજી.૦૫/૦૭/આર.નં.૨૯૪/૦૭ થી નાયબ કમિશ્નર મધ્યાહન ભોજન યોજના ગાંધીનગરને લખેલ પત્ર કે જેની નકલ અત્રેની કચેરીએ મોકલવામાં આવેલ તેમજ અરજદારને તેમણે રજુ કરેલ નમુનામાં માહિતી આપવી કે રેકર્ડ આધારીત માહિતી આપવી તે અંગે તેઓશ્રીને માર્ગદર્શન આપવા જણાવેલ. જેથી અત્રેથી ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીને અરજદારના તા.૧૩-૧૧-૦૭ ના પત્રમાં જણાવ્યા મુજબ અરજદારના દાવાની યથાર્થતા ચકાસી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી કાર્યવાહી કરી તે અંગેની જાણ અત્રેની કચેરીને કરવા જણાવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની વિગતો અંગે નાયબ કલેકટર મ.ભો.યોજના ના તા.૧૨/૧૫-૧૧-૦૭ ના પત્રનં. મભય/આરટીઆઈ/રજી.૦૫/૦૭/આર.નં.૨૯૪/૦૭ અન્વયે માહિતી અધિકાર અધિનિયમની કલમ-૭ (૯), અને ૭ (૧) સાથે રાખી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડીને યોગ્ય કાર્યવાહી જાહેર માહિતી અધિકારી કરી શકે છે.જેથી તે મુજબ કાર્યવાહી કરવા અને કરેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા ડે.કમિશ્નર (હે અને હો)ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૬૭
તારીખ : ૭ -૧૨-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ
(૧)ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.
(૨) શ્રીઅનિલ ડી. પુરોહિત ... અરજી અંગે

અપીલ અરજી નં.૨૦૩/૦૭, તા. ૩–૧૨–૦૭.

અરજદારઃ શ્રી સ્નેહલતાબેન બિપીનચંદ્ર મહેતા
સામાવાળાઃ આસી.કમિશનર(સેન્ટ્રલ ઝોન)

# હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સ્નેહલતાબેન બિપીનચંદ્ર મહેતા તા.૧૮–૯–૦૭ની અરજીથી ઘર નં.૧૦/૬૯૭ ની મિલ્કત કોની મંજુરીથી કઈ તારીખે અને કયા સમયે ઉતારી પાડવામાં આવી છે. તથા અરજદારની તા.૬–૮–૦૭ ની અરજી અંગે કોઈ જવાબ આપેલ નથી તે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૧૨–'૦૭ ની અપીલ અરજી નં.૨૦૩/૦૭.

શ્રી સ્નેહલતાબેન બિપીનચંદ્ર મહેતા તા.૧૮–૯–૦૭ની અરજીથી ઘર નં.૧૦/૬૯૭ ની મિલ્કત કોની મંજુરીથી કઈ તારીખે અને કયા સમયે ઉતારી પાડવામાં આવી છે. તથા અરજદારની તા.૬–૮–૦૭ ની અરજી અંગે કોઈ જવાબ આપેલ નથી તે અંગે માહિતી આપવા બાબતે આસી.કમિશનરના પત્ર નં.સે. ઝોન/આ. નં.૫૯૧ તા.૩–૧૦–૦૭ થી સદર મિલ્કત મહાનગરપાલિકા તરફથી ઉતારવામાં આવેલ નથી જેથી તે અંગેનું પ્રમાણપત્ર આપવાનો પ્રશ્ન રહેતો નથી તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા નિયત સમયમર્યાદા બાદ તા.૩–૧૨–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૫૮ તા.૫–૧૨–૦૭ થી આસી.કમિશનરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા પત્ર સે.ઝોન/આ.નં./૮૩૨ તા.૧૩–૧૨–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ જેમાં કોઈ વિશેષ વિગતોનો સમાવેશ થયેલ નથી. અરજદાર ધ્વારા અપીલના આધારમાં ફાયર ખાતાના કોલ રજીસ્ટરનો હવાલો આપી કોલ નં.૨૨૧ તા.૧૨–૮–૦૬ માં આ બાબતે નોંધ થયેલ હોવાનું જણાવેલ છે પરંતુ તેની કોઈ નકલો બિડેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ માહિતી તે અંગે કોઈ પ્રકાશ પાડતી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો અંગે અરજદારે અપીલના આધારમાં જણાવેલ વિગતોનો હવાલો ચકાસી જરૂર જણાયે કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડી દિન–૭ માં આનુસાંગિક પ્રત્યુત્તર પાઠવી તેની જાણ અત્રે કરવા આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૬૯૦
તારીખ : ૨૭ –૧૨–૦૭.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી........જાણ માટે.
(૨) શ્રી સ્નેહલતાબેન બિપીનચંદ્ર મહેતા

અપીલ અરજી નં.૨૦૪/૦૭, તા. ૧-૧૨-૦૭.

અરજદારઃ શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા
સામાવાળાઃ ડે.કમિશ્નર (સ્પે)

## હુકમઃ-

**વિષય :-** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની તા.૧૫-૧૦-૦૭ની અરજીથી પરવત પાટીયા સહજ મેડીકલથી ગોડાદરા ત્રણ રસ્તા સુધીના મેઈન રોડ પર બંને સાઈડ કેટલા ફુટની લાઈન દોરી મુકવામાં આવી છે? આ લાઈન દોરીનો અમલ કયારે કરવામાં આવશે? તેમજ ડુંભાલ જળવિતરણ મથક ખાતે કેટલા સીકયુરીટી માણસો છે? વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૧-૧૨-'૦૭ ની અપીલ અરજી નં.૨૦૪/૦૭.

શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની તા.૧૫-૧૦-૦૭ની અરજીથી પરવત પાટીયા સહજ મેડીકલથી ગોડાદરા ત્રણ રસ્તા સુધીના મેઈન રોડ પર બંને સાઈડ કેટલા ફુટની લાઈનદોરી મુકવામાં આવી છે? આ લાઈનદોરીનો અમલ કયારે કરવામાં આવશે? તેમજ ડુંભાલ જળવિતરણ મથક ખાતે કેટલા સીકયુરીટી માણસો છે? વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે સદર અરજી સાઉથ વેસ્ટ ઝોન ધ્વારા પત્ર સા.ઈ.ઝોન/લીંબાયત/આ. નં.૧૮૦૧ તા.૬-૧૧-૦૭ થી હાઈડ્રોલીક ઈજનેર ને તબદીલ કરેલ. હાઈડ્રોલીક ઈજનેરે પત્ર નં.એચઈડી/આ.નં.૨૯૫૬ તા.૧૪-૧૧-૦૭ થી મુદ્દા નં.૩ સીકયુરીટીની માહિતી અંગે ચીફ સીકયુરીટી ઓફિસરને તબદીલ કરેલ. ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટી.પી.ડી/૫૩૩૧ તા.૧૫-૧૧-૦૭ થી અરજદારને જવાબ પાઠવેલ તેમજ નગરનિયોજકના પત્ર નં.ટી.પી.ડી/૫૩૩૨ તા.૧૫-૧૧-૦૭ થી શહેર વિકાસ અધિકારીને તબદીલ કરેલ. શહેર વિકાસ અધિકારીએ પત્ર નં.ટી.ડી.ઓ/૩૬૮૬ તા.૨૨-૧૧-૦૭ થી સદર બાબતે કોઈ પણ બાંધકામ ચાલું નથી તેમ જણાવી સદર અરજી કાર્યપાલક ઈજનેર સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત) ને તબદીલ કરી. સદર અરજી બાબતે ચીફ ફાયર ઓફિસરના પત્ર વોચ એન્ડ વોર્ડ નં.૭૮૯ તા.૨૦-૧૧-૦૭ થી પાઠવેલ જવાબથી નારાજ થઈ સીકયુરીટીની માહિતી પૂરતી તા.૧-૧૨-'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૫૯ તા.૫-૧૨-૦૭ થી ડે.કમિશ્નર (સ્પે) ને મોકલવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા કોઈ માહિતી અત્રે મળેલ નથી પરંતુ ચીફ ફાયર ઓફિસરના પત્ર વોચ એન્ડ વોર્ડ નં.૮૯૦ તા.૧૫-૧૨-૦૭ થી તેઓના અગાઉના પત્ર વોચ એન્ડ વોર્ડ નં.૭૮૯ તા.૨૦-૧૧-૦૭ થી અરજદારને પાઠવેલ પત્રમાં શરતચુકથી ડુંભાલ જળ વિતરણમથક ખાતે ખાનગી સીકયુરીટી એજન્સી ક્રિષ્ણા સીકયુરીટી ફોર્સ, સુરતના ત્રણ સીકયુરીટી સુપરવાઈઝરની જગ્યાએ ત્રણ ગનમેન લખાયેલ છે. વધુમાં આ સંદર્ભે અથવા સીકયુરીટીને લગતી વધારાની કોઈ પણ માહિતીની જરૂર હોય તો રૂબરૂ મળવા જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો બાબતે ચીફ ફાયર ઓફિસરના પત્ર વોચ એન્ડ વોર્ડ નં.૭૮૯ તા.૨૦-૧૧-૦૭ તેમજ પત્ર વોચ એન્ડ વોર્ડ નં.૮૯૦ તા.૧૫-૧૨-૦૭ થી માહિતી પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી. જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૭૦૩
તારીખ : ૨૮-૧૨-૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી........જાણ માટે.
(૨) શ્રી હરીચંદ્ર ફકીરચંદ ગડરીયા,

(3)

અપીલ અરજી નં.૨૦૫/૦૭, તા. ૭–૧૨–૦૭.

અરજદારઃ શ્રી એ. આર. ચાંદ
સામાવાળાઃ ડે.કમિશ્નર (૫ અને ઈ)

## હુકમઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી એ. આર. ચાંદની તા.૨–૧૧–૦૭ની અરજીથી તેમની વિરુધ્ધ થયેલ શિક્ષાત્મક પગલાં અંગે ખાતાકીય તપાસ કાર્યવાહીના જરૂરી કાગળો કોર્ટના કામે જરૂરી હોવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૧૨–'૦૭ ની અપીલ અરજી નં.૨૦૫/૦૭.

શ્રી એ. આર. ચાંદ ની તા.૨–૧૧–૦૭ની અરજીથી તેમની વિરુધ્ધ થયેલ શિક્ષાત્મક પગલાં અંગે ખાતાકીય તપાસ કાર્યવાહીના જરૂરી કાગળો કોર્ટના કામે જરૂરી હોવા અને મેળવવા બાબતે ડે.કમિશ્નર (૫ અને ઈ) ધ્વારા પત્ર નં. જીએડી/ઈએસટી/આઈ/૮૫૯ તા.૧૬–૧૧–૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ તા.૭–૧૨–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૭૬ તા.૧૩–૧૨–૦૭ થી ડે.કમિશ્નર (૫ અને ઈ) ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં. જીએડી/ઈએસટી/આઈ/૯૭૦ તા.૧૮–૧૨–૦૭ થી મોકલાવેલ માહિતીમાં નોંધ વિભાગની રીપોર્ટની નકલ આપવામાં આવેલ છે. જયારે મા.કમિશ્નરશ્રીનો આદેશ મેળવવા માટે સદર ચર્ચા કોની સાથે અને કયા અધિકારીના શેરાના અનુંસંધાને કરવામાં આવેલ તેની સંપુર્ણ વિગતો પુરી પાડવા અરજદાર ધ્વારા માંગણી કરવામાં આવેલ. જે અંગે અરજદારને ખાતાકીય તપાસ વિભાગના તા.૨૬–૫–૦૪ ના નોંધ વિભાગની રીપોર્ટની નકલ તા.૭–૨–૦૭ ના પત્રથી પુરી પાડેલ છે તેથી જવાબ આપવાનો રહેતો નથી એમ જાહેર માહિતી અધિકારી ધ્વારા જણાવવામાં આવેલ છે. પરંતુ અરજદાર ધ્વારા તા.૨૩–૬–૦૪ તથા તા.૩–૧૧–૦૪ ના રીપોર્ટ મુજબ કારણદર્શક નોટીસ આપી રૂબરૂ સુનાવણીમાં બોલાવ્યા હોવાનું જણાવેલ છે. તો આ રૂબરૂ સુનાવણી અન્વયે અરજદારને રૂબરૂ સાંભળવા માટે કયારે બોલાવ્યા? તેવા પત્ર વ્યવહારના જરૂરી પુરાવાની નકલો અરજદારને નહી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. જીએડી/ઈએસટી/આઈ/૮૫૯ તા.૧૬–૧૧–૦૭ થી અરજદારને પુરી પાડવામાં આવેલ જે પૈકી "રૂબરૂ ચર્ચા" બાબતે નોંધ વિભાગની ઉપલબ્ધ દફતરી નકલો પુરી પાડેલ હોઈ તે અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. પરંતુ નહી પુરી પાડેલ રૂબરૂ સુનાવણી અંગેની ઉપરોકત વિગત કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં પુરી પાડવા ડે.કમિશ્નર(૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૭૦૨
તારીખ : ૨૮–૧૨–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(૫ અને ઈ) અ... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી એ. આર. ચાંદ કલાર્ક, ...

અપીલ અરજી નં.૨૦૬/૦૭, તા. ૧૦–૧૨–૦૭.

અરજદારઃ ડો. સરોશ શામ ભકકા
સામાવાળાઃડાયરેકટર ઓફ પ્લાનીંગ

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ ડો. સરોશ શામ ભકકા ની તા.૪–૧૦–૦૭ની અરજીથી વોર્ડ નં.૧૩ એ, સીટી સર્વે નં.૨૩૨૦/બ, ફા.પ્લો નં.૧૦૮/એ ઉપર બાંધવામાં આવેલી મિલ્કતના સંદર્ભમાં.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૧૨–'૦૭ ની અપીલ અરજી નં.૨૦૬/૦૭.

ડો. સરોશ શામ ભકકા ની તા.૪–૧૦–૦૭ની અરજીથી વોર્ડ નં.૧૩ એ, સીટી સર્વે નં.૨૩૨૦/બ, ફા.પ્લો નં.૧૦૮/એ ઉપર બાંધવામાં આવેલી મિલ્કતના સંદર્ભમાં શહેર વિકાસ અધિકારીના પત્ર નં.ટી.ડી.ઓ/૩૫૬૫ તા.૮–૧૧–૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ તા.૧૦–૧૨–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/ ૬૭૭ તા.૧૩–૧૨–૦૭ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા કોઈ વિશેષ વિગતો મોકલવામાં આવેલ નથી.

અરજદારે અપીલ અરજીમાં એપ્લીકેશન ફોર રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝડ ડેવલપમેન્ટના ફોર્મ–બી માં પાછળ ટીક (✓) કરીને જણાવેલ રેકર્ડ ઓફ રાઈટસ (૭+૧૨ એક્ષ્ટ્રેકટ/પ્રોપર્ટીકાર્ડ)ના પુરાવા આપવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા સદર પુરાવા પુરા પાડવામાં આવેલ હોવાનું તેઓના ઉપરોકત પત્રમાં કે ત્યારબાદ પણ જણાવવામાં આવેલ હોવાનું જણાતું નથી

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટીડીઓ/૩૫૬૫ તા.૮–૧૧–૦૭ થી અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતીમાં ઉપરોકત બાબતનો ઉલ્લેખ ન હોય કાયદાની કલમ–૭ (૬) ની જોગવાઈ અનુસરી ઉપલબ્ધ દફતર ઉપરથી સદર વિગતો દિન–૭માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા અથવા સદર વિગતો દફતર પર ઉપલબ્ધ ન હોય તો તે પ્રમાણે હકીકતલક્ષી પ્રત્યુત્તર પાઠવવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં. આરટીઆઈ સેલ/ ૭૨૪
તારીખ : ૫–૧–૦૮.

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી........જાણ તથા અમલ માટે.
(૨) ડો. સરોશ શામ ભકકા

અપીલ અરજી નં.૨૦૭/૦૭, તા. ૩–૧૨–૦૭.

અરજદારઃ શ્રી એન. યુ. મહેતા
સામાવાળાઃ ડીન સ્મીમેર

# હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી એન. યુ. મહેતા ની તા.૨૦–૮–૦૭ની અરજીથી સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સિવાયના અન્ય કયા કયા વિભાગોમાં ૨૪ કલાક સેવાઓની જોગવાઈ છે.? આ વિભાગોમાં જરૂરી સ્ટાફ માટેના કોઈ ધારાધોરણે નકકી કરવામાં આવ્યા હોય તો તે માહિતી આપવા વિગેરે બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૧૨–'૦૭ ની અપીલ અરજી નં.૨૦૭/૦૭.

શ્રી એન. યુ. મહેતા ની તા.૨૦–૮–૦૭ની અરજીથી સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સિવાયના અન્ય કયા કયા વિભાગોમાં ૨૪ કલાક સેવાઓની જોગવાઈ છે.? આ વિભાગોમાં જરૂરી સ્ટાફ માટેના કોઈ ધારાધોરણે નકકી કરવામાં આવ્યા હોય તો તે માહિતી આપવા વિગેરે બાબતની અધિક નિયામકશ્રી,તબીબી શિક્ષણ અને સંશોધન ગાંધીનગરને કરવામાં આવેલ અરજી ઉપસચિવશ્રી, શ.વિ. અને શ.ગૃ. નિ. વિભાગ પત્ર ક્રમાંક સમન/૧૦૨૦૦૭/આરટીઆઈ–૨૨૧/પી ૩૦–૧૦–૦૭ થી મનપાને તબદીલ કરવામાં આવેલ જે પત્ર નં.જીએડી/ઈએસટી/૩૧૭૫ તા.૧૫–૧૧–૦૭ થી ડીન સ્મીમેરને તબદીલ કરવામાં આવેલ. જે અંગે ડીન સ્મીમેર તરફથી પત્ર નં.સ્મીમેર/૨૩૫૭ તા.૨૦–૧૧–૦૭ થી અત્રેની મેડીકલ કોલેજ સંલગ્ન ટીચીંગ હોસ્પીટલનું સંચાલન સુરત મહાનગર પાલિકા ધ્વારા થાય છે. અત્રે રાજય સરકારશ્રીની હોસ્પીટલની માફકના ધારાધોરણે અનુસાર ૨૪ કલાક ઈમરજન્સી સેવાઓ પુરી પાડવામાં આવે છે તેવા આપેલ જવાબથી નારાજ થઈ તા.૩–૧૨–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૮૧ તા.૧૫–૧૨–૦૭ થી ડીન સ્મીમેરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.સ્મીમેર/૨૬૮૬ તા.૨૦–૧૨–૦૭ થી મોકલવામાં આવેલ માહિતીમાં તેઓના પત્ર નં.સ્મીમેર/૨૩૫૭ તા.૨૦–૧૧–૦૭ થી અત્રેની મેડીકલ કોલેજ સંલગ્ન ટીચીંગ હોસ્પીટલનું સંચાલન સુરત મહાનગર પાલિકા ધ્વારા થાય છે. અત્રે રાજય સરકારશ્રીની હોસ્પીટલની માફકના ધારાધોરણે અનુસાર ૨૪ કલાક ઈમરજન્સી સેવાઓ પુરી પાડવામાં આવે છે તેમ જણાવેલ. પરંતુ અરજદારની અરજીમાં માંગ્યા મુજબ આ વિભાગોમાં જરૂરી સ્ટાફ માટેના કોઈ ધારાધોરણો નકકી કરવામાં આવ્યા હોય તો તે માહિતી નહીં આપવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો બાબતે નહીં આપેલ ઉપરોકત વિગત ઉપલબ્ધ દફતર ઉપરથી દિન–૭માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ડીન અને જાહેર માહિતી અધિકારી (સ્મીમેર) ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૭૦૬
તારીખ : ૩૧–૧૨–૦૭.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) ડીન અને જાહેર માહિતી અધિકારી(સ્મીમેર)........જાણ તથા અમલ માટે.
(૨) શ્રી એન. યુ. મહેતા,

અપીલ અરજી નં.૨૦૮/૦૭, તા. ૫–૧૨–૦૭.

અરજદારઃ શ્રી રાહુલ એસ. રાષ્ટ્રપાલ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીગ

# હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાહુલ એસ. રાષ્ટ્રપાલ ની તા.૧૦–૯–૦૭ની અરજીથી JNNURM અંગેની પુસ્તીકા તેમજ માહિતી આપવા વિગેરે બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૧૨–'૦૭ ની અપીલ અરજી નં.૨૦૮/૦૭.

શ્રી રાહુલ એસ. રાષ્ટ્રપાલ ની તા.૧૦–૯–૦૭ની અરજીથી JNNURM અંગેની પુસ્તીકા તેમજ માહિતી આપવા વિગેરે બાબતે ટી.પી.ડી/જે એન એન યુ આર એમ/૨૬૩ તા.૩–૧૦–૦૭ તેમજ કાર્ય પાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલના પત્ર નં.એસ યુ સી/આ. નં.૧૦૨૨ તા.૨૨–૧૦–૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ તા.૫–૧૨–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૮૦ તા.૧૫–૧૨–૦૭ થી ડાયરેકટર ઓફ પ્લાનીગ તેમજ કાર્ય પાલક ઈજનેર સ્લમ અપગ્રેડેશન સેલને જણાવવામાં આવેલ. જે સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/જે એન એન યુ આર એમ/૩૪૨ તા.૨૬–૧૨–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ. જેમાં તેઓ ધ્વારા પત્ર નં. .ટીપીડી/જે એન એન યુ આર એમ/૨૬૩ તા.૩–૧૦–૦૭ થી અરજદારને નિયત ફી રૂા.૬૯૨/– ભરીને માહિતી મેળવી લેવા જણાવેલ છે.પરંતુ અરજદારે તે નાણાં ભરીને માહિતી મેળવેલ છે કે કેમ? તેની વિગતો અપીલમાં જણાવેલ નથી. જયારે કાર્યપાલક ઈજનેરશ્રી અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલના પત્ર નં.એસયુસી/આઉટ/નં.૧૩૬૧ તા.૨૯–૧૨–૦૭ થી અરજદારની તા.૫–૧૨–૦૭ ની અપીલ અન્વયે લાગત મુદ્દાઓની માહિતી અંગે નિયત ફી રૂા.૨૨/– જમા કરાવવા જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા તા.૩–૧૦–૦૭ ના રવાનગી પત્રથી આપેલ માહિતી સાથે અરજદારને દસ્તાવેજ/પ્રકાશન ફી તરીકે નિયત રકમ ભરપાઈ કરી મેળવી લેવા નિયત સમય મર્યાદામાં જણાવેલ છે. જેથી તે મુજબ અમલ કરી માહિતી મેળવી લેવા અરજદારને સૂચિત કરવામાં આવે છે. જયારે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા અરજદારને પાઠવેલ પ્રથમ પત્ર તા.૧૨–૧૦–૦૭ અન્વયે વિના વિવાદે અરજદારને તા.૨૨–૧૦–૦૭ ના રોજ માહિતી પુરી પાડવામાં આવેલ જે બાબતે અપીલના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલનો તા.૨૯–૧૨–૦૭ નો પત્ર ધ્યાને લેતાં રાઈટ ટુ ઈન્ફરમેશન એકટની કલમ–૬, ૭ (૧) અને ૭ (૬) હેઠળની જોગવાઈ ધ્યાને રાખી તેઓ કક્ષાએથી નહી પુરી પાડેલ માહિતી દિન–૭માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૭૨૨
તારીખ : ૧–૧–૦૮.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી........જાણ માટે.
(૨) કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ જાણ માટે.
(૩) શ્રી રાહુલ એસ. રાષ્ટ્રપાલ,

૧

નં.આરટીઆઈસેલ/ ૧૪૩
તારીખ: ૧૫- ૧-૨૦૦૮.

પ્રતિ
શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા

**વિષય :**—આરટીઆઈ એકટ હેઠળ આપની તા.૨૫—૧૦—૦૭ની અરજી થી ટી.પી. ૬,ફા.પ્લોટ નં.૩૭૯ ખરવરનગર વસાહત ખાતે થયેલ ગેરકાયદેસર બાંધકામ સંદર્ભે મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**— આપની તા.૧૩—૧૨—'૦૭ ની અપીલ અરજી નં.૨૦૯/૦૭.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે આપની તા.૨૫—૧૦—૦૭ ની અરજી આઈડી નં.૧૨૪ ના સંદર્ભે આપના ધ્વારા તા.૨૬—૧૧—૦૭ ના રોજ કરવામાં આવેલ અપીલ અંગે અત્રેથી હુકમ નં.આરટીઆઈ સેલ/૬૮૬ તા.૧૭—૧૨—૦૭ થી નહી આપેલ માહિતી આપને પુરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવેલ જેના અનુંસંધાને તેઓના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૯૭૯૨ તા.૨૬—૧૨—૦૭ થી તેઓ ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેથી આપની તા.૧૩—૧૨—૦૭ ની એક જ બાબતની પુનઃ અપીલ અંગે કશું કરવાનું રહેતું ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે. વિશેષમાં આપના ધ્વારા પુનઃ અપીલમાં " કાર્યવાહી હાથ" ધરવા જણાવેલ છે જે અંગે લાગત કચેરીને ઘટતી કાર્યવાહી કરવા માટે રવાના કરેલ છે.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નકલ રવાનાઃ—કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી ઉધના ઝોન પ્રતિ... જાણ તેમજ તેમની તા.૧૩—૧૨—૦૭ ની અરજીના અનુસંધાને ઘટીત કાર્યવાહી કરવા સારું.

અપીલ અરજી નં.૨૧૦/૦૭, તા. ૧૩–૧૨–૦૭.

અરજદારઃ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા
સામાવાળાઃકાર્યપાલક ઈજનેર ઉધના ઝોન

## હુકમઃ–

**વિષય :–**આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા ની તા.૨–૧૧–૦૭ની અરજી થી ટી.પી. ૬,ફા.પ્લોટ નં.૩૭૯ ખરવરનગર વસાહત ખાતે કરવામાં આવેલ પીસીસી કામગીરી સંદર્ભે મુદ્દા નં. ૧ થી ૭ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૩–૧૨–'૦૭ ની અપીલ અરજી નં.૨૧૦/૦૭.

શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા ની તા.૨–૧૧–૦૭ની અરજી થી ટી.પી. ૬,ફા.પ્લોટ નં.૩૭૯ ખરવરનગર વસાહત ખાતે કરવામાં આવેલ પીસીસી કામગીરી સંદર્ભે મુદ્દા નં. ૧ થી ૭ ની માહિતી આપવા બાબતે કાર્ય પાલક ઈજનેર સાઉથ ઝોન ધ્વારા નિયત સમય મર્યાદા બાદ પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૯૫૩૯ તા.૮–૧૨–૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ તા.૧૩–૧૨–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ. જેમાં કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૯૫ તા.૧૮–૧૨–૦૭ થી કાર્ય પાલક ઈજનેર સાઉથઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા અપીલના અનુસંધાને અરજદારને પત્ર સા.ઝોન/ટેક./આ.નં.૧૦૦૦૦ તા.૨–૧–૦૮ થી માહિતી પુરી પાડવામાં આવેલ તેની નકલ અત્રે મોકલેલ છે. જે અનુસાર મુળ અરજીથી અલાયદા મુદ્દાનો ક્રમ નં.૬ થી અપીલમાં સમાવેશ કરવામાં આવેલ હોય તે બાબતે માહિતી મેળવવા કાયદા અનુસાર અરજી કરવા માટે પણ જણાવવામાં આવેલ છે. તેમજ સમય મર્યાદાના વિલંબ અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવેલ છે. જયારે બાકીની માહિતી મુદ્દા નં.૧ થી ૭ અંગે તેમના તા.૮–૧૨–૦૭ ના પત્રના સંદર્ભમાં પુરક વિગતો પણ પુરી પાડેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો કાર્યપાલક ઈજનેર અને જાહેરમાહિતી અધિકારી સાઉથ ઝોનના ના ઉકત પત્રોથી પુરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી.જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૭૨૬
તારીખ : ૫–૧–૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન........જાણ માટે.
(૨) શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીય

અરજદારઃ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા
સામાવાળાઃકાર્યપાલક ઈજનેર ઉધના ઝોન

**હુકમઃ–**

**વિષય :–**આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા ની તા.૨૧–૧૧–૦૭ની અરજી થી ટી.પી. ૬,ફા.પ્લોટ નં.૩૭૯ ખરવરનગર વસાહત ખાતે થયેલ ગેરકાયદેસર બાંધકામ સંદર્ભે મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૩–૧૨–'૦૭ ની અપીલ અરજી નં.૨૧૧/૦૭.

શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા ની તા.૨૧–૧૧–૦૭ની અરજી થી ટી.પી. ૬,ફા.પ્લોટ નં.૩૭૯ ખરવરનગર વસાહત ખાતે થયેલ ગેરકાયદેસર બાંધકામ સંદર્ભે મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી આપવા બાબતે કાર્ય પાલક ઈજનેર સાઉથ ઝોન ધ્વારા પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૯૫૨૪ તા.૭–૧૨–૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ તા.૧૩–૧૨–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૬૯૬ તા.૧૮–૧૨–૦૭ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૯૮૫૨ તા.૨૭–૧૨–૦૭ થી મોકલેલ વિગતમાં કોઈ વિશેષ વિગતો મોકલવામાં આવેલ નથી.

અરજદારે તેની અપીલમાં વીજીલન્સ ઓફિસરને ઉદ્દેશીને કરેલ તેઓની મુળ અરજી કાર્ય પાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન ધ્વારા કાર્ય પાલક ઈજનેર ઉધના ઝોનને પાઠવેલ છે તેની પણ વિગતો તપાસી તેની માહિતી વીજીલન્સ ઓફિસર ધ્વારા પુરી પાડવા જણાવેલ છે. જે અંગે અરજદાર ધ્વારા સેન્ટ્રલ ઝોનના નાગરીક સુવિધા કેન્દ્રમાં કરવામાં આવેલ અરજી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૭૭૩ તા.૨૨–૧૧–૦૭ થી કાર્ય પાલક ઈજનેર ઉધના ઝોનને તબદીલ કરવામાં આવેલ. જે તેઓના કાર્યક્ષેત્રમાં આવતી હોય કાર્ય પાલક ઈજનેર ઉધના ઝોન ધ્વારા તા.૭–૧૨–૦૭ ના રોજ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાય છે.જયારે અરજદાર ધ્વારા અપીલ અરજીની અન્ય બાબતો અંગે કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવેલ નથી. તેમજ લાગત જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી ઉપલબ્ધ દફતરના આધારે પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગેલ વિગતો કાર્યપાલક ઈજનેર અને જાહેરમાહિતી અધિકારીના ઉકત પત્રથી પુરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી.જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૭૨૫
તારીખ : ૫ –૧–૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન........જાણ માટે.
(૨) શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા,૧

અપીલ અરજી નં.૨૧૨/૦૭, તા. ૧૭–૧૨–૦૭.

અરજદારઃ શ્રી નરેન્દ્ર મોહનલાલ માસ્તર
સામાવાળાઃડે.કમિશ્નર (પ અને ઈ)કતારગામ ઝોન

# હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેન્દ્ર મોહનલાલ માસ્તર ની તા.૧૨–૧૧–૦૭ની અરજી થી લાલ દરવાજા વિસ્તારમાં આવેલ પ્લોટ નં.૭/૩૫૯/૨ બ્લોક નં.૩૭ અને ૩૮માં નોધાયેલ ગુમાસ્તાધારાની નોંધણી નંબર તથા તે કયારે અને કયા નામે નોંધાયું છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૧૨–'૦૭ ની અપીલ અરજી નં.૨૧૨/૦૭.

શ્રી નરેન્દ્ર મોહનલાલ માસ્તર ની તા.૧૨–૧૧–૦૭ની અરજી થી લાલ દરવાજા વિસ્તારમાં આવેલ પ્લોટ નં.૭/૩૫૯/૨ બ્લોક નં.૩૭ અને ૩૮માં નોધાયેલ ગુમાસ્તાધારાની નોંધણી નંબર તથા તે કયારે અને કયા નામે નોંધાયું છે તેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) પત્ર નં.એનઝેડ/આ./૫૪૨૮ તા.૨૧–૧૧–૦૭ થી જવાબ આપેલ. જેના સંદર્ભે અરજદાર ધ્વારા તા.૨૭–૧૧–૦૭ ના રોજ ફરીથી મોકલેલ પત્રમાં ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર મેળવવા માટે શ્રીનાથજી ફેબ્રીકસ તથા સનત ટેક્ષ્ટાઈલના માલિકે કરેલ અરજી તથા તેમણે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાની ઝેરોક્ષ નકલ મેળવવા અરજી કરેલ. જે બાબતેડે.કમિશ્નર (પ અને ઈ) પત્ર નં.એનઝેડ/આ./૫૮૧૦ તા.૧૭–૧૨–૦૭ થી નોંધણી પ્રમાણપત્ર મેળવવા કરેલ અરજીની ઝેરોક્ષ કોપી આપેલ છે. જયારે અન્ય કોઈ પુરાવા રજુ કરેલ નથી તેવા અરજદારને આપેલ જવાબથી નારાજ થઈ તા.૧૭–૧૨–'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૬૯૭ તા.૧૮–૧૨–૦૭ થી ડે.કમિશ્નર (પ અને ઈ) ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નોર્થઝોન/આઉટ/નં.૬૧૩૩ તા.૨–૧–૦૮ થી મોકલવામાં આવેલ માહિતીમાં તા.૨૮–૧૨–૮૭ ના રોજ નોંધણીપ્રમાણ પત્ર મેળવવા કરેલ અરજી એ–ફોર્મ સાથે અન્ય કોઈ પુરાવા રજુ કરેલ ન હોવાથી તે આપવાનો પ્રશ્ન રહેતો નથી. વધુમાં સુરત મહાનગરપાલિકાના રેકર્ડ રુલ્સ અને એ–બી–સી–ડી–ઈ લીસ્ટ મુજબ સદર "એ" ફોર્મનો કેટેગરી "ડી" માં સમાવેશ થયેલ છે. જે મુજબ સદર રેકર્ડ પાંચ વર્ષ સુધી જ જાળવવાનો રહે છે તેમ છતાં ઉપલબ્ધ માહિતી આપેલ છે તેમ જણાવેલ છે. પરંતુ સદર રેકર્ડ નિકાલ/નાશ કરેલ હોવા બાબતે કોઈ ઉલ્લેખ નથી.જયારે અરજદારની તા.૧૨–૧૧–૦૭ ની અરજીમાં સદર સરનામે અગાઉ હિમાંશુ ટેક્ષ્ટાઈલ્સ નામે નોંધણી થયેલ તે રદ થયું છે કે નહી તથા રદ થયું હોય તો કયારે થયું તેની માહિતી આપવા જણાવેલ. જે અંગે પણ ઉપરોકત બંને પત્રોમાં કોઈ ઉલ્લેખ નથી. જયારે તે જ રેકર્ડ અંગેની વિગત અરજદાર ધ્વારા માંગવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીઓ પૈકી તા.૧૨–૧૧–૦૭ ની અરજીથી હિમાંશુ ટેક્ષ્ટાઈલ્સ બાબતે તેમજ તા.૨૭–૧૧–૦૭ ની અરજીથી શ્રીનાથજી ફેબ્રીકસ અને સનત ટેક્ષ્ટાઈલ્સ ના દસ્તાવેજી પુરાવાની માંગેલ વિગતો દફતર ઉપર ઉપલબ્ધ હોય તો પુરી પાડવા અન્યથા દફતર ઉપર ઉપલબ્ધ ન હોય તો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭માં અરજદારને અત્રેની જાણ હેઠળ વિગતવાર પ્રત્યુત્તર પાઠવવા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થ ઝોન........જાણ માટે.
(૨) શ્રી નરેન્દ્રભાઈ મોહનલાલ માસ્તર,

અપીલ અરજી નં.૨૧૩/૦૭, તા. ૧૮-૧૨-૦૭.

અરજદારઃ શ્રી યાસીનભાઈ મોહંમદભાઈ મુલતાની
સામાવાળાઃ ડે.કમિશ્નર(સ્પે)

# હુકમ:-

**વિષય :**-આરટીઆઈ એકટ હેઠળ શ્રી યાસીનભાઈ મોહંમદભાઈ મુલતાની ની તા.૨૩-૧૦-૦૭ની અરજી થી ટી.પી.સ્કીમ નં.૯, ફા.પ્લોટ નં.૧૬૬/એ તથા ૧૬૬/બી પૈકી સબ પ્લોટ નં.૧ વાળી મિલ્કતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ અંગે તેમજ સામાવાળાની દુકાન નં.૩ અને ૪ ની દસ્તાવેજી પુરાવાની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૧૮-૧૨-'૦૭ ની અપીલ અરજી નં.૨૧૩/૦૭.

શ્રી યાસીનભાઈ મોહંમદભાઈ મુલતાની નીતા.૨૩-૧૦-૦૭ની અરજી થી ટી.પી.સ્કીમ નં.૯, ફા.પ્લોટ નં.૧૬૬/એ તથા ૧૬૬/બી પૈકી સબ પ્લોટ નં.૧ વાળી મિલ્કતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ અંગે તેમજ સામાવાળાની દુકાન નં.૩ અને ૪ ની દસ્તાવેજી પુરાવાની માહિતી આપવા બાબતે કાર્ય પાલક ઈજનેર સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનના પત્ર નં.સા.વે(અઠવા) ઝોન/આ.૧૧૫ તા.૨૨-૧૧-૦૭ થી દુકાન નં. ૩ અને ૪ ના દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ નથી તેવા આપેલ જવાબથી નારાજ થઈ તા.૧૮-૧૨-'૦૭ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૦૭ તા.૩૧-૧૨-૦૭ થી ડે.કમિશ્નર(સ્પે)ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા કોઈ માહિતી અત્રે મોકલવામાં આવેલ નથી. અરજદારે તેની અપીલમાં સામાવાળાની દુકાન નં.૩ અને ૪ ના દસ્તાવેજના પુરાવાઓની નકલ આપતા નથી એમ જણાવેલ છે પરંતુ તે અંગેના કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવેલ નથી. જયારે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને કાર્ય પાલક ઈજનેર સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનના પત્ર નં.સા.વે(અઠવા) ઝોન/આ.૧૧૫ તા.૨૨-૧૧-૦૭ થી અરજદારને માહિતી ઉપલબ્ધ દફતર ઉપરથી પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી મિલ્કતના દસ્તાવેજી પુરાવા સિવાયની માહિતી કાર્ય પાલક ઈજનેર સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનના પત્ર નં.સા.વે(અઠવા) ઝોન/આ.૧૧૫ તા.૨૨-૧૧-૦૭ થી પુરી પાડવામાં આવેલ છે. જયારે દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ નહી હોવાનું જણાવેલ છે. અરજદારની માંગણી સામાવાળાના દસ્તાવેજી પુરાવાને લગતી છે જે ત્રાહિત પક્ષકારની માહિતી હેઠળ પણ આવી શકે. જાહેર માહિતી અધિકારી ધ્વારા આ અંગેની કોઈ કાર્યવાહી અનુસરાયેલ હોવાનું જણાતું નથી તેમજ દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ નહી હોવા સબબનું કોઈ કારણ પણ જણાવેલ નથી. સમગ્ર હકીકત ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારીને માહિતી અધિકાર અધિનિયમની કલમ-૮ હેઠળના જે ચોકકસ અપવાદ હેઠળ ઈન્કાર કરવા માંગે છે તેની માહિતી દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ નહી હોવા અંગેના વાજબી કારણ સહ અરજદારને દિન-૭ માં અત્રેની જાણ હેઠળ જણાવવા આથી આદેશ કરવામાં આવે છે. આ પ્રક્રિયા દરમ્યાન જાહેર માહિતી અધિકારી કલમ-૧૧ હેઠળની કાર્યવાહી અનુસરવા અને યોગ્ય તે નિર્ણય લેવા પણ સક્ષમ છે."

નં. આરટીઆઈ સેલ/૭૪૮
તારીખ : ૧૮-૧ -૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી જાણ સારુ
(૨) શ્રી યાસીનભાઈ મોહંમદભાઈ મુલતાની

અપીલ અરજી નં.૨૧૪/૦૭, તા. ૨૬–૧૨–૦૭.

અરજદારઃ શ્રીચંદ્રકાંત કે. કંથારીયા
સામાવાળાઃ શાસનાધિકારી,ન.પ્રા.શિ.સમિતિ

## હુકમઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રીચંદ્રકાંત કે. કંથારીયા ની તા.૧–૧૦–૦૭ની અરજીથી તેમાં જણાવ્યા મુજબના મુદૃા નં. ૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૧૨–'૦૭ ની અપીલ અરજી નં.૨૧૪/૦૭.

શ્રીચંદ્રકાંત કે. કંથારીયા ની તા.૧–૧૦–૦૭ની અરજીથી તેમાં જણાવ્યા મુજબના મુદૃા નં. ૧ થી ૩ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં. ૨ નો જવાબ આપેલ નથી. તેમજ મુદ્દા નં.૩ની માહિતી અધુરી આપેલ છે જેનાથી નારાજ થઈ તા.૧૨–૧૧–'૦૭ના રોજ કમિશ્નરશ્રીને સંબોધીને લખેલ અપીલ અરજી મધ્યસ્થ કચેરી ધ્વારા પત્ર નં.ડી/૭૮૮૯ તા.૧૩–૧૧–૦૭ થી શાસનાધિકારીશ્રીને રવાના કરવામાં આવેલ. જે અંગે કોઈ કાર્યવાહી થઈ ન હોવાથી અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૨–૦૭ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૪ તા.૨–૧–૦૮ થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓના પત્ર નં.૫૯૨૭ તા.૮–૧–૦૮ થી અત્રે મોકલવામાં આવેલ વિગતોમા જણાવ્યા મુજબ અરજદારના મુદ્દા નં ૨ અને ૩ ની માહિતીની તપાસની કાર્યવાહી પુર્ણ થયેલ નથી અને તે પૈકી તેમના મુદ્દા નં.૩ માં જણાવ્યા અનુસાર શાળાના શૈક્ષણિક કાર્યની માહિતી માંગેલ તે આપવામાં આવેલ છે જયારે તે અંગેના પુરાવાની બાબત અંગેનું મુલ્યાંકન શાળાકક્ષાએ કરવાનું રહેતું હોવાથી યથાસમયે તેની વિગત મેળવવાની બાકી હોવાથી તે મળ્યેથી આપવામાં આવશે તેમ જણાવેલ છે. જયારે અરજદારે તેની અપીલમાં મુદ્દા નં.૨ ની તેમની તા.૨૭–૮–૦૭ ની અરજીથી W.E.C. ના સભ્ય સચિવ નીમવા અંગેની રજુઆત અંગે કરેલ કાર્યવાહીની માહિતી આપેલ નથી તેમજ આ સિવાયની મુદ્દા નં.૩ અન્વયે તેમની તા.૧૦–૧–૦૭ ની અરજીથી મોટી વેડ શાળાક્રમાંક.૧૮૬ ના આચાર્ય વિરુધ્ધ શાળાના બાળકોના અભ્યાસને સ્પર્શતી બાબતો અંગે કરેલ ફરીયાદના અનુંસંધાને થયેલ તપાસ કાર્યવાહીની વિગતોની માહિતી અધુરી,સુસંગતતા વગરની આપેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલી માહિતી પૈકી નહી આપવામાં આવેલ ઉપરોકત વિગતની બંને મુદૃાઓ પરત્વે સંપન્ન થયેલ કાર્યવાહીની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા અને જો કાર્યવાહી સંપન્ન થયેલ ન હોય તો તે અનુસારની વિગતોથી અરજદારને અવગત કરવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૭૪૬
તારીખ :૧૭–૧ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી ન,પ્રા,શિ.સમિતિ.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ચંદ્રકાંત કે. કંથારીયા

અપીલ અરજી નં.૨૧૫/૦૭, તા. ૩૧-૧૨-૦૭. (3)

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ આસી.કમિશ્નર

# હુકમઃ-

**વિષય :-** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૬-૧૧-૦૭ની અરજીઓથી ઘર નં.૪/૩૭૦-૩૭૧ વાળી મિલ્કતના ગેરકાયદેસરના બાંધકામ બાબતે આપેલ નોટીસ સંદર્ભે કરેલ કાર્યવાહીના રીપોર્ટની નકલ આપવા તેમજ હાલ કાર્યવાહી ચાલુ છે કે બંધ તેની માહિતી તેમજ મંજુર કરેલ પ્લાન અને રજાચિઠ્ઠીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૩૧-૧૨-'૦૭ ની અપીલ અરજી નં.૨૧૫/૦૭.

શ્રી હેમંત એન. દેસાઈ ની તા.૨૬-૧૧-૦૭ની અરજી થી ઘર નં.૪/૩૭૦-૩૭૧ વાળી મિલ્કતના ગેરકાયદેસરના બાંધકામ બાબતે આપેલ નોટીસ સંદર્ભે કરેલ કાર્યવાહીના રીપોર્ટની નકલ આપવા તેમજ હાલ કાર્યવાહી ચાલું છે કે બંધ તેની માહિતી તેમજ મંજુર કરેલ પ્લાન અને રજાચિઠ્ઠીની નકલ આપવા બાબતે બંને અરજીઓ અંગે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩૧-૧૨-'૦૭ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૧૮ તા.૩-૧-૦૮ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર સે. ઝોન/આ.નં.૮૮૩ તા.૯-૧-૦૮ થી અત્રે મોકલેલ વિગતોમાં આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર સેંઝોન/આ.નં.૮૫૯ તા.૨૮-૧૨-૦૭ થી નિયત સમયમર્યાદા બાદ અરજદારને સદર મિલ્કતદાર સામે કરવામાં આવેલ કાર્યવાહી અંગેનો રીપોર્ટ તથા સદર મિલ્કતના પ્લાન,રજાચિઠ્ઠીની નકલ આપીને સ્થળ પર બાંધકામ બંધ હોય અત્રેથી કોઈ કાર્યવાહી ચાલું નથી તેમ જણાવેલ.જયારે અરજદાર ધ્વારા અપીલના સમર્થનમાં કોઈ આધારપુરાવા કે વાજબીપણાના કારણો રજુ કરવામાં આવેલ નથી. તેમજ અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ બે મુદ્દા પૈકીનો એક પણ મુદ્દો તેઓની મુળ અરજીમાં સમાવિષ્ટ જણાયેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીઓમાં માંગ્યા મુજબની માહિતી આસી.કમિશ્નર અને જાહેરમાહિતી અધિકારીના પત્ર સે.ઝોન/આ.નં.૮૫૯ તા.૨૮-૧૨-૦૭ થી પુરી પાડવામાં આવેલ હોય અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી. જેથી અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો અપીલમાં ઉપસ્થિત કરેલ અલાયદા મુદ્દાઓ અંગે કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અલાયદી અરજીથી લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મેળવવા હકદાર છે."

નં. આરટીઆઈ સેલ/૭૪૨
તારીખ :૧૫ -૧ -૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ

નં.આરટીઆઈસેલ/ ૭૩૧
તારીખ: ૯– ૧–૨૦૦૮.

**પ્રતિ**
શ્રીઝોહરાખાતુન નુરએહમદ મલેક
[redacted]

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ આપ ની તા.૩–૧૧–૦૭ની અરજી થી સ્મીમેર તેમજ અન્ય ખાતામાં સહાયક તરીકે ફરજ બજાવતાં કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓની મુદત વધારવા અંગેની દરખાસ્ત તથા તે સંદર્ભે થયેલ ઠરાવની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– આપની તા.૨–૧–'૦૮ ની અપીલ

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે આપની અપીલમાં જણાવ્યા મુજબ તા.૨૭–૧૨–૦૭ ના રોજ એટલે કે આપની અરજીનો સમયગાળો પુર્ણ થયા બાદ મળેલ સામાન્ય સભામાં નિર્ણય થયેલ હોવાનું જણાવેલ છે. જયારે આપની તા.૩–૧૧–૦૭ ની અરજીમાં માંગેલ વિગતો જે તે સમયની સ્થિતિએ જાહેર માહિતી અધિકારી કક્ષાએ ઉપલબ્ધ ભૌતિક સ્વરૂપની દસ્તાવેજી માહિતી અનુસાર તા.૨૮–૧૧–૦૭ ના રોજ આપવામાં આવેલ હોવાનું જણાય છે. જેથી આપની અપીલ ગ્રાહય રાખવામાં આવતી નથી. સદર દસ્તાવેજી પુરાવા આપ અલાયદી અરજી કરી મેળવી શકો છો.

ડેપ્યુટી કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા.

**નકલ સ. ર.શ્રી ડે.કમિશનર (૫ અને ઈ) પ્રતિ..... જાણ માટે.**

અપીલ અરજી નં.૨૧૭ તા. ૫–૧–૦૮

અરજદારઃ શ્રીરમણલાલ એન.પટેલ
સામાવાળાઃ શાસનાધિકારી

# હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમણલાલ એન.પટેલની તા.૮–૧૧–૦૭ની અરજી થી આકાર ફર્નીચર ભરૂચને ફર્નીચર સપ્લાય કરવા માટે આપવામાં આવેલ ઓર્ડર મુજબ વરાછા રોડની શાળામાં ફર્નીચર બનાવેલ તે વર્કઓર્ડરની તારીખ અને પત્ર નંબર આપવા વિગેરે મુદ્દા નં. ૧ થી ૨૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૧૭/૦૭.

શ્રીરમણલાલ એન.પટેલની તા.૮–૧૧–૦૭ની અરજી થી આકાર ફર્નીચર ભરૂચને ફર્નીચર સપ્લાય કરવા માટે આપવામાં આવેલ ઓર્ડર મુજબ વરાછા રોડની શાળામાં ફર્નીચર બનાવેલ તે વર્કઓર્ડરની તારીખ અને પત્ર નંબર આપવા વિગેરે મુદ્દા નં. ૧ થી ૨૯ ની માહિતી આપવા બાબતે શાસનાધિકારી ના પત્ર નં.જાવક/૫૦૮૪ તા.૧૨–૧૨–૦૭ થી નિયત સમયમર્યાદા બાદ આપેલ જવાબથી નારાજ થઈ તા.૫–૧–'૦૮ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૩૩ તા.૧૦–૧–૦૮ થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી પત્રનં.૬૩૧૫ તા.૨૩–૧–૦૮ થી વિગતો મોકલવામાં આવેલ.

સદર અપીલ અંગે તા.૬–૨–૦૮ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર પોતે તેમજ લાગત જાહેર માહિતી અધિકારી તરફે શ્રી જયંતિભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતાં.

**<u>અરજદારની રજુઆત નીચે મુજબ છે.</u>**

(૧) જવાબ મળેલ છે જે વ્યાજબી ન લાગવાથી અપીલ કરેલ છે.
(૨) વીજળી બીલ રૂ. ૫૦૦/– આવતું હતું તેને બદલે કામગીરી દરમ્યાન ૮૦૦૦ થી ઉપર બીલ આવેલ. વધારાના બીલના નાંણા વસુલ લેવાયા નથી.
(૩) કામ શરૂ થયા પહેલા તથા પછીના બીલની વિગતો મળવી જોઈએ.
(૪) પસ્તી મુદ્દાઓનો જવાબ મળેલ નથી તેમજ નહી મળેલ માહિતી ૩૦ દિવસ સુધીમાં મળે તે માટે સંમત છે.

**<u>જાહેર માહિતી અધિકારી તરફે રજુઆત નીચે મુજબ છે.</u>**

(૧) ટેન્ડર શરતમાં સદર બાબતે સ્પષ્ટતા નથી.
(૨) પેટા સમિતિના નિર્ણયથી બીલ પેટે રૂ.૧૦,૦૦૦ કાપવામાં આવેલા.
(૩) વીજીલન્સ તપાસ પણ થયેલ.
(૪) ચૂંટણીને કારણે જવાબ આપવામાં વિલંબ થવા પામેલ.
(૫) બાકી વિગતોની માહિતી કાયદા અને નિયમ મુજબ ત્રણ સપ્તાહમાં પુરી પાડવા જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ સુનાવણીમાં બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી પૈકી પસ્તી અંગેના મુદ્દાઓની માહિતી,કામ શરૂ થયા પહેલા તેમજ પછીના બીલની વિગતો સહિત અન્ય બાકી રહેલી માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અરજદારને દિન–૩૦ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

7/2

નં. આરટીઆઈ સેલ/ ૭૮૩
તારીખ : ૮ –૨ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમણભાઈ એન.પટેલ

અપીલ અરજી નં.૨૧૮ તા. ૮–૧–૦૮.

અરજદારઃ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ

# હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયાની તા.૩–૧૨–૦૭ની અરજીથી ઉધના મેઈન રોડ ટી.પી.૬,ફા.પ્લોટ નં.૩૭૯ ખરવરનગર વસાહત ખાતે થયેલ ગેરકાયદેસરના બાંધકામોને કાયદેસર કરાવા સારું રજુ કરવામાં આવેલ રીવાઈઝડ પ્લાનની વિકાસ પરવાનગી અને તેને સંલગ્ન વિગતો પુરી પાડવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૧૮.

શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયાની તા.૩–૧૨–૦૭ની અરજીથી ઉધના મેઈન રોડ ટી.પી.૬,ફા.પ્લોટ નં.૩૭૯ ખરવરનગર વસાહત ખાતે થયેલ ગેરકાયદેસરના બાંધકામોને કાયદેસર કરાવા સારું રજુ કરવામાં આવેલ રીવાઈઝડ પ્લાનની વિકાસ પરવાનગી અને તેને સંલગ્ન વિગતો પુરી પાડવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં.ટીડીઓ/૪૧૮૩ તા.૩૧–૧૨–૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ તા.૮–૧–'૦૮ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૩૪ તા.૧૫–૧–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.ટીડીઓ/૪૬૧૭ તા.૨૫–૧–૦૮ થી વિગતો મોકલવામાં આવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી અન્વયે શહેર વિકાસ અધિકારીના પત્ર નં.ટીડીઓ/૪૪૩૧ તા.૧૨–૩–૦૭ થી વાંધાઓની પુર્તતા અંગેના પત્રની વાંચી શકાય તેવી નકલ અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૭૫૮
તારીખ : ૨–૨–૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભુપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા,

અપીલ અરજી નં.૨૧૯/૦૭, તા. ૧૦-૧-૦૮.

અરજદાર: શ્રી શેખ ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન
સામાવાળા: ડે.કમિશ્નર(હે અને હો), લીંબાયત ઝોન

## હુકમ:–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી શેખ ઈદરીશ હુસેન અબ્દુલ હુસેનની તા.૭-૧૨-૦૭ની અરજીથી ૪૫ મીટર પહોળા રસ્તા પર ભુસાવલ લાઈનથી ડીંડોલી-ખરવાસા રોડને જોડતાં અસરકર્તા મકાનોની યાદી તેમજ પ્લાનની નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૦-૧-'૦૮ ની અપીલ અરજી નં.૨૧૯/૦૭.

શ્રી શેખ ઈદરીશ હુસેન અબ્દુલ હુસેનની અરજીથી ૪૫ મીટર પહોળા રસ્તા પર ભુસાવલ લાઈનથી ડીંડોલી-ખરવાસા રોડને જોડતાં અસરકર્તાની મકાનોની યાદી તેમજ પ્લાનની નકલ આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૦-૧-'૦૮ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૪૧ તા.૧૬-૧-૦૮ થી ડે.કમિશ્નર (હે અને હો) ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.સાઉથ ઈસ્ટ ઝોન/ઈએસટી/આઉટ/૨૩૯૯ તા.૨૧-૧-૦૮ થી મોકલેલ વિગતોમાં અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી પૈકી પ્લાની નકલ આપી હોવાનું જણાય છે. જયારે તેમાં અસર પામેલાઓની યાદી પુરી પાડી નથી તેમજ સામાન્ય સભાના ઠરાવ નં.૩૮૦/૦૭ તા.૨૯-૫-૦૭ની નકલ સેક્રેટરી વિભાગનો સંપર્ક કરી મેળવી લેવા જણાવેલ છે. સદર કાયદાની જોગવાઈ અનુસાર અરજીના જે મુદ્દાઓ જાહેર માહિતી અધિકારીના કાર્યક્ષેત્રમાં આવતા ન હોય તે મુદ્દાઓ પુરતી અરજી લાગત જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવાની રહે છે. જે કાર્યવાહી ડે.કમિશ્નર (હે અને હો) ધ્વારા કરવામાં આવેલ ન હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી અન્વયે ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેરમાહિતી અધિકારીના પત્ર સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૮૫ તા.૧૭-૧૨-૦૭ થી પુરી પાડવામાં આવેલ માહિતી પૈકી નહી પુરી પાડેલ અસરકર્તાઓની યાદી તેમજ ઠરાવની નકલ દિન-૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૭૪૮
તારીખ :૨૮-૧-૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર મા[illegible] લીંબાયત ઝોન ........જાણ માટે.
(૨) શ્રી શેખ ઈદરીશ હુસેન અબ્દુલ હુસેન [illegible]

અપીલ અરજી નં.૨૨૦, તા. ૧૦–૧–૦૮.

અરજદારઃ શ્રી કેશવરામ મિશ્રા
સામાવાળાઃ (૧)ડે.કમિશ્નર(હે અને હો) ,લીંબાયત ઝોન
(૨)ડાયરેકટર ઓફ પ્લાનીંગ

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કેશવરામ મિશ્રાની તા.૬–૧૨–૦૭ની અરજીથી ૪૫ મીટર પહોળા રસ્તા સ.નં. ૩૪૬ બ્લોક નં.૫૨૧ ને અસર કરે છે કે નહીં તથા અસરકર્તાની યાદી તેમજ બાંધકામનો મંજુર થયેલ ઠરાવની નકલ,અંદાજીત ખર્ચ અને કામ પુર્ણ થવાના સમયની માહિતીઆપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૦–૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૦.

શ્રી કેશવરામ મિશ્રાની તા.૬–૧૨–૦૭ની અરજીથી ૪૫ મીટર પહોળા રસ્તા સ.નં.૩૪૬ બ્લોક નં.૫૨૧ ને અસર કરે છે કે નહી તથા અસરકર્તાની યાદી તેમજ બાંધકામનો મંજુર થયેલ ઠરાવની નકલ,અંદાજીત ખર્ચ અને કામ પુર્ણ થવાના સમયની માહિતી આપવા બાબતે"૪૫ મીટર પહોળા રસ્તા સ.નં.૩૪૬ બ્લોક નં.૫૨૧ ને અસર કરે છે કે નહીં"તેટલા મુદ્દા પુરતું નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૦–૧–'૦૮ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૩૬ તા.૧૬–૧–૦૮ થી ડે.કમિશ્નર (હે અને હો)ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.ઈએસટી/આઉટ/નં.૨૪૬૩ તા.૨૫–૧–૦૮ મોકલવામાં આવેલી વિગતોમાં અસરકર્તા મકાનો અરજદારને પુરા પાડેલ પાર્ટ નકશામાં દર્શાવવામાં આવ્યા છે તેમજ ઠરાવની નકલ,અંદાજીત ખર્ચ તેમજ કામ પુર્ણ થવાનો સમયની માહિતી પુરી પાડવામાં આવેલ છે. જયારે અસરકર્તાની યાદી બાબતે સદર રોડના ડીમાર્કેશનની કાર્યવાહી ડી.આઈ.એલ.આર મારફતે કરાવવાની કાર્યવાહી પ્રગતિમાં હોય, ડીમાર્કેશન થયેથી અસરકર્તાની યાદી મળી શકશે તેમ જણાવી અરજદારની તા.૬–૧૨–૦૭ની મુળ અરજી તથા તા.૧૦–૧–૦૮ ની અપીલ અરજી પત્ર આ.નં.૨૪૦૪ તા.૨૨–૧–૦૮ ના રોજ શહેર વિકાસ અધિકારીશ્રી (ટાઉન પ્લાનીંગ વિભાગ)ને હાલમાં સદર વિસ્તારમાં ટી.પી. સ્કીમ બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોય તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા.૬–૧૨–૦૭ ની મુળ અરજી સેન્ટ્રલ ઝોનમાંથી ટાઉન પ્લાનરને નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૮૨૨ તા.૭–૧૨–૦૭ થી તબદીલ કરવામાં આવલ. જયારે નગરનિયોજકના પત્ર નં.ટીપીડી/૬૦૫૨ તા.૨૮–૧૨–૦૭ થી કાર્યપાલક ઈજનેર સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત)ને તબદીલ કરવામાં આવેલ. આમ નગરનિયોજક તેમજ કાર્યપાલક ઈજનેર સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત) ધ્વારા માહિતી અધિકાર અધિનિયમના કાયદાની જોગવાઈ અનુસાર નિયત સમયમર્યાદામાં મુળ અરજી તબદીલ થયેલ નહી હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી અન્વયે ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેરમાહિતી અધિકારીના પત્ર નં. સા.ઈ.ઝોન/મહેકમ/૨૨૪૯ તા.૩–૧–૦૮ થી ઉપલબ્ધ ભૌતિક સ્વરૂપની માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેમાં અપીલમાં નિર્દિષ્ટ મુદ્દા અંગે અસર દર્શાવતા પાર્ટપ્લાનના નકશાની નકલ આપવામાં આવેલ છે. પરંતુ પત્રમાં હકીકતનો નિર્દેશ કરવામાં આવેલ નથી. અરજદાર આમ નાગરીક હોય તે અંગે હકીકતલક્ષી વિગત અરજદારને પુરી પાડવા ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૭૭૨
તારીખ : ૨ –૨–૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન ........જાણ તથા અમલ માટે.
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી..... જાણ માટે
(૩) શ્રી કેશવરામ મિશ્રા, ૧ [illegible]

અપીલ અરજી નં.૨૨૧ તા. ૧૧–૧–૦૮

અરજદારઃ શ્રી વિજય મોહનલાલ ગાંધી
સામાવાળાઃ ઝોનલચીફ, વરાછા ઝોન

# હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિજય મોહનલાલ ગાંધી ની તા.૭–૧૨–૦૭ની અરજીથીટી.પી. સ્કીમ નં.૪ ફા.પ્લોટ નં. ૪૫ રે.સ. નં.૩૫૯/૨ પૈકી ની મિલ્કતના તા.૩–૪–૭૦ ની લેઆઉટ પ્લાન તેમજ તા.૩–૧૧–૭૨ ની બાંધકામ પ્લાન મંજુરીની પ્રમાણિત નકલો આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૧–૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૧/૦૭.

શ્રી વિજય મોહનલાલ ગાંધી ની તા.૭–૧૨–૦૭ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૪ ફા.પ્લોટ નં. ૪૫ રે.સ. નં.૩૫૯/૨ પૈકી ની મિલ્કતના તા.૩–૪–૭૦ ની લેઆઉટ પ્લાન તેમજ તા.૩–૧૧–૭૨ ની બાંધકામ પ્લાન મંજુરીની પ્રમાણિત નકલો આપવા બાબતે શહેર વિકાસઅધિકારી ધ્વારા સદર મિલ્કતમાં મંજુર થયેલ પ્લાન અંગેની વિગતો ઉપલબ્ધ નથી તેમ જણાવી પત્ર નં.ટીડીઓ/૪૦૪૫ તા.૨૦–૧૨–૦૭ થી કાર્યપાલક ઈજનેર વરાછા ઝોનને તબદીલ કરેલ. જયારે ઝોનલ ચીફ પૂર્વઝોન કચેરી (વરાછા) ના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૪૨૩ તા.૭–૧–૦૮ થી રેકર્ડ ચકાસતા ઉકત માહિતી ઉપલબ્ધ જણાયેલ નથી તેવા આપેલ જવાબથી નારાજ થઈ તા.૧૧–૧–'૦૮ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈસેલ/૭૩૭ તા.૧૬–૧–૦૮ થી ઝોનલચીફ વરાછા ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ વિગતો અત્રે મળેલ નથી.

સદર અપીલની સુનાવણી તા.૧૩–૨–૦૮ ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર પોતે તેમજ જાહેર માહિતી અધિકારી તરફે ઝોનલચીફ વરાછા ઝોન ઉપસ્થિત રહયા હતાં.
અરજદારની રજુઆત નીચે મુજબ છે.
– પ્લાનની કોપી મળેલ નથી. રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી.તેમ જવાબ મળેલ છે.
– ૩ સપ્તાહમાં પ્લાન મળે તેવા પ્રયત્નો કરવા વિનંતી કરેલ છે.

જાહેર માહિતી અધિકારી તરફે રજુઆત નીચે મુજબ છે.
– દફતર ઉપર કોપી ઉપલબ્ધ નથી.
–દફતર વર્ગીકરણ કરાવીને પૂરતા પ્રયત્નો કરેલ છે પણ વિગત મળેલ નથી.
– ઝોનમાં સોસાયટીને આપેલ સુવિધાઓ રસ્તા,લાઈટ,પાણી,ડ્રેનેજની ફાઈલો પણ ચકાસીને શોધવા માટે પ્રયત્ન કરીશું.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી ઝોન કક્ષાએથી સોસાયટીને આપેલ રસ્તા,લાઈટ,પાણી,ડ્રેનેજની ફાઈલો પણ ચકાસીને દફતર ઉપર ઉપલબ્ધ હોય તો અરજદારને ત્રણ સપ્તાહમાં હકીકતલક્ષી વિગતો પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૮૦૦
તારીખ : ૧૪ –૨ –૦૮.

ડે.કમિશ્નર (જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિજય મોહનલાલ ગાંધી

અપીલ અરજી નં.૨૨૨ તા. ૧૫-૧-૦૮

અરજદારઃ શ્રી સરલા મોહનલાલ બલીયા
સામાવાળાઃ આસી.કમિશ્નર

## હુકમઃ-

**વિષય :-**આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી સરલા મોહનલાલ બલીયા ની તા.૧૫-૧૧-૦૭ની અરજીથી વોર્ડ નં.૧૨/૨૭૭૯-૮૦ પર બંધાયેલ હીરાબાદ કો.ઓ.હા.સો. ના ૧૯૭૫-૭૬ ના અરસાના કબ્જેદારોનું લિસ્ટ આપવા બાબત.

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૧૫-૧-'૦૮ ની અપીલ અરજી નં.૨૨૨/૦૭.

શ્રી સરલા મોહનલાલ બલીયા ની તા.૧૫-૧૧-૦૭ની અરજીથી વોર્ડ નં.૧૨/૨૭૭૯-૮૦ પર બંધાયેલ હીરાબાદ કો.ઓ.હા.સો. ના ૧૯૭૫-૭૬ ના અરસાના કબ્જેદારોનું લિસ્ટ આપવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર એ.આર.ડી.નં./૪૫ તા.૧૭-૧૨-૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ તા.૧૫-૧-'૦૮ના રોજ એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૪૦ તા.૧૬-૧-૦૮ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.એઆરડી/સીઝેડ/૬૬ તા.૬-૨-૦૮ થી મોકલાવેલ વિગતો જોતાં એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસર (ઉત્તર) સેન્ટ્રલ ઝોનના પત્ર નં.એ.આર.ડી./૬૬ તા.૮-૨-૦૮ થી સને ૧૯૮૭-૮૮ ના વર્ષનું સોસાયટીના કબ્જેદારોનું લીસ્ટ પુરું પાડેલ હોવાનું જણાવેલ છે. અરજદારે તેની અપીલમાં વર્ષ ૧૯૭૫-૭૬ અગર તે પછીના વહેલામાં વહેલા વર્ષના કબ્જેદારોનું લીસ્ટ આપવા જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની અપીલ અરજીમાં માંગ્યા મુજબની માહિતી એસેસમેન્ટ એન્ડ રીકવરીઓફિસર (ઉત્તર) સેન્ટ્રલ ઝોનના પત્ર નં.એ.આર.ડી./૬૬ તા.૮-૨-૦૮ થી પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૧૯૨
તારીખ : ૧૩-૨-૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ માટે
(૨) શ્રી સરલા મોહનલાલ બલીય

અપીલ અરજી નં.૨૨૩ તા. ૧૭–૧–૦૮તેમજ તા.૨૫–૧–૦૮.

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ આસી.કમિશ્નર

# હુકમ:–

**વિષય** :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૧–૧૦–૦૭ તથા તા.૧૯–૧૨–૦૭ની અરજીથી વોર્ડ નં.૧૦ નોંધ નં.૨૫૫૬ ભાગાતળાવ પાણીની ભીંતવાળી માર્કેટ સંદર્ભમાં માહિતી પુરી પાડવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની તા.૧૭–૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૩ તેમજ તા.૨૫–૧–૦૮ ની અપીલ અરજી.

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૧–૧૦–૦૭ તથા તા.૧૯–૧૨–૦૭ની અરજીથી વોર્ડ નં.૧૦ નોંધ નં.૨૫૫૬ ભાગાતળાવ પાણીની ભીંતવાળી માર્કેટ સંદર્ભમાં માહિતી પુરી પાડવા બાબતે આસી.કમિશ્નરના પત્ર સે.ઝોન/આ નં.૭૬૭ તા.૨૦–૧૧–૦૭ તેમજ પત્ર સે.ઝોન/આ નં.૮૭૦ તા.૩–૧–૦૮ થી અનુક્રમે આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૭–૧–૦૮ તેમજ તા.૨૫–૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૫૦ તા.૨૨–૧–૦૮ થી આસી.કમિશ્નરને જણાવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર સે.ઝોન/આ.ન.૯૪૩ તા.૨–૨–૦૮ થી મોકલવામાં આવેલ વિગતોમાં અરજદારની તા.૧–૧૦–૦૭ ની અરજી ના સંદર્ભે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સે.ઝોન/આ.નં.૭૬૭ તા.૨૦–૧૧–૦૭ થી અરજદારને પ્રશ્નવાળી મિલ્કતમાં મંજુર પ્લાન મુજબનું બાંધકામ પુર્ણ થયેલ છે. સદર મિલ્કતનો પ્લાન રજાચિઠ્ઠી નં.૧૨૯ તા.૧૨–૦૯–૦૩ થી મંજુર થયેલ છે. જે અંતર્ગત લાઈનદોરીમાં આવતી જગ્યા છોડવામાં આવેલ છે. તેમજ નિતિનિયમ મુજબ મંજુર પ્લાનમાં નિતિનિયમનું પાલન કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જયારે અરજદારની તા.૧૯–૧૨–૦૭ ની અરજી બાબતે પ્રશ્નવાળી મિલ્કતના બાંધકામો સેન્ટ્રલ ઝોન કચેરીએથી મંજુર કરવામાં આવેલ નથી જેથી માહિતી ઉપલબ્ધ નથી એમ જણાવેલ છે.અરજદારે તેની અપીલમાં બે અલગ અરજીઓના આપેલ જવાબમાં વિસંગતતા હોવાનું જણાવેલ છે. જયારે બંને અરજીઓની વિગતો જોતાં અલગ અલગ મિલ્કત અંગેની અરજીઓ હોવાનું પ્રથમદર્શી રીતે જણાય છે. તેમની તા.૧–૧૦–૦૭ ની અરજી વોર્ડ નં.૧૦ નોંધ નં.૨૫૫૬ ને લગતી જયારે તા.૧૯–૧૨–૦૭ ની અરજી વોર્ડ ૧૦ નોંધ નં.૨૫૫૬/એ ને લગતી જણાય છે અને જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ બંને અરજીઓની માહિતી તે અનુસારની જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૯–૧૨–૦૭ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી આસી.કમિશ્નરના પત્ર સે.ઝોન/આ નં.૮૭૦ તા.૩–૧–૦૮ થી ઉપલબ્ધ રેકર્ડના આધારે પુરી પાડેલ છે જેથી અપીલ અંગે કશું કરવાનું રહેતું ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૯૮૫
તારીખ : ૮ –૨ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી..... જાણ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ

૧૫

અપીલ અરજી નં.૨૨૪ તા. ૧૭–૧–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃડે.કમિશ્નર (૫ અને ઈ)

# હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૬–૧૨–૦૭ નીઅરજીથી વેડરોડ વિશ્રામનગર સોસા.ની સીઓપીની જગ્યાઉપર કોઈ બાંધકામ થયું છે? કોનું બાંધકામ થયું છે અને તેનું ડીમોલીશન કેમ કરવામાં આવ્યું નથી તેની સ્થળ ઉપર તપાસ કરી માહિતી પુરી પાડવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૭–૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૪

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૬–૧૨–૦૭ ની અરજીથી વેડરોડ વિશ્રામનગર સોસા.ની સીઓપીની જગ્યાઉપર કોઈ બાંધકામ થયું છે? કોનું બાંધકામ થયું છે અને તેનું ડીમોલીશન કેમ કરવામાં આવ્યું નથી તેની સ્થળ ઉપર તપાસ કરી માહિતી પુરી પાડવા બાબતે કોઈ પ્રતિભાવ નિયત સમય મર્યાદામાં મળેલ ન હોય જેથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૭–૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૫૩ તા.૨૩–૧–૦૮ તેમજ નં. આરટીઆઈ સેલ/૭૯૧ તા.૧૨–૨–૦૮ થી ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૬–૧૨–૦૭ ની અરજીમાં માંગ્યા મુજબની વિશ્રામનગર સોસાયટીની સી.ઓ.પી. ની જગ્યા પર બાંધકામ અંગેની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/ ૮૦૬
તારીખ : ૨૦ –૨ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**
(૧)ડે.કમિશ્નર(૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી,કતારગામ ઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ, [illegible]

અપીલ અરજી નં.૨૨૫ તા. ૨૧–૧–૦૮

અરજદારઃ શૈલેશકુમાર ઠી. પાઠક
સામાવાળાઃડે.કમિશ્નર (હે અને હો)

# હુકમઃ–

**વિષયઃ**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી શૈલેશકુમાર ઠી. પાઠકની તા.૨૦–૯–૦૭ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૨૧–૧–૦૮ ની અપીલ અરજી નં.૨૨૫

શ્રી શૈલેષકુમાર ડી. પાઠકની તા.૨૦–૯–૦૭ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી પુરી પાડવા બાબતે છેલ્લા સાત વર્ષમાં કેન્દ્ર અને રાજય સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ કયા હેતુ માટે આવી તેમજ તે પૈકી કેટલો ખર્ચ થયો તેની વર્ષવાર માહિતી તથા છેલ્લા પાંચ વર્ષમાં કર્મચારી/પદાધિકારીઓ અને તેમના કુંટુંબના સભ્યો માટે કેટલા રૂપિયાની બહારની દવા ખરીદવામાં આવી વિગેરે સંદર્ભે ડે.કમિશ્નર (હે અને હો)ના પત્ર પીએચડી/આ.અ/નં.૧૭૯૫ તા.૧૯–૧૦–૦૭ થી આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૧–૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

અરજદાર ધ્વારા સદર અપીલ આશરે બે માસના વિલંબ બાદ કરવામાં આવેલ અને તે અંગે કોઈ વાજબીપણું જણાવેલ ન હોવાથી કાયદાની કલમ–૧૯ હેઠળ મળેલ માહિતીની નારાજગીના કિસ્સામાં દિન–૩૦ ની સમય મર્યાદામાં અપીલ કરવાની રહે છે જે ધ્યાને લેતાં તેઓની સમય મર્યાદા બહારની અપીલ શા કારણથી ગ્રાહય રાખવી તેની સ્પષ્ટતા પણ કરવા તેઓને પત્ર નં. આરટીઆઈ સેલ/૭૫૫ તા.૨૩–૧–૦૮ થી જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી અરજદારને પાઠવેલ જવાબ તેમજ આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૫૫ તા.૨૩–૧–૦૮ થી ડે.કમિશ્નર (હે અને હો) તેમજ આસી.કમિશ્નર (ફા.) ને જણાવવામાં આવેલ. જે પૈકી ડે.કમિશ્નર (હે અને હો) ના પત્ર નં.પીએચડી/૨૮૩૮ તા.૧૧–૨–૦૮ થી મોકલવામાં આવેલ વિગતમાં છેલ્લા સાત વર્ષમાં રાજય સરકાર તરફથી મળેલ ગ્રાન્ટ તેમજ તે અંગે થયેલ ખર્ચની વિગતો વર્ષવાઈઝ,પાલિકા ધ્વારા નિયુકત દવાના સ્ટોર્સની સંખ્યા તેમજ વિસ્તારની માહિતી પુરી પાડવામાં આવેલ છે. જયારે કેન્દ્ર સરકાર તરફથી આરોગ્ય ખાતાના કોઈ પણ પ્રકારની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. જયારે કર્મચારીઓ/કર્મચારીના આશ્રિતો/કોર્પોરેટરો/માજી. કોર્પોરેટરોનો બહારની દવા અંગેનો ખર્ચ અલગથી નોંધવામાં આવતો નથી જેથી સદરહુ માહિતી અલગથી આપી શકાય તેમ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે તેમની મુળ અરજી તેમજ અપીલમાં નિર્દિષ્ટ કર્યાનુસાર અલગ અલગ માહિતીનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ જણાતો નથી તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી સંદર્ભ પત્રથી અત્રે મોકલેલ વિગતો , અરજદારે અપીલમાં જણાવ્યા અનુસારની ધ્યાને લેતાં તેમજ અરજદારની ગર્ભિત માંગણીને અનુલક્ષી અરજદારને નહી પુરી પાડેલ માહિતી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર (હે અને હો) ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૮૯૦
તારીખ : ૨૦ –૨ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી,..... જાણ માટે
(૨) શ્રી શૈલેષકુમાર ડી.પાઠક,

અપીલ અરજી નં.૨૨૬ તા. ૨૧–૧–૦૮

અરજદાર: શ્રી આકાશભાઈ વાઢેર
સામાવાળા: આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન

# હુકમ:–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી આકાશભાઈ વાઢેરની તા.૨૯–૧૨–૦૭ ની અરજીથી ડાહીબેન વનમાળીભાઈ પટેલના મરણ દાખલામાં તા.૨૨–૨–૦૬ ના રોજ થયેલા સુધારા અંગેની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી પુરી પાડવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૧–૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૬

શ્રી આકાશભાઈ વાઢેરની તા.૨૯–૧૨–૦૭ ની અરજીથી ડાહીબેન વનમાળીભાઈ પટેલના મરણ દાખલામાં તા.૨૨–૨–૦૬ના રોજ થયેલા સુધારા અંગેની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી પુરી પાડવા બાબતે આસી.કમિશ્નર ના પત્ર નં. સે.ઝોન/આ.નં.૮૯૨ તા.૧૫–૧–૦૮ થી એકટની કલમ–૮ (ઠ)ની જોગવાઈ ધ્યાને લેતાં ત્રાહિત વ્યકિતને આ માહિતી આપી શકાય નહી. આપે માંગેલ સુધારાની સંપુર્ણ વિગતની માહિતી જન્મ મરણ નોંધણી અધિનિયમ હેઠળ મર્યાદિત છે તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૧–૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવાપત્ર નં. આરટીઆઈ સેલ/૭૫૭ તા.૨૪–૧–૦૮ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી વિગતો મળેલ છે.

સદર અપીલની સુનાવણી તા.૧૩–૨–૦૮ ના રોજ રાખવામાં આવેલ. જેમાં અરજદાર પોતે તેમજ જાહેર માહિતી અધિકારી તરફે આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન ઉપસ્થિત રહયા હતાં.
અરજદારની રજુઆત નીચે મુજબ છે.

– મરણના દાખલાની નામ સુધારાની એફીડેવીટ તેમજ મરણનો દાખલો જોઈએ છે.

જાહેર માહિતી અધિકારી તરફે રજુઆત નીચે મુજબ છે.

– ત્રાહિત વ્યકિતની માહિતી આપવાની રહેતી નથી તેમજ તેમણે માહિતી આપવા ના પાડેલ છે જેથી માહિતી આપી નથી
– જન્મ મરણ નિયમો હેઠળ નિયંત્રિત થતી માહિતી આપવાની રહેતી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ બંને પક્ષોની રજુઆત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"માહિતી અધિકાર અધિનિયમની કલમ–૨ તેમજ કલમ– ૨૨ ની જોગવાઈને ધ્યાને લેતાં અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી અરજદારને દિન–૭માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૮૦૨
તારીખ : ૧૪ –૨ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી આકાશભાઈ વાઢેર,બી...

અપીલ અરજી નં.૨૨૭ તા. ૨૩–૧–૦૮

અરજદારઃ શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃ આસી.કમિશ્નર

## હુકમઃ—

**વિષય** :—આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૪–૧૨–૦૭ ની અરજીથી તા.૨૪–૧૦–૦૭ ના રોજ વોર્ડ નં.૪ એ માં વિગતવાર કરેલ અરજી અંગે શા પગલાં લીધા તેની કોપી આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની તા.૨૩–૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૭

શ્રી હેમંત એન.દેસાઈની તા.૪–૧૨–૦૭ ની અરજીથી તા.૨૪–૧૦–૦૭ ના રોજ વોર્ડ નં.૪ એ માં વિગતવાર કરેલ અરજી અંગે શા પગલાં લીધા તેની કોપી આપવા બાબતે આસી.કમિશ્નર ના પત્ર નં. સે.ઝોન/આ.નં.૮૭૨ તા.૩–૧–૦૮ થી આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૩–૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપેલ જવાબના સમર્થનમાં દસ્તાવેજી આધાર સાથે આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૬૨ તા.૨૯–૧–૦૮ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ વિગતો મળેલ નથી. અરજદારની અપીલ અરજીમાં તા.૨૪–૧૦–૦૭ ની અરજીમાં દુધારા શેરી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં પણ બાંકડા ચાલતા હોય ખૂબ જ તીવ્ર વાસ આવતી હોવાનો ઉલ્લેખ છે. જયારે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના ઉકત પત્રથી આપેલ જવાબમાં સદર મિલ્કતનો ઉલ્લેખ નથી તેમજ જરૂરી નિયમાનુસાર ફી ભરી કોપી મેળવી લેવા જણાવેલ છે પરંતુ ફી ની રકમ જણાવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે તેમની મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી નહી પુરી પાડેલ ઉપરોકત વિગતો અરજદારને કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે. વધુમાં અરજદાર ધ્વારા અપીલ અરજીમાં કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તે કેસ નંબરની વિગત મેળવવાના મુળ અરજીથી અલાયદા મુદ્દા બાબતે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીને અલગ અરજી કરી માહિતી મેળવવા હકદાર છે."

નં. આરટીઆઈ સેલ/૮૧૨
તારીખ :૨૧–૨ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી.સેન્ટલ ઝોન..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી હેમંત એન.દેસાઈ

અપીલ અરજી નં.૨૨૮ તા. ૨૩–૧–૦૮.

અરજદારઃ શ્રી દિનકરભાઈ આર.ચૌધરી
સામાવાળાઃ શાસનાધિકારી

## હુકમઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનકરભાઈ આર.ચૌધરીની તા.૨૦–૧૨–૦૭ ની અરજીથી મુદ્દા નં.૧થી ૭ ની વિગત આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૮

શ્રી દિનકરભાઈ આર.ચૌધરીની ના.૨૦–૧૨–૦૭ ની અરજીથી મુદ્દા નં.૧થી ૭ ની વિગત આપવા બાબતે શાસનાધિકારી ધ્વારા મુદ્દા નં.૧ અને ૨ માટે અરજી અનુક્રમે પ્રોજેકટ ઓફિસર આઈ.સી.ડી.એસ તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને તબદીલ કરી છે. જયારે મુદ્દા નં.૩ થી ૭ ની માહિતી અંગે કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૩–૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત માહિતી નહી પુરી પાડવા અંગે સ્પષ્ટતા સહ આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૬૩ તા.૨૯–૧–૦૮ થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓના પત્ર નં.૬૫૨૧ તા.૩૧–૧–૦૮ થી મોકલવામાં આવેલ માહિતી ધ્યાને લેતાં સદર બાબતે અરજદારને શાસનાધિકારીના પત્ર નં.૬૨૨૧ તા.૧૭–૧–૦૮ થી રૂા. ૯૮૬૪૬/– નિયત ફી જમા કરાવી દસ્તાવેજોની નકલ મેળવી લેવા જણાવેલ છે. જે પત્રની નકલ અરજદારે તા.૧૮–૧–૦૮ ના રોજ સ્વીકારેલ હોવાનું જણાય છે. તેમ છતાં અરજદારે અપીલ અરજીમાં તેનો કોઈ ઉલ્લેખ કરેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી અન્વયે શાસનાધિકારીના ઉકત પત્રથી નિયત ફી જમા કરાવવાનું જણાવેલ છે. જે અનુસાર અરજદારને કાયદાની જોગવાઈ અનુસાર નિયત ફી ભરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે. "

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં. આરટીઆઈ સેલ/૯૯૩
તારીખ: ૨–૨–૦૮.

**પ્રતિ**
(૧) શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી..... જાણ માટે
(૨) શ્રી દિનકરભાઈ આર. ચૌધરી, તં

અપીલ અરજી નં.૨૨૯ તા. ૨૨–૧–૦૮

અરજદારઃ શ્રી અજય રઘુનાથ પાટીલ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હે અને હો)

# હુકમઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય રઘુનાથ પાટીલની તા.૨૭–૧૧–૦૭ ની અરજીથીમોજે લીંબાયત રે.સ.નં.૧/૨ સંજયનગરમાં આવેલ પ્લોટ નં.૨૪૬,૨૪૮,૨૪૯ એલાઈમેન્ટ કે રીઝર્વેશનમાં છે કે કેમ? તે અંગે અભિપ્રાય આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૨–૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૨૯

શ્રી અજય રઘુનાથ પાટીલની તા.૨૭–૧૧–૦૭ ની અરજીથીમોજે લીંબાયત રે.સ.નં.૧/૨ સંજયનગરમાં આવેલ પ્લોટ નં.૨૪૬,૨૪૮,૨૪૯ એલાઈમેન્ટ કે રીઝર્વેશનમાં છે કે કેમ? તે અંગે અભિપ્રાય આપવા બાબતે ડે.કમિશ્નર (હે અને હો) ના પત્ર સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૮૬ તા.૧૭–૧૨–૦૭ થી સ્થળ લોકેશનની સ્પષ્ટતા થતી નથી માટે સોસાયટીના મંજુર થયેલ પ્લાનની નકલ રજુ કરવા અરજદારને જણાવવામાં આવેલ. જે તેઓ ધ્વારા તા.૨૮–૧૨–૦૭ ના રોજ રજુ કરેલ હોવા છતાં માહિતી અંગે કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૨–૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત માહિતી નહી પુરી પાડવા અંગે સ્પષ્ટતા સહ આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૬૯ તા.૧–૨–૦૮ થી ડે.કમિશ્નર (હે અને હો) ને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓના પત્ર નં.સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત)/ઈએસટી/આઉટ ૨૬૬૯ તા.૮–૨–૦૮ થી મોકલવામાં આવેલ વિગતોમાં અરજદારને ઉકત બાબતે રૂબરૂ સ્થળ ઉપર જણાવેલ પ્લોટની જગ્યા બતાવ્યેથી રૂબરૂમાં સ્થળ ઉપર જ માહિતી આપી શકાશે જે માટે અરજદારને તા.૨૧–૧–૦૮ ના રોજ સવારે ૧૦–૦૦ કલાકે અચુક હાજર રહેવા કાર્યપાલક ઈજનેર સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત) ના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૩૬૭ તા.૧૭–૧–૦૮ થી જણાવવામાં આવેલ.પરંતુ અરજદાર તા.૨૨–૧–૦૮ ના રોજ ઉપસ્થિત રહેલ તથા તેઓ ધ્વારા તેમના પ્લોટની લોકેશનની સ્પષ્ટતા કર્યા બાદ માપણી કરીને તેઓને સંતોષકારક માહિતી આપવામાં આવેલ જેથી સદર અરજી દફતરે કરવા કાર્ય પાલક ઈજનેર તરફથી તા.૩૦–૧–૦૮ ના રોજ મંજુરી આપવામાં આવેલ છે. પરંતુ અરજદારને તેની લેખિતમાં જાણ કરવામાં આવેલ હોવાનું ઉપલબ્ધ દફતર ઉપરથી જણાતું નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજીમાં માંગ્યા મુજબની માહિતી તેઓને સ્થળ ઉપર રૂબરૂ હાજર રાખી માપણી કરીને પુરી પાડેલ હોવાનું જણાવેલ છે પરંતુ અરજદારને લેખિતમાં કોઈ માહિતી આપેલ નહી હોય અત્રેની જાણ હેઠળ તેમ કરવા ડે. કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૭૬૩
તારીખ : ૧૩–૨ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી.લીંબાયત ઝોન..... જાણ માટે
(૨) શ્રી અજય રઘુનાથ પાટીલ,ડ

અપીલ અરજી નં.૨૩૦ તા. ૩૦-૧-૦૮

અરજદારઃ શ્રી ચંદ્રકાંત કે.કંથારીયા
સામાવાળાઃ શાસનાધિકારી

## હુકમઃ-

**વિષય :**- આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંદ્રકાંત કે.કંથારીયાની તા.૨૦-૧૨-૦૭ અરજીથી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૩૦-૧-'૦૮ ની અપીલ અરજી નં.૨૩૦

શ્રી ચંદ્રકાંત કે.કંથારીયાની તા.૨૦-૧૨-૦૭ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે નિયત ફી રૂા. ૯૩૨/- જમા કરાવવા અંગેનો જાવક નં.૬૨૨૨ ૧૭-૧-૦૮નો પત્ર નિયત સમય મર્યાદા બાદ તા.૨૯-૧-૦૮ ના રોજ અરજદારને મળેલ હોય માહિતી અધિકાર અધિનિયમ હેઠળ યોગ્ય કાર્યવાહી કરવા અંગે અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૩૦-૧-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત સમય મર્યાદામાં નિયત ફી અંગેનો પત્ર અરજદારને નહી મોકલવા તેમજ માહિતી નહી પુરી પાડવા અંગે સ્પષ્ટતા સહ આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૭૫ તા.૪-૨-૦૮ થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે શાસનાધિકારીના પત્ર નં.૬૮૮૪ તા.૮-૨-૦૮ થી અત્રે મોકલેલ વિગતોમાં અરજદારને સમય મર્યાદામાં અરજીમાં માંગેલ મુદ્દાઓની વિગતો એકત્રિત કરીને શાસનાધિકારીના પત્ર જાવક નં.૬૨૨૨ તા.૧૭-૧-૦૮ થી દસ્તાવેજ ફી ના રૂા.૯૩૨/- ની રકમ કચેરીમાં જમાં કરાવી નકલો મેળવી લેવા જણાવતો પત્ર તેજ તારીખે અરજદારના રહેઠાણે મોકલાવતા તે અસ્વીકૃત થતાં તા.૧૮-૦૧-૦૮ના રોજ પોસ્ટ મારફતે રવાના કર્યાના UPC ના આધાર રજુ કરેલ છે. જે નિકાલની સમયઅવધીમાં છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીમાં માંગ્યા મુજબની માહિતી બાબતે શાસનાધિકારીના ઉકત જણાવેલ પત્રથી અરજદારને નિયત ફી ની રૂા.૯૩૨/- ની રકમ જમા કરાવી માહિતીની નકલો મેળવી લેવા જણાવેલ હોઈ અરજદારને તે મુજબની કાર્યવાહી અનુસરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૮૦૫
તારીખ : ૧૫-૨-૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી,..... જાણ માટે
(૨) શ્રી ચંદ્રકાંત કે. કંથારીયા,મો

અપીલ અરજી નં.૨૩૧ તા. ૫–૨–૦૮

અરજદારઃ શ્રી નિલેશભાઈ પી.દેસાઈ
સામાવાળાઃડે.કમિશ્નર (હે અને હો)

# હુકમઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિલેશભાઈ પી.દેસાઈની તા.૧૯–૧૨–૦૭ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૫–૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૧

શ્રી નિલેશભાઈ પી.દેસાઈની તા.૧૯–૧૨–૦૭ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૫ ની માંગેલ માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (હે અને હો)ના પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૭૪૯ તા.૯–૧–૦૮ થી આપેલ માહિતી પૈકી મુદ્દા નં.૩,૪,અને ૫ ના જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૫–૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૮૯ તા.૮–૨–૦૮ થી ડે.કમિશ્નર (હે અને હો) ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર જા.નં.પીએચડી/૮૫ તા.૧૬–૨–૦૮ થી મોકલેલ વિગતોમાં મહાનગર પાલિકાના ડે.કમિશ્નર(હે અને હો) ને લોકલ હેલ્થ ઓથોરીટી તેમજ ફરીયાદ મુકવા મંજુરી આપવાની સત્તા આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે.તેમજ સમર્થનમાં ૮ ફેબ્રુઆરી ૨૦૦૦ ના તે અંગેના રાજયપત્રની નકલ મોકલેલ છે. જયારે અરજદારે તેમની અપીલમાં આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે તેમની મુળ અરજીથી માંગેલ માહિતી ડે.કમિશ્નર (હે અને હો) ના પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૭૪૯ તા.૯–૧–૦૮ થી નિયત સમય મર્યાદામાં દફતરી માહિતી પુરી પાડેલ હોઈ અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/૮૨૨
તારીખ :૨૨–૨ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી,..... જાણ માટે
(૨) શ્રી નિલેશભાઈ પી. દેસાઈ,

3

અપીલ અરજી નં.૨૩૨ તા.૪–૨–૦૮

અરજદાર: શ્રી વશરામભાઈ રામજીભાઈ
સામાવાળા: ઝોનલચીફ વરાછા ઝોન

## હુકમ:–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલની તા.૧૫–૧–૦૮ ની અરજીથી તા.૧૫–૧–૦૮ ના રોજ જન્મ મરણના દાખલા આપવાની કામગીરી કરતાં કર્મચારી રજા પર હતાં તો તેમની કામગીરી કોને સોંપવામાં આવી તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૨

શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલની તા.૧૫–૧–૦૮ ની અરજીથી તા.૧૫–૧–૦૮ ના રોજ જન્મ મરણના દાખલા આપવાની કામગીરી કરતાં કર્મચારી રજા પર હતાં તો તેમની કામગીરી કોને સોંપવામાં આવી તેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ પૂર્વઝોન (વરાછા)ના પત્રનં.ઈઝેડ/આરટીઆઈ/૪૩૮ તા.૨૪–૧–૦૮ થી સીવીક સેન્ટર ખાતેના જન્મ મરણના દાખલા આપવાની કામગીરી કરતાં સ્ટેટેસ્ટીકલ આસી. તા.૧૫–૧–૦૮ થી તા.૧૬–૧–૦૮ સુધી દિન–૦૨ રજા ઉપર હતાં. સદર કામગીરી માટેની જગ્યા ઝોન કક્ષાએ એક જ છે. આવી કામગીરી કરવા માટે આ કર્મચારીને સીક્રેટ પાસવર્ડ આપવામાં આવેલ હોય અન્ય કોઈ કર્મચારીને આવી કામગીરી પાસવર્ડની ગુપ્તતાને ધ્યાને રાખી સોપી શકાય નથી. આમ છતાં ઝોન કક્ષાએ આવી કામગીરી અંતર્ગત કર્મચારી મજકુરની ગેરહાજરી વખતે અરજી સ્વીકારવા માટેની અલાયદી વ્યવસ્થા કરવામાં આવેલ છે તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૪–૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૮૮ તા.૮–૨–૦૮ થી ઝોનલચીફ વરાછા ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે તેમની મુળ અરજીથી માંગેલ માહિતી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના ઉપરોકત પત્રથી નિયત સમય મર્યાદામાં પુરી પાડેલ હોઈ અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/ ૮૨૭
તારીખ :૨૪–૨ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન..... જાણ માટે
(૨) શ્રી વશરામભાઈ રામજીભાઈ પટેલ

અપીલ અરજી નં.૨૩૩ તા.૮–૨–૦૮

અરજદારઃ શ્રી પરસોતમભાઈ એમ.મોરીયા
સામાવાળાઃ ડે.કમિશ્નર (હે અને હો)

## હુકમઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પરસોતમભાઈ એમ. મોરીયાની તા.૨૦–૧૨–૦૭ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૩

શ્રી પરસોતમભાઈ એમ. મોરીયાની તા.૨૦–૧૨–૦૭ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માંગેલ માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (હે અને હો) ના પત્ર નં.સા.ઈઝોન/મહેકમ/૨૩૨૮ તા.૧૧–૧–૦૮ થી આપેલ જવાબ પૈકી મુદ્દા નં.૧,૩,અને ૫ ના જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૮–૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૯૭ તા.૧૪–૨–૦૮ થી ડે.કમિશ્નર (હે અને હો) ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.સાઉથ ઈસ્ટ ઝોન/ઈએસટી/આઉટ/નં.૨૭૪૧ તા.૧૬–૨–૦૮ થી મોકલેલ વિગતોમાં તેઓના તા.૧૧–૧–૦૮ ના પત્રથી આપેલ વિગતો પૈકી મુદ્દા નં.૧માં રૂસ્તમપાર્ક બીની સાઈડમાંથી પસાર થતાં '૮૦' ફુટના રોડ પર મહાપ્રભુનગર સર્વે. નં.૪/૧/૬ ના પ્લોટ નં.૩૩૫ થી ૩૪૪ સુધીના રોડની સાઈડમાં ફુટપાથ કેમ નાખવામાં આવી નથી? આ ફુટપાથ નાખવા માટે કયા કન્સ્ટ્રકશનને કામ સોંપાયું હતું અને તે માટે કેટલા રૂપિયાનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો. આ ફુટપાથ બાકી રખાતાં આ કોન્ટ્રાકટ પાસેથી કેટલી પેનલ્ટી લેવાય છે કે કેમ? હવે આ ફુટપાથ કયારે નંખાશે. રોડની સાઈડમાં અમુક જગ્યાએ ૭ થી ૮ ફુટની ફુટપાથ તો કેટલી બે કે એક ફુટની નાખવામાં આવી છે તેમજ મુદ્દા નં.૩ માં મહાપ્રભુનગર સર્વે નં.૪/૧/૬ તેમજ મંગળા પાર્ક સર્વે નં.૨૦/૪ અને સર્વે નં. ૭ તથા ૮ ના વિસ્તારોના કારખાનાવાળાઓએ ગેરકાયદેસર ગટર ગલીમાં બાંધકામ કરી દીધું છે તેમાં જવાબદાર કોણ? આ ગેરકાયદેસર બાંધકામ દુર થશે કે કેમ?વિગેરે બાબતની માહિતી અરજદારને પુરી પાડવામાં નહી હોવાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે તેમની મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી નહી પુરી પાડેલ ઉપરોકત વિગતો અરજદારને કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૮૨૮
તારીખ ૨૭ –૨ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન..... જાણ. માટે તથા કાર્યવાહી માટે
(૨)શ્રીપરસોત્તમભાઈ એમ.મોરીયા

અપીલ અરજી નં.૨૩૪ તા.૮-૨-૦૮

અરજદારઃ શ્રી હરિશભાઈ કણીયા
સામાવાળાઃ આસી.કમિશ્નર

# હુકમ:-

**વિષય :**-આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરિશભાઈ કણીયાની તા.૨૧-૧-૦૮ ની અરજીથી૪/૨૯૯ના મકાનની મંજુર થયેલ પ્લાનની તથા બાંધકામની પરવાનગીની રજાચિઠ્ઠીની કોપી આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૮-૨-'૦૮ ની અપીલ અરજી નં.૨૩૪

શ્રી હરિશભાઈ કણીયાની તા.૨૧-૧-૦૮ ની અરજીથી૪/૨૯૯ના મકાનની મંજુર થયેલ પ્લાનની તથા બાંધકામની પરવાનગીની રજાચિઠ્ઠીની કોપી આપવા બાબતે આસી.કમિશ્નર ના પત્ર નં.સે.ઝોન/આ. નં./૯૩૮ તા.૩૧-૧-૦૮ થી "પ્રશ્નવાળી મિલ્કતના મંજુર થયેલ પ્લાન સંબંધિત રેકર્ડ ઉપલબ્ધ થઈ શકેલ ન હોય આપની માંગણી મુજબના મંજુર પ્લાન/રજાચિઠ્ઠીની નકલ આપી શકાય તેમ નથી" તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૮-૨-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ. જેમાં આધાર પુરાવા કે વાજબીપણાના કોઈ કારણો જણાવેલ નથી.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૯૬ તા.૧૪-૨-૦૮ થી આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર સે.ઝોન/આ. નં.૯૯૫ તા.૨૧-૨-૦૮ થી વિગતો મોકલવામાં આવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે તેમની મુળ અરજીથી માંગેલ માહિતી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના ઉપરોકત પત્રથી દફતરી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેમ જણાવેલ હોઈ અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/૮૨૨
તારીખ :૨૭ -૨ -૦૮.

26/2
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ માટે
(૨) શ્રી હરિશભાઈ કણીયા,

અપીલ અરજી નં.૨૩૫ તા.૧૧–૨–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ આસી.કમિશ્નર

# હુકમઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૫–૧–૦૮ ની અરજીથી આયુર્વેદિક હોસ્પિટલ સામે બોઘાની વાડીમાં મેઈન રોડ પર બંધાતા બાંધકામનો પ્લાન કયારે અને કયા અધિકારીએ પાસ કરેલ છે વિગેરે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૫

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૫–૧–૦૮ ની અરજીથી આયુર્વેદિક હોસ્પિટલ સામે બોઘાની વાડીમાં મેઈન રોડ પર બંધાતા બાંધકામનો પ્લાન કયારે અને કયા અધિકારીએ પાસ કરેલ છે વિગેરે માહિતી આપવા બાબતે આસી.કમિશ્નર ના પત્ર નં.સે.ઝોન/આ. નં./૯૫૩ તા.૬–૨–૦૮ થી" સદર મિલ્કતના પ્લાન અત્રેથી આ. વર્ડ ૧૯૪ તા.૨૯–૧૨–૦૧ થી મંજુર થયેલા છે. જે તત્કાલીન ઝોનલ ઓફિસર શ્રી બી.આઈ. દલાલે મંજુર કરેલા છે.અત્રેથી મંજુર પ્લાન મુજબ એપાર્ટમેન્ટ તથા દુકાન સહિતનું બાંધકામ હાલમાં થતું હોવાનું જણાય છે. પાર્કિંગની જગ્યા હાલ બેઝમેન્ટ વત્તા ભોંયતળિયાના ભાગે મળી કુલ ૨૩૦.૯૩ ચો.મી. છોડેલ છે. મંજુર લાઈનદોરી મુજબ માપ છોડેલ હોવાનું જણાય છે. અત્રેથી મંજુર પ્લાન બેઝમેન્ટ ભોંયતળિયા વત્તા ત્રણ માળના થયેલા છે. હાલમાં બેઝમેન્ટ,ગ્રા.ફલોર અને પ્રથમ માળનું બાંધકામ થયેલ હોવાનું જણાય છે. (ફ્રેમ સ્ટ્રકચર)" તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૧–૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ. જેમાં કોઈ આધાર પુરાવા કે વાજબીપણાના કારણો જણાવેલ નથી તેમજ સ્થળ ઉપર જઈ તપાસ કરી પુરેપુરી માહિતી પુરી પાડવા જણાવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૭૯૮ તા.૧૪–૨–૦૮ થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ વિગતો અત્રે મોકલવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે તેમની મુળ અરજીથી માંગેલ માહિતી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના ઉપરોકત પત્રથી પુરી પાડેલ હોઈ તેમજ કાયદાની જોગવાઈ મુજબ કચેરીમાં ઉપલબ્ધ ભૌતિક સ્વરૂપની માહિતી પુરી પાડવાની રહેતી હોઈ હવે અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/ ૯૨૮
તારીખ :૨૯–૨ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન..... જાણ માટે
(૨) શ્રીગુલામભાઈ મેમણ [illegible]

અપીલ અરજી નં.૨૩૬ તા.૧૪-૨-૦૮

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ સીટી ઈજનેર

## હુકમ:-

**વિષય :**-આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૮-૧૨-૦૭ ની અરજીથી બમરોલી-પાંડેસરા ખાતે આવેલ સર્વે નં.૨૧૧ બ્લોક નં.૨૯૨ ની જમીન ઉપર રોડ તથા ડ્રેનેજ લાઈન જે પ્લાન મુજબ બનાવવામાં આવેલ તે પ્લાનની પ્રમાણિત નકલ વિગેરે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૧૪-૨-'૦૮ ની અપીલ અરજી નં.૨૩૬

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૮-૧૨-૦૭ ની અરજીથી બમરોલી-પાંડેસરા ખાતે આવેલ સર્વે નં.૨૧૧ બ્લોક નં.૨૯૨ ની જમીન ઉપર રોડ તથા ડ્રેનેજ લાઈન જે પ્લાન મુજબ બનાવવામાં આવેલ તે પ્લાનની પ્રમાણિત નકલ વિગેરે માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૪-૨-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા માહિતી નહી પુરી પાડવા અંગેની સ્પષ્ટતાસહ નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૮૦૭ તા.૧૯-૨-૦૮ થી જાહેર માહિતી અધિકારી અને કાર્ય પાલક ઈજનેર ઉધના ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ પણ પ્રકારની માહિતી આવેલ નથી. પરંતુ તેઓના પત્ર નં.૧૧૯૦૭ તા.૩-૩-૦૮ થી સદરે અરજી ડ્રેનેજ ઈજનેરને તા.૬-૨-૦૮ ના રોજ તબદીલ કરેલ હોવાનું જણાયેલછે. જે કાયદાની કલમ-૬(૩) થી ઠરાવેલ સમય મર્યાદા બહાર, વિલંબથી છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની અરજી અંગેની સમયમર્યાદા પુર્ણ થઈ ગયેલ હોવાથી તેમની મુળ અરજીથી માંગેલ માહિતી કાયદા અને નિયમોની જોગવાઈ અનુસરી દિન-૭ માં પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૮૩૮
તારીખ : ૯ -૩ -૦૮.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**
(૧)સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,(ડ્રેનેજ)..... જાણ માટે
(૨) કાર્ય પાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન......જાણ માટે.
(૩) શ્રીરમેશ કે. જાંગીડ, પટે

અપીલ અરજી નં.૨૩૭ તા.૨૨–૨–૦૮

અરજદારઃ શ્રી કમલેશ એમ.ચોડવડીયા
સામાવાળાઃ ઝોનલચીફ **વરાછા ઝોન**

## હુકમઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમલેશ એમ.ચોડવડીયાની તા.૧૧–૨–૦૮ ની અરજીથી લગ્ન અધિનિયમ–૨૦૦૬ ના નોંધણી ફોર્મમાં ઠરાવેલ નમુનાની સોંગંદનામાની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૨–૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૭

શ્રી કમલેશ એમ.ચોડવડીયાની તા.૧૧–૨–૦૮ ની અરજીથી લગ્ન અધિનિયમ–૨૦૦૬ ના નોંધણી ફોર્મમાં ઠરાવેલ નમુનાની સોંગંદનામાની નકલ આપવા બાબતે ઝોનલચીફ પૂર્વઝોન કચેરી (વરાછા)ના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૪૬૩ તા.૨૦–૨–૦૮ થી લગ્ન નોંધણી કામગીરી ૧ લી જાન્યુઆરી ૨૦૦૮ થી શરૂ કરવામાં આવેલ છે. આ કામગીરી કરવા માટે સરકારશ્રી તરફથી જે સ્ટેશનરી ફાળવવામાં આવી છે. તેમાં માંગેલ ઠરાવ નમુનામા સોંગદનામાની નકલ આપવામાં આવેલ નથી. તેમજ ગુજરાત નોંધણી કાયદો –૨૦૦૬ ની સમજ આપતી પુસ્તીકામાં પણ આવો કોઈ નમુનો આપેલ નથી. આથી માંગેલ નકલ ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૨–૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૧ તા.૨૭–૨–૦૮ થી ઝોનલચીફ વરાછા ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ તરફથી કોઈ વિગતો અત્રે મોકલવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"સદર કાયદા હેઠળ જાહેર સત્તામંડળ પાસે ઉપલબ્ધ ભૌતિક સ્વરૂપની માહિતી આપવાની રહે છે.પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારીના જણાવ્યાનુસાર અરજદારની મુળ અરજી અંગેની વિગતો દફતરી રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી જેથી અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૯૪૮
તારીખ : ૧૩–૩–૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી.વરાછા ઝોન..... જાણ માટે
(૨) શ્રી કમલેશ એમ.ચોડવડીયા,

અપીલ અરજી નં.૨૩૮ તા.૨૬-૨-૦૮

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ (૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ,(૨) આસી.કમિશ્નર

# હુકમઃ-

**વિષય :**-આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૫-૧૨-૦૭ ની અરજીથી રીંગરોડ પરના "સેન્ટર પોઈન્ટ" નામક બિલ્ડીંગના બાંધકામમાં કેટલા માળનું કોમર્શીયલ તેમજ કેટલા માળનું રેસીડેન્ટલ પરમીશન આપવામાં આવેલ છે વિગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૨૬-૨-'૦૮ ની અપીલ અરજી નં.૨૩૮

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૫-૧૨-૦૭ ની અરજીથી રીંગરોડ પરના "સેન્ટર પોઈન્ટ" નામક બિલ્ડીંગના બાંધકામમાં કેટલા માળનું કોમર્શીયલ તેમજ કેટલા માળનું રેસીડેન્ટલ પરમીશન આપવામાં આવેલ છે વિગેરે મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી ના પત્ર નં.ટી.ડી.ઓ/૪૩૭૦ તા.૫-૧-૦૮ થી વોર્ડ નં.૨,નોંધ નં.૧૯૨૯/સી/૩ વાળી " સેન્ટર પોઈન્ટ" નામે ઓળખાતી મિલ્કતના પ્લાનો સને ૧૯૯૪ માં મંજુર કરવામાં આવેલ હોવાનું જણાયેલ છે. રેકર્ડ જાળવણીના નિયમો મુજબ પ્લાન મંજુરીનો રેકર્ડ ૧૦ (દસ) વર્ષ સુધી જ જાળવવાનો રહે છે. જેથી આપના માંગ્યા મુજબની અત્રેના ખાતાને આંશિક લગતી વિગતો, રેકર્ડ ઉપલબ્ધ ન હોવાથી આપી શકાય તેમ નથી.તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૬-૨-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૮૨૬ તા.૨૯-૨-૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીગને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.ટી.ડી.ઓ/૫૨૨૯ તા.૭-૩-૦૮ થી અત્રે વિગતો મોકલવામાં આવેલ. જેમાં મુદ્દા નં. ૮ સદર બિલ્ડીંગના બિલ્ડરને આપવામાં આવેલ બીયુસીની નકલ પુરી પાડેલ હોવાનું જણાવેલ નથી તેમજ જે માહિતી કે દફતર ઉપલબ્ધ નથી તે સંદર્ભે તેના નિકાલ કે નાશ કરવા અંગેની વિગત જણાવેલ નથી. જયારે મુદ્દા નં.૭ અને ૯ બાબતે આસી.કમિશ્નરના પત્ર નં.સે.ઝોન/આ.નં.૮૯૦ તા.૧૧-૧-૦૮ તેમજ મુદ્દા નં.૩,૪, અને ૫ બાબતે પત્ર નં.એઆરડીનં.૫૭ તા.૧૨-૧-૦૮ થી પાઠવેલ માહિતીમાં રેસીડેન્ટલ યુઝ માટે પાસ થયેલ ફલોરના ફલેટમાં કોમર્શીયલ યુઝ એટલે કે હેતુ ફેર થતો હોય તો ફલેટ હોલ્ડરોએ તે અંગે કોઈ લેખિત માંગણી કરી હોય તથા કોર્પોરેશન તરફથી હેતુ ફેર કરવા અંગે કોઈ લેખિત ઓર્ડર થયો હોય તો તેની પ્રમાણિત નકલ તેમજ બિલ્ડીંગમાં કેટલી પેસેજ કે સંડાસ-બાથરૂમ બંધ કરીને તેની કોમર્શીયલ યુઝ કરવા બદલ તંત્ર તરફથી ભરવામાં આવેલ પગલાંની વિગતો પુરી પાડવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો પૈકી નહી આપેલ પેરા-૨ અનુસારની ઉપરોકત વિગતો લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન-૧૦ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ તેમજ આસી.કમિશ્નર બંને જાહેર માહિતી અધિકારોઓને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૮૪૮
તારીખ : ૧૩-૩-૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,..... જાણ તથા અમલ માટે
(૨) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્લ ઝોન....... જાણ તથા અમલ માટે
(૩) શ્રી રમેશ કે.જાંગીડ,

અપીલ અરજી નં.૨૩૯ તા.૨૭–૨–૦૮ 3

અરજદારઃ શ્રી ચંદ્રકાંત કે કંથારીયા
સામાવાળાઃ શાસનાધિકારી

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચંદ્રકાંત કે કંથારીયાની તા.૧૧–૧–૦૮ ની અરજીથી શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮ માટે નિમાયેલા W.E.C. ના અધ્યક્ષ અને સભ્ય સચિવની મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૭–૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૩૯

શ્રી ચંદ્રકાંત કે કંથારીયાની તા.૧૧–૧–૦૮ ની અરજીથી શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮ માટે નિમાયેલા W.E.C. ના અધ્યક્ષ અને સભ્ય સચિવની મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબતે કોઈ માહિતી મળી ન હોવાથી અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૭–૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/ ૮૩૦ તા.૧–૩–૦૮ થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓના પત્ર નં.૭૪૯૫ તા.૪–૩–૦૮ થી મોકલેલ વિગતોમાં અરજદારને નિર્ધારિત સમય મર્યાદામાં તા.૭–૨–૦૮ ના રોજ પત્ર નં.૬૭૫૬ થી તેમની અરજીનાં દસ્તાવેજો મેળવવાના કામે રૂા.૫૨૨/– ના નાંણા જમાં કરાવવા સૂચના આપી હતી. અરજદારને સદર પત્ર તેમની નોધાયેલ ઘરનાં સરનામે અંડર સર્ટી.પોસ્ટીગથી મોકલેલ હતી. તેમ છતાં તેમણે સદર ફી ના નાણાં જમાં કરાવ્યા નથી. દસ્તાવેજી ફી ના નાણાં નહી જમાં કરાવવાનાં કરાણે તેમને માહિતી આપી શકાય તેમ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજી અંગે અરજદારને ઉપરોકત પત્રથીનિયત ફી ના રૂા.૫૨૨/– જમાં કરાવી નકલો મેળવી લેવા જણાવેલ હોઈ અરજદારને તે મુજબની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે."

13/3

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં. આરટીઆઈ સેલ/ ૬૪૦
તારીખ : ૧૩–૩–૦૮.

**પ્રતિ**
(૧)શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી,..... જાણ માટે
(૨) શ્રી ચંદ્રકાંત કે. કંથારીયા,

અપીલ અરજી નં.૨૪૦ તા.૨૭-૨-૦૮

અરજદારઃ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ
સામાવાળાઃ શાસનાધિકારી

# હુકમ:-

**વિષય :**- આરટીઆઈ એકટ હેઠળ શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૧૪-૧૧-૦૭ ની અરજીથી ન.પ્રા.શિ.સ. ના ઈનવર્ડ-આઉટવર્ડ રજીસ્ટર S.S.A ના દફતર,પાઠયપુસ્તકોની ખરીદી ફર્નિચરની ખરીદી,ગણવેશ ખરીદી,ગણવેશ કૌંભાડના તપાસ રીપોર્ટ, વિજીલન્સ, ધ્વારા થયેલી તપાસ,બદલી-વિધા સહાયક ભરતી વગેરેના છેલ્લા દસ વર્ષના તમામ રેકર્ડની નિયમ મુજબ ફી લઈ રેકર્ડ તપાસવા માટે સમય આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૨૭-૨-'૦૮ ની અપીલ અરજી નં.૨૪૦

શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણની તા.૧૪-૧૧-૦૭ ની અરજીથી ન.પ્રા.શિ.સ. ના ઈનવર્ડ-આઉટવર્ડ રજીસ્ટર S.S.A ના દફતર,પાઠયપુસ્તકોની ખરીદી ફર્નિચરની ખરીદી,ગણવેશ ખરીદી,ગણવેશ કૌંભાડના તપાસ રીપોર્ટ, વિજીલન્સ, ધ્વારા થયેલી તપાસ,બદલી-વિધા સહાયક ભરતી વગેરેના છેલ્લા દસ વર્ષના તમામ રેકર્ડની નિયમ મુજબ ફી લઈ રેકર્ડ તપાસવા માટે સમય આપવા બાબતે કોઈ માહિતી મળી ન હોવાથી અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૭-૨-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૮૩૧ તા.૧-૩-૦૮ થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા પત્ર નં.૭૪૯૧ તા.૪-૩-૦૮ થી મોકલેલ વિગતોમાં સદર અરજીના સંદર્ભમાં અત્રેના પત્ર નં.૪૭૩૩ તા.૨૩-૧૧-૦૭ થી કયા વર્ષની અને કઈ બાબતોની અને કેવા પ્રકારની ખરીદીના રેકર્ડની ચકાસણી કરવા માંગો છો તેથી માહિતી માંગી હતી તેનો પ્રત્યુત્તર અત્રે મળેલ નથી. વધુમાં અત્રેના પત્ર નં.૪૭૦૨ તા.૨૨-૧૧-૦૭ થી સંબધિત રેકર્ડ ચકાસણી માટે રેકર્ડ તૈયાર કરવા સંબધિત કર્મચારીને જાણ કરી હતી તેમજ અત્રેના પત્ર નં.૫૦૪૫ તા.૫-૧૨-૦૭ થી પણ સ્મૃતિ પત્ર પાઠવેલ છે. આ સંબંધિ અત્રેના તા.૨૬-૧૧-૦૭ ના રીપોર્ટના સંદર્ભે આપના તા.૨૮-૧૧-૦૭ નાં પત્ર નં.૬૩૨ થી જરૂરી માર્ગદર્શન મળેલું હતું. રેકર્ડ તૈયાર થયે અરજદારને ચકાસણીનાં રેકર્ડની ઉપલબ્ધ માહિતીના આધારે તા.૨૬-૨-૦૮ ના પત્ર નં. ૭૨૭૦ ના સંદર્ભમાં તેમજ તા.૨૫-૨-૦૮ મૌખિક રજુઆત ધ્યાનમાં રાખી રેકર્ડ ચકાસવા માટે ફી ના રૂા. ૧૦૦૦/- જમાં કરાવવા જાણ કરી હતી અને સંબંધકર્તાને આ માહિતી આપી હતી. વધુમાં અરજદારે રેકર્ડ ચકાસણીની ફી પેટે રૂા. ૧૦૦૦/- અંકે રૂપિયા એક હજાર રસીદ નં.૨૭૩૭ તા.૪-૩-૦૮ થી જમાં કરેલ છે અને રેકર્ડ ચકાસણી કાર્યવાહી શરૂ કરેલ હોવાનું જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ માંગણી નિર્દિષ્ટ દફતર ચકાસણીને લગતી છે. જે શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીના ઉપર નિર્દિષ્ટ પત્ર અનુસાર શરૂ કરવામાં આવેલ હોઈ આ તબકકે અપીલનું હવે કોઈ કારણ રહેતું નથી જેથી અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૮૪૨
તારીખ : ૧૩ -૩ -૦૮.

ડે.કમિશનર (જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી,..... જાણ માટે
(૨) શ્રી નગીનભાઈ પરાગજી ચૌહાણ,

૫૧

અરજદાર: શ્રી દીપક આર. પટેલ
સામાવાળા:શાસનાધિકારી

# હુકમઃ-

**વિષય :-** આરટીઆઈ એકટ હેઠળ શ્રી દીપક આર. પટેલ ની તા.૨૯-૧૨-૦૭ની અરજીથી આપવામાં આવેલી માહિતીથી અસંતોષ હોઈ કરેલ અરજી બાબત

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૨૬-૨-'૦૮ ની અપીલ અરજી નં.૨૪૧/૦૮

શ્રી દીપક આર. પટેલ ની તા.૨૯-૧૨-૦૭ની અરજીથી આપવામાં આવેલી માહિતીથી તેમને અસંતોષ હોઈ કરેલ અપીલ અરજી બાબતે માહિતી અધિકારીએ મુદ્દા નં.૩ માં જણાવેલ માહિતી તથા મુદ્દા નં.૩/૧ થી ૩/૭ અંગે કોઈ માહિતી પુરી પાડવામાં આવેલ નહી હોવાનું જણાવેલ છે. તેમના પત્રની નકલ જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારીને તા.૨૬-૨-૦૮ જાવક નં.૧૬૬થી તેમને રવાના કરેલ હોવાનું જણાય છે. અરજદારની મુળ અરજી અંગે પુરી માહિતી મળેલ ન હોવાથી અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૬-૦૨-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારે માહિતીનો ચાર્જ વસુલ કર્યા બાદ પરીપત્રો,ઠરાવો,આધારપત્રો પુરા પાડેલ ન હોવાનું જણાવી માહિતીની માંગણી કરી ન હોય તેવી ભળતી માહિતી વળગાડી હોવાનું જણાવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તેમજ નોંધ વિભાગ સહિત આપેલ તેમજ આપવા જોગ વિશેષ માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૩૩ તા.૪-૩-૦૮ થી શાસનાધિકારીને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી પત્ર નં.૭૮૦૭ તા.૧૫-૩-૦૮ થી મોલવામાં આવેલ વિગતોમાં મુદ્દા નં.૩-૨ થી ૩-૬ ની માહિતીની ૬ નકલો રૂા.૧૨/- ની ફી વસુલ લઈ પુરી પાડેલ છે. જેમાં અરજદારે માંગેલ માહિતીના મુદ્દા નં.૩-૨ અને ૩-૬ ના આધાર આપેલ નથી. જયારે મુદ્દા નં. ૩-૭ ૧૯૮૪,૧૯૮૭,૧૯૯૬,૨૦૦૪ વર્ષ દરમ્યાન માન્ય ખાનગી પ્રા. શિક્ષકોને મુળ પગારના કેટલા ટકા મોંઘવારી ભથ્થુ ચુકવવાના હુકમો થયા છે તેના ઠરાવ- પરીપત્રની માહિતી પુરી પાડેલ હોવાનું જણાતું નથી.વધુમાં શાસનાધિકારીએ આ જ પત્રમાં જણાવ્યાનુસાર આ જ બાબતે નામદાર કોર્ટમાં તા.૧૪-૩-૦૮ ના રોજ એફીડેવીટ રજુ કરી માહિતી રજુ કરેલ છે. તેમજ તેઓના જણાવ્યા પ્રમાણે ખાનગી માન્ય પ્રાથમિક શાળા કે જેનો કંટ્રોલ શિક્ષણ સમિતિ કચેરી હસ્તક નથી. જેથી માંગેલ વિગતો તેઓ પાસે નથી અને આપેલ માહિતી રેકર્ડ ઉપર આધારિત છે. જો સદર બાબત તેઓને લાગું પડતી ન હોય તો તે બાબત લાગત સત્તામંડળ/જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવી જોઈતી હતી જે શાસનાધિકારી ધ્વારા કરવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે તેમની મુળ અરજીથી ઠરાવો,પરીપત્રો,આધારની માહિતી માંગેલ છે. નકલોનો કોઈ સ્પષ્ટ નિર્દેશ તેમાં જણાતો નથી. જેથી જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારી ધ્વારા તે પુરા પાડેલ નહી હોવાની રજુઆત ગ્રાહય રાખી શકાય નહી તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો અત્રેના આખરી હુકમને આધીન નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરીને મેળવી શકે છે. અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો પૈકી નહી પુરી પાડેલ ઉપરોકત વિગતો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી વિશેષતઃ કલમ-૮ (૧) (ખ) ની જોગવાઈના પાલનની ચકાસણી કર્યા બાદ અરજદારને દિન-૭ માં નકલો સહિત પુરી પાડવા અન્યથા અપવાદ અંગે તે મુજબ અરજદારને સૂચિત કરવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૮૬૬
તારીખ :૧૯-૩-૦૮.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**
(૧)શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી,..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી દીપક આર.પટેલ

અપીલ અરજી નં.૨૪૨ તા.૨૯–૨–૦૮

અરજદારઃ શ્રી રમેશ કે જાંગીડ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હે અને હો)

# હુકમ:–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે જાંગીડની તા.૩૦–૧–૦૮ ની અરજીથી કોર્પોરેશનના કાર્યક્ષેત્રમાં તબીબી પ્રેકટીશ કરતાં બોગશ તબીબીઓ અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૯–૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૨

શ્રી રમેશ કે જાંગીડની તા.૩૦–૧–૦૮ ની અરજીથી કોર્પોરેશનના કાર્યક્ષેત્રમાં તબીબી પ્રેકટીશ કરતાં બોગશ તબીબીઓ અંગેની માહિતી પીએચડી/પીઓ/૧૯૭૨ તા.૨૦–૨–૦૮ થી સુરતમહાનગરપાલિકાના કાર્યક્ષેત્રમાં આ બાબત આવતી નથી તેવા આપવામાં આવેલ જવાબના પ્રતિભાવથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૯–૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો તેમજ જો સદર માહિતી તેઓને લાગું પડતી ન હોય તો લાગત જાહેર સત્તામંડળ કે જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અરજદારની જાણ હેઠળ તબદીલ થયેલ છે કે કેમ? તે વિગતો પણ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૮૩૭ તા.૫–૩–૦૮ થી ડે.કમિશ્નર (હે અને હો)ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે પત્ર નં.પીએચડી/પીઓ/૨૧૧૦ તા.૧૩–૩–૦૮ થી અત્રે મોકલેલ વિગતોમાં સદર અરજી તેઓના કાર્યક્ષેત્રમાં આવતી ન હોય તેમ છતાં લાગત સત્તામંડળને કે જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાતું નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો મહાનગરપાલિકાને લાગું પડતી ન હોય તો લાગત જાહેર સત્તામંડળ કે જાહેર માહિતી અધિકારીને કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી તબદીલ કરવા અન્યથા અરજદારને માહિતી પુરી પાડવા ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૮૬૨
તારીખ : ૧૭ –૩ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી,..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,પ

અપીલ અરજી નં.૨૪૩ તા.૪–૩–૦૮

અરજદાર: શ્રી શશીકાંત ગણપતરામ જરીવાલા
સામાવાળા: કાર્યપાલક ઈજનેર ઉધના ઝોન

## હુકમઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી શશીકાંત ગણપતરામ જરીવાલાની તા.૨–૨–૦૮ ની અરજીથી ઉધના ઝોન "ખરવરનગર" ખાતે કરવામાં આવેલ બાંધકમો સંદર્ભેના જવાબો કાયદા અન્વયે આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૪–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૩

શ્રી શશીકાંત ગણપતરામ જરીવાલાની તા.૨–૨–૦૮ ની અરજીથી ઉધના ઝોન "ખરવરનગર" ખાતે કરવામાં આવેલ બાંધકમો સંદર્ભેના જવાબો કાયદા અન્વયે આપવા બાબતે કાર્ય પાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોન(ઉધના) ના પત્ર નં.સા.ઝોન/ટેક./૧૧૮૩૮ તા.૧–૩–૦૮ થી " ખરવરનગર વસાહતનો પ્લાન સને ૧૯૭૪ માં મંજુર થયેલ જેમાં ૧ થી ૬૦ બ્લોકની બિલ્ડીંગ દર્શાવેલ છે ચાર બ્લોક ખાડી કિનારેના છે સદર પ્લાન ૧૯૭૪ માં મંજુર થયેલ હોય માહિતી ઉપલબ્ધ નથી. બી.યુ.સી. વગર વસવાટ પરવાનગી આપી શકાય નહી. મંજુર પ્લાન મુજબ સ્થળ પર બાંધકામ થયેલ નથી. ખાડી કિનારાના બાંધકામોની મજબૂતાઈ અંગેની ચકાસણી અંગેની માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી" તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૪–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ. જેમાં અરજદાર ધ્વારા માંગેલ જવાબો અન્વયેના તમામ પુરાવાઓ જે તે જવાબદારો પાસેથી મેળવી આપવા જણાવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૮૪૩ તા.૧૨–૩–૦૮ થી કાર્યપાલક ઈજનેર સાઉથ ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે તેઓ ધ્વારા કોઈ માહિતી અત્રે મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈ મુજબ ઉપલબ્ધ દફતર ઉપરથી ભૌતિક સ્વરૂપની વિગતો પુરી પાડવાની રહે છે. જાહેરમાહિતી અધિકારી કક્ષાએથી જે માહિતી "ઉપલબ્ધ નથી " તથા "રેકર્ડ પર ઉપલબ્ધ" નથી તેવું જણાવેલ છે તે કિસ્સામાં તે અંગેના વાજબીપણાની માહિતી દફતરી હકીકત અનુસાર અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સાઉથઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/ ૮૮૦
તારીખ: ૨૫–૩–૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,સાઉથ ઝોન ..... જાણ માટે
(૨) શ્રી શશીકાંત ગણપતરામ જરીવાલા,

અપીલ અરજી નં.૨૪૪ તા.૫–૩–૦૮

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા:ડે.કમિશ્નર (૫ અને ઈ)

## હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨–૨–૦૮ ની અરજીથી કોસાડ ગામ મસ્જિદ ફળીયું અરજદારના મકાન પાસે લાઈટપોલ બંધ હોવાની કરવામાં આવેલ ફરીયાદ તેમજ મનપાના કાયદા મુજબ ધર્મસ્થાને મરકયુરી પોલ લગાડવામાં આવે છે તે મરકયુરી પોલ કેટલા સમયે લાગશે અને પોલ નં.૬૮૦૦ પર કયા નિયમ મુજબ સોડીયમ લાઈટ લગાડવામાં આવી છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૪

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨–૨–૦૮ ની અરજીથી કોસાડ ગામ મસ્જિદ ફળીયું અરજદારના મકાન પાસે લાઈટપોલ બંધ હોવાની કરવામાં આવેલ ફરીયાદ તેમજ મનપાના કાયદા મુજબ ધર્મસ્થાને મરકયુરી પોલ લગાડવામાં આવે છે તે મરકયુરી પોલ કેટલા સમયે લાગશે અને પોલ નં.૬૮૦૦ પર કયા નિયમ મુજબ સોડીયમ લાઈટ લગાડવામાં આવી છે તેની માહિતી આપવા બાબતે નિયત સમયમાં કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૫–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો તેમજ માહિતી નહી પુરી પાડવાની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૮૪૨ તા.૧૨–૩–૦૮ થી ડે.કમિશ્નર (૫ અને ઈ) ને જણાવવામાં આવેલ. જે સંદર્ભે કાર્ય પાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી નોર્થ ઝોન (કતારગામ) ના પત્ર નોર્થ ઝોન /આઉટ/નં.૭૯૦૭ તા.૧૫–૩–૦૮ થી નિયત સમય મર્યાદા તેમજ અપીલ કર્યા બાદ અરજદારને માહિતી પુરી પાડી તેની નકલ અત્રે મોકલેલ છે. જે અનુસાર સ્ટ્રીટ લાઈટ પોલ બંધ હોવાની તા.૧૫–૧–૦૮ ની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ. જેની પેનલ્ટી આ પોલ બંધ રહેલ દિવસો દરમ્યાનની ઈજારદારના બીલમાંથી વસુલ લેવામાં આવેલ છે તેમજ રાજપૂત ફળીયામાં ટયુબ લાઈટની જગ્યાએ સોડીયમ પોલ ઝોન તરફથી લગાડવામાં આવેલ નથી. તે ખાનગી રીતે લગાડવામાં આવેલ હોય તેના મરામત નિભાવની કામગીરી ઝોનના લાઈટ ખાતા તરફથી કરવામાં આવતી નથી તેમ જણાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો કાર્ય પાલક ઈજનેર (કતારગામ ઝોન) ના ઉપરોકત પત્રથી પુરી પાડેલ છે. જેમાં અરજદારે માંગેલ માહિતી પૈકી વસુલ કરવામાં આવેલ દંડની વિગત પુરી પાડેલ ન હોઈ કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૮૬૪
તારીખ : ૧૮–૩ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**
(૧)ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી,કતારગામ ઝોન ..... જાણ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,

અપીલ અરજી નં.૨૪૫ તા.૫–૩–૦૮

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા: ઝોનલચીફ વરાછાઝોન

# હુકમ:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨–૨–૦૮ ની અરજીથી ખાંડ બજાર ગરનાળા સામે અશ્વનીકુમાર તરફ જવાના વળાંક ઉપર ચાલતાં બાંધકામનો પ્લાન કયારે પાસ થયો તેમજ પાર્કીગની જગ્યા કેટલા સ્કવેરફીટ અને લાઈનદોરીની જગ્યા છોડી છે વિગેરે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૫

શ્રી ગુલામભાઈ મેમણ ની તા.૨–૨–૦૮ ની અરજીથી ખાંડ બજાર ગરનાળા સામે અશ્વનીકુમાર તરફ જવાના વળાંક ઉપર ચાલતાં બાંધકામનો પ્લાન કયારે પાસ થયો તેમજ પાર્કીગની જગ્યા કેટલા સ્કવેરફીટ અને લાઈનદોરીની જગ્યા છોડી છે વિગેરે માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ પૂર્વ ઝોન (વરાછા) તરફથી નિયત સમયાવધિમાં માહિતી નહી મળતા નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૫–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

દરમ્યાન જાહેરમાહિતી અધિકારી અને ઝોનલચીફ વરાછાઝોન ધ્વારા તેઓના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૫૪ તા.૩–૩–૦૮ થી " ખાંડ બજાર ગરનાળા સામે અશ્વનીકુમાર જવાના રસ્તા ઉપર ચાલતું બાંધકામ ટીપી સ્કીમ નં.૪ ફા.પ્લોટ નં.૧૪૨ પૈકી સ.પ્લોટ નં. ૧ માં આવે છે. જેમાં સૂચિત ફેરફારોવાળા હયાત બેજમેન્ટ,હયાત ગ્રાઉન્ડફલોર તથા પહેલા, બીજા અને ત્રીજા માળના બાંધકામના પ્લાનો તા.૧૨–૨–૦૭ ના ટીડીઓ/નં.૩૭૮૯ થી શહેરવિકાસ અધિકારી ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. જેમાં જરૂરી ૫૨.૫૦ ચો.મી. પાર્કીગ સામે ૧૫૩.૪૧ ચો.મી. પાર્કીગ છોડવામાં આવેલ છે તથા સ્થળ ઉપર તે મુજબ પાર્કીગ મળે છે તથા લાઈનદોરીની અસર નથી તેમજ સદર બાંધકામમાં વપરાયેલ મટીરીયલ્સની ચકાસણી બાબત સુરતમહાનગરપાલિકાના કાર્યક્ષેત્રમાં આવતી નથી. મંજુર પ્લાનની નકલ મેળવવા પ્લાનદીઠ રૂા. ૪૦૦ તથા રજાચિઠ્ઠીની નકલ મેળવવા રૂા. ૨૦૦ જમાં થયા બાદ માંગ્યા મુજબ નકલ આપવામાં આવશે " તેવું અરજદારને જણાવવામાં આવેલ છે. સદર પત્રની નકલ અત્રે મળેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૪૦ તા.૧૨–૩–૦૮ થી ઝોનલચીફ વરાછાઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા કોઈ વિગતો મોકલવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો ઝોનલચીફ વરાછાઝોને ઉપરોકત પત્રથી પુરી પાડેલ છે.તેમજ અરજદારને નિયત ફી ભરી નકલો મેળવી લેવા જણાવેલ છે. માહિતી અધિકાર અધિનિયમની કલમ–૭ (૬) હેઠળ નિયત સમયાવધિમાં માહિતી નહી પુરી પાડવાના કિસ્સામાં વિનામૂલ્યે માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે ધ્યાને લેતાં કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ માહિતી પુરી પાડવા ઝોનલચીફ અને જાહેરમાહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૮93
તારીખ : ૨૮–૩ –૦૮.

ડે.કમિશ્નર (જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન ..... જાણ માટે
(૨) શ્રી ગલામભાઈ મેમણ,સ

અપીલ અરજી નં.૨૪૬ તા.૭–૩–૦૮

અરજદારઃ શ્રી અર્જુનસીંહ ફતેહસીંહ સોલંકી
સામાવાળાઃ ડે.કમિશ્નર (હે અને હો)

## હુકમ:–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અર્જુનસીંહ ફતેહસીંહ સોલંકી ની તા.૨૪–૧–૦૮ ની અરજીથી નવા ગામ ડીંડોલીમાં આવેલ રામદેવ નગરમાં પ્લોટ નં.૧૩૪ ના વેરામાં ૧૯૯૮ માં ટ્રાન્સફર કરવાથી મૃત્યુંજય ગોપીનાથ રેડ્ડીના નામ પર આવેલું તે બાબતે જે કબ્જા રસીદ રજુ કરેલી તેની નકલ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૭–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૬

શ્રી અર્જુનસીંહ ફતેહસીંહ સોલંકી ની તા.૨૪–૧–૦૮ ની અરજીથી નવા ગામ ડીંડોલીમાં આવેલ રામદેવ નગરમાં પ્લોટ નં.૧૩૪ ના વેરામાં ૧૯૯૮ માં ટ્રાન્સફર કરવાથી મૃત્યુંજય ગોપીનાથ રેડ્ડીના નામ પર આવેલું તે બાબતે જે કબ્જા રસીદ રજુ કરેલી તેની નકલ આપવા બાબતે ડે. કમિશ્નર (હે અને હો) લીંબાયત ઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૦૭ તા.૨૫–૨–૦૮ થી નવા ગામ ડીંડોલીમાં આવેલ રામદેવનગર માં આવેલ પ્લોટ નં.૧૩૪ ના વેરામાં ટ્રાન્સફર કરવાથી ૧૯૯૮ માં મૃત્યૃંજય ગોપીનાથ રેડ્ડીના નામ પર આવેલુ તે બાબતે જે કબજા રસીદ રજુ કરેલ તે કબજા રસીદ વિગેરે તપાસ કરતાં અત્રે ઉપલબ્ધ ન હોવાથી માહિતી આપી શકાય તેમ નથી તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૭–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૮૪૧ તા.૧૨–૩–૦૮ થી ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેમના પત્ર નં. સા.ઈ.ઝોન/ઈએસટી/આઉટ નં.૩૦૬૯ તા.૧૭–૩–૦૮ થી વિગતો મોકલવામાં આવેલ. તથા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૦૯૬ તા.૧૯–૩–૦૮ થી અરજદારને માહિતી પુરી પાડેલ હોવાનું તેઓએ અત્રે મોકલેલ પત્રની નકલ પરથી જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો અંગે ડે.કમિશ્નર (હે અને હો) (લીંબાયત ઝોન) ના ઉપરોકત પત્રથી વિગતો પાના નં. ૧ થી ૬ થી પુરી પાડેલ હોઈ અપીલ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૮૭૪
તારીખ : ૨૭–૩–૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી,લીંબાયત ઝોન ..... જાણ માટે

(૨) શ્રી અર્જુનસીંહ ફતેહસીંહ સોલંકી

અપીલ અરજી નં.૨૪૮ તા.૫–૩–૦૮ 3

અરજદારઃ રશ્મિબેન સી. પટેલ
સામાવાળાઃ શાસનાધિકારી

## હુકમઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ રશ્મિબેન સી. પટેલની તા.૨૦–૨–૦૮ ની અરજીથી T.T.N.C શિક્ષકના પગારોની ગણતરી કરવા ધ્યાને લીધેલા આધાર પત્રો ની માહિતી પુરી પાડવા બાબત.

સંદર્ભઃ– આપની તા.૫–૩–૦૮ ની અપીલ અરજી નં.૨૪૮

રશ્મિબેન સી. પટેલની તા.૨૦–૨–૦૮ ની અરજીથી T.T.N.C શિક્ષકના પગારોની ગણતરી કરવા ધ્યાને લીધેલા આધાર પત્રો ની માહિતી પુરી પાડવા બાબતે જીવન–સ્વતંત્રતાનો કેસ ગણી સમય મર્યાદામાં માહિતી પુરી પાડી ન હોવાનું જણાવી સંદર્ભિત અપીલ અરજી કરેલ છે. પગાર ભથ્થાની ગણતરીની માહિતી વહીવટી પ્રકારની હોઈ વ્યકિતના જીવન સ્વતંત્રતાના ઉપલક્ષ્યમાં ગણી શકાય નહીં જેથી તેની માહિતી પુરી પાડવાની સમય મર્યાદા તા.૨૦–૩–૦૮ ના રોજ પુરી થાય. જયારે અરજદાર ધ્વારા તા.૫–૩–૦૮ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. માહિતી અધિકાર અધિનિયમની કલમ–૧૯ ની જોગવાઈ મુજબ અરજદારને અરજી કર્યા બાદ નિયત સમય મર્યાદામાં માહિતી નહી પુરી પાડવામાં આવેલ હોય તો તે અવધિ પૂર્ણ થયે અથવા અરજદાર પુરી પાડવામાં આવેલ માહિતીથી નારાજ હોય તો અપીલ સત્તાધિકારીને નિયત સમય અવધિ દિન–૩૦ માં અપીલ કરવાને હકદાર છે.આમ અરજદારના કિસ્સામાં અરજી કર્યા બાદ દિન–૩૦ ની નિયત સમય મર્યાદા હજી પૂર્ણ થઈ ન હોઈ અરજદારની અપીલ કાયદાની જોગવાઈ અનુસાર ગ્રાહય રાખી શકાય તેમ ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/ ૮૪૭
તારીખ :૧૩–૩–૦૮.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**
(૧)શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી,..... જાણ માટે
(૨) રશ્મિબેન સી. પટેલ,

અપીલ અરજી નં.૨૪૯ તા.૧૧–૩–૦૮

અરજદારઃ શ્રી રાજેશભાઈ કે. શાહ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ

## હુકમઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશભાઈ કે. શાહની તા.૧૮–૧–૦૮ ની અરજીથી શહેરમાં આવેલ કોઈ પણ વિસ્તારના કોઈ પણ પ્લોટમાં પંદર વર્ષ પહેલાં પ્લાન મંજુર થયેલ હોય તો તે ઉપરાંત આ મંજુર થયેલ પ્લાન મુજબ થયેલ પાયાના ખોદાણકામમાં મહાનગરપાલિકાની મંજુરી હોય (પ્રોગ્રેસ રીપોર્ટ) અને તે મુજબ સ્થળે પ્લીન્થનું બાંધકામ થયેલ હોય તો જયારે આ વિસ્તારમાં ટી.પી. સ્કીમની દરખાસ્ત થાય /ડ્રાફટ થાય તેવા કેસમાં આ પ્લોટમાં કપાત થાય ખરી? અને થાય તો કેટલી? આ પ્લાન રીવાઈઝ કરવામાં આવે તો શું થાય? વિકાસ પરવાનગી ચાલું ગણાય કે કેમ? તે બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૯

શ્રી રાજેશભાઈ કે. શાહની તા.૧૮–૧–૦૮ ની અરજીથી શહેરમાં આવેલ કોઈ પણ વિસ્તારના કોઈ પણ પ્લોટમાં પંદર વર્ષ પહેલાં પ્લાન મંજુર થયેલ હોય તો તે ઉપરાંત આ મંજુર થયેલ પ્લાન મુજબ થયેલ પાયાના ખોદાણકામમાં મહાનગરપાલિકાની મંજુરી હોય (પ્રોગ્રેસ રીપોર્ટ) અને તે મુજબ સ્થળે પ્લીન્થનું બાંધકામ થયેલ હોય તો જયારે આ વિસ્તારમાં ટી.પી. સ્કીમની દરખાસ્ત થાય /ડ્રાફટ થાય તેવા કેસમાં આ પ્લોટમાં કપાત થાય ખરી? અને થાય તો કેટલી? આ પ્લાન રીવાઈઝ કરવામાં આવે તો શું થાય? વિકાસ પરવાનગી ચાલું ગણાય કે કેમ? તે બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગના નિયત સમય મર્યાદામાં પત્ર નં.ટી.ડી.ઓ/૪૯૭૯ તા.૧૬–૨–૦૮ થી '' સુરત શહેર વિસ્તારમાં સમાવિષ્ટ કોઈ પણ જમીન ઉપરનું બાંધકામ તેમજ તેની કાયદેસરતા ધી ગુજરાત ટાઉન પ્લાનીગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની જોગવાઈ તેમજ તેને અનુરૂપ મંજુર થયેલ વિકાસ નિયંત્રણ નિયમો મુજબ થાય છે. તે મુજબ જુદા જુદા વિસ્તાર/હેતુ/ક્ષેત્રફળ/સમય મર્યાદા માટે સદરહું જોગવાઈઓમાં ફેરફાર થાય છે. જેથી આપની અરજીથી માંગ્યા મુજબની માહિતી સ્પષ્ટ સર્વે નંબર સાથેની વિગતો હોય તોજ આપી શકાય. જેથી સદરહુ અરજી અન્વયે કોઈ માહિતી આપવાની થતી નથી તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૧–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૨ તા.૧૪–૩–૦૮ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગને જણાવવામાં આવેલ. જે સંદર્ભે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારીના પત્ર નં. ટી.ડી.ઓ/૫૪૫૯ તા.૧૯–૩–૦૮ થી ઉકત વિગતો મોકલવામાં આવેલ છે. જેમાં અગાઉ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પુરી પાડેલ માહિતી સિવાય વિશેષ કોઈ પુરક માહિતી સામેલ નથી.

અપીલ અંગે તા.૯–૪–૦૮ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ જેમાં મદદનીશ જાહેર માહિતી અધિકારી તરફે શહેર વિકાસ અધિકારીશ્રી કેતન પટેલ હાજર રહી અરજદારે માંગેલ માહિતી સ્થળસ્થિતિ મુજબ આપવાની થાય અને તે સ્પષ્ટ સર્વે નં.આધારે આપી શકાય તેવું જણાવ્યું. અરજદાર તરફે જીગ્નેશભાઈએ હાજર રહી માંગેલ માહિતી પુરી નહી મળેલ હોવાનું જણાવી . પરંતુ ચોકકસ સર્વે નંબરની વિગત આપેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'' અરજદારે માંગેલ માહિતીમાં કોઈ ચોકકસ સર્વે નંબર દર્શાવેલ નથી તેથી નિશ્ચિત પ્લાનની બાબતમાં શું અસર થઈ શકે તેની વિગતો પૂરતી જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગે પુરી પાડેલ માહિતી સુસંગત જણાય છે.જેથી તે અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીને જણાવી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર માહિતી મેળવી શકે છે. ''

નં. આરટીઆઈ સેલ/ ૨૨
તારીખ : ૯ –૪ –૦૮.
૫૦

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી. જાણ તથા અમલ સારૂ
(૨) શ્રી રાજેશ કે. શાહ,

અપીલ અરજી નં.૨૫૦ તા.૧૧–૩–૦૮

અરજદારઃ યતીશ હીરાલાલ મોદી
સામાવાળાઃ ઝોનલચીફ રાંદેર ઝોન

# હુકમઃ–

**વિષય :–**આરટીઆઈ એકટ હેઠળ શ્રી યતીશ હીરાલાલ મોદીની તા.૨૧–૧–૦૮ ની અરજીથી અડાજણના રે.સ.નં.૬૬૦/૨–૩–૪, ૬૬૫ થી ૬૬૮, ૬૭૦,૬૭૧,૬૭૩/૨, ૬૭૪/૧–૨,૬૭૫/૧–૨,૬૭૬/૧–૨–૩ જેનો ટી.પી. સ્કીમ નં.૧૦ માં સમાવેશ ફા.પ્લોટ નં.૨૦ અંગે માહિતી ઉપરોકત જણાવેલ ફા.પ્લોટ નં.૨૦ માં આવેલ મિલ્કત તેમજ ખુલ્લા પ્લોટ અંગે મિલ્કત ખુલ્લા પ્લોટ નંબર અથવા વર્ણન,માલિકનું નામ તેમજ કબ્જેદારનું નામ,વપરાશનો પ્રકારની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૦

શ્રી યતીશ હીરાલાલ મોદીની તા.૨૧–૧–૦૮ ની અરજીથી અડાજણના રે.સ.નં.૬૬૦/૨–૩–૪, ૬૬૫ થી ૬૬૮, ૬૭૦,૬૭૧,૬૭૩/૨, ૬૭૪/૧–૨,૬૭૫/૧–૨,૬૭૬/૧–૨–૩ જેનો ટી.પી. સ્કીમ નં.૧૦ માં સમાવેશ ફા.પ્લોટ નં.૨૦ અંગે મિલ્કત તેમજ ખુલ્લા પ્લોટ નંબર અથવા વર્ણન,માલિકનું નામ તેમજ કબ્જેદારનું નામ,વપરાશનો પ્રકારની માહિતી આપવા બાબતે ઝોનલચીફ પશ્ચિમ ઝોન (રાંદેર) ના પત્ર નં.આ.નં.૧૬૯ તા.૨૦–૨–૦૮ થી આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૧–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૮૫૩ તા.૧૪–૩–૦૮ થી ઝોનલચીફ રાંદેર ઝોનને જણાવવામાં આવેલ . જે સંદર્ભે તેઓ તરફથી કોઈ વિગત અત્રે મળેલ નથી. અરજદારની અપીલ અરજીમાં જણાવ્યા મુજબ ફા.પ્લોટ નં.૨૦ માં મિલ્કતો તેમજ ખુલ્લા પ્લોટ પૈકી ફકત ત્રણ જ યુનીટની માહિતી આપવામાં આવી છે જયારે સદર ફા.પ્લોટમાં મિલ્કતો તેમજ ખુલ્લા પ્લોટની સંખ્યા વધારે છે. જે બાબતે નં.આરટીઆઈ સેલ/૮૯૨ તા.૩૧–૩–૦૮ ના પત્ર પાઠવી તા.૯–૪–૦૮ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ ત્યારે અરજદાર તરફથી નહી મળેલ ૧૧ પ્લોટની માહિતી બાબતે વેસ્ટ ઝોનને સંબોધીને પત્ર લખી માહિતી માંગવામાં આવેલ. જે રજુ કરેલ તે સમયે ઉપસ્થિત અધિકારી તરફથી માહિતી પૂરી પાડવા જણાવેલ. ત્યાર બાદ ૧૫–૪–૦૮ ના રોજ આરટીઆઈ સેલ/ ૩૫ થી પત્ર પાઠવી તા.૧૭–૪–૦૮ ના રોજ ૪.૩૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ બંને પક્ષકારો તરફથી રજુઆતો ધ્યાને લેતાં ફકત ૩ કોમન પ્લોટ ૧૪૬ તથા ૧૨૬ ને લાગું પડતો કોમન પ્લોટ –૨ તથા ૪ ને લાગું પડતો કોમન પ્લોટ અને ૨૧૯ ને લાગું પડતો કોમન પ્લોટ ની માહિતી આપવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો પૈકી અરજદારને નહી પુરી પાડેલ ૩ કોમન પ્લોટની વિગતો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૬૬
તારીખ :૨૪–૪–૦૮.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન ... જાણ તથા અમલ માટે
(૨) યતીશ હીરાલાલ મોદી,

અપીલ અરજી નં.૨૫૧ તા.૧૩–૩–૦૮

અરજદારઃ શ્રી હેમંત એન.દેસાઈ
સામાવાળાઃ (૧)આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન
(૨) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર

# હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૮–૧–૦૮ ની અરજીથી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતને લગતી વિગતવાર અરજી તા.૫–૯–૦૭ ના રોજ કરવામાં આવેલ તે અંગે તમામ ખાતા તરફથી શું કામગીરી કરવામાં આવી તેની સંપૂર્ણ તપાસની નકલ આપવા વિગેરે બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૧

શ્રી હેમંત એન.દેસાઈની તા.૨૮–૧–૦૮ ની અરજીથી ઘર નં.૪/૩૬૦ વાળી મિલ્કતને લગતી વિગતવાર અરજી તા.૫–૯–૦૭ ના રોજ કરવામાં આવેલ તે અંગે તમામ ખાતા તરફથી શું કામગીરી કરવામાં આવી તેની સંપૂર્ણ તપાસની નકલ આપવા વિગેરે બાબતે આસી.કમિશ્નર ના પત્ર નં. સે.ઝોન/૯૮૨ તા.૧૮–૨–૦૮ થી આપેલ જવાબ તેમજ વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર ધ્વારા કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૩–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૮૬૦ તા.૧૭–૩–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ. જે બાબતે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન તરફથી પત્ર નં.વીઆઈડી/૧૮૨૧ તા.૨૫–૩–૦૮ થી જણાવવામાં આવેલી વિગત અનુસાર તેમને તા.૨૮–૧–૦૮ ની અરજી મળેલ નથી તેમજ આ અંગે તેમનો તા.૨૪–૩–૦૮ ના પત્રથી સેન્ટ્રલ ઝોન કક્ષાએથી વિગતો મંગાવેલ છે. જયારે આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન તરફથી અરજદારને પુરી પાડેલ માહિતી સંબંધી કાગળો મોકલેલ છે. પત્ર નં.૧૧૦૪ તા.૩૧–૩–૦૮ થી જે ચકાસતાં અરજદારની અરજીના મુદ્દા નં.૨ ગેરકાયદેસર બાંધકામો તોડવાની જવાબદારી કોની? તેની સ્પષ્ટ માહિતી પુરી પાડેલ નથી. મુદ્દા નં.૩ માં વસવાટની પરવાનગી વિના ગુમાસ્તા લાયસન્સ આપી શકાય ? તેની માહિતી આપેલ નથી જયારે તેઓની ૫–૯–૦૭ ની અરજી અંગે થયેલ કામગીરી અંગે અરજદારને તા.૪–૩–૦૮ ના પત્રથી ત્રણ પાનાની નકલ આપેલ છે પરંતુ તેમાં શાની નકલો તે અંગે વિગતવાર વિવરણ જણાતું નથી. પરંતુ અરજદારે આરોગ્ય નિરિક્ષકનો રીપોર્ટ મળ્યાનું અપીલમાં જણાવેલ છે. જયારે ગેરકાયદેસર બાંધકામ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી આપેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો પૈકી નહી પુરી પડાયેલ ઉપરોકત વિગતો પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને અસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોનને તેમજ અત્રેના તા.૨૮–૩–૦૮ ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને આસી.કમિશ્નર સેન્ટ્રલ ઝોન તેમજ વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને સૂચિત કરેલ વિગતે વીજીલન્સ ઓફિસર અને જાહેર માહિતી અધિકારીને આ અરજી અંગે તેઓ કક્ષાએથી માહિતી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જણાવવામાં આવે છે."

જયારે અરજદારની અપીલના મુદ્દા નં.૪ અને ૫ જવલનશીલ પદાર્થના સંગ્રહ અને વપરાશ બાબતના મુદ્દાઓ મૂળ અરજીથી અલાયદા હોઈ અપીલમાં તે અંગે આ તબકકે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદાર ઈચ્છુક હોય તો કાયદા હેઠળ અલગ કાર્યવાહી લાગત જાહેર માહિતી અધિકારીને કરી શકે છે.

નં. આરટીઆઈ સેલ/૨૭
તારીખ : ૧૧–૪ –૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

(૧)આસી.કમિશ્નર,વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી હેમંત એન. દેસાઈ,

અપીલ અરજી નં.૨૫૨ તા.૧૮-૩-૦૮

અરજદારઃ ડો. બાબુલાલ મોતીચંદ શાહ
સામાવાળાઃ ઝોનલચીફ વરાછા ઝોન

# હુકમઃ-

**વિષય :**-આરટીઆઈ એકટ હેઠળ ડો. બાબુલાલ મોતીચંદ શાહની તા.૧૧-૨-૦૮ ની અરજીથી ઝોનલચીફ થવા માટેની લાયકાત શી છે? વિગેરે મુદ્દા નં. ૧ થી ૧૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૧૮-૩-'૦૮ ની અપીલ અરજી નં.૨૫૨

ડો. બાબુલાલ મોતીચંદ શાહની તા.૧૧-૨-૦૮ ની અરજીથી ઝોનલચીફ થવા માટેની લાયકાત શી છે? તેની પોષ્ટ કેટલી વિગેરે તેમજ કોઈ પણ વાણિજય સંસ્થા,દુકાન વિગેરેની સીલ મારવાની સત્તા કોને તથા જાન્યુઆરી ૨૦૦૬ માં રૂપ સાગર સોસા.ની દુકાનને મારેલ સીલ વિગેરે મુદ્દા નં. ૧ થી ૧૩ ની માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૬૮ તા.૧૨-૨-૦૮ થી સદર અરજી પર્સોનલ ઓફિસર મહેકમ અને કાર્યપાલક ઈજનેર વેસ્ટ ઝોનને તબદીલ કરવામાં આવેલ.જે પૈકી મુદ્દા નં.૫ થી ૧૨ અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશનર (૫ અને ઈ) ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ વેસ્ટ ઝોનને તા.૧૪-૨-૦૮ ના રોજ તબદીલ કરવામાં આવેલ. તેમજ વેસ્ટ ઝોનના જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ ધ્વારા મુદ્દા નં.૫ થી ૧૩ અંગે સદર અરજી ઝોનલચીફ વરાછા ઝોનને પત્ર નં. પશ્ચિમ ઝોન/આ.નં.૨૯૦૨ તા.૨૦-૨-૦૮ થી તબદીલ કરવામાં આવેલ.જે અંગે મુદ્દા નં.૫ થી ૧૨ બાબતે જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ વરાછા ઝોન તરફથી કોઈ પ્રતિભાવ નિયત સમયમર્યાદામાં મળેલ ન હોઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૮-૩-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો માહિતી પુરી નહી પાડવા અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૮૭૦ તા.૨૪-૩-૦૮ થી ઝોનલચીફ વરાછા ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ પ્રતિભાવ મળેલ નથી. પરંતુ તેમના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૫૦૪ તા.૨-૪-૦૮ થી નિયત સમય મર્યાદા બાદ અરજદારને " મુદ્દા નં.૬ થી ૧૧ અન્વયે સજણાવવાનુ ં કે આ કામગીરી જેતે સમયના ડે. શ્રીપી.આર. શાહ તથા ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર દિલીપભાઈ દેસાઈ અને આકારણીના સ્ટાફ/પટાવાળા મારફતે કરવામાં આવેલ છે. વધુમાં આ સાથે રે.દિ.મુ. નં. ૭૦ /૨૦૦૬ ના ચુકાદાની નકલ આ સાથે સામેલ છે. જેની નોંધ લેશો. " ની માહિતી પુરી પાડતા પત્રની નકલ તા.૩-૪-૦૮ ના રોજ મળેલ છે. તે જોતાં માંગેલ માહિતી પૈકી મુદ્દા નં . ૫,૭,૧૧,૧૨ ની માહિ'તી આપેલ નથી. તેમજ નં. ૬ માટે કારણો આપેલ નથી. જયારે મુદ્દા નં.૭ અરજદારે જણાવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો પૈકી મુદ્દા નં.૫ થી ૧૨ પૈકી અરજદારને નહી પુરી પાડેલ બાકીની વિગતો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન-૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૨૮
તારીખ : ૧૧-૪-૦૮.

ડે.કમિશનર(જનરલ),
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) ડો.બાબુલાલ એમ.શાહ,

અપીલ અરજી નં.૨૫૩ તા.૧૭–૩–૦૮

અરજદારઃ શ્રી પરસોતમભાઈ એમ. મોરીયા
સામાવાળાઃડે.કમિશ્નર (હે અને હો)

## હુકમઃ–

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પરસોતમભાઈ એમ. મોરીયાની તા.૧૬–૨–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૦ ની માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૭–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૩

શ્રી પરસોતમભાઈ એમ. મોરીયાની તા.૧૬–૨–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૦ ની માંગેલ માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (હે અને હો) ના પત્ર નં.સા.ઈઝોન/મહેકમ/૨૮૧૫ તા.૨૫–૨–૦૮ થી આપેલ જવાબ પૈકી મુદ્દા નં.૧ થી ૧૦ તેમજ મુદ્દા નં. ૭ માં ખર્ચની વિગતો મટીરીયલ અને મજુરી સાથેની છે કે કેમ? કેટલી માહિતી કોલમદીઠ ખર્ચ થાય છે તે જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૭–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૨ તા.૨૫–૩–૦૮ થી માહિતી માંગવામાં આવેલ. જે અંગે સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત ) ઈએસટી/આ.નં.૯૬ તા.૮–૪–૦૮ થી અરજદાર અપીલ અંગેની અરજીમાં માંગવામાં આવેલી તમામ વિગતો તથા નકલો મને પુરી પાડવામાં આવેલી છે તેવી લેખિત પહોંચ આપવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો અંગે ડે.કમિશ્નર (હે અને હો) (લીંબાયત ઝોન) ના ઉપરોકત અપીલની વિગતો સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત ) ઈએસટી/આ.નં.૯૬ તા.૮–૪–૦૮ થી પુરી પાડવામાં આવેલ છે તેથી તેમની તા.૧૭–૩–૦૮ ની અપીલ અરજી નં. ૨૫૩ અંગે કશું કરવાનું રહેતું નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૩૯
તારીખ : ૧૭ –૪ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી,લીંબાયત ઝોન ..... જાણ માટે
(૨) શ્રી પરસોતમ એમ. મોરીયા, [illegible]

અપીલ અરજી નં.૨૫૪ તા.૧૮–૩–૦૮

**અરજદારઃ** શ્રી કાશીનાથ જનાર્દન સીવાસન
**સામાવાળા :** ઝોનલચીફ રાંદેર ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કાશીનાથ જનાર્દન સીવાસનની તા.૧–૨–૦૮ ની અરજીથી આઈ.ડી. નં.૧૩૫થી માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૪

શ્રી કાશીનાથ જનાર્દન સીવાસનની તા.૧–૨–૦૮ ની અરજીથીઆઈ. ડી. નં. ૧૩૫ ની માંગેલ માહિતી આપવા બાબતે ઝોનલચીફ પત્ર નં. આઉટવર્ડ નં./૧૬૬૭ તા.૨૦–૨–૦૮ થી આપેલ જવાબથી અસંતોષ હોઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૧૮–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૧ તા.૨૫–૩–૦૮ ના રોજ પાઠવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી કોઈ વિશેષ માહિતી કે પ્રત્યુત્તર મળેલ નથી.

જયારે અરજદારે અપીલ અરજીમાં જણાવ્યા મુજબ તા.૨૪–૯–૮૦ થી મંજુર થયેલ પ્લાનની નકલ મળેલ છે. પરંતુ તે અધ્યતન નથી તેમજ તે આખી સોસાયટીના લે આઉટ પ્લાનની નકલ છે. જયારે તેમને ટી.પી. સ્કીમ નં.૧૦ (અડાજણ) ફા.પ્લોટ નં.૪૯ પૈકી કાવસજીનગર બી ૧૮ ના માલિક શ્રી રણજીતભાઈ બી. ટેલરની મંજુર કરવામાં આવેલ પ્લાનની નકલ ની માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

જે સંદર્ભે તા.૧૧–૪–૦૮ ના રોજ પત્ર નં.આરટીઆઈ સેલ/૩૧ થી તા.૧૭–૪–૦૮ ના રોજ ૩.૪૫ કલાકે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી તરફે મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી ઉપસ્થિત રહેલ તેમજ અરજદાર તરફે શ્રી કાશીનાથ જનાર્દન હાજર રહેલ. બંને પક્ષકારોએ ઉપસ્થિત રહી પોતાની રજુઆતો કરેલ. અરજદાર તરફથી કાવસજીનગર બી–૧૮ ના સ્પેસીફીક પ્લાનની નકલની માંગણી કરવામાં આવેલ જે મદદનીશ માહિતી અધિકારીશ્રીએ પૂરી પાડવા માટે સંમતિ દર્શાવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો પૈકી અરજદારને નહી પુરી પાડેલ કાવાસજીનગર બી–૧૮ ના મંજુર થયેલ પ્લાનની નકલની વિગતો આરટીઆઈ એકટની કલમ–૧૧ સહિતની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)ને જણાવવામાં આવે છે."

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં. આરટીઆઈ સેલ/૫૧
તારીખ : ૨૨ –૪ –૦૮.

પ્રતિ
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેર ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કાશીનાથ જનાર્દન સીવાસન

અપીલ અરજી નં.૨૫૫/૦૭ તા.૧૯–૩–'૦૮.

**અરજદાર** : શ્રી અશોક કે. મુજાંણી
**સામાવાળા**: ડીનશ્રી સ્મીમેર

**હુકમ :–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશોક કે. મુજાંણીની તા.૨૧–૨–૦૮ ની અરજીથી આઈ.ડી. નં.૮૭૩ થી માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૫

શ્રી અશોક કે. મુજાંણીની તા.૨૧–૨–૦૮ ની અરજી આઈ.ડી. નં.૮૭૩ થી માંગેલ માહિતી અંગે આપના પત્ર નં.સ્મીમેર ૩૬૮૩ તા.૧૪–૩–૦૮ થી આપેલ માહિતીના મુદ્દા નં.૫,૬ અને ૭ અંગે અરજદારે અસંતોષ વ્યકત કરી અધુરી ,પાઠાફેર અને ખોટી હોવાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૧૯–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ ૩૦ તા.૧૧–૪–૦૮ ના રોજ પાઠવવામાં આવેલ. જે અંગે તેમના પત્ર નં.સ્મીમેર/સાઉથ /૩૯૧૭ તા.૩૧–૩–૦૮ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલો મોકલેલ છે.

અરજદારે અપીલમાં જણાવેલ ખોટી માહિતી આપ્યાની રજુઆતને અનુલક્ષી તા.૧૬–૪–૦૮ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે અપીલ અધિકારી સમક્ષ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર ઉપસ્થિત રહેલ નથી તેમજ તેમના તરફથી અપીલના સમર્થનમાં કોઈ આધાર પૂરાવા કે માહિતી રજૂ કરેલ નથી.તેથી તેમની અરજી બાબતે રજુ કરેલ મુદ્દાને કોઈ સમર્થન મળેલ નથી. પરંતુ અરજદારે સાંજે ૧૮–૦૦ કલાકે જાણ મોકલાવી પોતે હાજર રહી શકે તેમ ન હોય પૂરાવા સાથે હાજર રહેવા બીજી મુદત આપવા વિનંતી કરેલ.

જાહેર માહિતી અધિકારી અને ડીનશ્રી સ્મીમેરએ ઉપસ્થિત રહી પૂરી પાડવામાં આવેલ માહિતી એમસીઆઈ ના ઈન્સ્પેકશન માટે રજુ થયેલ ફોર્મના આધારે ઉપલબ્ધ રેકર્ડ અનુસાર આપવામાં આવેલ છે જયારે શીડયુલ પરની જગ્યા બાબતેની માહિતી સુરત મહાનગરપાલિકાના મહેકમ વિભાગ તરફથી પૂરી પાડવામાં આવેલ તે અનુસાર આપવામાં આવે છે. આમ અરજદારને પૂરી પાડવામાં આવેલી માહિતી ઉપલબ્ધ દફતર સાથે સુસંગત છે.

અરજદારની ઉકત રજુઆત ધ્યાને લઈ તેઓને અત્રેના તા.૧૯–૪–૦૮ના પત્ર અન્વયે તા.૨૮–૪–૦૮ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે સુનાવણી માટે બોલાવવામાં આવેલ જેમાં ઉપસ્થિત રહી અરજદારે તેમની અરજીના મુદ્દા નં.૫ અને ૭ ની માહિતી ખોટી આપેલ હોવાનું જણાવેલ. હુકમ નં.જીએડી/ઈએસટી/૫૮૮ નો સંદર્ભ આપી સદર માહિતી ખોટી હોવાનું અરજદારે જણાવેલ છે પરંતુ માહિતી ખોટી હોવાના દાવાના સમર્થનમાં તેઓ તેની નકલ કે અન્ય પૂરાવા રજુ કરી શકેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર સુનાવણી સમયે ઉપસ્થિત રહીમાહિતી ખોટી આપ્યાના તેમના દાવા અંગે અપીલ આધાર કે સમર્થન રજૂ કરવામાં નિષ્ફળ ગયા હોય તેમજ અપીલ સાથે પણ તેવી કોઈ વિગતો રજૂ કરેલ ન હોય અપીલ દફતરે કરવામાં આવે છે.

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૮૯
તારીખ : ૨–૫–૦૮.

પ્રતિ
(૧) ડીનશ્રી સ્મીમેર અને જાહેર માહિતી અધિકારી ........જાણ માટે.
(૨) શ્રી અશોક કે.મુંજાણી

3       ૧-૨૫૬

અપીલ અરજી નં.૨૫૬/૦૮ તા.૨૪-૩-૦૮

અરજદારઃ શ્રી ભરતકુમાર એન. પરમાર
સામાવાળાઃ ડે.કમિશનર (૫ અને ઈ) કતારગામ ઝોન

## હુકમઃ-

**વિષય :**-આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતકુમાર એન. પરમારની તા.૧૪-૨-૦૮ ની અરજીથી સ્ટેશન રોડ નાઝર આયુર્વેદ કોલેજ પ્રિમાઈસીસ ના ધન્વન્તરી કોમ્પલેક્ષ ભાગ-૨ ના બાંધકામ માટે આપેલ મંજુરીના હુકમો તથા મંજુર થયેલ પ્લાનની પ્રમાણિત નકલ વિગેરે આપવા બાબત.

**સંદર્ભ :**- અરજદાર મજકુરની તા.૨૪-૩-'૦૮ ની અપીલ અરજી નં.૨૫૬/૦૮

શ્રી ભરતકુમાર એન. પરમારની તા.૧૪-૨-૦૮ ની અરજીથી સ્ટેશન રોડ નાઝર આયુર્વેદ કોલેજ પ્રિમાઈસીસ ના ધન્વન્તરી કોમ્પલેક્ષ ભાગ-૨ ના બાંધકામ માટે આપેલ મંજુરીના હુકમો તથા મંજુર થયેલ પ્લાનની પ્રમાણિત નકલ તથા ગુમાસ્તાધારા હેઠળ શ્રીસ્વામી આત્માનંદ સરસ્વતી આર્યુવેદીક સ્ટોર ના માલીકોના રજીસ્ટ્રેશન /લાયસન્સની પ્રમાણિત નકલ મેળવવા વિગેરે બાબતે ડે.કમિશનર (૫ અને ઈ) ના પત્ર અનુસાર રૂા.૬૮૦/- તા.૧૧-૩-૦૮ ના રોજ જમાં કરાવેલ તેમ છતાં તેઓના પત્ર નં.૭૯૦૫ તા.૧૫-૩-૦૮ થી આપવામાં આવેલ માહિતી જરૂરીયાત મુજબની તેમજ માંગ્યા મુજબની આપેલ નથી તથા ફીની ગણતરી અંગે નિયમાનુસાર કોઈ હિસાબ આપવામાં આવ્યો નથી કે રેકર્ડની તથા નકશા/પ્લાનની કેટલી ફી ગણવામાં આવી છે તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી તેમ જણાવી નારાજ થઈને અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૪-૩-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો દિન-૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા આરટીઆઈ સેલ પત્ર નં.૮૮૫ તા.૨૮-૩-૦૮ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે કોઈ વિશેષ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી.

એપલેટ અધિકારીની સુચના અનુસાર તા.૧૬-૪-૦૮ ના રોજ બપોરે ૩-૪૫ કલાકે સુનાવણી રાખવામાં આવેલ પરંતુ અરજદાર પક્ષે અરજદાર કે કોઈ અન્ય વ્યકિત હાજર રહેલ નહી. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી જુનીયર ઈજનેર શહેરી વિકાસ તથા ગુમાસ્તાધારા નિરીક્ષક શ્રી વી.કે. પટેલ હાજર રહેલ અને માહિતી બાબતે રજુઆત કરેલ.

ત્યારબાદ તા.૨૮-૪-૦૮ ના રોજ પુનઃ સુનાવણી બપોરના ૪-૧૫ કલાકે રાખવામાં આવેલ તેમાં અરજદાર ભરતકુમાર એન. પરમાર હાજર રહી દસ્તાવેજ ફી પુરતા વિવરણ સાથે આપેલ નથી. ધન્વન્તરી કોમ્પલેક્ષ ભાગ-૨ નો નકશો તથા લેઆઉટ પ્લાન મળેલ છે તેમજ મહાલક્ષ્મી આર્યુવેદીક મેડીકલ સ્ટોર ની લાયસન્સ વિગેરેની માહિતી મળેલ છે. જે બરાબર છે પરંતુ દસ્તાવેજ ફીની બ્રેકઅપની માહિતી આપેલ નથી તેમજ આત્માનંદ સરસ્વતી આર્યુવેદીક સ્ટોર ના લાયસન્સની જગ્યાએ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી આર્યુવેદીક સહકારી ફાર્મસી લી. ની માંગ્યા વિનાની માહિતી પુરી પાડવામાં આવેલ હોવાની રજુઆત કરી માંગ્યા વિનાની માહિતી માટે ગેરકાયદેસર ફી વસુલ લીધેલ હોવાની રજુઆત કરેલ.

જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી જુની.ઈજનેર શહેરી વિકાસ ખાતાના શ્રી એસ.આર. રાજભોઈ અને ગુમાસ્તા નિરીક્ષક તરીકે શ્રી વી. કે. પટેલ ઉપસ્થિત રહી રજુઆત કરેલ. જેમાં ધન્વન્તરી કોમ્પલેક્ષ ભાગ-૨ ના લેઆઉટ પ્લાન અને નકશાની નકલો ની ઝેરોક્ષ આપવામાં આવેલ તેમજ ગુમાસ્તા નિરીક્ષકે ગુમાસ્તાધારા લાયસન્સ બાબતે આત્માનંદ સરસ્વતી આર્યુવેદીક સ્ટોર નું હાલમાં અસ્તીત્વ નહોઈ આત્માનંદ સરસ્વતી ફાર્મસીની માહિતી આપ્યાનું તથા મહાલક્ષ્મી આર્યુવેદીક સ્ટોરના લાયસન્સની વિગતો પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ .

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો પૈકી અરજદારને નહી પુરી પાડેલ બાકીની વિગતોની હકીકત લક્ષી માહિતી તેમજ વસુલ લીધેલ દસ્તાવેજ ફીના વિવરણની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન-૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા તથા માંગ્યા વિનાની પુરી પાડેલ માહિતી અરજદારે પરત જમા કરાવેલ હોઈ તેને માટે વસુલ લીધેલ દસ્તાવેજ ફી તથા ફીના બ્રેકઅપ અનુસાર કોઈ વધારાની દસ્તાવેજ ફી લેવાઈ હોયતો પરત ચુકવવાની કાર્યવાહી કરવા માટે ડે.કમિશનર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)ને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/૮૮
તારીખ : ૨-૪-૦૮.

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**

(૧) ડે.કમિશનર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન,
(૨) શ્રી ભરતકુમાર એન. પરમાર

અપીલ અરજી નં.૨૫૭ તા.૨૯–૩–૦૮

અરજદારઃ ડો. બાબુલાલ મોતીચંદ શાહ
સામાવાળાઃ(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીવરાછા ઝોન,
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ ડો.બાબુલાલ મોતીચંદ શાહની તા.૮–૨–૦૮ ની અરજીથી ઈમ્પેકટ ફી, ગેરકાયદેસર બાંધકામ, એન.એ ,મંજુરી પ્લાન વિગેરે અંગે મુદ્દા નં. ૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૭

ડો. બાબુલાલ મોતીચંદ શાહની તા.૮–૨–૦૮ ની અરજીથી વરાછા ઝોન વિસ્તારમાં આવેલ ટીપી નં.૨૦ ફા.પ્લોટ નં.૪૦ સર્વે નં.૮૭/૧, ટીપી નં.૧૬ સર્વે નં.૧૩/૨ ની ઈમ્પેકટ ફી, ગેરકાયદેસર બાંધકામ, અને એન.એ મંજુરી પ્લાન વિગેરે હાઈટેન્શન લાઈન નીચેના બાંધકમો પંચાયતના ઠરાવ આધારિત બાંધકામો વિગેરે અંગે મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ પૂર્વ ઝોન વરાછા ના પત્ર નં.ઈઝેડ આરટીઆઈ/૪૬૦ તા.૫–૩–૦૮ તેમજ ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નં. ટીડીઓ/૫૧૮૭ તા.૩–૩–૦૮થી નિયત સમય મર્યાદામાં આપેલ જવાબથી નારાજ થઈને અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૯–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો માહિતી પુરી નહી પાડવા અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧ તા.૧–૪–૦૮ થી ઝોનલચીફ વરાછા ઝોન અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ છે. પરંતુ આજ દિન સુધી કોઈ વિશેષ માહિતી અત્રેની કચેરીને મળેલ નથી. તેમજ તેઓ તરફથી કોઈ પ્રતિભાવ પણ મળેલ નથી. અપીલ અધિકારીના આદેશાનુસાર તા.૨–૫–૦૮ ના રોજ રૂબરૂ સુનાવણી ૪–૦૦ કલાકે રાખવામાં આવેલ જેમાં અરજદાર ઉપસ્થિત રહેલ ન હતાં પરંતુ જાહેર માહિતી અધિકારી તરીકે ઝોનલચીફ વરાછા ઝોન અને મ.જાહેર માહિતી અધિકારી તરીકે શહેરી વિકાસ અધિકારી ઉપસ્થિત રહી અપીલ અંગે રજુઆતો કરવામાં આવેલ.

જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનના જણાવ્યા મુજબ સર્વે નં.૧૩/૨ રેકર્ડ આધારરિત તમામ માહિતીઓ અરજદારને આપવામાં આવી છે. તેમજ અરજદાર તરફથી માંગેલ માધ્યમ અને અસ્પષ્ટ હોઈ જવાબદાર અધિકારી/કર્મચારી કે બિલ્ડીંગને લાગત માહિતી આપી શકાય તેમ નથી.

મ.જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અધિકારી તરફથી આપેલ તમામ માહિતી રેકર્ડ આધારિત આપવામાં આવેલ હવે કોઈ માહિતી આપવાની રહેતી નથી.

અરજદારે તા.૫–૫–૦૮ ના રોજ અત્રેની કચેરીમાં રૂબરૂ સંપર્ક કરી તેઓને સુનાવણી માટેનો પત્ર પોસ્ટમાંથી આજ રોજ મળેલ હોવાનું જણાવી તે કારણસર તેઓ હાજર રહી શકયા ન હોય ફરીથી સાંભળી યોગ્ય ન્યાય આપવા વિનંતી કરેલ છે. આ સાથે તેમને જ માંગેલી માહિતી બાબતે અન્ય અરજદારને ટીપી સ્કીમ નં.૧૬ માં આવેલી મિલ્કતો બાબતે ઈમ્પેકટ ફી લેવાયલી વિગતો આપવામાં આવેલ તેની નકલ રજુ કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારી વરાછાઝોને પંકજ ડાયમંડ,આદિત્ય કોમ્પ્લેક્ષ વિગેરે યુનીટની તેઓના પત્ર નં.પૂર્વ ઝોન/ટીડી/૭૮/ આરટીઆઈ તા.૨–૨–૯ જણાવી ૨–૯–૦૬ ના રોજ સહી કરેલા પત્રથી ઈમ્પેકટ ફી અંગેની માહિતી આપ્યાનું જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ માંગેલી વિગતો પૈકી દફતર પરથી ફેર ચકાસણી કરી હકીકતલક્ષી સુસંગત માહિતી કાયદા અને નિયમોનુસાર દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનને જણાવવામાં આવે છે. જયારે અરજદારની અરજીના મુદ્દા નં.૧૦ માં પંચાયત ઠરાવ મુજબ સુ.મ.પા.એ

કેટલાક પ્લાન પાસ કર્યા એ બાબતે ચોકકસ અને સ્પષ્ટ સ્થળસ્થિતિ જણાવી તેવી માહિતી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી પાસેથી મેળવી શકે છે. તેવી વિગતો અરજદારે રજુ કર્યેથી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર દિન–૭ માં અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં. આરટીઆઈ સેલ/૧૦૮
તારીખ : ૬–૫ –૦૮.

પ્રતિ
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી... જાણ તથા અમલ માટે.
(૩) ડો.બાબુલાલ એમ.શાહ

અપીલ અરજી નં.૨૫૮ તા.૨૮–૩–૦૮

અરજદારઃ શ્રી વસંતલાલ દલપતરામ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પ અને ઈ)કતારગામ ઝોન

**હુકમઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વસંતલાલ દલપતરામ જરીવાલાની તા.૨૭–૨–૦૮ ની અરજીથી ટેના.નં.૧૯ઈ–૫૩–૦૯૭૧–૦–૦૦૧, ટેના.નં.૧૯ઈ–૫૩– ૦૯૮૧–૦–૦૦૧ ના ૨૦૦૫ તથા ૨૦૦૬ ના વર્ષમાં પીથ્યાભાઈ છનાભાઈ વનીયાનું નામ કયા આધારે કયાં લેખથી તથા કયાં કરારથી કરવામાં આવ્યું તેની સહી સિકકાવાળી નકલો તાકીદે કાઢી આપવા વિગેરે બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૮

શ્રી વસંતલાલ દલપતરામ જરીવાલાની તા.૨૭–૨–૦૮ ની અરજીથી ટેના.નં.૧૯ઈ–૫૩–૦૯૭૧–૦–૦૦૧, ટેના.નં.૧૯ઈ–૫૩–૦૯૮૧–૦–૦૦૧ ના ૨૦૦૫ તથા ૨૦૦૬ ના વર્ષમાં પીથ્યાભાઈ છનાભાઈ વનીયાનું નામ કયા આધારે કયાં લેખથી તથા કયાં કરારથી કરવામાં આવ્યું તેની સહી સિકકાવાળી નકલો તાકીદે કાઢી આપવા વિગેરે બાબતે કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૮–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતી નહી પુરી પાડવાના કારણોની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૩ તા.૧–૪–૦૮ થી ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા કોઈ માહિતી પૂરી પાડેલ નથી કે કલમ–૮ ના અપવાદ હેઠળ માહિતીના ઈન્કાર માટેનું કલમ–૮ હેઠળનું કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૮–૩–૦૮ની અરજીમાં માંગ્યા મુજબની માહિતિ કલમ–૧૧ સહિતની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭માં અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં. આરટીઆઈ સેલ/૬૪
તારીખ : ૨૪–૪ –૦૮.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વસંતલાલ દલપતરામ જરીવાલા

અપીલ અરજી નં.૨૫૯ તા.૨૮–૩–૦૮

અરજદારઃ નિર્મલાબેન વસંતલાલ જરીવાલા
સામાવાળાઃ ડે.કમિશ્નર (પ અને ઈ)કતારગામ ઝોન

**હુકમઃ–**

**વિષય :–આરટીઆઈ** એકટ હેઠળ નિર્મલાબેન વસંતલાલ જરીવાલાની તા.૧૨–૨–૦૮ ની અરજીથી તેઓના ભાડુતોએ ૨૦–૪–૯૫ તેમજ ૨૧–૩–૯૪ ના રોજ બંગલા નં.૪૯.અ.બ. તેમજ ટેના.નં.૧૯ઈ–૫૩–૦૯૭૧–૦–૦૦૧,ના નામફેર કરવા બાબત પુરાવા સાથે અરજીઓ આપેલ વિગેરે મુદ્દા નં. ૧ થી ૩ બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૮–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૫૯

નિર્મલાબેન વસંતલાલ જરીવાલાની તા.૧૨–૨–૦૮ ની અરજીથી તેઓના ભાડુતોએ ૨૦–૪–૯૫ તેમજ ૨૧–૩–૯૪ ના રોજ બંગલા નં.૪૯.અ.બ. તેમજ ટેના.નં.૧૯ઈ–૫૩–૦૯૭૧–૦–૦૦૧,ના નામફેર કરવા બાબત પુરાવા સાથે અરજીઓ આપેલ વિગેરે મુદ્દા નં. ૧ થી ૩ બાબતે કોઈ પ્રતિભાવ મળેલ ન હોવાથી અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૮–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો માહિતી નહી પુરી પાડવાના કારણોની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૨ તા.૧–૪–૦૮ થી ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ ધ્વારા કોઈ માહિતી પૂરી પાડેલ નથી કે કલમ–૮ ના અપવાદ હેઠળ માહિતીના ઈન્કાર માટેનું કલમ–૮ હેઠળનું કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૮–૩–૦૮ની અરજીમાં માંગ્યા મુજબની માહિતિ કલમ–૧૧ સહિતની કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭માં અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં. આરટીઆઈ સેલ/૬૫
તારીખ : ૨૪–૪ –૦૮.

પ્રતિ
(૧) ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી,કતારગામ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) નિર્મલાબેન વસંતલાલ જરીવાલા

3 250

અપીલ અરજી નં.૨૬૦/૦૮ તા.૨૯-૩-૦૮

અરજદાર: શ્રી ફિરોઝ અહમદ જી. વાઘબકરીવાલા
સામાવાળા: કાર્યપાલક ઈજનેર ઉધના ઝોન

## હુકમ:-

**વિષય :-અરજદારની** તા.૧૪-૨-૦૮ ની આઈ.ડી ક્રમાંક ૧૮૪થી બીપીએમસી એકટ ૧૯૪૯ ની કલમ-૪૬૬ (૧) (બી) મુજબ પ્રમાણપત્ર આપવા બાબતની માહિતી માંગતી અરજી

**સંદર્ભ :-** અરજદાર મજકુરની તા.૨૯-૩-'૦૮ ની અપીલ અરજી નં.૨૬૦/૦૮

શ્રી ફિરોઝ અહમદ જી. વાઘબકરીવાલાની તા.૧૪-૨-૦૮ ની આઈ.ડી ક્રમાંક ૧૮૪ની અરજીથી બીપીએમસી એકટ૧૯૪૯ ની કલમ-૪૬૬ (૧) (બી) મુજબ પ્રમાણપત્ર આપવા બાબતની અરજી અંગે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં. સા.ઝોન/અકણ/૧૩૫૦ તા.૨૪-૩-૦૮ થી" અરજીમાં જણાવેલ પ્લોટની હરાજી બાબતે તથા તેની અન્ય માહિતી બાબતે તમારી અગાઉની અરજી ના અનુસંધાને વખતોવખત માહિતી તથા જવાબ આપવામાં આવેલ છે. જેથી રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ કોઈ સ્પષ્ટતા કરવાની રહેતી નથી." તેવા આપેલા જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા. ૨૯-૩-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૪ તા.૧-૪-૦૮ ના રોજ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ જે સંદર્ભે પત્ર નં. સા.ઝોન/અકણ/૧૫ તા. ૪-૪-૦૮ ના રોજ નોંધ વિભાગની રીપોર્ટની માહિતી વિશેષમાં પુરી પાડવામાં આવેલ.

અરજદારની અપીલ અનુસંધાને એપેલેટ ઓફિસરના આદેશાનુસાર તા.૨૮-૪-૦૮ ના રોજ ૪-૪૫ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે બોલાવવામાં આવેલ જેમાં અરજદાર પોતે હાજર રહીને અપીલ અરજી બાબતે રજુઆત કરતા જેણાવે છે કે મને તા. ૧૪-૨-૦૮ ની અરજી અન્વયે કોઈ માંગેલ માહિતી મળેલ નથી. જે માહિતી કાયદા અને નિયમો અનુસાર તાત્કાલીક અસરથી મને મળવી જોઈએ.

કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તરફથી હાજર રહી જણાવે છે કે માંગેલ માહિતી અરજદારને પુરી પાડેલ છે જેમાં યુપીસી સર્ટી ફાઈલ પર ઉપલબ્ધ છે અને તા. ૨૪-૩-૦૮ ના રોજ નં. સા.ઝોન./અકણ/૧૩૫૦ થી જવાબ આપેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની મુળ અરજીથી માંગેલ વિગતો અંગે અરજદારે અપીલ સુનાવણી દરમ્યાન કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી અરજદારને કોઈ માહિતી નહી મળ્યાનું જણાવે છે. જયારે અરજદાર તા. ૨૯-૩-૦૮ની અપીલ પત્રના પ્રથમ ફકરામાં જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોનના તા. ૨૪-૩-૦૮ નો પત્ર તેમને મળેલ હોવાનું જણાવી સાથે તેની નકલ પણ બીડેલ છે અને જાહેર માહિતી અધિકારીએ પણ પોસ્ટ યુપીસી ની નકલ રજુ કરી તે મોકલ્યાનો આધાર રજુ કરેલ છે જેમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે " તેમને વખતોવખત માહિતી તથા જવાબ આપવામાં આવેલ છે જેથી આ અરજી અંગે રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ કોઈ સ્પષ્ટતા કરવાની રહેતી નથી."

આરટીઆઈના કાયદા હેઠળ પ્રત્યેક અલાયદી અરજીની માહિતી અલાયદી આપવાની રહે જે આ કિસ્સામાં થયેલ ન હોઈ અરજદારે તેમની મુળ અરજીથી માંગેલ માહિતી દિન-૭માં અત્રેની જાણ હેઠળ ઉપલબ્ધ દફતર પરથી પુરી પાડવામાં કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/ ૯૦
તારીખ : ૨-૫-૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન ..... જાણ માટે
(૨) શ્રી ફીરોઝ અહમદ જી. વાઘબકરીવાલા

અરજદારઃ શ્રી ઝહિર અહમદ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર ઉધના ઝોન

# હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઝહીર અહમદની અરજીથી પાંડેસરા જી.આઈ.ડી.સી પ્લોટ નં.સી ૧ બી/૧૦૬ વોર્ડ નં.૩૦ બી નોંધ નં.૧૦૬ ની મિલ્કતની હરાજી અંગે તા. ૧૪–૨–૦૮ ની અરજીથી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૬૧/૦૮

શ્રી ઝહીર અહમદની અરજીથી પાંડેસરા જી.આઈ.ડી.સી પ્લોટ નં.સી ૧ બી/૧૦૬ વોર્ડ નં.૩૦ બી નોંધ નં.૧૦૬ ની મિલ્કતની હરાજી બાબતે જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર સાઉથ ઝોન ના પત્ર નં.સા.ઝોન/અકણ/૧૨૭૪ તા. ૪–૩–૦૮ થી આપેલ "તમોને પત્ર નં. સા.ઝો/અકણ/૨૧૭ તા.૧૪–૬–૦૭ ના રોજ કોઈ માહિતી પુરી પાડવામાં આવેલ નથી અને આરટીઆઈ એકટ હેઠળ કોઈ સ્પષ્ટતા આપવાની નથી" તેવા આપેલ જવાબથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૯–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા આરટીઆઈ સેલ નં.૫ તા.૧–૪–૦૮ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તેમના પત્ર નં સા.ઝોન/અકણ/૧૦ તા.૩–૪–૦૮ ના રોજ પત્રથી અરજદારને પત્ર નં.સા.ઝોન/અકણ/૧૨૭૪ થી તા. ૪–૩–૦૮ ના રોજથી પાઠવેલ પત્રની નકલ મોકલવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારને એપેલેટ અધિકારીના આદેશાનુસાર તા.૨૮–૪–૦૮ ના રોજ બપોરે ૪–૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે બોલાવવામાં આવેલ જે અંગે અરજદાર ઝહીર અહમદે પોતાની રજુઆત કરવા માટે તા. ૨૮–૪–૦૮ ના રોજ એપેલેટ ઓફિસર ને સંબોધીને પોતાની અરજીની રજુઆત કરવા માટે ફિરોજ અહમદજી વાધબકરીવાલાને પોતાના પ્રતિનિધિ તરીકે નિયુકત કરેલ.

અરજદારના પ્રતિનિધિ તરફથી જીઆઈડીસી પાંડેસરા પ્લોટ નં.૧૦૬ ની નકલના માપ તથા એરીયા સહિત તેના ઉપર કરવામાં આવેલ બાંધકામની નકલની માંગણી કરેલ છે તેમજ અરજીના વિષયમાં જણાવેલ તમામ માહિતી મને મળેલ નથી તેપણ માહિતી મને કાયદા અને નિયમો અનુસાર સમયસર મળે તેવી રજુઆત કરેલ.

જયારે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાજર રહી અરજદાર જે માંગે છે તે મુજબ નો પ્લાન ફાઈલ પર નથી અને જે માહિતી માંગવામાં આવેલ છે જેમાં સ્પષ્ટતાઓ માંગેલ છે તે કરવાની રહેતી નથી. તેવી રજુઆત કરેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તેમની તા.૧૪–૨–૦૮ ની મુળ અરજીથી માંગેલ ૧ થી ૨૯ મુદ્દાની માહિતી જરૂર જણાયે આરટીઆઈ એકટની કલમ–૧૧ સહિતની કયદા અને નિયમોની જોગવાઈને અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/ ૬૨
તારીખ : ૨ –~~૪~~૫–૦૮.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**પ્રતિ**
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન ..... જાણ માટે
(૨) શ્રી ઝહીર અહમદ

અપીલ અરજી નં.૨૬૨ તા.૨૮–૩–૦૮

અરજદારઃ શ્રી રમેશ કે.જાંગીડ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર ઉધના ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે.જાંગીડની તા.૨૨–૧–૦૮ ની અરજીથી લાઈટ કોન્ટ્રાકટ બાબતે માંગવામાં આવેલી માહિતી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૮–૩–'૦૮ ની અપીલ અરજી નં.૨૬૨

શ્રી રમેશ કે.જાંગીડની તા.૨૨–૧–૦૮ ની આઈડી ક્રમાંક /૧૬૨ તા.૨૩–૧–૦૮ની અરજીથી લાઈટ કોન્ટ્રાકટ બાબતે માંગવામાં આવેલી માહિતી બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના) ના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.૧૧૧૬૯ તા.૧૨–૨–૦૮ થી પત્રમાં જણાવ્યા મુજબ માહિતી મેળવવા અંગેની ફી રસીદ નં.૪૫૮૨૪૮ તા.૨૧–૨–૦૮ થી ભરપાઈ કરવામાં આવે છે તેમ છતાં માહિતી પુરી ન પાડવાથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨૮–૩–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/ ૧૩ તા.૯–૪–૦૮ ના રોજ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે આજ દિન સુધી કોઈ પ્રતિભાવ કે વિશેષ માહિતી અત્રેના વિભાગને પૂરી પાડવામાં આવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૨–૧–૦૮ની અરજીમાં માંગ્યા મુજબની માહિતિ કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭માં અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને જણાવવામાં આવે છે. "

સહી/–
ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં. આરટીઆઈ સેલ/૭૮
તારીખ : ૨૯–૪ –૦૮.

પ્રતિ
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધના ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ